કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય વિરચિત

શ્રી સિદ્ધહેમ શબ્દાનુશાસનમ્

(લઘુવૃતિ વિવરણ)

ભાગ–૧૦

(અધ્યાય–૫ : પાદ–૧,૨)

કૃત્ પ્રકરણમ્

: સંપાદિકા :
પૂ.સા. પરમયશાશ્રીજી

: પ્રકાશક :
આ. શ્રી વિજયનીતિસૂરિ જૈન
તત્ત્વજ્ઞાન પાઠશાળા –અમદાવાદ







ચિત્રકૂટ-રૈવતાદિ તીર્થોદ્ધારક
પ. પૂ. આચાર્ય ભગવંત
શ્રી નીતિસૂરીશ્વરજી મ.સા.



ગચ્છાધિપતિ શાસનપ્રભાવક
પ. પૂ. આચાર્ય ભગવંત
શ્રી હેમપ્રભસૂરીશ્વરજી મ.સા.





પૂ.સા. શ્રી મહિમાશ્રીજી મ.સા.



પૂ.સા. શ્રી નિરુપમાશ્રીજી મ.સા.



પૂ.સા. શ્રી કલ્પલતાશ્રીજી મ.સા.

॥ ૐ હ્રીં અર્હં શ્રી સીમંધરસ્વામિને નમઃ ॥
॥ શાસનપતિ શ્રી મહાવીરાય નમઃ ॥ ॥ શ્રી ગૌતમસ્વામીને નમઃ ॥
॥ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રાચાર્યાય નમઃ ॥ ॥ નમો નમો ગુરુ શ્રીનીતિસૂરયે ॥
॥ શ્રી નીતિ-હર્ષ-મહેન્દ્ર-મંગલપ્રભ-અરિહંતસિદ્ધ-હેમપ્રભસૂરિગુરુભ્યો નમઃ ॥

હેમશ્રેણી-૧૨

કલિકાલસર્વજ્ઞ-શ્રીહેમચંદ્રાચાર્ય-વિરચિત

શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસન લઘુવૃત્તિ વિવરણ

ભાગ-૧૦

અધ્યાય-૫, પાદ-૧ અને ૨
કૃત્ પ્રકરણ

દિવ્યકૃપાધારા
ગિરનારાદિ તીર્થોદ્ધારક પ.પૂ.આ.ભ.
શ્રીમદ્વિજય **નીતિસૂરીશ્વરજી મહારાજા**

આશીર્વાદધારા
જીરાવલા તીર્થ પ્રતિષ્ઠાચાર્ય-રાયણવૃક્ષ ક્ષીરાભિષિક્ત
ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ. **શ્રીમદ્વિજય હેમપ્રભસૂરીશ્વરજી મહારાજા**

પ્રેરક
પ.પૂ.આ.ભ. શ્રીમદ્વિજય મુક્તિનિલયસૂરીશ્વરજી મ.સા.
પ.પૂ.પં.શ્રી હેમનિલયવિજયજી મ.સા.

સંપાદિકા
પૂ.સા.શ્રી પરમયશાશ્રીજી

પ્રકાશક
આ.શ્રી વિજય નીતિસૂરિ જૈન તત્ત્વજ્ઞાન પાઠશાળા
અમદાવાદ

• પ્રકાશન : વિ.સં. ૨૦૭૯ • ઈ.સ. 2023

પ્રાપ્તિસ્થાન

સુરત

- આ. શ્રી વિજય નીતિસૂરિ આરાધના ભવન
  C/o. જીતુભાઈ ઝવેરી, કતારગામ, સુરત (M) 93745 14860
- રાજુભાઈ બી. શેઠ
  કલ્પવૃક્ષ જ્વેલર્સ, 176, કુબેરનગર-1, કતારગામ દરવાજા, સુરત
  ફોન : 0261-2534863/64 (M) 94268 54714

અમદાવાદ

- આ. શ્રી વિજય નીતિસૂરિ આરાધના ભવન
  લુહારની પોળ, માણેકચોક, અમદાવાદ
  (M) 93740 51080, પેઢી : 079-2214 0494
- ઉપેન્દ્રભાઈ એચ. શાહ
  ઈ-19, આયોજનનગર સોસાયટી, શ્રેયસ રેલ્વે ક્રોસીંગ પાસે,
  નવા શારદા મંદિર રોડ, પાલડી, અમદાવાદ-7
  (M) 93270 13814
- દીપકભાઈ જીતમલજી બાગરેચા
  ડી-104, મલ્લિનાથ એપાર્ટમેન્ટ, જૈન કોલોની સામે,
  શાહીબાગ, અમદાવાદ
  (M) 93740 51080 (રહે.) 079-3042 3313

પાટણ

- આ. શ્રી વિજય નીતિસૂરિ તત્ત્વજ્ઞાન પાઠશાળા
  સાગર ઉપાશ્રય બહાર, ઘીવટો, પાટણ (ઉ.ગુ.)
  (M) 94270 60603 - વિક્રમભાઈ

મુંબઈ

- સંજયભાઈ શાહ (એસ.આર. ક્રિએશન)
  227/G, ઝવેરબાગ, પહેલે માળ, ઓફિસ નં. 16,
  નરનારાયણ વાડી, કાલબાદેવી રોડ, મુંબઈ-400002
  (M) 98202 29419

મુદ્રક : જય જિનેન્દ્ર ગ્રાફિક્સ (નીતિનભાઈ-જય જિનેન્દ્ર)
30, સ્વાતિ સોસાયટી, નવરંગપુરા, અમદાવાદ
જય જિનેન્દ્ર : 98250 24204 • કુશ : 99256 17992

સાદર સમર્પણ...

જેના શાસનનાં કારણે જ્ઞાનનું મહત્ત્વ મળ્યું
તેવા **શ્રી મહાવીરપ્રભુ**

જેના વડે જ્ઞાનને પામી શકાય તેવી ભાષાની પ્રાપ્તિ થઈ
તેવા કલિકાલસર્વજ્ઞ
શ્રી હેમચંદ્રાચાર્યજી ભગવંત

જેમની કૃપાના કારણે ભાષાને યત્કિંચિત્ સમજી શક્યા
તેવા ગચ્છાધિપતિ
શ્રીમદ્વિજય હેમપ્રભસૂરીશ્વરજી મહારાજા

વાત્સલ્ય દ્વારા વૈરાગ્યનું સિંચન કરીને રત્નત્રયીને
વૃદ્ધિંગત બનાવનાર
પૂ.સા. શ્રી નિરૂપમાશ્રીજી મ.સા.

જ્ઞાનગંગાનું અમૃતપાન કરાવનાર
પૂ.સા. શ્રી કલ્પલત્તાશ્રીજી મ.સા.નાં
ચરણકમલમાં
સાદર સમર્પણ

''युष्मदीयं युष्मभ्यं समर्पयामि''





ગ્રંથ લાભાર્થી

ગિરનાર, ચિત્તોડ, તારંગા જેવા અનેક પ્રાચીન તીર્થોદ્ધારક
પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજય
નીતિસૂરીશ્વરજી મહારાજા દ્વારા
ગિરનાર તીર્થોદ્ધારક શતાબ્દી વર્ષ અનુમોદનાર્થે
નિકટભવ મોક્ષગામી ગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્યદેવ
શ્રીમદ્વિજય **હેમપ્રભસૂરીશ્વરજી મહારાજા**ના સદુપદેશથી

શ્રી આદિનાથ તપાગચ્છ શ્વેતામ્બર જૈન સંઘ

આચાર્ય શ્રી વિજય નીતિસૂરિ આરાધના ભવન
કતારગામ, સુરત



ગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજય
હેમપ્રભસૂરીશ્વરજી મહારાજાના શિષ્યરત્ન
કાર્યદક્ષ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજય
અર્હપ્રભસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી

શ્રી મહાવિદેહ સીમંધરસ્વામી
શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ
દિવ્યજીવન રેસીડેન્સી, નિકોલ, અમદાવાદ

ગિરનાર તીર્થોદ્ધારક પરમ પૂજ્ય આચાર્ય ભગવંત
શ્રીમદ્વિજય નીતિસૂરીશ્વરજી મહારાજાનું

જીવનદર્શન



સામાન્ય વ્યક્તિત્ત્વનું સર્જન સમય કરે છે. વિરલ વ્યક્તિત્ત્વ તો સમયનું સર્જન કરે છે. અખંડ વહેતો કાળખંડ હવે એમના નામથી ઓળખાણ પામે છે. એવા જ એક મહાપુરૂષ ગિરનાર તીર્થોદ્ધારક પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજય **નીતિસૂરીશ્વરજી મહારાજા.**

વિદ્વાન, ગીતાર્થ, શાસનસમર્પિત અને પુણ્યપ્રભાવક આ મહાપુરુષના જીવન-કવનને ત્રણ શબ્દોમાં વર્ણવવું હોય તો તે છે - **પોથી, પંડિત અને પ્રતિમા.**

પોથી : પૂજ્યશ્રીને જ્ઞાન સાથે અનહદ લગાવ હતો. પોતાના સાધુઓને સાત-સાત કલાક વાચના આપવી, પ્રાચીન જ્ઞાનભંડારોનાં જીર્ણોદ્ધાર કરવા, પોતે પણ સતત અધ્યયન-અધ્યાપનમાં વ્યસ્ત રહેવું એ પૂજ્યશ્રીનાં પોથી (જ્ઞાન) પ્રેમનું ઉદાહરણ છે.

પંડિત : દીર્ઘદૃષ્ટા પૂજ્યશ્રી સમજતા હતા કે માત્ર સાધુ સંસ્થા જ જૈનશાસનનાં બધાં અંશો સુધી નહિ પહોંચી શકે. શાસનસમર્પિત પંડિતોની એના માટે અનિવાર્ય જરૂરત રહેશે. એટલે એમને તેજસ્વી બાળકો અને આશાસ્પદ યુવા પંડિતોને તૈયાર કરવામાં ખંતપૂર્વક પ્રયત્ન આદર્યો. એની ફળશ્રુતિ પણ બહુ જ ભવ્ય પ્રાપ્ત થઈ. પંન્યાસપ્રવર શ્રી ચંદ્રશેખરવિજયજી

મ.સા.નાં વિદ્યાગુરુ પંડિતવર્ય શ્રી પ્રભુદાસ બેચરદાસ, પંડિતવર્ય શ્રી ભગવાનદાસ હરખચંદ એવા મૂર્ધન્ય પંડિતો પ્રભુશાસનને પૂજ્યશ્રીની કૃપાથી પ્રાપ્ત થયા.

પ્રતિમા : આ મહાપુરૂષે નવનિર્માણ કરવા જીર્ણોદ્ધાર ઉપર વધુ લક્ષ્ય આપ્યું. શ્રી ગિરનારજી, ચિત્તોડ, તારંગા જેવા પ્રાચીન તીર્થોનાં સ્થાપત્યનો એવી રીતે જીર્ણોદ્ધાર કરાવ્યો કે તે તીર્થોની ઊર્જાને પૂજ્યશ્રીએ જીવંત રાખી આપણા ઉપર ઉપકાર વરસાવ્યો છે.

જન્મ : સં. ૧૯૩૦, પોષ સુદ-૧૧, વાંકાનેર
દીક્ષા : સં. ૧૯૪૯, અષાઢ સુદ-૧૧, મહેરવાડા
વડીદીક્ષા : સં. ૧૯૫૦, મહા સુદ-૪, સીમોર
ગણિપદ : સં. ૧૯૬૧, માગસર સુદ-૫, સુરત
પંન્યાસપદ : સં. ૧૯૬૨, કારતક વદ-૧૧, પાલીતાણા
આચાર્યપદ : સં. ૧૯૭૬, માગસર સુદ-૧૧, અમદાવાદ
કાળધર્મ : ૧૯૯૮, પોષ વદ-૩, એકલિંગજી (ઉદેપુર)

- સ્વહસ્તે દીક્ષા ગ્રહણ કરી જગતના જવાહીર બન્યા.
- બ્રહ્મનિષ્ઠ ગુરુદેવે અનેકને બ્રહ્મચારી-વ્રતધારી બનાવ્યા.
- અનેક રાજા-મહારાજા-નવાબને પ્રતિબોધ કર્યા.
- ૧ કરોડ સૂરિમંત્ર સાધના દ્વારા જિનશાસનની અદ્‌ભુત સેવા કરી.
- જૂનાગઢ-રાધનપુર-ચિત્તોડ જેવા અનેક સ્થળે ગુરુકુળ સ્થાપ્યા.
- સ્વસમુદાય-પરસમુદાયના અનેક મહાત્માઓને યોગોદ્વહન કરાવ્યા. પદવી પ્રદાન કરી.
- વચનસિદ્ધપુરુષનાં વચનથી સિદ્ધિ મળતી.
- ૯ સ્થાનકવાસી સંપ્રદાયનાં ૩૫ વર્ષ જેવા પર્યાયી સાધુને સંવેગીદીક્ષા આપી સત્યમાર્ગે લાવ્યા.



સદ્‌ગુરુ વચનામૃત

અધ્યાત્મ માર્ગની આધારશિલા છે : સ્વાનુભૂતિની અનન્ય ઝંખના. 'હું કોણ છું'નો જવાબ જ્યાં સુધી મુમુક્ષુને નથી મળતો, ત્યાં સુધી એ જંપીને બેસી નથી શકતો. પણ અધ્યાત્મની કેડીઓ અદીઠ છે, ગુહ્ય છે. સદ્‌ગુરુનાં ઈશારા વિના એમને જાણવી અશક્યપ્રાયઃ છે.

આપણા સદ્‌ભાગ્યે આપણે ત્યાં એવા બહુ બધા અનુભૂતિવાન મહાપુરૂષો થયા છે. જેમણે 'भव्यजनहिताय' અનુભવરસને શબ્દોમાં કંડારવાનો પ્રયત્ન કર્યો છે. પણ એ ગ્રંથો, જેમાં આ અનુભવ માર્ગનાં સંકેતો છે, મહદંશે સંસ્કૃત અને પ્રાકૃતમાં નિબદ્ધ છે.

એટલે મુમુક્ષુએ સંસ્કૃતમાં સજ્જતા કેળવવી અત્યંત આવશ્યક બની જાય છે. સંસ્કૃતમાં પારંગત થવા માટે વ્યાકરણનું અધ્યયન અનિવાર્ય છે. **કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય** ભગવંતે એના માટે જ **"શ્રી સિદ્ધહેમ વ્યાકરણ"** જેવા સાંગોપાંગ સંપૂર્ણ વ્યાકરણની રચના કરી છે.



પણ એ વ્યાકરણમાં સેંકડો નહીં પરંતુ હજારો સૂત્રોમાં મંદગતિ છાત્ર ક્યારેક અટવાઈ પણ જાય છે. અને થાકીને વ્યાકરણ ભણવાનું જ મૂકી દે. એવું ન થાય એ માટે પૂ.સા.શ્રી નિરૂપમાશ્રીજી મ.સા.નાં શિષ્યા પૂ. સા.શ્રી આર્યયશા મ.સા.એ ભણતી વખતે નોટ્સ બનાવી હતી. તેને છપાવવાનું આ કાર્ય વ્યાકરણ પઠન-પાઠન પરંપરાની સેવા છે. પૂર્વે પણ આવી પુસ્તકો છપાઈ છે. જેમાં નિયમો, સાધનિકાઓને ગુજરાતીમાં સરળ રીતે બતાવ્યા છે, તો'ય ભિન્ન-ભિન્ન કક્ષાનાં વિદ્યાર્થીઓ માટે ભિન્ન-ભિન્ન આયામ, ભિન્ન દૃષ્ટિથી આલેખાયેલ પુસ્તકો વધુ સહાયક બની શકે છે. પ્રભુની અનહદ કૃપાને ઝીલવા અને એમનાં શબ્દ સામ્રાજ્યમાં પ્રવેશવા માટેની ઝંખના ધરાવતા મુમુક્ષુઓ, જિજ્ઞાસુઓને આ પુસ્તક યત્કિંચિત્ પણ મદદરૂપ થાય તો પ્રકાશન સફળ છે.

સાધ્વીજી મ.સા.ની સરસ મહેનત બદલ અનુમોદના. પંડિતવર્ય શ્રી ચંદ્રકાંતભાઈ, ચિરાગભાઈ આદિને સાથ-સહકાર માટે ધન્યવાદ.

- હેમપ્રભસૂરિનાં ધર્મલાભ.



પ્રસ્તાવના...

"ख्याते दृश्ये" सू. ५.२.८

સૂત્રનું ઉદાહરણ આપતાં કલિકાલસર્વજ્ઞજીએ "अरुणत् सिद्धराजोऽवन्तीम्" એ ઉદાહરણ આપ્યું છે.

સિદ્ધરાજે અવંતી ઉપર હુમલો કર્યો એ પછી ટૂંક સમયમાં જ આ વ્યાકરણની રચના થઈ છે; સિદ્ધહેમ વ્યાકરણની રચનામાં પણ માળવાની આ ચડાઈ જ કારણભૂત હતી. ભોજના ખજાનામાંથી દાગીના-અલંકારોની સાથે સરસ્વતી કંઠાભરણની પ્રત નીકળી.

સિદ્ધરાજ જયસિંહે એ પ્રત વિશે પૂછ્યું ત્યારે જાણવા મળ્યું કે, ભોજરાજાએ રચેલ આ વ્યાકરણનો ગ્રંથ છે. ગુજરાતમાં પણ આ જ વ્યાકરણનું અધ્યયન-અધ્યાપન ચાલે છે.

સિદ્ધરાજ કહે શું ગુજરાતમાં કોઈ વ્યાકરણ બનાવનાર નથી ? ગુજરાતનું પોતાનું વ્યાકરણ હોવું જોઈએ. અને કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રસૂરિજીએ સિદ્ધહેમબ્દાનુશાસનમ્‌ની રચના કરી.

પાણિની-વ્યાકરણના સૂત્રો જ પાણિનીએ રચ્યા છે. અને એમાં પણ કેટલીક વસ્તુ રહી ગઈ એટલે વાર્તિક પાછળથી બન્યા. એની વ્યાખ્યા, ધાતુપાઠ, લિંગાનુશાસન... આદિ

બધા ભિન્નકર્તૃક છે. જ્યારે સિદ્ધહેમ વ્યા.ના પાંચેય અંગો એક જ કર્તાની રચના હોવાથી કોઈ વિસંવાદ ક્યાંય જોવા મળતા નથી.

વિદૂષી સાધ્વી પરમયશાશ્રીજીએ સિદ્ધહેમ વ્યા.ની બધી વ્યાખ્યાઓ અને બધા અંગો જે જે ખીલપાઠ પણ કહેવામાં આવે છે. તેનું પરિશીલન કરીને સૂત્રના રહસ્યને સરળ ભાષામાં પ્રસ્તુત કરીને અભ્યાસીઓ ઉપર મોટો ઉપકાર કર્યો છે.

આ વિવેચન લખવા માટે વિદૂષી સાધ્વીજીએ વ્યાકરણના મુદ્રિત ગ્રંથો તો જોયા જ છે. બૃહન્ન્યાસ જેવા ગ્રંથોની હસ્તપ્રતો મેળવીને એનું પણ અવલોકન કર્યું છે.

અથાગ મહેનત કરીને તૈયાર કરેલ આ "લઘુવૃત્તિ વિવરણ"નો અભ્યાસીઓ પૂરો લાભ ઉઠાવે.

કૃદંત પ્રકરણમાં મુખ્યત્વે ધાતુને કૃત્ પ્રત્યયો લગાડી શબ્દ બનાવવાનું શિખવાડાય છે. આજની બોલાતી ગુજરાતીભાષામાં અંગ્રેજી શબ્દોની વ્યાપક ભેળસેળ ચાલે છે.

પ્રસ્તુત કૃદંત પ્રકરણનો વ્યવસ્થિત અભ્યાસ કરનારને તત્સમ અને તદ્ભવ ગુજરાતી શબ્દોની જાણકારી સુગમ બની જશે.

જેમ ગાય વિવિધ સ્થળેથી ઘાસનો ચારો કરી એને વાગોળી (રોમન્થ) અને દૂધમાં રૂપાંતર કરી આપે છે. એમ અનેક ગ્રંથોના અધ્યયનનો નીચોડ અહીં ગુજરાતી ભાષામાં સરળ સમજૂતીપૂર્વક આપ્યો છે.

અભ્યાસીઓ અધ્યયન-અધ્યાપન કરી સંસ્કૃત ભાષામાં બોલવા-લખવા-વાંચવાની કળાને સિદ્ધ કરે એજ,

આશા અભિલાષા.

આ.વિજય મુનિચન્દ્રસૂરિ

પ્રકાશકીય નિવેદન

શ્રી સિદ્ધહેમશબ્દાનુશાસન સમુદ્ર જેવો છે. મરજીવા બનીને ડુબકી લગાવો તો મોતી હાથમાં આવે જ. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય ભગવંતની આ અનુપમ કૃતિ ઉપર આજ સુધી અનેક ટીકાઓ, વિવેચન પ્રકાશિત થયા છે અને થતાં રહેશે. આ જ આ મહાગ્રંથની શોભા પણ છે.

એ જ પાવન પરંપરામાં એક મણકો આ પ્રકાશનથી ઉમેરાઈ રહ્યો છે. ગચ્છાધિપતિ પ.પૂ. આચાર્ય શ્રી વિજય હેમપ્રભસૂરીશ્વરજી મહારાજાનાં આજ્ઞાનુવર્ત્તિની પૂ.સા.શ્રી નિરૂપમાશ્રીજી મ.સા.ના પ્રશિષ્યા પૂ.સા.શ્રી આર્યયશાશ્રીજી મ.સા.નાં પ્રશિષ્યા પૂ.સા.શ્રી પરમયશાશ્રીજી મ.સા.એ ખૂબ જહેમત અને ખંતપૂર્વક આ બાલભોગ્ય છતાંય વિદ્વત્માન્ય વિવેચન તૈયાર કર્યું છે.

આ વિવેચન શ્રી સિદ્ધહેમના પ્રેમીજનોને અંતઃસંતોષ આપનાર બનશે. અમારી સંસ્થા આ ગ્રંથનું પ્રકાશન કરતાં ગૌરવ અનુભવે છે.

આ ગ્રંથના પ્રકાશનમાં **શ્રી આદિનાથ તપાગચ્છ શ્વેતામ્બર જૈન સંઘ** આચાર્ય **શ્રી વિજય નીતિસૂરિ આરાધના ભવન કતારગામ-સુરત**નાં જ્ઞાનનિધિમાંથી તથા **શ્રી નિકોલ શ્વે.મૂ. જૈન સંઘ-અમદાવાદ**નાં જ્ઞાનનિધિમાંથી લાભ લીધો છે. તેઓના અમે ઋણી છીએ.

લિ.
આ.શ્રી વિજય નીતિસૂરિ
જૈન તત્ત્વજ્ઞાન પાઠશાળા
અમદાવાદ

વિ.સં.૨૦૭૮
ચૈત્ર સુદ-૫

કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્ય ભગવંતે શ્રી સિદ્ધરાજ જયસિંહની વિનંતીથી માત્ર એક વર્ષમાં જ સવા લાખ શ્લોક પ્રમાણ જે શ્રીસિદ્ધહેમચન્દ્રશબ્દાનુશાસનની રચના કરી તે ખરેખર અદ્વિતીય છે. આ સમુદ્ર એવો છે કે, જેનાં પેટાળમાં અઢળક રત્નો ભર્યા છે. મરજીવા બનીને તે રત્નોને પામવાનો જે યત્કિંચિત્ પ્રયાસ થયો છે. તેનાં પરિણામ સ્વરૂપે નવમો ભાગ પ્રકાશિત થઈ રહ્યો છે. જે ખરેખર તત્ત્વત્રયીની કૃપા વિના શક્ય નથી.

આ ગ્રંથની વિવેચનયાત્રા, વિવરણની સામાન્ય વિશેષતાઓ, ધન્યવાદ, ઋણસ્વીકાર, સંદર્ભગ્રંથ સૂચિ વગેરે પ્રથમ ભાગમાં જણાવેલ છે. જેની નૂતન વાચક વર્ગે ખાસ મુલાકાત લેવી.

તથા આ ભાગનાં પરિશિષ્ટ-૧માં ઉણાદિ પ્રકરણ અંતર્ગત સૂત્રો, પરિશિષ્ટ-૨માં વિવેચન અંતર્ગત ન્યાયનાં અર્થ, પરિશિષ્ટ-૩માં વિવેચન અંતર્ગત વિશેષતા અને જિજ્ઞાસાનાં સંદર્ભસ્થાનો દર્શાવેલ છે. પરિશિષ્ટ-૪ અને ૫ માં અનુક્રમે અકારાદિક્રમે પ્રકરણ અંતર્ગત સૂત્રાવલિ અને ઉદાહરણાવલિ દર્શાવેલ છે.

અત્યંત સહકાર આપનાર પંડિતવર્ય શ્રી ચિરાગભાઈ, તથા પંડિતવર્ય શ્રી અક્ષયભાઈ અને શીઘ્રાતિશીઘ્ર સુંદર રીતે મુદ્રણ કરી આપનાર જય જિનેન્દ્ર ગ્રાફિક્સ (નિતીનભાઈ-જય જિનેન્દ્ર)ને ખૂબ ખૂબ ધન્યવાદ.
જિનાજ્ઞા વિરુદ્ધ કંઈપણ લખાયું હોય તો

"मिच्छा मि दुक्कडम्"

દ. નિરૂપમ-કલ્પ-આર્ય-સૌરભ શિશુ
સા. પરમયશાશ્રી

વિષયાનુક્રમ

ક્રમ	વિષય	પૃષ્ઠ ક્ર.
૧.	કૃત સંજ્ઞાનું વિધાન (૫.૧.૧)	૧
૨.	બહુલમ્ નો અધિકાર (૫.૧.૨.)	૩
૩.	કૃત્ પ્રત્યયનો કર્તા અર્થમાં વિધાન (૫.૧.૩)	૫
૪.	કર્મકર્ત્તરિમાં વિધાન (૫.૧.૪)	૬
૫.	સંગતિકર્ત્તા અર્થમાં અજર્ય નિપાતન (૫.૧.૫)	૮
૬.	કર્ત્તા અર્થમાં રુચ્ય વગેરે નિપાતન (૫.૧.૬)	૯
૭.	કર્ત્તા અર્થમાં ભવ્ય વગેરે નિપાતન (૫.૧.૭)	૧૦
૮.	કર્ત્તા અર્થમાં પ્રવચનીય વગેરે નિપાતન (૫.૧.૮)	૧૩
૯.	કર્ત્તા અર્થમાં ક્ત પ્રત્યય (૫.૧.૯,૧૧)	૧૫
૧૦.	કર્ત્તા આરંભ અર્થમાં ક્ત પ્રત્યય (૫.૧.૧૦)	૨૦
૧૧.	આધાર અર્થમાં ક્ત પ્રત્યય (૫.૧.૧૨)	૨૪
૧૨.	ભૂત અર્થમાં ક્ત પ્રત્યય (૫.૧.૧૭૪)	૨૨૨
૧૩.	ક્ત્વા, તુમ્, અમ્, પ્રત્યયનું ભાવમાં વિધાન (૫.૧.૧૩)	૨૭
૧૪.	ભીમ વગેરે અપાદાનમાં નિપાતન (૫.૧.૧૪)	૨૮
૧૫.	ભાવ અને કારમાં ઉણ્ વગેરેનું વિધાન (૫.૧.૧૫)	૨૯
૧૬.	અપવાદમાં અસરુપ ઉત્સર્ગનું વિધાન (૫.૧.૧૬)	૩૧
૧૭.	ધ્યણ્ પ્રત્યયનું વિધાન (૫.૧.૧૭ થી ૨૦)	૩૪
૧૮.	ધ્યણ્ પ્રત્યયાન્ત અમાવસ્યા વગેરે નિપાતન (૫.૧.૨૧ થી ૨૬)	૪૦
૧૯.	તવ્ય-અનીય પ્રત્યયનું વિધાન (૫.૧.૨૭)	૪૮
૨૦.	ય પ્રત્યયનું વિધાન (૫.૧.૨૮ થી ૩૧,૩૫)	૪૯
૨૧.	ય પ્રત્યયાન્ત વર્યા વગેરે નિપાતન (૫.૧.૩૨ થી ૩૪)	૫૫

anukramnika

૨૨. क्यप् પ્રત્યયનું વિધાન (૫.૧.૩૫,૪૦ થી ૪૬) ૫૯
૨૩. क्यप् પ્રત્યયાન્ત हत्या વગેરે નિપાતન (૫.૧.૩૬ થી ૩૯) ૬૧
૨૪. ध्यण् વગેરે પાંચ પ્રત્યયોને કૃત્ય સંજ્ઞા (૫.૧.૪૭) ૭૮
૨૫. णक-तृच् પ્રત્યયનું વિધાન (૫.૧.૪૮) ૭૯
૨૬. अच् પ્રત્યયનું વિધાન (૫.૧.૪૯,૫૦,૯૧ થી ૯૬) ૮૦
૨૭. अच् પ્રત્યયાન્ત ब्रुव વગેરે નિપાતન (૫.૧.૫૧) ૮૩
૨૮. अन પ્રત્યયનું વિધાન (૫.૧.૫૨) ૮૩
૨૯. णिन् પ્રત્યયનું વિધાન
(૫.૧.૫૩,૮૨,૧૧૬,૧૫૩,૧૫૮,૧૬૦) ૮૫
૩૦. क પ્રત્યયનું વિધાન (૫.૧.૫૪,૫૫,૧૪૨) ૮૬
૩૧. क પ્રત્યયાન્ત शोकापनुद વગેરે નિપાતન
(૫.૧.૧૪૩,૧૪૪) ૧૯૦
૩૨. ड પ્રત્યયનું વિધાન
(૫.૧.૫૬,૭૬ થી ૮૧,૧૩૧,૧૬૮,૧૭૧) ૮૯
૩૩. ड પ્રત્યયાન્ત व्याघ्र વગેરે નિપાતન
(૫.૧.૫૭,૧૩૨,૧૩૩) ૯૧
૩૪. श પ્રત્યયનું વિધાન (૫.૧.૫૮ થી ૬૧) ૯૨
૩૫. ण પ્રત્યયનું વિધાન (૫.૧.૬૨ થી ૬૪,૭૩) ૯૭
૩૬. अकट् પ્રત્યયનું વિધાન (૫.૧.૬૫) ૧૦૨
૩૭. थक પ્રત્યયનું વિધાન (૫.૧.૬૬) ૧૦૪
૩૮. टनण् પ્રત્યયનું વિધાન (૫.૧.૬૭,૬૮) ૧૦૪
૩૯. अक પ્રત્યયનું વિધાન (૫.૧.૬૯) ૧૦૬
૪૦. अकन् પ્રત્યયનું વિધાન (૫.૧.૭૦) ૧૦૮
૪૧. तिक् પ્રત્યયનું વિધાન (૫.૧.૭૧) ૧૦૯
૪૨. કૃત્ સંજ્ઞક પ્રત્યયનું વિધાન (૫.૧.૭૧) ૧૦૯
૪૩. अण् પ્રત્યયનું વિધાન (૫.૧.૭૨,૧૦૫) ૧૧૦

anukramnika

૪૪. अण् प्रत्ययान्त क्रव्याद निपातन (૫.૧.૧૫૧) ૧૯૯
૪૫. टक् प्रत्ययनुं विधान (૫.૧.૭૪,૭૫,૮૩ थी ૮૭,૧૫૨) ૧૧૪
૪૬. ष्क् प्रत्ययान्त राजघ वगेरे निपातन (૫.૧.૮૮,૮૯) ૧૨૮
૪૭. ख प्रत्ययनुं विधान (૫.૧.૯૦) ૧૩૧
૪૮. इ प्रत्ययनुं विधान (૫.૧.૯૭ थी ૧૦૦) ૧૪૦
૪૯. अ प्रत्ययनुं विधान (૫.૧.૧૦૧,૧૩૪ थी ૧૩૭) ૧૪૩
૫૦. ट प्रत्ययनुं विधान
(૫.૧.૧૦૨ थी ૧૦૪,૧૩૮ थी ૧૪૧) ૧૪૪
૫૧. ख प्रत्ययनुं विधान
(૫.૧.૧૦૫ थी ૧૦૭,૧૦૯ थी ૧૧૩,૧૩૦,૧૩૧) ૧૫૦
૫૨. ख प्रत्ययान्त द्विषन्तप वगेरे निपातन
(૫.૧.૧૦૮,૧૧૪,૧૧૫) ૧૫૩
૫૩. खश् प्रत्ययनुं विधान (૫.૧.૧૧૭ थी ૧૨૬) ૧૬૦
૫૪. खश् प्रत्ययान्त इरम्मद निपातन (૫.૧.૧૨૭) ૧૭૧
૫૫. खिष्णु, खुकञ् प्रत्ययनुं विधान (૫.૧.૧૨૮) ૧૭૨
૫૬. खनट् प्रत्ययनुं विधान (૫.૧.૧૨૯) ૧૭૪
૫૭. खड् प्रत्ययनुं विधान (૫.૧.૧૩૧) ૧૭૮
૫૮. डुघ प्रत्ययनुं विधान (૫.૧.૧૪૫) ૧૯૨
૫૯. विण् प्रत्ययनुं विधान (૫.૧.૧૪૬) ૧૯૩
૬૦. मन्, वन्, क्वनिप् प्रत्ययनुं विधान (૫.૧.૧૪૭) ૧૯૪
૬૧. क्वनिप् प्रत्ययनुं विधान (૫.૧.૧૬૬,૧૬૭) ૨૧૫
૬૨. विच् प्रत्ययनुं विधान (૫.૧.૧૪૭) ૧૯૪
૬૩. क्विप् प्रत्ययनुं विधान
(૫.૧.૭૧, ૧૪૮ थी ૧૫૦,૧૫૨,૧૬૧ थी ૧૬૫) ૧૦૯
૬૪. क्विप् प्रत्ययान्त क्रव्यात् निपातन (૫.૧.૧૫૧) ૧૯૯
૬૫. सक् प्रत्ययनुं विधान (૫.૧.૧૫૨) ૨૦૦

anukramnika

૬૬. इन् પ્રત્યયનું વિધાન (૫.૧.૧૫૯) ૨૦૮
૬૭. ङ्वनिप् પ્રત્યયનું વિધાન (૫.૧.૧૭૨) ૨૨૦
૬૮. अतृ પ્રત્યયનું વિધાન (૫.૧.૧૭૩) ૨૨૧
૬૯. क्तवतु પ્રત્યયનું વિધાન (૫.૧.૧૭૪) ૨૨૨
૭૦. અભ્યાસ-૧ ૨૨૩

૫.૨

૭૧. ભૂતકાળમાં પરોક્ષાનું વિધાન (૫.૨.૧) ૨૨૫
૭૨. ભૂતકાળમાં પરોક્ષામાં क्वसु-कानનું વિધાન (૫.૨.૨) ૨૨૯
૭૩. क्वसु-कान પ્રત્યયાન્ત ईयिवस् આદિ નિપાતન (૫.૨.૩) ૨૩૨
૭૪. ભૂતમાં અદ્યતની વિભક્તિનું વિધાન (૫.૨.૪ થી ૬) ૨૩૬
૭૫. ભૂત અનદ્યતનમાં હ્યસ્તનીનું વિધાન (૫.૨.૭,૮,૧૦,૧૩,૧૪) ૨૪૧
૭૬. ભૂત અનદ્યતનમાં ભવિષ્યન્તીનું વિધાન (૫.૨.૯,૧૦) ૨૪૩
૭૭. ભૂત અનદ્યતનમાં પરોક્ષાનું વિધાન (૫.૨.૧૧ થી ૧૩) ૨૪૪
૭૮. ભૂત અનદ્યતનમાં અદ્યતનીનું વિધાન (૫.૨.૧૫) ૨૪૯
૭૯. ભૂત અનદ્યતનમાં વર્ત્તમાનાનું વિધાન (૫.૨.૧૬) ૨૫૩
૮૦. ભૂતકાળમાં વર્ત્તમાનાનું વિધાન (૫.૨.૧૭,૧૮) ૨૫૪
૮૧. વર્ત્તમાનકાળમાં વર્ત્તમાનાનું વિધાન (૫.૨.૧૯) ૨૫૬
૮૨. વર્ત્તમાનકાળમાં शतृ-आनश्નું વિધાન (૫.૨.૨૦) ૨૫૭
૮૩. ભવિષ્યકાળમાં स्य+शतृ+आनश्નું વિધાન (૫.૨.૨૦) ૨૫૭
૮૪. शतृ-आनश्નું વિધાન (૫.૨.૨૧) ૨૫૯
૮૫. વર્ત્તમાનકાળમાં क्वसुનું વિધાન (૫.૨.૨૨) ૨૬૦
૮૬. વર્ત્તમાનકાળમાં शानનું વિધાન (૫.૨.૨૩,૨૪) ૨૬૧
૮૭. વર્ત્તમાનકાળમાં अतृश्નું વિધાન (૫.૨.૨૫,૨૬) ૨૬૩

anukramnika

૮૮. વર્ત્તમાનકાળમાં શીલાદિ અર્થમાં
વિવિધ પ્રત્યયનું વિધાન (૫.૨.૨૭ થી ૫.૨.૮૩) ૨૬૬
૮૯. વર્ત્તમાનકાળમાં ડુ પ્રત્યયનું વિધાન (૫.૨.૮૪) ૩૨૭
૯૦. વર્ત્તમાનકાળમાં કર્ત્તરિકરણમાં इत्र પ્રત્યયનું વિધાન
(૫.૨.૮૫ થી ૮૭) ૩૨૮
૯૧. વર્ત્તમાનકાળમાં કરણમાં त्रट् પ્રત્યયનું વિધાન
(૫.૨.૮૮,૮૯) ૩૩૧
૯૨. વર્ત્તમાનકાળમાં કરણમાં त्र પ્રત્યયનું વિધાન (૫.૨.૯૦) ૩૩૩
૯૩. વર્ત્તમાનકાળમાં કર્મમાં धात्री નિપાતન (૫.૨.૯૧) ૩૩૩
૯૪. વર્ત્તમાનકાળમાં क्त પ્રત્યયનું વિધાન (૫.૨.૯૨) ૩૩૪
૯૫. વર્ત્તમાનકાળમાં उण् પ્રત્યયનું વિધાન (૫.૨.૯૩) ૩૩૬
૯૬. અભ્યાસ-૨ ૩૩૮
૯૭. અભ્યાસ-૩ ૩૪૦
૯૮. પરિશિષ્ટ-૧ ૩૪૨
૯૯. પરિશિષ્ટ-૨ ન્યાયસંગ્રહનાં અર્થ ૩૬૩
૧૦૦. પરિશિષ્ટ-૩ વિશેષતાનાં સંદર્ભસ્થાન ૩૬૭
૧૦૧. અન્યમતનાં સંદર્ભસ્થાન ૩૭૭
૧૦૨. પરિશિષ્ટ-૪ અકારાદિક્રમે સૂત્રાવલિ ૩૮૦
૧૦૩. પરિશિષ્ટ-૫ અકારાદિક્રમે ઉદા.વલિ. ૩૮૬

• • •

anukramnika

સંકેતસૂચિ

અ.અ.સૂ.	:	અન્વય અનુવૃત્તિ સૂત્ર
સ.	:	સમાસ
ઉદા.	:	ઉદાહરણ
પ્ર.ઉદા.	:	પ્રતિ ઉદાહરણ
વિ.	:	વિશેષતા
જિ.	:	જિજ્ઞાસા
સમા.	:	સમાધાન
શ્લો.	:	શ્લોક
પ્ર.	:	પ્રથમા વિભક્તિ
દ્વિ.	:	દ્વિતીયા વિભક્તિ
તૃ.	:	તૃતીયા વિભક્તિ
ચ.	:	ચતુર્થી વિભક્તિ
પં.	:	પંચમી વિભક્તિ
ષ.	:	ષષ્ઠી વિભક્તિ
સ.	:	સપ્તમી વિભક્તિ
સં.	:	સંબોધન
એ.વ.	:	એકવચન
દ્વિ.વ.	:	દ્વિવચન
બ.વ.	:	બહુવચન
પરસ્મૈ.	:	પરસ્મૈપદ
આત્મને.	:	આત્મનેપદ
ન્યાય.	:	ન્યાય
સં.સૌ.	:	સંગ્રહ સૌરભ. (પરિશિષ્ટ પુસ્તિકા)
મ.વૃ.	:	મધ્યમવૃત્તિ
બૃ.વૃ.	:	બૃહદ્વૃત્તિ
બૃ.ન્યા.	:	બૃહન્ન્યાસ
લ.ન્યા.	:	લઘુન્યાસ

॥ ॐ ह्रीँ श्रीँ अर्हँ नमः ॥
॥ श्री पंचासरा पार्श्वनाथाय नमः ॥

पञ्चमोऽध्यायः प्रथमः पादः

कृत प्रकरणम्

★ कृत् संज्ञानुं विधान.

आ तुमोऽत्यादिः कृत् ५.१.१

अ.अ.सू. : धातोः आ तुमः अत्यादिः कृत् ।

अर्थ : धातुथी विधान करातां त्यादि सिवायनां तुम् सुधीनां कहेवातां एवा प्रत्ययो कृत्संज्ञक थाय छे.

स. : अत्यादिः = तिरादिर्यस्य स इति त्यादिः, न त्यादिरिति।

उदा. (१) **घनघात्यः** = मेघ वडे हणवां योग्य.
घनेन हन्यते इति। (हनंक् हिंसा-गत्योः-११००)
ऋवर्ण-व्यञ्जनात्०५.१.१७थी घ्यण्→हन्+**य**

- ∴ [1]आ सूत्रथी घ्यण्ने **कृत्**संज्ञा.
- ∴ ते कृत्याः ५.१.४७थी **कृत्य**संज्ञा.
- ∴ तत् साप्या०३.३.२१थी **कर्मभां** विधान.

१. अहीं उदा.गत साधनिकामां '∴' निशानवाळां सूत्रो वारंवार पुनरावर्त्तित थतां होवाथी तेमज प्रसिद्ध अने सामान्य होवाथी कृत् प्रकरणनी आगामी साधनिकामां दर्शाववामां आवशे नहीं.

- ञ्णिति०४.३.१००थी घात्→**घात्**+य
  कारकं०३.१.६८थी समास→घन+टा+घात्य+स्
- प्रथमोक्तं०३.१.१४८थी घननो **पूर्वनिपात**
  ऐकार्थ्ये ३.२.८थी टा नो सि नो लोप→घनघात्य
- प्रथमा सि वगेरे→घनघात्य+**स्**
- तदन्तं०१.२.२०थी **पद**संज्ञा.
- सोरुः २.१.७२थी स्नो रु→घनघात्य+**र्**
- रः पदान्ते०१.३.५३थी र्नो विसर्ग→घनघात्यः।

प्र.उदा. अत्यादिरिति किम्? प्रणिंस्ते = सारी रीते चुंबन करे छे.
(णिसुकि चुम्बने-११२१)
सति ५.२.१९ वगेरेथी ते→प्र+निस्+**ते**
उदितः स्वरा०४.४.९८थी न् आगम→प्रनिन्स्+**ते**
अदुरुपसर्गा०२.३.७७थी न्नो ण्→प्र**णि**न्स्+ते
शिड्-हे०१.३.४०थी न्नो अनुस्वार→प्रणिंस्ते।

★ आ सूत्रमां त्यादि प्रत्ययोनुं वर्जन कर्युं छे. तेथी अहीं ते कृत् संज्ञक न थतां निंस-णिः०२.३.८४थी निनो णि विकल्पे थयो नहीं.

विशेषता :

(१) अहीं ध्यानमां लेवुं के, सूत्रमां प्रकृतिनो निर्देश कर्यो नथी. परंतु प्रत्यय हंमेशां प्रकृति सापेक्ष ज होय छे. तेथी पूर्वे आख्यात प्रकरणथी अधिकृत एवा धातोः पदनो लघुवृत्तिमां निर्देश कर्यो छे. अने ए धातोः पदनां निर्देश द्वारा सूचित थाय छे के, आ प्रकरणमां विवक्षित कृत् प्रत्ययो मात्र धातुने ज थाय छे. पण नामने नहीं.

(૨) અહીં આ-તુમઃ એ પ્રમાણે માત્ર તુમ્ પ્રત્યય સુધીનાં પ્રત્યયોનો નિર્દેશ કર્યો છે. પરંતુ વસ્તુતઃ ત્યાર પછીનાં પ્રત્યયો ધાતુને થતાં ન હોવાથી તેઓમાં કૃત્પણાંનો અભાવ સિદ્ધ જ હતો. તેથી આ-તુમઃ પદનાં નિર્દેશની આવશ્યકતા ન હતી. તો પણ અહીં એ પદ દ્વારા કૃત્ સંજ્ઞાગત પ્રત્યયોનું સ્વરૂપ દર્શાવ્યું હોવાથી તે સ્વરૂપ-પરિચાયક વિશેષણ જાણવું. પણ વ્યાવર્ત્તક વિશેષણ નહીં. તથા, અન્ય તુમ્ પછીનાં પ્રત્યયો પણ ધાતુને લાગીને કૃત્સંજ્ઞક થઈ શકે છે. તેવાં શક્ય ભ્રમનું પણ આ પદ દ્વારા નિરાશ થાય છે.

(૩) **કૃત્ સંજ્ઞાનાં પ્રદેશો :** તિક્-કૃતૌ નામ્નિ ૫.૧.૭૧

અન્ય મત :

પાણિની વ્યાકરણકારો સ્વતંત્ર ધાતોઃ ૩.૧.૯૧ સૂત્રને જણાવી તેનાં અધિકારમાં જ કૃત્ પ્રત્યયો કહે છે.

बहुलम् ૫.૧.૨

અ.અ.સૂ. : धातोः अत्यादिः आ तुमः कृत् बहुलम्।

અર્થ : કૃત્ વિધાયક સૂત્રમાં નિર્દેશ કરાયેલાં અર્થથી અન્ય અર્થમાં પણ બહુલતાએ કૃત્ પ્રત્યય થાય છે.

ઉદા. (૧) कर्म→पादहारकः = પગથી હરાતી વસ્તુ-જોડાં.
पादाभ्यां ह्रियते इति। (हृंग् हरणे-૮૮૫)
णक-तृचौ ૫.૧.૪૮થી णक→ह+**अक**
नामिनोऽ०४.३.१થી વૃદ્ધિ→**हार्**+अक
कारकं०૩.૧.૬૮થી સમાસ→पाद+हारक
प्रथमा सि વગેરે→पादहारकः।

★ यद्यपि णक प्रत्यय णक-तृचौ ५.१.४८थी कर्त्तामां लागे छे. परंतु अहीं आ सूत्रनां बळथी ते सूत्र द्वारा कर्त्तामां न थतां कर्ममां थयो छे.

(२) **करण→मोहनीयं कर्म** = જેનાં વડે મોહ પામે છે તે કર્મ.
मुह्यति आत्मा अनेनेति । (मुहौच् वैचित्ये-१२३८)
तव्या-ऽऽनीयौ ५.१.२७थी अनीय→मुह्+**अनीय**
लघोरुपा०४.३.४थी गुण→**मो**हनीय
प्रथमा सि वगेरे→मोहनी**यम्**।

★ यद्यपि तव्या-ऽऽनीयौ ५.१.२७थी थतो अनीय प्रत्यय कृत्यसंज्ञक होवाथी तत्साप्या०३.३.२१थी भाव अने कर्ममां थाय छे. परंतु अहीं आ सूत्रनां बळथी ते (५.१.२७) सूत्र द्वारा करणमां थाय छे.

(३) **संप्रदान→संप्रदानम्** = જેને અપાય તે.
संप्रदीयतेऽस्मै इति। (डुदांग्क् दाने-११३८)
करणा-ऽऽधारे ५.३.१२९थी अनट्→सम्+प्र+दा+**अन**
प्रथमा सि वगेरे→**सं**प्रदान**म्**।

★ यद्यपि करणा-ऽऽधारे ५.३.१२९थी थतो अनट् प्रत्यय करण, आधार अने भावमां थाय छे. परंतु अहीं आ सूत्रनां बळथी ते सूत्र द्वारा संप्रदानमां थयो छे.

विशेषता :

(१) आ अधिकार सूत्र छे. बृहन्न्यासमां जेनी व्याख्या आ प्रमाणे छे : **प्रकृते च स्वदेशे वाक्यार्थबोधाऽजनकत्वे सति उत्तरसूत्रैकवाक्यतया वाक्यार्थबोध-जनकत्वम-धिकारसूत्रत्वम्।**

અર્થ : જે સૂત્ર સ્વતંત્રતયા વાક્યનાં અર્થને ન જણાવતાં ઉત્તરસૂત્રની સાથે જોડાઈને વાક્યાર્થને જણાવે તે અધિકાર સૂત્ર કહેવાય છે.

જિ. : **सूचनाद्धि सूत्रमुच्येत** એ નિયમાનુસારે જેનાં દ્વારા કોઈપણ કાર્યનું સૂચન કરાયું હોય તેને સૂત્ર કહેવાય છે. પરંતુ અહીં તો કોઈપણ કાર્યનો નિર્દેશ નથી. તો આને સૂત્ર કેવી રીતે કહી શકાશે ?

સમા. : તમારી વાત સાચી છે. તેથી જ ગ્રંથકારશ્રીએ બૃહદ્વૃત્તિમાં સર્વપ્રથમ **अधिकारोऽयम्** એ પ્રમાણે નિર્દેશ કર્યો છે. તેનાં દ્વારા આગામી સૂત્રોમાં બહુલમ્ પદનો અધિકાર લઈ જવાનાં કાર્યનું સૂચન કર્યું છે. તેથી આને પણ સૂત્ર કહેવામાં કોઈ બાધ રહેતો નથી.

कर्त्तरि ૫.૧.૩

અ.અ.સૂ. : कृत् कर्त्तरि ।

અર્થ : જેમાં અર્થ વિશેષનું કથન ન હોય તેવા કૃત્ પ્રત્યયો કર્ત્તા અર્થમાં થાય છે.

ઉદા. (૧) कर्त्ता = કરનાર. (डुकृंग् करणे-८८८)

णक-तृचौ ૫.૧.૪૮થી तृच्→कृ+**तृ**

આ સૂત્રથી કર્ત્તામાં **વિધાન.**

नामिनोऽ०४.३.१થી ગુણ→**कर्तृ**

- પ્રથમા સિ→कर्तृ+**स्**
- ऋदुशनस्०१.४.८४થી સિનો ડા→कर्तृ+**आ**
- डित्यन्त्य०२.१.११४થી ऋનો લોપ→कर्ता।

વિશેષતા :

સામાન્યતયા તે તે સૂત્રોમાં કર્ત્તા સિવાયનાં અન્ય કારકોનો નિર્દેશ કર્યો હોવાથી અનિર્દિષ્ટ અર્થવાળાં સૂત્રોમાં પારિશેષ્ય-ન્યાયથી કર્ત્તા અર્થની જ પ્રાપ્તિ હતી. પરંતુ **अनिर्दिष्टार्थ-प्रत्ययस्य स्वार्थे विधानम्** નિયમાનુસારે તે પ્રત્યય સ્વાર્થમાં અર્થાત્ ભાવમાં થવાનો હતો. તેથી આ સૂત્ર દ્વારા તે નિયમનો બાધ કરીને અહીં કૃત્ પ્રકરણમાં કર્ત્તામાં કરવાનો નિર્દેશ કર્યો છે.

व्याप्ये घुर-केलिम-कृष्टपच्यम् ५.१.४

અ.અ.સૂ. : (धातोः) घुर-केलिम-कृष्टपच्यं व्याप्ये कर्त्तरि (निपात्यन्ते)।

અર્થ : (ધાતુથી થતાં) ઘુર અને કેલિમ પ્રત્યય તેમજ કૃષ્ટપચ્યમ્નો ય પ્રત્યય કર્મકર્ત્તા અર્થમાં થાય છે.

સ. : घुर-केलिम-कृष्टपच्यम् = घुरश्च केलिमश्च कृष्टपच्यश्चेति।

ઉદા. (૧) भङ्गुरं काष्ठम् = સ્વયં તૂટે તેવું લાકડું.

भज्यते काष्ठं स्वयमेवेत्येवंशीलम् (भञ्जोंप् आमर्दने-१४८६)
भञ्जि-भासि०५.२.७४थी घुर→भञ्ज्+**उर**
क्तेऽनिट०४.१.१११थी ञ्नो ग्→भञ्ग्+उर
म्नां धुड्वर्गे०१.३.३९थी ञ्नो ङ्→**भङ्गुर**
प्रथमा सि वगेरे→भङ्गु**रम्**।

★ यद्यपि घुर प्रत्यय भञ्जि-भासि०५.२.७४ सूत्रथी कर्त्ता अर्थमां थाय छे. परंतु आ सूत्रनां बळथी ते सूत्र द्वारा कर्मकर्त्ता अर्थमां थाय छे.

(૨) **पचेलिमा माषाः** = સ્વયં સીજે તેવા અડદ.
પચ્યતે સ્વયમેવેત્યેવંશીલમિતિ। (डुपचींष् पाके-८९२)
આ સૂત્રથી પચ્ થી કેલિમ નિપાતન→પચ્+**एलिम**
પ્રથમા જસ્ વગેરે→पचेलिमाः।

(૩) **कृष्टपच्याः शालयः** = ખેડાયેલી ભૂમિમાં સ્વયં ઊગે તેવું અનાજ.
कृष्टे पच्यन्ते स्वयमेवेत्येवंशीलमिति। (डुपचींष् पाके-८९२)
આ સૂત્રથી પચ્ થી ય પ્રત્યય નિપાતન→પચ્+**य**
સપ્તી शौण्डा०૩.૧.૮૮થી સમાસ→कृष्ट+पच्य
પ્રથમા જસ્ વગેરે→कृष्टपच्याः।

વિશેષતા :

(૧) સૂત્ર નિર્દિષ્ટ ઘુર પ્રત્યય આગામી भञ्जि-भासि०૫.૨.૭૪ સૂત્રમાં કહેવાશે. અહીં તો તેનાં અર્થ-વિશેષનો જ નિર્દેશ કર્યો છે. જ્યારે કેલિમ અને કૃષ્ટપચ્ય પ્રયોગમાં રહેલ ય પ્રત્યય આ સૂત્રથી થયેલાં જાણવા.
યદ્યપિ વિહાવિશા०૩૫૪ ઉણાદિસૂત્રથી કેલિમ પ્રત્યયનું વિધાન છે. પરંતુ તે પ્રત્યય વિશેષ ધાતુથી થાય છે. જ્યારે આ સૂત્ર નિર્દિષ્ટ કેલિમ પ્રત્યયની દરેક ધાતુથી પ્રાપ્તિ થાય છે.

(૨) અહીં સામાન્યતયા કર્મકર્ત્તરિ અર્થનો નિર્દેશ કર્યો છે. પરંતુ भास् ધાતુ અકર્મક છે, સ્નેહન અર્થમાં રહેલ मिद् ધાતુમાં પ્રયોજકકર્ત્તા નિયમા રહેલ છે. અને विद् ધાતુ જ્ઞાનાર્થક હોવાથી કર્મસ્થ ક્રિયાવાળાં નથી. તેથી તેઓમાં કર્મકર્ત્તરિ અર્થ સંભવી શકતો નથી. તેથી તે ધાતુઓનાં વિષયમાં कर्त्तरि ૫.૧.૩ એ સૂત્રની

પ્રધાનતા જાણવી. અને માત્ર કર્ત્તરિ અર્થમાં જ ઘુર પ્રત્યય કરવો. **ઉદા.** भासुरः = શોભનાર, मेदुरः = લેપ કરનાર, विदुरः = જાણનાર.

અન્ય મત :

પાણિનીય વગેરે કેટલાંક વ્યાકરણકારો छिद् અને भिद् ધાતુથી પણ માત્ર કર્ત્તરિમાં જ ઘુર પ્રત્યય ઇચ્છે છે. **ઉદા.** दोषान्धकारभिदुरः = દોષરૂપી અંધકારને ભેદનાર.

संगतेऽजर्यम् ५.१.५

અ.અ.સૂ. : (धातोः) अजर्यं संगते कर्त्तरि ।

અર્થ : સંગત = સારી રીતે મળવું. તે કર્ત્તા હોતે છતે નઞ્ પૂર્વક जॄ ધાતુથી य પ્રત્યય નિપાતન પામે છે.

ઉદા. अजर्यम् आर्यसंगतम् = આર્યોની સંગતિ અટલ છે.

न जीर्यतीति। (जॄष् जरसि-११४५)
આ સૂત્રથી य પ્રત્યય→न+जॄ+**य**
नामिनो०४.३.१થી ગુણ→न+**जर्य**
नञत् ३.२.१२५થી नञ्નો अ→**अ**जर्य
પ્રથમા સિ વગેરે→अजर्य**म्**।

પ્ર.ઉદા. संगत इति किम् ? अजरः पटः = જીર્ણ ન થયેલું વસ્ત્ર.

न जीर्यतीति।
अच् ५.१.४९થી अच्→जॄ+**अ**
नामिनो०४.३.१થી ગુણ→**जर**
नञ् ३.१.५१થી સમાસ→न+जर
नञत् ३.२.१२५થી नञ्નો अ→**अ**जर
પ્રથમા સિ વગેરે→अजरः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ સંગતિરૂપ કર્ત્તા હોતે છતે થાય છે. જ્યારે અહીં સંગતિ કર્ત્તા નથી. માટે આ સૂત્રથી અજર્યમ્ પ્રયોગ થયો નહીં.

વિશેષતા :

(૧) આગામી ણક-તૃચૌ ૫.૧.૪૮થી થતાં તૃચ્ વગેરે પ્રત્યયોનું આ અપવાદ સૂત્ર છે.

(૨) **નિપાતન : धातु-साधनकालानां, प्राप्त्यर्थं नियमस्य च, अनुबन्धविकाराणां, रुढ्यर्थं च निपातनम्॥**

અર્થ : જે ધાતુ જે અર્થમાં ન જણાય તેનો તે અર્થમાં પ્રયોગ કરવા માટે, જે કારકમાં જે પ્રત્યય ન દેખાય તે કારકમાં તે પ્રત્યય કરવા માટે, જે કાળમાં જે પ્રત્યય ન જણાય તે કાળમાં તે પ્રત્યયની પ્રાપ્તિ માટે, જે પ્રત્યયમાં જે અનુબંધ ન દેખાય તે પ્રત્યયમાં તે અનુબંધ નિમિત્તક કાર્યની પ્રાપ્તિ માટે તથા, અર્થ વિશેષમાં રૂઢ પ્રયોગની સિદ્ધિ માટે નિપાતન કરાય છે.

रुच्या-ऽव्यथ्य-वास्तव्यम् ૫.૧.૬

અ.અ.સૂ. : (धातोः) रुच्या-ऽव्यथ्य-वास्तव्यं कर्त्तरि।

અર્થ : રુચ્ય, અવ્યથ્ય અને વાસ્તવ્ય પ્રયોગ કર્ત્તા અર્થમાં નિપાતન પામે છે.

સ. : रुच्या-ऽव्यथ्य-वास्तव्यम् = रुच्यश्च अव्यथ्यश्च वास्तव्यश्चेति।

ઉદા. (૧) रुच्यः = ગમનારી (વસ્તુ).
रोचते इति। (रुचि अभिप्रीत्यां च-९३८)
આ સૂત્રથી क्यप् નિપાતન→रुच्+**य**
પ્રથમા સિ વગેરે→रुच्यः।

(૨) **अव्यथ्यः** = દુઃખી ન થનાર.
न व्यथते इति। (व्यथिष् भय-चलनयोः-१००२)
આ સૂત્રથી क्यप् નિપાતન→व्यथ्+**य**
नञ् ૩.૧.૫૧થી સમાસ→न+व्यथ्य
नञत् ૩.૨.૧૨૫થી नञ्નો अ→**अ**व्यथ्य
પ્રથમા સિ વગેરે→अव्यथ्यः।

(૩) **वास्तव्यः** = રહેનાર.
वसतीति। (वसं निवासे-९९९)
આ સૂત્રથી तव्यण् નિપાતન→वस्+**तव्य**
ञ्णिति०४.૩.૫૦થી વૃદ્ધિ→**वा**स्तव्य
પ્રથમા સિ વગેરે→वास्तव्यः।

વિશેષતા :

આ સૂત્રથી થનારાં क्यप् અને तव्य પ્રત્યય કૃત્ય સંજ્ઞક હોવાથી तत् साप्या०૩.૩.૨૧ સૂત્રથી ભાવ અને કર્મ અર્થમાં થવાનાં હતાં. તેની કર્ત્તા અર્થમાં પ્રાપ્તિ માટે આ સૂત્રથી નિપાતન કરેલ છે. તેથી હવે, **बाधकान्येव निपातनानि** નિયમાનુસારે રુચ્ય વગેરે પ્રયોગો कर्त्तरि સિવાયનાં અન્ય અર્થમાં વપરાશે નહીં.

भव्य-गेय-जन्य-रम्या-ऽऽपात्या-ऽऽप्लाव्यं नवा ५.१.७

અ.અ.સૂ. : (धातोः) भव्य-गेय-जन्य-रम्या-ऽऽपात्या-ऽऽप्लाव्यं कर्त्तरि नवा।

અર્થ : ભવ્ય, ગેય, જન્ય, રમ્ય, આપાત્ય અને આપ્લાવ્ય પ્રયોગ કર્ત્તા અર્થમાં વિકલ્પે નિપાતન પામે છે.

સ. : **भव्य-गेय-जन्य-रम्या-ऽऽपात्या-ऽऽप्लाव्यम्** = भव्यश्च गेयश्च जन्यश्च रम्यश्च आपात्यश्च आप्लाव्यश्चेति।

ઉદા. (૧) **भव्यः/भव्यम्** = (भू सत्तायाम्-१)
भव्यः = થનાર. भवतीति।
य एच्चातः ५.१.२८थी य→भू+**य**
नामिनो गुणो०४.३.१थी गुण→**भो**+य
व्यक्ये १.२.२५थी अव्→**भव्य**
આ સૂત્રથી यનું **कर्त्तरिभां** વિધાન.
પ્રથમા સિ વગેરે→भव्यः।
વિકલ્પે : જ્યારે કર્ત્તા અર્થમાં ન થાય ત્યારે,
भव्यम् = થવું. भूयते इति।
तत् साप्या०३.३.२१थी **ભાવમાં** વિધાન.

(૨) **गेयः साम्नाम्/गेयानि सामानि** = (गैं शब्दे-३७)
गेयः = સામવેદને ગાનાર. गायतीति।
आत् सन्ध्य०४.२.१थी ऐનો आ→**गा** ધાતુ.
य एच्चातः०५.१.२८थी य અને आનો ए→**गेय**
આ સૂત્રથી यનું **कर्त्तरिभां** વિધાન.
પ્રથમા સિ વગેરે→गेयः।
વિકલ્પે : જ્યારે કર્ત્તા અર્થમાં ન થાય ત્યારે,
गेयानि = ગાવા યોગ્ય સામવેદ. गीयन्ते इति।
तत् साप्या०३.३.२१थी **કર્મમાં** વિધાન.

(૩) **जन्यः/जन्यम्** = (जनैचि प्रादुर्भावे-१२६५)
जन्यः = જન્મ લેનાર. जायतेऽसाविति।
વિકલ્પે : जन्यम् = થવું તે. जन्यते इति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ અહીં ऋवर्ण०५.१.१७થી घ्यण् પ્રત્યય કરવો અને न जन० ४.३.५४થી વૃદ્ધિનો નિષેધ કરવો.

(४) **रम्यः/रम्यम्** = (रमिं क्रीडायाम्-९८९)
रम्यः = મનોહર. रमयतीति।
प्रयोक्तृ०३.४.२०થી णिग्→रम्+**इ**
ञ्णिति ४.३.५०થી વૃદ્ધિ→**रा**मि
अमोऽकम्य०४.२.२६થી હ્રસ્વ→**र**मि
णेरनिटि ४.३.८३થી यनां વિષયમાં णिग्નો લોપ→रम्
शकि-तकि-चति०५.१.२८થી य→**रम्य**
આ સૂત્રથી यનું **कर्त्ता** અર્થમાં વિધાન.
પ્રથમા सि વગેરે→रम्यः।
વિકલ્પે : જ્યારે કર્ત્તા અર્થમાં ન થાય ત્યારે,
रम्यम् = રમણીય. रम्यते इति।
तत् साप्या०३.३.२१થી **કર્મ** અર્થમાં વિધાન.

(५) **आपात्यः/आपात्यम्** = (पत्लृ गतौ-९६२)
आपात्यः = પડનાર. आपतत्यसाविति।
ऋवर्ण०५.१.१७થી घ्यण्→आ+पत्+**य**
ञ्णिति ४.३.५०થી વૃદ્ધિ→आ**पा**त्य
આ સૂત્રથી घ्यण्નું **कर्त्ता**માં વિધાન.
વિકલ્પે : જ્યારે કર્ત્તા અર્થમાં ન થાય ત્યારે,
आपात्यम् = પડવું. आपत्यते इति।
तत् साप्या०३.३.२१થી **ભાવમાં** વિધાન.

(६) **आप्लाव्यः/आप्लाव्यम्** = (प्लुंङ् गतौ-५९८)
आप्लाव्यः = કૂદનાર. आप्लवतेऽसाविति।



વિકલ્પે : आप्लाव्यम् = અવશ્ય કૂદવા યોગ્ય અવશ્યં આપ્લૂયત ઇતિ।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ ઘ્યણ્નું વિધાન उवर्णादा०५.१.१९ સૂત્રથી કરવું.

વિશેષતા :

(૧) અહીં भव्य વગેરે કૃત્ય પ્રત્યયાન્ત પ્રયોગોનું નિપાતન જણાવ્યું છે. જે વસ્તુતઃ તત્ साप्या०३.३.२१થી સિદ્ધ જ હતાં. પરંતુ ત્યાં ભાવે અને કર્મણિ પ્રયોગનું વિધાન કર્યું છે. જ્યારે અહીં કર્ત્તરિ પ્રયોગ પણ અભિપ્રેત છે. તે પ્રયોગની સિદ્ધિ માટે જ આ સૂત્રનો નિર્દેશ જાણવો. અને તેથી જ આ સૂત્ર દ્વારા અર્થમાત્રનું નિપાતન જાણવું. પ્રત્યય તો ય एच्चा०५.१.२८ સૂત્રથી જ કરાય છે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, **बाधकान्येव निपातनानि** નિયમાનુસારે નિપાતન પ્રયોગો સ્વપ્રકૃતિનાં વિષયમાં રહેલાં અન્ય અર્થમાં થતાં તે પ્રયોગોનો બાધ કરે છે. તેથી આ સૂત્રમાં भव्य વગેરે પ્રયોગોનાં નિપાતન દ્વારા भू વગેરે ધાતુનાં વિષયમાં કર્ત્તરિ સિવાય અન્ય અર્થમાં થતાં भव्य વગેરે પ્રયોગોની બાધ થવાની આપત્તિ આવવાની શક્યતા હતી. તે શક્યતાનું વારણ કરવા માટે જ અહીં વિકલ્પનો નિર્દેશ કર્યો છે.

प्रवचनीयाऽऽदयः ५.१.८

અ.અ.સૂ. : (धातोः) प्रवचनीयादयः कर्त्तरि नवा।

અર્થ : અનીય પ્રત્યયાન્ત પ્રવચનીય વગેરે પ્રયોગો વિકલ્પે કર્ત્તા અર્થમાં નિપાતન પામે છે.

સ. : प्रवचनीयादयः = प्रवचनीय आदिर्येषां ते इति।



ઉદા. (૧) **प्रवचनीयो गुरुः शास्त्रस्य/प्रवचनीयं गुरुणा शास्त्रम्** = (वचंक् भाषणे-१०९६), (ब्रूंगृक् व्यक्तायां वाचि-११२५)
प्रवचनीयः = શાસ્ત્રને પ્રકૃષ્ટ રીતે કહેનાર ગુરુ.
प्रवक्ति/प्रब्रूते इति।
अस्ति-ब्रुवो०४.४.१थी ब्रू નો **वच्** આદેશ.
આ સૂત્રથી કર્ત્તા અર્થમાં અનીય→प्र+वच्+**अनीय**
પ્રથમા સિ વગેરે→प्रवचनीयः।
વિકલ્પે : જ્યારે કર્ત્તા અર્થમાં ન થાય ત્યારે,
प्रवचनीयम् = ગુરુ દ્વારા પ્રવચન કરવા યોગ્ય શાસ્ત્ર.
प्रोच्यते इति।
तव्या-ऽनीयौ ५.१.२७थी अनीय→प्र+वच्+**अनीय**
तत् साप्या०३.३.२१थी **કર્મ** અર્થમાં વિધાન.

(૨) **उपस्थानीयः शिष्यो गुरोः/उपस्थानीयः शिष्येण गुरुः** = (ष्ठां गतिनिवृत्तौ-५)
उपस्थानीयः = ગુરુની પૂજા કરનાર શિષ્ય. उपतिष्ठते इति।
षः सोऽष्ट्यै०२.३.९८थी ष्नो स्→**स्था** ધાતુ.
निमित्तापाये[1] नैमित्तकस्याप्यऽपायः १/२९ ન્યાયાનુસારે ठ्नो પણ थ् કરવો.
વિકલ્પે : उपस्थानीयः = શિષ્ય વડે પૂજા કરવા યોગ્ય ગુરુ.
उपस्थीयते इति।
આગળની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) **प्रवचनीयादि ગણથી સિદ્ધ થતાં પ્રયોગો :** प्रवचनीयं/प्रवचनीयः, उपस्थानीयः, रमणीयः, मदनीया, दीपनीयं, मोहनीयं, ज्ञानावरणीयं, दर्शनावरणीयं વગેરે.

---

१. ન્યાયોનાં અર્થ માટે પરિશિષ્ટ-૨માં જોવું.

श्लिष-शीङ्-स्था-ऽऽस-वस-जन-रुह-जृ-भजेः क्तः ५.१.९

અ.અ.સૂ. : श्लिष-शीङ्-स्था-ऽऽस-वस-जन-रुह-जृ-भजेः धातोः क्तः कर्त्तरि नवा।

અર્થ : श्लिष्, शी, स्था, आस्, वस्, जन्, रुह्, जृ અને भज् ધાતુથી વિહિત क्त પ્રત્યય કર્ત્તા અર્થમાં વિકલ્પે થાય છે.

સ. : श्लिष-शीङ्-स्था-ऽऽस-वस-जन-रुह-जृ-भजेः = श्लिषश्च शीङ् च स्थाश्च आसश्च वसश्च जनश्च रुहश्च जृश्च भजिश्चेति श्लिष-शीङ्-स्था-ऽऽस-वस-जन-रुह-जृ-भजिः, तस्मादिति।

ઉદા. (૧) आश्लिष्टः कान्तां चैत्रः/आश्लिष्टा कान्ता तैः =
(श्लिषंच् आलिङ्गने-१२१०)
आश्लिष्ट.. = ચૈત્રે પત્નીનું આલિંગન કર્યું.
आश्लिष्यति स्मेति।
આ સૂત્રથી **કર્ત્તા** અર્થમાં क्त→आ+श्लिष्+**त**
तवर्गस्य०१.३.६०થી त्નો ट्→आश्लिष्**ट**
પ્રથમા સિ વગેરે→आश्लिष्टः।
વિકલ્પે : જ્યારે કર્ત્તા અર્થમાં क्त ન થાય ત્યારે,
आश्लिष्टा.. = ચૈત્ર વડે પત્ની આલિંગન કરાઈ.
आश्लिष्यते स्मेति।
क्त-क्तवतू ५.१.१७४થી क्त→आ+श्लिष्+**त**
तत् साप्या०३.३.२१थी **કર્મ** અર્થમાં વિધાન.
तवर्गस्य०१.३.६०થી त्નો ट्→आश्लिष्**ट**
आत् २.४.१८थी आप् વગેરે→आश्लिष्**टा**।

(૨) **अतिशयितो गुरुं शिष्यः/अतिशयितो गुरुः शिष्यैः** =
(शीङ्क् स्वप्ने-११०५)
अतिशयितः.. = શિષ્યે ગુરુનું સન્માન કર્યું. અતિશેતે સ્મેતિ।
આ સૂત્રથી **कर्त्ता** અર્થમાં ક્ત→અતિ+શી+**त**
સ્તાદ્યશિતો૦૪.૪.૩૨થી ઇટ્→અતિ+શી+**इ**+ત
ન ડીઙ્-શીઙ્૦૪.૩.૨૭થી **कित्**પણાંનો નિષેધ.
નામિનો ગુણો૦૪.૩.૧થી ગુણ→અતિ+**शे**+ઇ+ત
એદૈતોઽ૦૧.૨.૨૩થી અય્→અતિ**शयि**ત
પ્રથમા સિ વગેરે→અતિશયિતઃ।
વિકલ્પે : જ્યારે કર્ત્તા અર્થમાં ક્ત ન થાય ત્યારે,
अतिशयितः.. = શિષ્ય વડે ગુરુ સન્માનિત કરાયા.
અતિશય્યતે સ્મેતિ।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ ક્ત-ક્તવતૂ ૫.૧.૧૭૪થી અને તત્ સાપ્યા૦૩.૩.૨૧થી કર્મ અર્થમાં ક્તનું વિધાન કરવું.

(૩) **उपस्थितो गुरुं शिष्यः/उपस्थितो गुरुः शिष्यैः** =
(ष्ठां गतिनिवृत्तौ-५)
उपस्थितः.. = શિષ્યે ગુરુની પૂજા કરી. ઉપતિષ્ઠતે સ્મેતિ।
આ સૂત્રથી **कर्त्ता** અર્થમાં ક્ત→ઉપ+સ્થા+**त**
દો-સો-મા૦૪.૪.૧૧થી આ નો ઇ→ઉપ**स्थि**ત
પ્રથમા સિ વગેરે→ઉપસ્થિતઃ।
વિકલ્પે : જ્યારે કર્ત્તામાં ક્ત ન થાય ત્યારે,
उपस्थितः.. = શિષ્ય વડે ગુરુની પૂજા કરાઈ.
ઉપસ્થીયતે સ્મેતિ।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ તત્ સાપ્યા૦૩.૩.૨૧ અને ક્ત-ક્તવતૂ ૫.૧.૧૭૪થી અને કર્મ અર્થમાં ક્તનું વિધાન કરવું.

(૪) **उपासिता गुरुं ते/उपासितो गुरुस्तैः** =
(आसिक् उपवेशने-१११९)
उपासिताः.. = તેઓએ ગુરુની ઉપાસના કરી.
उपासन्ते स्मेति।
આ સૂત્રથી **कर्त्ता** અર્થમાં क्त→उप+आस्+**त**
स्ताद्यशितो०४.४.३२થી इट्→उप+आ**सित**
પ્રથમા जस् વગેરે→उपासिताः।
વિકલ્પે : જ્યારે કર્ત્તામાં क्त ન થાય ત્યારે,
उपासितः.. = તેઓ વડે ગુરુ ઉપાસાયા. उपास्यते स्मेति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ तत् साप्या०३.३.२१ અને क्त-क्तवतू ५.१.१७४થી કર્મ અર્થમાં क्तનું વિધાન કરવું.

(૫) **अनूषिता गुरुं ते/अनुषितो गुरुस्तैः** = (वसं निवासे-९९९)
अनूषिता.. = તેઓ ગુરુની પાછળ બેઠા. अनुवसन्ति स्मेति।
આ સૂત્રથી **कर्त्ता** અર્થમાં क्त→अनु+वस्+**त**
क्षुध-वस०४.४.४३થી इट्→अनु+वस्+**इ**+त
यजादि-वचेः०४.१.७९થી व्नो उ→अनु+**उस्**+इ+त
नाम्यन्तस्था०२.३.१५થી स्नो ष्→अनु+**उषित**
समानानां०१.२.१થી दीर्घ→अ**नूषित**
પ્રથમા जस् વગેરે→अनूषि**ता**।
વિકલ્પે : જ્યારે કર્ત્તા અર્થમાં क्त ન થાય ત્યારે,
अनूषितः.. = તેઓ વડે ગુરુના પાછળ બેસાયું.
अनूष्यते स्मेति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ तत् साप्या०३.३.२१ અને क्त-क्तवतू ५.१.१७४થી કર્મમાં क्तનું વિધાન કરવું.

(૬) **अनुजातास्तां ते/अनुजाता सा तैः** =
(जनैचि प्रादुर्भावे-१२६५)
अनुजाता.. = તેઓ તેણીની પાછળ જન્મ્યા.
अनुजन्यन्ते स्मेति।
આ સૂત્રથી **कर्त्ता** અર્થમાં क्त→अनु+जा+**त**
પ્રથમા जस् વગેરે→अनुजा**ता**।
વિકલ્પે : જ્યારે કર્ત્તા અર્થમાં क्त ન થાય ત્યારે,
अनुजाता.. = તેઓ વડે તેણીની પાછળ જન્માયું.
અહીં क्त-क्तवतू ૫.૧.૧૭૪થી क्तનું વિધાન तत् साप्या० ૩.૩.૨૧થી કર્મ અર્થમાં કરવું.

(૭) **आरुढोऽश्वं सः/आरुढोऽश्वस्तैः** = (रुहं जन्मनि-૯૮૮)
आरुढः... = તે ઘોડા ઉપર ચઢ્યો. आरोहति स्मेति।
આ સૂત્રથી **कर्त्ता** અર્થમાં क्त→आ+रुह्+**त**
हो धुट्०२.१.८२થી ह्નો द्→आ+रुद्+त
अधश्चतुर्थात्०२.१.७९થી तનો ध→आ+रुद्+**ध**
तवर्गस्य०१.३.६०થી धનો द्→आ+रुद्+**ढ**
ढस्तड्ढे १.३.४२થી द्નો લોપ→आरुढ
પ્રથમા सि વગેરે→आरुढः।
વિકલ્પે : જ્યારે કર્ત્તા અર્થમાં क्त ન થાય ત્યારે,
आरुढो.. = તેઓ વડે ઘોડા પર ચઢાયું. आरुह्यते स्मेति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ तत् साप्या०૩.૩.૨૧થી કર્મ અર્થમાં क्त-क्तवतू ૫.૧.૧૭૪થી क्तનું વિધાન કરવું.

(૮) **अनुजीर्णास्तां ते/अनुजीर्णा सा तैः** = (जृष् जरसि-११४५)
अनुजीर्णाः.. = તેઓ તેણીની પાછળ જીર્ણ થયા.
अनुप्राप्य जीर्यन्ति स्मेति।



આ સૂત્રથી **कर्त्ता** અર્થમાં क्त→अनु+जॄ+**त**
ऋ-ल्वादे०४.२.६८થી त નો न→अनु+जॄ+**न**
ऋतां-क्ङि०४.४.११६થી ऋ નો इर्→अनु+**जिर्न**
भ्वादेर्ना०२.१.६७થી इ દીર્ઘ→**जीर्न**
र-षृवर्णान्नो०२.३.६७થી न् નો ण्→अनुजी**र्ण**
પ્રથમા जस् વગેરે→अनुजीर्णाः।
વિકલ્પે : જ્યારે કર્ત્તા અર્થમાં ન થાય ત્યારે,
अनुजीर्णा.. = તેઓ વડે તેણીની પાછળ જીર્ણ થવાયું.
अनुप्राप्य जीर्यते स्मेति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ तत् साप्या०३.३.२१થી કર્મ અર્થમાં क्त-क्तवतू १.१.१७४થી क्तનું વિધાન કરવું.

(૯) **विभक्ताः स्वं ते/विभक्तं स्वं तैः** = (भजीं सेवायाम्-८९५)
विभक्ताः.. = તેઓએ ધન વહેંચ્યું. विभजन्ति स्मेति।
આ સૂત્રથી **कर्त्ता** અર્થમાં क्त→वि+भज्+**त**
चजः०२.१.८६થી ज् નો ग्→विभ**ग्**+त
अघोषे प्रथमो०१.३.५०થી ग् નો क्→विभ**क्त**
પ્રથમા जस् વગેરે→विभक्ताः।
વિકલ્પે : જ્યારે કર્ત્તા અર્થમાં क्त न થાય ત્યારે,
विभक्तम् = તેઓ વડે ધન વહેંચાયું. विभज्यते स्मेति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ तत् साप्या०३.३.२१ કર્મ અર્થમાં क्त-क्तवतू १.१.१७४થી क्तનું વિધાન કરવું.

વિશેષતા :

(૧) આગામી गत्यर्थाऽकर्मक०५.१.११ સૂત્રથી તમામ અકર્મક ધાતુથી कर्त्तरि પ્રયોગમાં क्तનું વિકલ્પે વિધાન





છે. તેથી શી, સ્થા વગેરે અકર્મક ધાતુનું કાર્ય પણ એ સૂત્ર દ્વારા જ સિદ્ધ થઈ જાત. પરંતુ ઉપસર્ગ લાગવાથી તે તે ધાતુ પણ સકર્મક થઈ શકે છે. અને તે સકર્મક અવસ્થામાં પણ ક્તનું વિકલ્પે કર્ત્તરિમાં વિધાન કરવા માટે અહીં શીङ્, સ્થા વગેરે ધાતુનો નિર્દેશ કર્યો છે. ઉદા. उपस्थितो गुरुं शिष्यः।

आरम्भे ५.१.१०

અ.અ.સૂ. : आरम्भे धातोः क्तः कर्त्तरि नवा।

અર્થ : આરંભ અર્થવાળાં ધાતુઓથી ભૂતકાળાદિમાં વિહિત ક્ત પ્રત્યય કર્ત્તા અર્થમાં વિકલ્પે થાય છે.

ઉદા. प्रकृताः कटं ते/प्रकृतः कटस्तैः = (डुकृंग् करणे-८८८)

प्रकृताः.. = તેઓએ ચટાઈ બનાવવાની શરૂઆત કરી.

कर्तुमारब्धा इति।

આ સૂત્રથી **કર્ત્તા** અર્થમાં ક્ત→प्र+कृ+**त**

પ્રથમા जस् વગેરે→प्रकृताः।

વિકલ્પે : જ્યારે કર્ત્તા અર્થમાં ક્ત ન થાય ત્યારે,

प्रकृतः... = તેઓ વડે ચટાઈ બનાવવાની શરૂઆત કરાઈ.

कर्तुमारभ्यते स्मेति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ तत् साप्या० ૩.૩.૨૧થી કર્મ અર્થમાં ક્ત-ક્તવતૂ ૫.૧.૧૭૪થી થતાં ક્તનું વિધાન કરવું.

વિશેષતા :

અહીં સૂત્રમાં 'ભૂતાદિમાં વિહિત ક્ત' પ્રત્યય દર્શાવ્યો છે. ત્યાં અધ્યાહારથી भाव-कर्मणोः પદનું ગ્રહણ કરવું. તેથી ભાવ



અને કર્મમાં વિહિત क्त પ્રત્યય વિકલ્પે કર્ત્તરિમાં થશે. તેમ અર્થઘટન કરવું.

गत्यर्था-ऽकर्मक-पिब-भुजेः ५.१.११

અ.અ.સૂ. : गत्यर्था-ऽकर्मक-पिब-भुजेः धातोः क्तः कर्त्तरि नवा।

અર્થ : ગતિ અર્થવાળાં, અકર્મક, પા અને ભુજ્ ધાતુથી ભૂતકાળાદિમાં વિહિત क्त પ્રત્યય કર્ત્તા અર્થમાં વિકલ્પે થાય છે.

સ. : गत्यर्थाऽकर्मक-पिब-भुजेः = गतिरर्थो येषां ते इति गत्यर्थाः, अविद्यमानम्/अविवक्षितं वा कर्म येषां ते इति अकर्मकाः, गत्यर्थाश्च अकर्मकाश्च पिबश्च भुजिश्चेति गत्यर्था-ऽकर्मक-पिब-भुजिः, तस्मादिति।

ઉદા. (૧) गतोऽसौ ग्रामम्/गतोऽसौ तैः = (गम्लृं गतौ-३९६)
गतः.. = આ ગામ ગયો. गच्छति स्मेति।
આ સૂત્રથી **कर्त्ता** અર્થમાં क्त→गम्+**त**
यमि-रमि०४.२.५५थी म्नो लोप→गत
પ્રથમા सि વગેરે→गतः।
વિકલ્પે : જ્યારે કર્ત્તા અર્થમાં क्त ન થાય ત્યારે,
गतः = તેઓ વડે આ જણાયું. गम्यते स्मेति।

(૨) आसितोऽसौ/आसितं तैः = (आसिक् उपवेशने-१११९)
आसितः.. = આ બેસ્યો. आस्ते स्मेति।
આ સૂત્રથી **कर्त्ता** અર્થમાં क्त→आस्+**त**
स्ताद्यशितो०४.४.३२थी इट्→आ**सि**त
પ્રથમા सि વગેરે→आसितः।
વિકલ્પે : જ્યારે કર્ત્તા અર્થમાં क्त ન થાય ત્યારે,

आसितम्.. = તેઓ વડે બેસાયું. आस्यते स्मेति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ ક્લીબે क्तः ૫.૩.૧૨૩થી क्तનું વિધાન ભાવ અર્થમાં કરવું.

(૩) **पीताः पयः/पीतं पयः** = (पां पाने-૨)
पीताः.. = તેઓએ દૂધ પીધું. पिबन्ति स्मेति।
આ સૂત્રથી **कर्त्ता** અર્થમાં क्त→पा+**त**
ई व्यञ्जने०૪.૩.૯૭થી आનો ई→**पीत**
પ્રથમા जस् વગેરે→पीताः।
વિકલ્પે : જ્યારે કર્ત્તા અર્થમાં ન થાય ત્યારે,
पीतम्.. = તેઓ વડે દૂધ પીવાયું. पीयते स्मेति।

(૪) **भुक्तास्ते/इदं तैर्भुक्तम्** = (भुजंप् पालना-ऽभ्यव-૧૪૮૭)
भुक्ताः.. = તેઓએ ખાધું. भुञ्जते स्मेति।
આ સૂત્રથી **कर्त्ता** અર્થમાં क्त→भुज्+**त**
चजः०૨.૧.૮૬થી ज्નો ग्→भु**ग्**+त
अघोषे प्रथमोऽ०૧.૩.૫૦થી ग्નો क्→भु**क्त**
પ્રથમા जस् વગેરે→भुक्ताः।
વિકલ્પે : જ્યારે કર્ત્તા અર્થમાં क्त न થાય ત્યારે,
भुक्तम्.. = તેઓ વડે આ ખવાયું. भुज्यते स्मेति।
વિકલ્પગત ઉદા.ની સાધનિકા મૂળ ઉદા. પ્રમાણે જાણવી. પરંતુ तत् साप्या०૩.૩.૨૧થી કર્મ અર્થમાં क्त-क्तवतू ૫.૧.૧૭૪થી क्तનું વિધાન કરવું.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં અકર્મક પદ દ્વારા અકર્મક ધાતુઓનું પણ ગ્રહણ કરવામાં આવ્યું છે. ત્યાં જે ધાતુમાં કર્મની વિવક્ષા

જ ન થઈ શકે તે ધાતુ જેમ અકર્મક કહેવાય છે. તેમ વક્તા દ્વારા જે ધાતુમાં કર્મની વિવક્ષા ન કરાઈ હોય તે પણ અકર્મક કહેવાય છે. અર્થાત્ મૂળથી સકર્મક ધાતુનાં પ્રયોગમાં પણ જો કર્મની વિવક્ષા કરવામાં આવી ન હોય તો તે ધાતુ અકર્મક કહેવાય છે. અને તેથી તે ધાતુ પણ આ સૂત્રની પ્રવૃત્તિનો વિષય બને છે. ઉદા. પઠિતો ભવાન્, વિદિતો ભવાન્ વગેરે.

(૨) પૂર્વે કાલા-ઽધ્વ-ભાવ૦૨.૨.૨૩ સૂત્ર દ્વારા કાળવાચી, અધ્વવાચી અને ભાવવાચી કર્મવાળાં ધાતુઓને વિકલ્પે અકર્મક સંજ્ઞા કરવામાં આવી હતી. તેથી તેઓ પણ આ સૂત્રનાં વિષયભૂત બને છે. વસ્તુતઃ કાલા-ઽધ્વ૦ ૨.૨.૨૩ સૂત્ર દ્વારા કર્મા-કર્મ સંજ્ઞા યુગપત્ વિકલ્પે કરવામાં આવી હતી. તેથી તે ધાતુઓને કર્મની ઉપસ્થિતિમાં પણ કર્ત્તરિ, કર્મણિ અને ભાવે એમ ત્રણે અર્થમાં ક્ત પ્રત્યય થશે.

પ્રયોગ	ઉદા.	સૂત્ર
કર્ત્તરિ	સુપ્તો ભવાન્ માસમ્	ગત્યર્થા-ઽકર્મક૦૫.૧.૧૧
કર્મણિ	સુપ્તો ભવતા માસઃ	તત્ સાપ્યા-ઽના૦૩.૩.૨૧
ભાવે	સુપ્તં ભવતા માસમ્	તત્-સાપ્યા૦૩.૩.૨૧

અહીં માસમ્ એ પ્રમાણે કાળવાચી કર્મવાળું ઉદાહરણ દર્શાવ્યું છે. એ જ પ્રમાણે ઓદનપાકં સુપ્તો ભવાન્ વગેરે અધ્વવાચી અને ભાવવાચી પ્રયોગો પણ જાણવા.

अद्यर्थाच्चाऽऽधारे ५.१.१२

અ.અ.સૂ. : अद्यर्थात् च(गत्यर्थाऽकर्मक-पिब-भुजेः) धातोः क्तः आधारे नवा।

અર્થ : આહાર અર્થવાળાં, ગતિ અર્થવાળાં, અકર્મક, પા અને ભુજ્ ધાતુઓથી ભૂતકાળાદિમાં વિહિત क्त પ્રત્યય આધાર અર્થમાં વિકલ્પે થાય છે.

સ. : अद्यर्थात् = अदिरर्थो यस्य स इति अद्यर्थः, तस्मादिति।

ઉદા. (૧) इदमेषां जग्धम्/तैर्जग्धम् = (अदंक् भक्षणे-१०५९)
..जग्धम् = લોકો વડે આમાં ખવાય છે.
अदन्ति स्म अस्मिन्निति।
આ સૂત્રથી **आधार** અર્થમાં क्त→अद्+**त**
यपि चाऽदो०४.४.१६थी जग्ध्→**जग्ध्**+त
अधश्चतुर्थात्०२.१.७९थी तनो ध→जग्ध्+**ध**
धुटो धुटि०१.३.४८थी ध्नो लोप→जग्ध
प्रथमा सि वगेरे→जग्**धम्**।
विकल्पे : જ્યારે આધાર અર્થમાં ન થાય ત્યારે,
...जग्धम् = તેઓ વડે આ ખવાયું. अद्यते स्मेति।

(૨) इदं तेषां यातम्/तैर्यातम् = (यांक् प्रापणे-१०६२)
..यातम् = તેઓનું આ વાહન છે. यायते स्म अस्मिन्निति।
આ સૂત્રથી **आधार** અર્થમાં क्त→**यात**
પ્રથમા સિ વગેરે→यात**म्**।
विकल्पे : જ્યારે આધાર અર્થમાં क्त ન થાય ત્યારે,
...यातम् = તેઓ વડે જવાયું. यायते स्मेति।

(૩) **इदमेषां शयितम्/तैः शयितम्** = (शीङ्क् स्वप्ने-११०५)
..शयितम् = આઓનું આ સૂવાનું સ્થાન છે.
शेते स्म अस्मिन्निति।
આ સૂત્રથી **આધાર** અર્થમાં क्त→शी+**त**
स्ताद्यशितो०४.४.३२થી इट्→शी+**इ**+त
न डीङ्-शीङ्०४.३.२७થી **કિત્વનો નિષેધ.**
नामिनो०४.३.१થી ગુણ→**शे**+इ+त
एदैतोऽ०१.२.२३થી अय्→**शयि**त
પ્રથમા सि વગેરે→शयि**तम्**।
વિકલ્પે : જ્યારે આધાર અર્થમાં क्त ન થાય ત્યારે,
...शयितम् = તેઓ વડે સૂવાયું. शय्यते स्मेति।

(૪) **इदं गवां पीतम्/गोभिः पीतम्** = (पां पाने-२)
..पीतम् = આ ગાયોનું પીવાનું સ્થાન છે.
पीयते स्म अस्मिन्निति।
આ સૂત્રથી **આધાર** અર્થમાં क्त→पा+**त**
ई व्यञ्जने०४.३.९७થી आનો ई→**पी**त
પ્રથમા सि વગેરે→**पीतम्**।
વિકલ્પે : જ્યારે આધાર અર્થમાં क्त ન થાય ત્યારે,
..पीतम् = ગાયો વડે પીવાયું. पीयते स्मेति।

(૫) **इदं तेषां भुक्तम्/तैः भुक्तम्** =
(भुजंप् पालना-ऽभ्य०१४८७)
..भुक्तम् = આ તેઓનું ખાવાનું પાત્ર છે.
भुज्यते स्म अस्मिन्निति।
આ સૂત્રથી **આધાર** અર્થમાં क्त→भुज्+**त**
चजः०२.१.८६થી ज्નો ग्→भु**ग्**+त

अघोषे प्रथमो०१.३.५०थी ग्नो क्→भुक्त
प्रथमा सि वगेरे→भुक्तम्।
विकल्पे : જ્યારે આધાર અર્થમાં क्त न थाय त्यारे,
..भुक्तम् = तेओ वडे खवायुं. भुज्यते स्मेति।
विकल्पगत उदा.नी साधनिका मूळ उदा. प्रमाणे जाणवी. परंतु क्लीबे क्तः ५.३.१२३थी भावमां क्तनुं विधान करवुं.

विशेषता :

(१) यद्यपि अहीं आधार अर्थनो ज निर्देश कर्यो छे. परंतु आ ज आहारार्थ वगेरे धातुओ जो आरंभ अर्थमां ग्रहण करवामां आवे तो आरम्भे ५.१.१० सूत्र वडे कर्त्तरिमां पण क्त प्रत्यय प्राप्त थाय छे. **उदा.** इह ते अन्नं प्राशिताः (अहीं तेओए अन्न खाधुं.)

(२) यद्यपि आ सूत्रमां अद्यर्थात्नो अधिकार ग्रहण कर्यो होवाथी पूर्वसूत्रथी आवतो गत्यार्था-ऽकर्मक-पिब-भुजेः नो अधिकार अटकी जाय छे. परंतु सूत्रगत चकार द्वारा **चकारो यस्मात्परस्तत्सजातीयमेव समुच्चिनोति २/६१** न्यायानुसारे पंचम्यन्त अद्यर्थात्ने सजातीय पूर्वसूत्रथी गत्यार्था-ऽकर्मक-पिब-भुजेः नो अधिकार ग्रहण थाय छे. तेमज, **चानुकृष्टं नाऽनुवर्त्तते २/६२** ते अधिकार उत्तरसूत्रमां जशे नहीं.

क्त्वा-तुमम् भावे ५.१.१३

અ.અ.સૂ. : धातोः क्त्वा-तुमम् भावे।

અર્થ : ધાતુથી થતાં ક્ત્વા, તુમ્ અને અમ્ પ્રત્યય ભાવ (ધાતુનાં અર્થ માત્ર)માં થાય છે.

સ. : क्त्वा-तुमम् = क्त्वाश्च तुम् च अम् चेति।

ઉદા. (૧) **कृत्वा** = કરીને. (डुकृंग् करणे-८८८) करणं पूर्वमिति।
प्राक्काले ५.४.४७થી क्त्वा→कृ+**त्वा**
આ સૂત્રથી **ભાવમાં વિધાન.**
પ્રથમા सि વગેરે→कृत्वा।

(૨) **कर्तुम्** = કરવા માટે. करणायेति।
क्रियायां क्रिया०५.३.१३થી तुम्→कृ+**तुम्**
नामिनो गुणो०४.३.१થી गुण→**कर्तुम्**
પ્રથમા सि વગેરે→कर्तुम्।

(૩) **कारं कारं याति** = વારંવાર કરીને જાય છે.
अभीक्ष्णं करणंपूर्वमिति।
ख्णम् चा०५.४.४८થી ख्णम्→कृ+**अम्**
नामिनोऽ०४.३.५१થી वृद्धि→**कार**म्
भृशा-ऽऽभीक्ष्ण्ये०७.४.३३થી द्वित्व→**कारंकारम्।**

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, कृत्वा વગેરે પ્રયોગોમાં क्त्वा વગેરે પ્રત્યયોની પ્રાપ્તિ તો પ્રાક્કાલે ૫.૪.૪૭ વગેરે સૂત્ર દ્વારા જ થાય છે. પરંતુ તે સૂત્રોમાં અર્થનો નિર્દેશ ન કર્યો હોવાથી कर्तरि ૫.૧.૩ એ પ્રમાણે અધિકાર સૂત્ર દ્વારા क्त्वा વગેરે પ્રત્યય પણ कर्त्तरिમાં થવાની

શક્યતા હતી. તે શક્યતાનું વારણ કરીને તે પ્રત્યયોને ભાવ અર્થમાં કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે. અને તેથી આ સૂત્ર અર્થમાત્રનો જ નિર્દેશક જાણવો.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, આ સૂત્રમાં ભાવે અર્થનો નિર્દેશ કર્યો હોવાથી क्त्वा વગેરે પ્રત્યયાન્તવાળાં ક્રિયાપદનો કર્ત્તા ઉક્ત ન થતાં તૃતીયા વિભક્તિમાં પણ આવી શકે છે. જેમકે, पक्त्वोदनो भुज्यते देवदत्तेन।
યદ્યપિ તે જ क्त्वा વગેરે પ્રત્યયાન્ત ક્રિયાપદનો કર્ત્તા જો અન્ય ક્રિયાપદનો પણ કર્ત્તા હોય તો તે અન્ય ક્રિયા દ્વારા ઉક્ત થઈને પ્રથમા વિભક્તિ પ્રાપ્ત કરી શકે છે. જેમકે, पक्त्वोदनं भुङ्क्ते देवदत्तः।
ઉપરોક્ત વાત કર્મનાં વિષયમાં પણ જાણવી.

भीमादयोऽपादाने ૫.૧.૧૪

અ.અ.સૂ. : (धातोः) भीमादयः अपादाने।

અર્થ : ભીમ વગેરે શબ્દો અપાદાનમાં નિપાતન પામે છે.

સ. : भीमादयः = भीम आदिर्येषां ते इति।

ઉદા. (૧) **भीमः** = જેનાથી ભય પામે તે. बिभेत्यस्मादिति।
(ञिभींक् भये-૧૧૩૨)
भियः षोन्त०૩૪૪થી कित् म→**भी**म
આ સૂત્રથી **અપાદાનમાં વિધાન.**
પ્રથમા सि વગેરે→भीमः।

(૨) **भयानकः** = જેનાથી ભય પામે તે. बिभेत्यस्मादिति।
शी-भीराजे०૭૧થી आनक→भी+**आनक**



नामिनो गुणो०४.३.१थी गुण→**भे**+आनक
एदैतोऽ०१.२.२उथी अय्→**भया**नक
प्रथमा सि वगेरे→भयानकः।

विशेषता :

(१) **भीमादि गणथी सिद्ध थतां प्रयोगो :** भीम, भीष्म, भयानक, चरु, समुद्र, स्रुव, स्रुक्, रक्ष, संकसुक, खलति वगेरे.

(२) अहीं सूत्रनिर्दिष्ट भीमादि शब्दो प्रायः उणादि निष्पन्न छे. अने आगामी सम्प्रदानाच्चान्यत्रोणादयः ५.१.१५ सूत्र द्वारा अपादान कारकमां उणादि प्रत्ययोनो निषेध दर्शावेवामां आव्यो छे. तेथी ते अप्राप्त प्रयोगोनुं आ सूत्र द्वारा निपातन करवामां आव्युं छे. अने वळी जो परसूत्रमां अपादाने नुं ग्रहण न करवामां आवे तो पण अपादान अर्थवाळां भीमादि गण अंतर्गत शब्दो उणादयः ५.२.९३ सूत्रथी प्रकरण अंतर्गत ज सिद्ध थई शके छे. परंतु तेम करवाथी **उणादयोऽव्युत्पन्नानि नामानि २/४६** न्यायानुसारे ते भीमादि शब्दो अपादान अर्थक व्युत्पत्ति थई शके नहीं. ते व्युत्पत्तिने प्राप्त करवा माटे आ सूत्रनो निर्देश छे.

संप्रदानाच्चाऽन्यत्रोणादयः ५.१.१५

अ.अ.सू. : (धातोः) संप्रदानात् च(अपादानात्) अन्यत्र उणादयः।

अर्थ : संप्रदान अने अपादान सिवायनां अन्य कारकमां उणादि प्रत्ययो थाय छे.

स. : उणादयः = उण् आदिर्येषां ते इति।



ઉદા. (૧) **कारुः** = શિલ્પી. (डुकृंग् करणे-८८८) यः करोतीति।
कृ-वा-पा०१थी उण्→कृ+**उ**
नामिनोऽ०४.३.५१थी वृद्धि→**कार्**+उ
प्रथमा सि वगेरे→कारुः।

(૨) **कषिः** = કસોટીનો પથ્થર. (कष हिंसायाम्-५०७)
सुवर्णपरीक्षार्थं येन यः कषितः स इति।
कृ-शॄ-कुटि०६१९थी इ→**कषि**
प्रथमा सि वगेरे→कषिः।

વિશેષતા :

(૧) આ સૂત્રમાં નિર્દેશ કરાયેલાં ઉણાદિ પ્રત્યયો उणादयः ५.२.९३ એ સૂત્ર અંતર્ગત ઉણાદિ પ્રકરણગત સૂત્રો દ્વારા પ્રાપ્ત થાય છે. અને તે કૃત્ પ્રકરણ અંતર્ગત હોવાથી તે ઉણાદિ પ્રત્યયો પણ કૃત્ પ્રત્યય જ કહેવાય છે. માટે कर्त्तरि ५.१.३ સૂત્રથી કર્ત્તામાં પ્રાપ્ત હોવા છતાં પણ અન્ય કર્માદિ કારકમાં પણ વિધાન કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

(૨) પૂર્વસૂત્રમાં સપ્તમ્યન્ત તરીકે ગ્રહણ કરેલ અપાદાનેનું અહીં **अर्थवशात् विभक्तिपरिणामः १/१३** ન્યાયાનુસારે પંચમ્યન્ત સ્વરૂપે ગ્રહણ કરેલ છે.
यद्यपि पंचम्यन्त संप्रदानात्નાં ગ્રહણથી અપાદાનેનો અધિકાર અટકી જાય છે. પરંતુ સૂત્રગત चકાર દ્વારા **चकारो यस्मात्पर०२/६१** ન્યાયાનુસારે સજાતીય અપાદાનેનાં અધિકારનું ગ્રહણ કરાય છે. તેમજ, **चानुकृष्टं०२/६२** ન્યાયાનુસારે અપાદાનેનો અધિકાર ઉત્તરસૂત્રમાં જશે નહીં.

असरुपोऽपवादे वोत्सर्गः प्राक् क्तेः ५.१.१६

अ.अ.सू. : प्राक् क्तेः अपवादे असरुपः उत्सर्गः वा।

અર્થ : આ સૂત્રથી આરંભીને स्त्रियां०५.३.९१थी પૂર્વેનાં સૂત્રોમાં અપવાદનાં વિષયમાં આપવાદિક અસમાનરૂપ વાળાં ઔત્સર્ગિક પ્રત્યયો વિકલ્પે થાય છે.

स. : असरुपः = न सरुप इति।

ઉદા. (૧) अवश्यलाव्यम्/अवश्यलवितव्यम् =
अवश्य કાપવાં યોગ્ય. अवश्यं लूयत इति।
उवर्णादाव०५.१.१९थी घ्यण्→लू+**य**
नामिनोऽ०४.३.५१थी वृद्धि→**लौ**+य
व्यक्ये १.२.२५थी आव्→**लाव्य**
मयूरव्यं०३.१.११६थी समास→**अवश्य**लाव्य
प्रथमा सि वगेरे→अवश्यलाव्य**म्**।
विकल्पे : औत्सर्गिक तव्या-ऽनीयौ ५.१.२७थी तव्य → लू+**तव्य**
स्ताद्यशितो०४.४.३२थी इट्→लू+**इ**+तव्य
नामिनो०४.३.१थी गुण→**लो**+इ+तव्य
ओदौतोऽ०१.२.२४थी अव्→**लवि**तव्य
मयूरव्यं०३.१.११६थी समास→**अवश्य**लवितव्य
प्रथमा सि वगेरे→अवश्यलवितव्य**म्**।

★ અહીં વિધાન કરાયેલ तव्य પ્રત્યય બધા ધાતુઓથી થતો હોવાથી ઉત્સર્ગવિધિ છે. જ્યારે घ्यण् પ્રત્યય ऋवर्णान्त અને વ્યંજનાન્ત ધાતુઓથી થતો હોવાથી અપવાદવિધિ છે. તેમજ, બંને અસમાન છે. તેથી આ સૂત્રથી ઔત્સર્ગિક तव्य પ્રત્યય વિકલ્પે થયો છે.



प्र.उदा.(१) **असरुप इति किम्? घ्यणि यो न→कार्यम्** = કરવા યોગ્ય.

ऋवर्ण-व्यञ्जनात्०५.१.१७थी घ्यण्→कृ+**य**

नामिनोऽ०४.३.५१थी वृद्धि→**कार्य**

प्रथमा सि वगेरे→कार्य**म्**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ અસરૂપ પ્રત્યયને વિશે થાય છે. જ્યારે અહીં घ्यण् અને य પ્રત્યય અનુબંધનાં કારણે જ અસરૂપ છે. અને **अनुबन्धोऽप्रयोगी** નિયમાનુસારે તે બંને અસરૂપ ગણાતાં નથી. માટે આ સૂત્રથી ઉત્સર્ગ એવો य પ્રત્યય થયો નહીં.

(२) **प्राक्तेरिति किम्? कृतिः** = કરવું તે.

स्त्रियां०५.३.९१थी क्ति→कृ+**ति**

प्रथमा सि वगेरे→कृति**ः**।

(b) **चिकीर्षा** = કરવાની ઇચ્છા. (डुकृंग् करणे-८८८)

कर्तुमिच्छा इति।

तुमर्हादिच्छायां०३.४.२१थी सन्→कृ+**स**

स्वर-हन०४.१.१०४थी दीर्घ→**कृ**+स

ऋृतां क्ङि०४.४.११६थी इर्→**किर्स**

सन्यङ०४.१.३थी द्वित्व→**कि**किर्स

कङश्चञ् ४.१.४६थी क्नो च्→**चि**किर्स

नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→चिकि**र्ष**

भ्वादेर्नामिनो०२.१.६३थी दीर्घ→चि**कीर्ष**

शंसि-प्रत्ययात् ५.३.१०५थी अ→चिकीर्ष+**अ**

अतः ४.३.८२थी अनो लोप→**चि**कीर्**ष**

आप् वगेरे→चिकी**र्षा**।



★ આ સૂત્રની પ્રવૃત્તિ ક્તિ પૂર્વે દર્શાવેલ પ્રત્યયને વિશે થાય છે. જ્યારે અહીં ક્તિ અને અ પ્રત્યય ક્તિ પછી દર્શાવેલાં છે. માટે અહીં આ સૂત્રથી વિકલ્પ વિધિ થઈ નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં અસરુપ એ પ્રમાણે અસમાન રૂપવાળાં પ્રત્યયનો નિર્દેશ છે. ત્યાં **अनुबन्धोऽप्रयोगी** નિયમની પ્રવૃત્તિ જાણવી. અર્થાત્ જે પ્રત્યયો અનુબંધનો પ્રયોગ કર્યા વિના જ અસમાન રૂપવાળાં હોય તો તેમાનાં અપવાદ પ્રત્યયોનો વિકલ્પે પ્રયોગ થાય છે. અને જે પ્રત્યયો અનુબંધનો પ્રયોગ કર્યા વિના જ સમાન રૂપવાળાં હોય તો તેમાનાં ઔત્સર્ગિક પ્રત્યયોનો બાધ થાય છે. તેથી જ પ્ર.ઉદા.માં ઘ્યણ્ અને ય પ્રત્યય અનુબંધ સહિત અસમાન હોવા છતાં પણ અનુબંધનાં પ્રયોગ વિના મૂળ પ્રત્યય સ્વરૂપે સમાન છે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, આ સૂત્રનો અધિકાર સ્ત્રિયાં ક્તિઃ ૫.૩.૯૧ સૂત્ર સુધી ચાલવાનો છે. પરંતુ આગામી શ્રુ-સદ્-વસ્મ્યઃ૦૫.૨.૧ વગેરે સૂત્રમાં બતાવેલાં ત્યાદિ પ્રત્યયોનાં વિષયમાં **त्यादिष्वन्योऽन्यं नाऽसरुपोत्सर्ग विधिः २/५४** ન્યાયાનુસારે આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી. અર્થાત્ અપવાદ ત્યાદિ પ્રત્યયનાં વિષયમાં અસમાન રૂપવાળાં ઔત્સર્ગિક ત્યાદિ પ્રત્યય વિકલ્પે થતાં નથી. અને આ વાતને જણાવવા માટે ગ્રંથકારશ્રીને શ્રુ-સદ્૦૫.૨.૧ સૂત્રમાં વાનું ગ્રહણ કર્યું છે. અહીં આશય એ છે કે, તે સૂત્રમાં વા નાં ગ્રહણ દ્વારા પરોક્ષાનાં વિકલ્પમાં અદ્યતન ભૂતકાળમાં અદ્યતની અને

અનદ્યતન ભૂતકાળમાં હ્યસ્તની વિભક્તિ ગ્રહણ કરી છે. યદ્યપિ પરોક્ષા હ્યસ્તની/અદ્યતનીમાં તમામ પ્રત્યય અસરૂપ હોવાથી વા નાં ગ્રહણ વિના જ આ સૂત્ર દ્વારા વિકલ્પે કાર્યની પ્રાપ્તિ હતી. તો પણ શ્રુ-સદ૰ ૫.૨.૧ સૂત્રમાં વા નું ગ્રહણ કર્યું છે. તે જ જણાવે છે કે, ત્યાદિ પ્રત્યયનાં વિષયમાં આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.

ऋवर्ण-व्यञ्जनात् घ्यण् ૫.૧.૧૭

અ.અ.સૂ. : ऋवर्ण-व्यञ्जनात् धातोः घ्यण्।

અર્થ : ઋવર્ણાન્ત અને વ્યંજનાન્ત ધાતુથી ઘ્યણ્ પ્રત્યય થાય છે.

સ. : ऋवर्ण-व्यञ्जनात् = ऋवर्णश्च व्यञ्जनं चेति ऋवर्ण-व्यञ्जनम्, तस्मादिति।

ઉદા. (૧) **कार्यम्** = કરવા યોગ્ય. क्रियते इति। (डुकृंग् करणे-८८८)
આ સૂત્રથી ઘ્યણ્→कृ+**य**
नामिनोऽ०४.३.१થી વૃદ્ધિ→**कार्य**
પ્રથમા સિ વગેરે→**कार्यम्**।

(૨) **पाक्यम्** = રાંધવાં યોગ્ય. (डुपचींष् पाके-८९२) पच्यते इति।
આ સૂત્રથી ઘ્યણ્→पच्+**य**
नामिनोऽ०४.३.५१થી વૃદ્ધિ→**पा**च्+य
क्तेऽनिटश्च०४.१.१११થી च्નો क्→**पाक्य**
પ્રથમા સિ વગેરે→**पाक्यम्**।

વિશેષતા :

(૧) સૂત્ર નિર્દિષ્ટ ઘ્યણ્ પ્રત્યયમાં णકાર વૃદ્ધિ માટે અને घ્કાર क्तेऽनिटश्च०४.१.१११ સૂત્રમાં આ પ્રત્યય પર છતાં च् અને ज्નો क् અને ग् કરવા માટે છે.

(૨) આ સૂત્ર નિર્દિષ્ટ ઘ્યણ્ પ્રત્યયને તે કૃત્યાઃ ૫.૧.૪૭ સૂત્રથી કૃત્યસંજ્ઞા થાય છે. તેથી, તત્ સાપ્યા૦૩.૩.૨૧ સૂત્ર દ્વારા ઘ્યણ્ પ્રત્યયનું કર્મ અને ભાવ અર્થમાં વિધાન કરાય છે. માટે સૂત્રમાં વિશેષ અર્થનો નિર્દેશ ન હોવા છતાં પણ કર્ત્તરિ ૫.૧.૩ સૂત્રથી આવતો કર્ત્તરિ અધિકાર અહીં ગ્રહણ કરાયો નથી. એ પ્રમાણે આગામી સૂત્રોમાં પણ જાણવું.

पाणि-समवाभ्यां सृजः ૫.૧.૧૮

અ.અ.સૂ. : पाणि-समवाभ्यां सृजः धातोः घ्यण्।

અર્થ : પાણિ અને સમ્+અવ થી પર રહેલાં સૃજ્ ધાતુથી ઘ્યણ્ પ્રત્યય થાય છે.

સ. : पाणि-समवाभ्याम् = पाणिश्च समवश्चेति पाणिसमवौ, ताभ्यामिति।

ઉદા. (૧) पाणिसग्र्या रज्जुः = હાથથી બનાવવાં યોગ્ય દોરી.
पाणिभ्यां सृज्यत इति। (सृजंत् विसर्गे-૧૩૪૯)
આ સૂત્રથી ઘ્યણ્→पाणि+भ्याम्+सृज्+**य**
लघोरुपा०૪.૩.૪થી ગુણ→पाणि+भ्याम्+**सर्ज्**+य
क्तेऽनिटश्च०૪.૧.૧૧૧થી જ્નો ગ્→पाणि+भ्याम्+सग्र्य
ङस्युक्तं०૩.૧.૪૯થી સમાસ→पाणिसग्र्य
आप् વગેરે→पाणिस**ग्र्या**।

(૨) **समवसग्र्या रज्जुः** = સારી રીતે બનાવવા યોગ્ય દોરી.
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) આ સૂત્રમાં નિર્દિષ્ટ સૃજ્ ધાતુ વ્યંજનાન્ત હોવાથી પાણિ, સમવથી પર રહેલ સૃજ્ ધાતુથી પૂર્વસૂત્ર દ્વારા જ ઘ્યણ્

થવાની પ્રાપ્તિ હતી. પરંતુ ઋદુપાન્ત્ય૦ ૫.૧.૪૧ સૂત્રથી પરતયા क्यप्‌ની પ્રાપ્તિ હતી. તેથી તેનો બાધ કરીને ઘ્યણ્‌ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

(૨) સૂત્રમાં પાણિ-સમવાભ્યામ્‌ એ પ્રમાણે દ્વિવચનનો નિર્દેશ सम्‌ અને अव આ બંને ઉપસર્ગનો પૃથક્‌-પૃથક્‌ પ્રયોગ ન કરતાં સામુદાયિક પ્રયોગ કરવા માટે છે.

उवर्णादावश्यके ૫.૧.૧૯

અ.અ.સૂ. : आवश्यके उवर्णात्‌ धातोः घ्यण्‌।

અર્થ : અવશ્યભાવ અર્થ જણાતે છતે ઉ વર્ણાન્ત ધાતુઓથી ઘ્યણ્‌ પ્રત્યય થાય છે.

ઉદા. (૧) लाव्यम्‌ = અવશ્ય કાપવાં યોગ્ય. अवश्यं लूयते इति। (लूग्‌श्‌ छेदने-૧૫૧૯)
આ સૂત્રથી ઘ્યણ્‌→लू+**य**
नामिनोऽ०४.३.५१થી વૃદ્ધિ→**लौ**+य
ओदौतोऽ०१.२.२४થી आव्‌→**लाव्य**
प्रथमा सि વગેરે→लाव्य**म्‌**।

(૨) **अवश्यपाव्यम्‌** = અવશ્ય પવિત્ર કરવા યોગ્ય.
अवश्यं पूयते इति। (पूङ्‌ पवने-૬૦૦)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. અને સમાસ मयूरव्यंसकेत्यादयः ૩.૧.૧૧૬ સૂત્રથી કરવો.

વિશેષતા :

(૧) સૂત્રગત ઉદા. નિર્દિષ્ટ अवश्यपाव्यम्‌ વગેરે अवश्य શબ્દયુક્ત પ્રયોગ આકૃતિગણ દ્વારા मयूरव्यंसकादि ગણ

અંતર્ગત જાણવા. તેથી તેઓનો સમાસ પણ મયૂર-વ્યંસકેત્યાદયઃ ૩.૧.૧૧૬ સૂત્રથી થયેલ છે.

જિ. : અહીં સૂત્રમાં આવશ્યકે પદ દ્વારા અવશ્ય અર્થમાં જ ઘ્યણ્ પ્રત્યયનો નિર્દેશ કર્યો છે. તેથી તે ઘ્યણ્ પ્રત્યય દ્વારા જ અવશ્ય અર્થ પણ જણાઈ જાય છે. તો અવશ્યંલાવ્યમ્ વગેરે પ્રયોગમાં પુનઃ અવશ્ય પદ શા માટે દર્શાવ્યું ?

સમા. : આ સૂત્ર દ્વારા થતાં ઘ્યણ્ પ્રત્યયથી અવશ્ય અર્થ જણાઈ જ જાય છે. એ વાત યોગ્ય છે. અને તેથી જ અવશ્ય પદ વિના પણ લાવ્યમ્ વગેરે અવશ્યાર્થક પ્રયોગો થઈ શકે છે. પરંતુ વધુ સ્પષ્ટતાથી પ્રતિપાદન કરવા માટે જો અવશ્ય પદનો સમસ્ત અથવા અસમસ્ત નિર્દેશ કરવામાં આવે તો એમાં કોઈ બાધ જણાતો નથી. જેમકે, દ્વૌ બ્રાહ્મણૌ વગેરે સ્થાને દ્વિવચન દ્વારા જ દ્વિત્વનો બોધ થઈ શકે છે. છતાં પણ દ્વૌ પદનો પ્રયોગ છે. તથા વ્યતિલુનતે વગેરે સ્થાને ક્રિયાવ્યતિહારે૦ ૩.૩.૨૩થી ક્રિયાવ્યતિહાર અર્થમાં આત્મનેપદ થયું હોવાથી આત્મનેપદ દ્વારા જ ક્રિયાવ્યતિહાર જણાઈ જાય છે. તો પણ સ્પષ્ટ અર્થ નિશ્ચય માટે ક્રિયાવ્યતિહાર દ્યોતક વ્યતિ ઉપસર્ગ પૂર્વક જ પ્રયોગ કરવામાં આવે છે.

आसु-यु-वपि-रपि-लपि-त्रपि-डिपि-दभि-चम्याऽऽनमः ૫.૧.૨૦

અ.અ.સૂ. : आसु-यु-वपि-रपि-लपि-त्रपि-डिपि-दभि-चम्याऽऽनमः धातोः घ्यण्।

અર્થ : આઙ્ પૂર્વક સુ અને નમ્ ધાતુ, તથા યુ, વપ્, રપ્, લપ્, ત્રપ્, ડિપ્, દભ્ અને ચમ્ ધાતુથી ઘ્યણ્ પ્રત્યય થાય છે.



સ. : **आसु-यु-वपि-रपि-लपि-त्रपि-डिपि-दभि-चम्यानमः** = आसुश्च युश्च वपिश्च रपिश्च लपिश्च त्रपिश्च डिपिश्च दभिश्च चमिश्च आनम् चेति आसु-यु-वपि-रपि-लपि-त्रपि-डिपि-दभि-चम्यानम्, तस्मादिति।

ઉદા. (૧) **आसाव्यम्** = સોમરસ કાઢવા યોગ્ય.
आसूयते इति। (षुंगृट् अभिषवे-१२८६)

(૨) **याव्यम्** = મિશ્રણ કરવા યોગ્ય.
(युक् मिश्रणे-१०८०) यूयते इति।

(૩) **वाप्यम्** = વાવવા યોગ્ય.
(डुवपीं बीजसन्ताने-९९५) उप्यते इति।

(૪) **राप्यम्** = બોલવા યોગ્ય.
(रप व्यक्ते वचने-३३५) रप्यते इति।

(૫) **लाप्यम्** = બોલવા યોગ્ય.
(लप व्यक्ते वचने-३३६) लप्यते इति।

(૬) **अपत्राप्यम्** = શરમાવવાં યોગ્ય.
(त्रपौषि लज्जा०-७६२) अपत्रप्यते इति।

(૭) **डेप्यम्** = ફેંકવા યોગ્ય.
(डिपत् क्षेपे-१४५८) डिप्यते इति।

(૮) **दाभ्यम्** = બાંધવા યોગ્ય.
(दभ वञ्चने-સૌત્ર) दभ्यते इति।

(૯) **आचाम्यम्** = પીવા યોગ્ય.
(चमू अदने-३८०) आचाम्यते इति।

(૧૦) **आनाम्यम्** = નમવા યોગ્ય.
(णमं प्रह्वत्वे-३८८) आनम्यते इति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ ગુણ અને વૃદ્ધિ યથાયોગ્ય કરવી.



વિશેષતા :

(૧) અહીં સૂત્રનિર્દિષ્ટ બે ધાતુઓમાં પ્રથમ બે આ+સુ અને યુ ધાતુ સ્વરાન્ત છે. તેથી તેઓને ઋવર્ણવ્યઞ્જનાત્૦ ૫.૧.૧૭થી ઘ્યણ્‌ની પ્રાપ્તિ ન થતાં ય એચ્ચાતઃ ૫.૧.૨૮થી ય પ્રત્યયની પ્રાપ્તિ હતી. તથા અન્ય વપ્ વગેરે ધાતુઓ પવર્ગાન્ત હોવાથી શકિ-તકિ૦ ૫.૧.૨૯થી ય પ્રત્યયને પ્રાપ્ત કરતાં હતા. તથા ઘ્યણ્ અને ય નિરનુબંધતયા સરૂપ પ્રત્યયો હોવાથી અસરુપોઽપવાદે૦૫.૧.૧૬થી વિકલ્પે પણ ઘ્યણ્ પ્રત્યયની પ્રાપ્તિ ન હતી. તેથી આ સૂત્ર દ્વારા સૂત્રોક્ત ધાતુઓથી પ્રાપ્ત ય પ્રત્યયનો બાધ કરીને ઘ્યણ્ પ્રત્યય કરવામાં આવ્યો છે. આમ, આ સૂત્રનું કાર્ય ય પ્રત્યયનાં અપવાદભૂત છે.

(૨) અહીં ઉપરોક્ત કથનાનુસારે તમામ ધાતુઓને ય એચ્ચાતઃ ૫.૧.૨૮થી અને શકિ તકિ૦૫.૧.૨૯થી ય પ્રત્યયની પ્રાપ્તિ હતી જ. પરંતુ ઘ્યણ્ પ્રત્યય ણિત્ હોવાથી વૃદ્ધિની પ્રાપ્તિ માટે ઘ્યણ્‌નું વિધાન કરેલ છે. તથા, ડિપ્ ધાતુ કુટાદિ ગણ અંતર્ગત હોવાથી કુટાદે ર્ઙિદ્વત્૦૪.૩.૧૭ સૂત્રથી અણિત્ એવો ય પ્રત્યય પર છતાં ગુણ પ્રાપ્ત કરતો ન હતો. તેથી તેમાં ગુણને પ્રાપ્ત કરવા માટે અહીં સમાવેશ છે.

(૩) સૂત્રમાં યુ એ પ્રમાણે નિરનુબંધ નિર્દેશ હોવાથી **निरनुबन्धग्रहणे न सानुबन्धकस्य ૧/૩૨** ન્યાયાનુસારે મિશ્રણાર્થક એવા અદાદિ ગણીય યુ ધાતુનું જ ગ્રહણ કરવું. પણ યુંગ્‌શ્-૧૫૧૩ એ પ્રમાણે બંધનાર્થક યુ

ધાતુનું નહીં. તથા બહુલતાનાં અધિકારથી આ+સુ માં ષુંગ્ટ્-૧૨૮૬ એ પ્રમાણે અભિષવાર્થક સ્વાદિ ગણીય સુ ધાતુનું ગ્રહણ કરવું. પણ સું-૧૭, અને ષુંક્-૧૦૭૮ ધાતુનું નહીં.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો આ+નમ્ ધાતુથી ઘ્યણ્ પ્રત્યય ઈચ્છતાં નથી. તેઓનાં મતે આનમ્યમ્ એવો ય પ્રત્યયાન્ત પ્રયોગ જાણવો.

वाऽऽधारेऽमावस्या ૫.૧.૨૧

અ.અ.સૂ. : आधारे अमावस्या वा।

અર્થ : અમા પૂર્વક વસ્ ધાતુથી આધાર અર્થમાં ઘ્યણ્ પ્રત્યય અને ધાતુનાં સ્વરનું વિકલ્પે હ્રસ્વત્વ નિપાતન પામે છે.

ઉદા. अमावस्या/अमावास्या = અમાસ તિથિ. (वसं निवासे-૯૯૯) सह वसतोऽस्यां सूर्य-चन्द्रमसाविति।
આ સૂત્રથી **आधार** અર્થમાં ઘ્યણ્→અમા+વસ્+**य**
ञ्णिति ૪.૩.૫૦થી વૃદ્ધિ→અમા+**वास्**+ય
આ સૂત્રથી વિકલ્પે હ્રસ્વત્વ→અમા**वस्य**/અમા**वास्य**
આપ્ વગેરે→અમાવ**स्या**/અમાવા**स्या**।

વિશેષતા :

(૧) અહીં અમાવાસ્યા પ્રયોગમાં અમા શબ્દ સહાર્થમાં હોવાથી सह वसतो.. એ પ્રમાણે વ્યુત્પત્તિ પ્રાપ્ત થાય છે. પરંતુ સૂર્ય અને ચંદ્ર ક્યારેય એક સાથે રહે જ નહીં. તેથી, યોગાર્થનો સંભવ ન હોવાથી તિથિવિશેષ એ પ્રમાણે રુઢ્યર્થકનો નિર્દેશ કર્યો છે.

જિ. : અહીં સૂત્રમાં ઘ્યણ્ પ્રત્યય કરીને વિકલ્પે હ્રસ્વનિપાતનનું વિધાન કર્યું છે. પરંતુ તેની અપેક્ષાએ વિકલ્પે ય પ્રત્યયનો જ નિર્દેશ શા માટે ન કર્યો ? તેવું કરવાથી ય પ્રત્યય પર છતાં વૃદ્ધિ ન થવાથી હ્રસ્વ સ્વરની પ્રાપ્તિ થઈ જાય અને વિકલ્પપક્ષે ઘ્યણ્ પ્રત્યય પર છતાં વૃદ્ધિ થવાથી દીર્ઘ સ્વરની પણ પ્રાપ્તિ થઈ જાય.

સમા. : જો તેમ કરવામાં આવે તો ઘ્યણ્ પ્રત્યયાન્ત એવાં અમાવાસ્યા શબ્દ અને ય પ્રત્યયાન્ત એવો અમાવસ્યા શબ્દ બંને ભિન્ન પ્રત્યયાન્તતયા ભિન્ન ભિન્ન શબ્દ તરીકે માનવામાં આવે. અને તેથી જ્યારે એક પ્રત્યયાન્ત અમાવાસ્યા કે અમાવસ્યા શબ્દનું ગ્રહણ કરવામાં આવે તો અન્ય પ્રત્યયાન્ત અમાવાસ્યા કે અમાવસ્યા શબ્દનું ગ્રહણ થાય નહીં. તેથી અહીં ઘ્યણ્ પ્રત્યયાન્ત એક જ શબ્દ સ્વીકારી માત્ર હ્રસ્વનું નિપાતન કર્યું છે. આમ કરવાથી **एकदेशविकृतमनन्यवत् १/७** ન્યાયાનુસારે એકનાં ગ્રહણથી અન્યનાં ગ્રહણની પણ પ્રાપ્તિ થાય. જેમકે, अश्वाऽमावास्याः ૬.૩.૧૦૪માં અમાવાસ્યા પદથી અમાવસ્યા પ્રયોગને પણ તે સૂત્રની પ્રવૃત્તિ કરવામાં આવી.

જિ. : આ સૂત્રમાં ઘ્યણ્ પ્રત્યય અને હ્રસ્વત્વ એમ બે કાર્યનો નિર્દેશ કર્યો છે. તો વા નો અન્વય તે બંને કાર્ય સાથે ન કરતાં માત્ર હ્રસ્વત્વ સાથે જ કેમ કર્યો ?

સમા. : આ સૂત્રમાં વા નો અન્વય ઘ્યણ્ પ્રત્યય સાથે ન કરવાનાં કારણો નીચે પ્રમાણે છે :

(૧) વસ્ ધાતુ વ્યંજનાન્ત હોવાથી તેને ઘ્યણ્ની નિત્ય પ્રાપ્તિ હતી. તેમજ, ક્યપ્ અને ય પ્રત્યય ઘ્યણ્નાં

સમાન રૂપવાળાં હોવાથી क्यप् અને यની પ્રાપ્તિ થતી નથી. આમ, અહીં घ्यण् સિવાય અન્ય કોઈ પ્રત્યયની પ્રાપ્તિ ન હોવાથી घ्यण्નો વિકલ્પ વ્યર્થ જવાની આપત્તિ આવે.

(૨) તેમજ, અમાવાસ્યા પ્રયોગ તો ऋवर्ण-व्यञ्जनात्० ૫.૧.૧૭થી સિદ્ધ હતો જ. પણ અમાવસ્ય આવો પ્રયોગ સિદ્ધ થતો ન હતો. તેથી घ्यण् પ્રત્યય કરી વૃદ્ધિનો અભાવ સ્વરૂપ (હ્રસ્વ) નિપાતન દ્વારા પ્રયોગ સિદ્ધ કરવા વાનો અધિકાર હ્રસ્વ નિપાતનરૂપ કાર્ય સાથે જોડાય છે.

(૩) સૂત્રમાં પણ અમાવસ્યા પ્રયોગ નિર્દેશ દ્વારા પણ વાનો અધિકાર હ્રસ્વસ્વ કાર્ય સાથે જોડાય છે.

संचाय्य-कुण्डपाय्य-राजसूयं क्रतौ ૫.૧.૨૨

અ.અ.સૂ. : क्रतौ संचाय्य-कुण्डपाय्य-राजसूयम्।

અર્થ : ક્રતુ (યજ્ઞ વિશેષ) અર્થમાં संचाय्य, कुण्डपाय्य અને राजसूयम् આ ત્રણ घ्यण् પ્રત્યયાન્ત પ્રયોગો નિપાતન પામે છે.

સ. : संचाय्य-कुण्डपाय्य-राजसूयम् =संचाय्यश्च कुण्डपाय्यश्च राजसूयश्चेति।

ઉદા. (૧) संचाय्यः = યજ્ઞ વિશેષ. (चिंगट् चयने-૧૨૯૦)
संचीयते सोमोऽस्मिन्निति/संचीयतेऽसाविति।
આ સૂત્રથી આધાર અને કર્મમાં घ्यण्→सम्+ची+**य**
नामिनोऽ०४.३.५१થી ईની વૃદ્ધિ→सम्+**चै**+य



આ સૂત્રથી ऐ નો आय् निपातन→सम्+**चाय्य**
प्रथमा सि वगेरे→संचाय्यः।

(૨) **कुण्डपाय्यः** = यज्ञ विशेष. (पां-पाने-२)
कुण्डैः पीयते सोमोऽस्मिन्निति/कुण्डैः पीयते इति।
आ सूत्रथी आधार अने कर्म अर्थमां घ्यण् निपातन→
कुण्ड+पा+**य**
तथा, आ नो आय्→कुण्ड+**पाय्य**
प्रथमा सि वगेरे→कुण्डपाय्यः।

(૩) **राजसूयः** = यज्ञ विशेष. (षुंगट् अभिषवे-१२८६)
राजा सूयतेऽस्मिन्निति/राज्ञा सोतव्य इति।
आ सूत्रथी आधार अने कर्म अर्थमां घ्यण् निपातन→
राजन्+सु+**य**
तथा सु नो दीर्घ अने वृद्धिनो निषेध→राज**सूय**
प्रथमा सि वगेरे→राजसूयः।

प्रणाय्यो निष्कामा-ऽसंमते ५.१.२३

अ.अ.सू. : प्रणाय्यः निष्कामा-ऽसंमते।

अर्थ : प्र पूर्वक नी धातुथी घ्यण् प्रत्यय अने आय् आदेश निपातन पामे छे. जो निष्काम अने असंमत अर्थ होय तो.

स. : निष्कामा-ऽसंमते = निर्गतः कामोऽस्मात् स इति निष्कामः, निष्कामश्च असंमतश्चेति निष्कामा-ऽसंमतम्, तस्मिन्निति।

उदा. (१) प्रणाय्यः शिष्यः = ઇચ્છારહિત શિષ્ય.
(णींग् प्रापणे-८८४) प्रणीयते इति।





આ સૂત્રથી કર્મ અર્થમાં ઘ્યણ્→પ્ર+ની+**य**
તથા આય્ નિપાતન→**प्रनाय्य**
અદુરુપસર્ગા૦૨.૩.૭૭થી ન્નો ણ્→**प्रणाय्य**
પ્રથમા સિ વગેરે→प्रणाय्यः।

(૨) **प्रणाय्यश्चौरः** = તિરસ્કૃત ચોર. प्रणीयते इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

વસ્તુતઃ ઘ્યણ્ પ્રત્યય કૃત્ય હોવાથી તેની કર્મ અને ભાવ અર્થમાં જ પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી કર્મ અને આધાર અર્થમાં ઘ્યણ્ની પ્રાપ્તિ માટે તેમજ ચિ, પા અને સુ ધાતુ સ્વરાન્ત હોવાથી કર્મ અને ભાવમાં યની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી કર્મ અને આધારમાં ઘ્યણ્ની પ્રાપ્તિ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે. તેની સાથે આય્ આદેશ, દીર્ઘત્વ આદિની પ્રાપ્તિ પણ આ સૂત્રથી જ થાય છે.

धाय्या-पाय्य-सान्नाय्य-निकाय्यमृङ्-मान-हवि-र्निवासे ५.१.२४

અ.અ.સૂ. : धाय्या-पाय्य-सान्नाय्य-निकाय्यम् ऋङ्-मान-हवि-र्निवासे ।

અર્થ : ધાય્યા, પાય્ય, સાન્નાય્ય અને નિકાય્ય પ્રયોગો અનુક્રમે ઋચા, પરિમાણ, ઘી અને નિવાસ અર્થમાં ઘ્યણ્ પ્રત્યયાન્ત નિપાતન પામે છે.

સ. : (૧) धाय्या-पाय्य-सान्नाय्य-निकाय्यम्=धाय्या च पाय्यं च सान्नाय्यं च निकाय्यश्चेति ।



(२) **ऋङ्-मान-हवि-र्निवासे**=ऋक् च मानं च हविश्च निवासश्चेति ऋङ्-मान-हवि-र्निवासम् तस्मिन्निति ।

ઉદા. (१) **धाय्या ऋक्**=वेदमंत्र स्वરूप ऋचा.
(डुधांग्क् धारणे च-११३९)
धीयते समिदग्नावनयेति ।
आ सूत्रथी કરણ અર્થમાં घ्यण्→धा+**य**
तथा आनो आय् निपातन→**धाय्य**
आप् वगेरे→धाय्**या** ।

(२) **पाय्यं मानम्**=मापवानुं साधन विशेष.
(माङ्क् मान-शब्दयोः-११३७)
मीयतेऽनेनेति । आ उदा.नी साधनिका पूर्व प्रमाणे जाणवी.

(३) **सान्नायं हविः** = होमवानुं द्रव्य.
(णींग् प्रापणे-८८४) संनीयते इति।
आ सूत्रथी કર્મ અર્થમાં घ्यण्→सम्+नी+**य**
तथा, सम्नो स्वर दीर्घ अने ईनो आय्→**सान्नाय्य**
प्रथमा सि वगेरे→सान्नाय्यः।

(४) **निकाय्यो निवासः** = निवास स्थान.
(चिंग्ट् चयने-१२९०) निचीयतेऽस्मिन्निति।
आ सूत्रथी आधार अर्थमां घ्यण्→नि+चि+**य**
तथा ईनो आय् अने च्नो क् निपातन→नि**काय्य**
प्रथमा सि वगेरे→निकाय्यः।

विशेषता :

सूत्रगत ऋक्-मान-हवि-र्निवासे अने धाय्या-पाय्य-सान्नाय्य-निकाय्यम् એ प्रमाणे બંને પદની संख्या अने वचन समान होवाथी **यथासङ्ख्यमनुदेशः समानाम् १/१०** न्यायानुसारे ते બંને વચ્ચે अनुक्रम જાણવો.

परिचाय्योपचाय्या-ऽऽनाय्य-समूह्य-चित्यमग्नौ ५.१.२५

અ.અ.સૂ. : अग्नौ परिचाय्योपचाय्या-ऽऽनाय्य-समूह्य-चित्यम्।

અર્થ : પરિચાય્ય, ઉપચાય્ય, આનાય્ય, સમૂહ્ય અને ચિત્યમ્ પ્રયોગો અગ્નિ અર્થમાં નિપાતન પામે છે.

સ. : परिचाय्योपचाय्या-ऽऽनाय्य-समूह्य-चित्यम् = परिचाय्यश्च उपचाय्यश्च आनाय्यश्च समूह्यश्च चित्यं चेति।

ઉદા. (૧) **परिचाय्यः** = અગ્નિ વિશેષ. (चिंग्ट् चयने-१२९०)
परिचीयते इति।
આ સૂત્રથી કર્મ અર્થમાં घ्यण्→परि+चि+**य**
તથા इનો आय् निपातन→परि**चाय्य**
પ્રથમા સિ વગેરે→परिचाय्यः।

(૨) **उपचाय्यः** = अग्नि विशेष. उपचीयते इति।

(૩) **आनाय्यः** = अग्नि विशेष. आनीयते इति।
(णींग् प्रापणे-८८४)
આ ઉદા.ની साधनिका पूर्वप्रमाणे જાણવી.

(૪) **समूह्यः** = अग्नि विशेष. (वहीं प्रापणे-९९६)
समूह्यते इति।
આ સૂત્રથી કર્મ અર્થમાં घ्यण्→सम्+वह्+**य**
તથા ઉપાન્ત્ય अની વૃદ્ધિનો અભાવ અને व्નો ऊ निपातन→स**मूह्य**
પ્રથમા સિ વગેરે→समूह्यः।

(૫) **चित्यः** = अग्नि विशेष. चीयते इति।
આ સૂત્રથી કર્મ અર્થમાં क्यप्→चि+**य**

ह्रस्वस्य तः०४.४.११३थी त् आगम→चित्य
प्रथमा सि वगेरे→चित्यः।

અન્ય મત :

(૧) કેટલાંક વ્યાકરણકારો सम्+ऊह् ધાતુ માને છે. તેઓનાં મતે આ નિપાતન દ્વારા 'सम्+ऊह् ધાતુને અગ્નિવિશેષ અર્થમાં જ घ्यण् પ્રત્યય થાય છે. અન્યત્ર નહીં.' તેવો નિયમ થાય છે. તેથી અન્યત્ર તો समूहितव्यम् એ પ્રમાણે પ્રયોગ થાય છે. યદ્યપિ તેઓનાં મતે અગ્નિ-વિશેષ અર્થમાં संवाह्यः પ્રયોગ પણ થઈ શકે છે.

(૨) કેટલાંક વ્યાકરણકારો અગ્નિવિશેષ સિવાય અનિત્ય-વિશેષ અર્થમાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઇચ્છે છે. તેથી તેઓનાં મતે આનાય્યો गोधुक्नो અનિત્યવિશેષ એવો પણ અર્થ થાય છે.

याज्या दानर्चि ५.१.२६

અ.અ.સૂ. : दानर्चि याज्या।

અર્થ : यज् ધાતુથી દાન આપવાની ઋચા સ્વરૂપ કરણ અર્થમાં घ्यण् પ્રત્યય નિપાતન પામે છે.

સ. : दानर्चि = दानाय ऋगिति दानर्च्, तस्यामिति।

ઉદા. याज्या = જેનાં વડે યજ્ઞ કરાય તેવી ઋચા.
(यजीं देवपूजा०-९९१) इज्यतेऽनया इति।
આ સૂત્રથી કરણ અર્થમાં घ्यण्→यज्+**य**
તથા अ નો દીર્ઘ→**या**ज्य
आप् વગેરે→याज्या**।**



વિશેષતા :

અહીં ધ્યાનમાં લેવું કે, यज् ધાતુ વ્યંજનાન્ત હોવાથી ऋवर्ण-व्यञ्जनात्०५.१.१७થી घ्यण् પ્રત્યયની પ્રાપ્તિ હતી જ. પણ તેને કરણ અર્થમાં કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે. યદ્યપિ बहुलम् ५.१.२થી બહુલતાનાં અધિકાર દ્વારા યથાયોગ્ય પ્રાપ્ત પ્રયોગાનુસારે ઉચિત એવા કરણ અર્થમાં પણ याज्या પ્રયોગ થઈ શકતો હતો. પરંતુ બહુલમ્નો અધિકાર **आगतिकगति** રૂપ હોવાથી યથાસંભવ તેનો આશ્રય લેવો જોઈએ નહીં. માટે અહીં સ્વતંત્ર સૂત્રનો જ નિર્દેશ કર્યો છે.

तव्या-ऽनीयौ ५.१.२७

અ.અ.સૂ. : धातोः तव्या-ऽनीयौ।

અર્થ : ધાતુથી तव्य અને अनीय પ્રત્યય થાય છે.

સ. : तव्या-ऽनीयौ = तव्यश्च अनीयश्चेति।

ઉદા. (૧) **कर्त्तव्यः** = કરવા યોગ્ય. (डुकृंग् करणे-८८८) क्रियते इति।
આ સૂત્રથી तव्य→कृ+**तव्य**
तत् साप्या०३.३.२१થી **કર્મ** અર્થમાં વિધાન.
नामिनो गुणो०४.३.१થી ગુણ→**कर्**+तव्य
र्हादर्ह०१.३.३१થી त्नुं દ્વિત્વ→**कर्त्त**व्य
પ્રથમા સિ વગેરે→कर्त्तव्यः।

(૨) **करणीयः** = કરવા યોગ્ય. क्रियते इति।
આ સૂત્રથી કર્મ અર્થમાં अनीय→कृ+**अनीय**
नामिनो गुणो०४.३.१થી ગુણ→**कर**नीय
र-षृवर्णान्नो०२.३.६३થી न्नो ण्→कर**णीय**
પ્રથમા સિ વગેરે→करणीयः।



વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં તમામ ધાતુથી પર તવ્ય અને અનીય પ્રત્યયનું વિધાન કર્યું છે. જેમાં ઋવર્ણાન્ત અને વ્યંજનાન્ત વગેરે ધાતુઓ પણ આવી જ જાય. અને તે ઋવર્ણાન્ત વગેરે ધાતુઓથી પૂર્વે ઋવર્ણ-વ્યઞ્જનાત્૦ ૫.૧.૧૭ વગેરે સૂત્રોથી ઘ્યણ્ પ્રત્યયનું વિધાન કર્યું હોવાથી આ સૂત્રથી થતાં તવ્ય અને અનીય પ્રત્યય એ ઘ્યણ્ પ્રત્યયની અપવાદ વિધિ જાણવી. પરંતુ તવ્ય અને અનીય પ્રત્યય ઘ્યણ્ પ્રત્યયની સાથે અસમાન રૂપવાળાં અર્થાત્ અસરૂપ હોવાથી અસરુપોઽપવાદે૦ ૫.૧.૧૬ સૂત્રથી અહીં વિકલ્પે ઘ્યણ્ પ્રત્યય પણ પ્રવર્ત્તે છે. **ઉદા.** કર્ત્તવ્યમ્, કરણીયમ્ **વિકલ્પે :** કાર્યમ્ આ વાત આગામી સૂત્રોમાં પણ યથાયોગ્ય સ્થાને જાણી લેવી.

(૨) પૂર્વ સૂત્રમાં જણાવ્યા મુજબ તવ્ય અને અનીય પ્રત્યયને કૃત્યાઃ ૫.૧.૪૭ સૂત્રથી કૃત્ય સંજ્ઞા થતાં તત્ સાપ્યા૦ ૩.૩.૨૧ સૂત્રાનુસારે તેની પ્રવૃત્તિ કર્મ અને ભાવ અર્થમાં થાય છે. તે પ્રમાણે આગામી ય પ્રત્યય માટે પણ જાણવું.

ય એચ્ચાઽઽતઃ ૫.૧.૨૮

અ.અ.સૂ. : ધાતોઃ યઃ આતઃ ચ એત્।

અર્થ : સ્વરાન્ત ધાતુઓથી ય પ્રત્યય થાય છે. અને આનો એ આદેશ થાય છે.

ઉદા. (૧) ચેયમ્ = ભેગું કરવા યોગ્ય. (ચિંગ્ટ્ ચયને-૧૨૯૦) ચીયતે ઇતિ।

આ સૂત્રથી **કર્મ** અર્થમાં ય→चि+**य**
નામિનો गुणो०४.३.१थી ગુણ→**चेय**
પ્રથમા સિ વગેરે→चेय**म्**।

(૨) **देयम्** = આપવા યોગ્ય. (डुदांग्क् दाने-११३८) दीयते इति।
આ સૂત્રથી **કર્મ** અર્થમાં ય→दा+**य**
આ આ નો એ→**देय**
પ્રથમા સિ વગેરે→दे**यम्**।

વિશેષતા :

અહીં સૂત્રમાં કયા ધાતુથી ય પ્રત્યય કરવો એમ પ્રકૃતિનો નિર્દેશ કર્યો નથી. તેથી तव्या-ऽनीयौ ५.१.२७ સૂત્રની જેમ જ તમામ ધાતુઓનું પ્રકૃતિ તરીકે ગ્રહણ થવાની સંભાવના છે. પરંતુ પૂર્વે ऋवर्ण-व्यञ्जनात्०५.१.१७ વગેરે સૂત્રો દ્વારા घ्यण् પ્રત્યયનું વિધાન થઈ ગયું છે. જે ય પ્રત્યયની સાથે સમાન રૂપવાળો અર્થાત્ સરૂપ છે. તેથી પારિશેષ્યભાવથી ઔત્સર્ગિક એવા घ्यण् પ્રત્યયની ઋવર્ણાન્ત, વ્યંજનાન્ત વગેરે પ્રકૃતિઓ સિવાયની અન્ય પ્રકૃતિઓનું જ અહીં ગ્રહણ થઈ શકે છે. અને તેથી જ, ટીકાકાર ભગવંતે **परिशिष्टाद् स्वरान्ताद् धातोः** એ પ્રમાણે ઋવર્ણાન્ત અને વ્યંજનાન્ત સિવાયનાં અન્ય સ્વરાન્ત ધાતુઓનો પ્રકૃતિ તરીકે નિર્દેશ કર્યો છે.
અહીં ધ્યાનમાં લેવું કે, तव्य-अनीय પ્રત્યયને સરૂપ એવો અન્ય કોઈ પ્રત્યય ન હોવાથી પૂર્વસૂત્રથી સ્વરાન્ત ધાતુનો અધિકાર ન આવતાં તમામ ધાતુઓનું ગ્રહણ થાય છે.

शकि-तकि-चति-यति-शसि-सहि-यजि-भजि-पवर्गात् ५.१.२९

અ.અ.સૂ. : शकि-तकि-चति-यति-शसि-सहि-यजि-भजि-पवर्गात् धातोः यः।

અર્થ : शक्, तक्, चत्, यत्, शस्, सह, यज्, भज् અને પ-વર્ગાન્ત ધાતુઓથી य પ્રત્યય થાય છે.

સ. : शकि-तकि-चति-यति-शसि-सहि-यजि-भजि-पवर्गात् = शकिश्च तकिश्च चतिश्च यतिश्च शसिश्च सहिश्च यजिश्च भजिश्च पवर्गश्चेति शकि-तकि-चति यति-शसि-सहि-यजि-भजि-पवर्गम्, तस्मादिति।

ઉદા. (૧) **शक्यम्** = શક્ય છે. (शक्लृंट् शक्तौ-૧૩૦૦) शक्यते इति।
આ સૂત્રથી કર્મ/ભાવમાં य→शक्+**य**
પ્રથમા सि વગેરે→शक्य**म्**।

(૨) **तक्यम्** = હસવા યોગ્ય. तक्यते इति। (तक हसने-૫૧)

(૩) **चत्यम्** = યાચના કરવા યોગ્ય. चत्यते इति।
(चतेग् याचने-૮૯૯)

(૪) **यत्यम्** = પ્રયત્ન કરવા યોગ્ય. यत्यते इति।
(यतैङ् प्रयत्ने-૭૧૧)

(૫) **शस्यम्** = હિંસા કરવા યોગ્ય. शस्यते इति।
(शसू हिंसायाम्-૫૪૯)

(૬) **सह्यम्** = સહન કરવા યોગ્ય. सह्यते इति।
(षहि मर्षणे-૯૯૦)

(७) **यज्यम्** = પૂજા કરવા યોગ્ય. इज्यते इति। (यजीं देवपूजा०-९९१)

(८) **भज्यम्** = સેવા કરવા યોગ્ય. भज्यते इति। (भजीं सेवायाम्-८९५)

(९) **तप्यम्** = તપ કરવા યોગ્ય. तप्यते इति। (तपं सन्तापे-३३३)

(१०) **गम्यम्** = જવા યોગ્ય. गम्यते इति। (गम्लृं गतौ-३९६)

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(१) અહીં ગ્રહણ કરેલાં शक्, तक् વગેરે ધાતુઓ વ્યંજનાન્ત હોવાથી આ સૂત્રથી થતો य પ્રત્યય घ्यण्નાં અપવાદ સ્વરૂપ છે. यद्यपि य અને घ्यण् બંને સરૂપ પ્રત્યય હોવાથી असरुपोऽपवादे०५.१.१६થી વિકલ્પે પણ घ्यण् પ્રત્યય થાય નહીં. પરંતુ પૂર્વે त्यज-यज-प्रवचः ४.१.११८માં घ्यण् પ્રત્યય પર છતાં क्त्व અને गत्वનો પ્રતિષેધ કર્યો હોવાથી यज् ધાતુને અને બહુલતાનાં અધિકારથી भज् ધાતુને વિકલ્પે घ्यण् પ્રત્યય પણ થાય છે.
ઉદા. याज्यम्, भाग्यम्।

જિ. : અહીં સૂત્રમાં वध् ધાતુનું ગ્રહણ કર્યું નથી. તો असिना वध्य इति असिवध्यः, मुसलवध्यः વગેરે પ્રયોગો કેવી રીતે થાય ?

સમા. : असिवध्यः જેવા પ્રયોગો घ्यण् પ્રત્યયાન્ત જ છે. પરંતુ પૂર્વે न जन-बधः ४.३.४४ સૂત્રથી **बवयोरैक्यम्** નિયમાનુસારે વૃદ્ધિનો નિષેધ થતાં य પ્રત્યયાન્ત જેવા જણાય છે.

અન્ય મત :

પાણિની વગેરે વ્યાકરણકારો घ्यण् પ્રત્યય થતો હોવાથી यज् અને भज् ધાતુથી य પ્રત્યય ઇચ્છતાં નથી. તેથી તેઓનાં મતે याज्यम् અને भाग्यम् એમ બે પ્રયોગ જ થશે.

यम-मद-गदोऽनुपसर्गात् ५.१.३०

અ.અ.સૂ. : अनुपसर्गात् यम-मद-गदः धातोः यः।

અર્થ : ઉપસર્ગ રહિત એવા यम्, मद् અને गद् ધાતુથી य પ્રત્યય થાય છે.

સ. : (૧) **यममदगदः** = यमश्च मदश्च गद् चेति यम-मद-गद्, तस्मादिति।

(૨) **अनुपसर्गात्** = न विद्यते उपसर्गो यस्य स इति अनुपसर्गः, तस्मादिति।

ઉદા. (૧) **यम्यम्** = નિયમન કરવા યોગ્ય. (यमूं उपरमे-३८६) यम्यते इति।

(૨) **मद्यम्** = દર્પ કરવા યોગ્ય. (मदै हर्ष०-१०४८) मद्यते इति।

(૩) **गद्यम्** = સ્પષ્ટ બોલવા યોગ્ય. (गद व्यक्तायां०-२९७) गद्यते इति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ शक्यम् પ્રમાણે જાણવી. પરંતુ य પ્રત્યય આ સૂત્રથી કરવો.

પ્ર.ઉદા. अनुपसर्गादिति किम्? आयाम्यम् = ફેલાવવાં યોગ્ય.
आयम्यते इति।
ऋवर्ण-व्यञ्जनात्०५.१.१७થી घ्यण्→आ+यम्+**य**
ञ्णिति ४.३.५०થી વૃદ્ધિ→आ**याम्य**
પ્રથમા સિ વગેરે→आयाम्**यम्**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉપસર્ગરહિત यम् ધાતુને વિશે થાય છે. જ્યારે અહીં ઉપસર્ગ સહિત यम् ધાતુ હોવાથી આ સૂત્રથી ય થયો નહીં.

विशेषता :

(१) આ પ્રકરણની શરૂઆતમાં बहुलम् ५.१.२થી પ્રકરણ પર્યન્ત બહુલતાનો અધિકાર ચાલે છે. અહીં તે બહુલતાથી माद्यत्यनेनेति मद्यम् એ પ્રમાણે કરણ અર્થમાં અને नियम्य એ પ્રમાણે ઉપસર્ગ સહિત પ્રયોગ પણ પ્રાપ્ત થાય છે.

જિ. : પૂર્વે शकि-तकि-चति०५.१.२९ દ્વારા પવર્ગાન્તતયા જ यम् ધાતુથી ય પ્રત્યય સિદ્ધ જ હતો. તો અહીં यम् ધાતુનું પુનઃ ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : વસ્તુતઃ અહીં **सिद्धे सत्यारम्भो नियमार्थः १/२५** ન્યાયની પ્રવૃત્તિ કરવામાં આવી છે. તેથી એ ન્યાયાનુસારે અહીં નિયમ કરવામાં આવે છે કે, ઉપસર્ગ રહિત જ यम् ધાતુથી ય પ્રત્યય થશે. પણ ઉપસર્ગ સહિત यम् ધાતુથી પૂર્વસૂત્ર દ્વારા પણ ય પ્રત્યય ન થતાં ऋवर्ण०५.१.१७થી घ्यण् પ્રત્યય થશે. **ઉદા.** आयाम्यम्।

चरेराङस्त्वगुरौ ५.१.३१

અ.અ.સૂ. : अनुपसर्गात् चरेः धातोः यः, आङः तु अगुरौ।

અર્થ : ઉપસર્ગ રહિત चर् ધાતુથી ય પ્રત્યય થાય છે. પરંતુ आङ् ઉપસર્ગથી પર चर् ધાતુથી ગુરુ સિવાયનો અર્થ જણાતે છતે ય પ્રત્યય થાય છે.

સ. : अगुरौ = न गुरुरिति अगुरुः, तस्मिन्निति।

ઉદા. (૧) **चर्यो देशः** = ચાલવા યોગ્ય (દેશ). चर्यते इति। (चर भक्षणे च-४१०)
આ સૂત્રથી કર્મ/ભાવ અર્થમાં य→चर्+**य**
પ્રથમા સિ વગેરે→चर्यः।

(૨) **आचर्यो देशः** = ભ્રમણ કરવા યોગ્ય (દેશ).
आचर्यते इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **अगुराविति किम्? आचार्यः** = ગુરુ ભગવંત.
आचर्यते शिष्यैरिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ आयाम्यम् પ્રમાણે જાણવી.

★ આ સૂત્રમાં ગુરુ અર્થનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી य પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

અહીં પૂર્વસૂત્રથી अनुपसर्गात् પદની અનુવૃત્તિ ગ્રહણ કરી છે. અને तु પદ દ્વારા अगुरुविषयक પ્રવૃત્તિમાં आङ् ઉપસર્ગનું પણ ગ્રહણ કર્યું છે. તેથી चरेरिति એ પ્રમાણે ભિન્ન વાક્ય સમજવું. અને તેનાં જ વિશેષણ તરીકે પૂર્વસૂત્રથી अनुपसर्गात् પદ ગ્રહણ કરવું.

वर्योपसर्या-ऽवद्य-पण्यमुपेयर्तुमती-गर्ह्य-विक्रेये ૫.૧.૩૨

અ.અ.સૂ. : उपेयर्तुमती-गर्ह्य-विक्रेये वर्योपसर्या-ऽवद्य-पण्यम्।

અર્થ : ઉપેય, ઋતુમતી, નિન્દ્ય અને વિક્રેય અર્થમાં અનુક્રમે य પ્રત્યયાન્ત वर्या, उपसर्या, अवद्य અને पण्य નામ નિપાતન પામે છે.

સ. : (૧) **वर्योपसर्या-ऽवद्य-पण्यम्** = वर्या च उपसर्या च अवद्यश्च पण्यं चेति।

(૨) **उपेयर्तुमती-गर्ह्य-विक्रेये** = उपेयश्च ऋतुमती च गर्ह्यश्च विक्रेयं चेति उपेयर्तुमती-गर्ह्य-विक्रेयम्, तस्मिन्निति।

ઉદા. (૧) **वर्या कन्या** = વરવા યોગ્ય કન્યા.
(वृङ्श् सम्भक्तौ-૧૫૬૭) व्रियते इति।
આ સૂત્રથી ય નિપાતન→वृ+**य**
नामिनो०૪.૩.૧થી ગુણ→**वर्य**
आप् વગેરે→**वर्या**।

(૨) **उपसर्या गौः** = ઋતુમતી ગાય.
(सृं गतौ-૨૫) उपस्रियते इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૩) **अवद्यं गर्ह्यम्** = નિન્દવા યોગ્ય પાપ.
नोद्यते इति। (वद व्यक्तायां०-૯૯૮)

(૪) **पण्या गौः** = વહેંચવા યોગ્ય ગાય.
पणाय्यते इति। (पणि व्यवहार-૭૧૦)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં વર્યા, ઉપસર્યા એ પ્રમાણે આકારાન્ત નિર્દેશ હોવાથી સ્ત્રીલિંગ પ્રયોગ જાણવાં. તેથી પુંલિંગમાં તો ऋवर्ण-व्यञ्जनाद्०૫.૧.૧૭થી घ्यण् પ્રત્યય જ થશે. **ઉદા.** वार्या ऋत्विजः।

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, સૂત્રમાં અવદ્ય એ પ્રમાણે નિર્દેશ કર્યો છે. પણ ઉપપદ રહિત वद् ધાતુથી घ्यण् પ્રત્યય

થતાં वाद्यः પ્રયોગને નञ્તત્પુરુષ સમાસ કરીને अवाद्यः પ્રયોગ પણ સિદ્ધ થાય છે.

(૩) સૂત્રમાં ઉપેયર્તુમતી.. એ પ્રમાણે નિમિત્તદર્શક પદ અને 'वर्योपसर्या..' એ પ્રમાણે કાર્યદર્શક પદની સંખ્યા અને વચન સમાન હોવાથી **यथासङ्ख्यमनुदेशः०१/१०** ન્યાયાનુસારે તે બંને વચ્ચે અનુક્રમની પ્રાપ્તિ થાય છે.

(૪) સૂત્ર નિર્દિષ્ટ वृ અને सृ ધાતુ ऋવર્ણાન્ત હોવાથી અને पण् ધાતુ વ્યંજનાન્ત હોવાથી ऋवर्ण०५.१.१७થી घ्यण्ની તેમજ નામ્નો वदः०५.१.३५થી वद् ધાતુથી क्यप्ની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી અર્થ વિશેષમાં य પ્રત્યય કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

અન્ય મત :

કેટલાંક અન્ય વ્યાકરણકારો **सुग्रीवो नाम वर्योऽसौ भवता चारुविक्रमः** એ પ્રમાણે પ્રયોગનાં દર્શનથી પુંલિંગમાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઇચ્છે છે. ત્યારે સૂત્રમાં वर्य+उपसर्या એ પ્રમાણે સંધિ વિચ્છેદ કરીને સામાન્ય નિર્દેશ જાણીને તેઓનું પણ સંગ્રહણ થઈ જાય છે. **ઉદા.** शतेन वर्यः, सहस्रेण वर्यः।

स्वामि-वैश्येऽर्यः ५.१.३३

અ.અ.સૂ. : स्वामि-वैश्ये अर्यः।

અર્થ : સ્વામી અને વૈશ્ય અર્થમાં ऋ ધાતુથી य પ્રત્યય થઈને अर्य નિપાતન પામે છે.

સ. : स्वामि-वैश्ये = स्वामी च वैश्यश्चेति स्वामि-वैश्यम्, तस्मिन्निति।



ઉદા. **अर्यः स्वामी/वैश्यः** = સ્વામી/વણિક.
अर्यते इति। (ऋं प्रापणे च-२६)
આ સૂત્રથી य→ऋ+**य**
नामिनो गुणो०४.३.१થી ગુણ→**अर्य**
પ્રથમા સિ વગેરે→अर्यः।

પ્ર.ઉદા. **आर्योऽन्यः** = આર્યપુરુષ. अर्यते इति।
ऋवर्ण-व्यञ्जनाद्०५.१.१७થી ष्यण्→ऋ+**य**
नामिनोऽकलि०४.३.५१થી વૃદ્ધિ→**आर्य**
પ્રથમા સિ વગેરે→आर्यः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ સ્વામી અને વૈશ્ય અર્થ જણાતો હોય તો થાય છે. જ્યારે અહીં સ્વામી કે વૈશ્ય અર્થ નથી. માટે આ સૂત્રથી य પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં ऋ ધાતુનું ગ્રહણ છે. તે ધાતુ **आद्यन्तवदेकस्मिन् १/५** ન્યાયાનુસારે ऋકારાન્ત હોવાથી ऋवर्ण-व्यञ्जनाद्०५.१.१७થી ष्यण्ની પ્રાપ્તિ હતી. તેનાં અપવાદરૂપે અને અર્થવિશેષનું નિયંત્રણ કરવા માટે આ નિપાતન સૂત્રનો નિર્દેશ છે.

(૨) અહીં પ્ર.ઉદા.ગત આર્ય શબ્દ યૌગિક અર્થને આશ્રયીને સામાન્યતયા અનુસરવા યોગ્ય શ્રેષ્ઠપુરુષ અર્થમાં વપરાય છે. યદ્યપિ **વશિષ્ઠ સ્મૃતિમાં** તેને સરસ રીતે પરિભાષિત કરવામાં આવ્યો છે.
कर्तव्यमाचरन् काममकर्त्तव्यमनाचरन्।
तिष्ठति प्रकृताचारे स तु आर्य इति स्मृतः॥



ભાવાર્થ : જે કર્ત્તવ્યનું આચરણ કરતો હોય અને અકર્ત્તવ્યનું સેવન ન કરતો હોય તથા, જે આચાર પ્રસ્તુત હોય તેમાં સ્થિરપણે રહેતો હોય તે આર્ય કહેવાય છે.

वह्यं करणे ५.१.३४

અ.અ.સૂ. : करणे वह्यम्।

અર્થ : વહ્ ધાતુથી કરણ અર્થમાં ય પ્રત્યય થઈને વહ્ય પ્રયોગ નિપાતન પામે છે.

ઉદા. वह्यं शकटम् = જેના વડે વહન કરે છે તે ગાડું.
વહતિ અનેનેતિ। (वहीं प्रापणे-९९६)
આ સૂત્રથી ય→वह्+**य**
પ્રથમા સિ વગેરે→**वह्यम्**।

વિશેષતા :

સૂત્ર નિર્દિષ્ટ વહ્ ધાતુ વ્યંજનાન્ત હોવાથી ऋवर्ण-व्यञ्जनात्० ૫.૧.૧૭થી કર્મણિ અર્થમાં ण्यण् પ્રત્યયની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરવા માટે અને કરણ રૂપ અર્થવિશેષનું નિયંત્રણ કરવા માટે આ નિપાતન સૂત્રનો નિર્દેશ જાણવો.

नाम्नो वदः क्यप् च ५.१.३५

અ.અ.સૂ. : अनुपसर्गात् नाम्नः वदः धातोः क्यप् च(यः)।

અર્થ : ઉપસર્ગ સિવાયનાં નામથી પર વદ્ ધાતુથી क्यप् અને ય પ્રત્યય થાય છે.

ઉદા. ब्रह्मोद्यम्/ब्रह्मवद्यम् = બ્રાહ્મણનું બોલવું.
ब्रह्मणो वदनमिति। (वद व्यक्तायां०-९९८)
આ સૂત્રથી क्यप्→ब्रह्मन्+ङस्+वद्+**य**

यजादि-वचेः०४.१.७९थी व नो उ→ब्रह्मन्+अस्+**उद्य**
कृति उ.१.७७थी समास वगेरे→ब्रह्म+उद्य
अवर्णस्येवर्णादि०१.२.६थी ओ→**ब्रह्मोद्य**
प्रथमा सि वगेरे→**ब्रह्मोद्यम्**
જ્યારે, આ સૂત્રથી य થાય ત્યારે, ब्रह्म+वद्+**य**
प्रथमा सि वगेरे→ब्रह्मवद्यम्।

विशेषता :

(१) અહીં સૂત્રમાં क्यप् પ્રત્યયનો નિર્દેશ કર્યો છે. ત્યાં क्કાર અનુબન્ધ ગુણનિષેધ વગેરે कित् કાર્યોને માટે અને पકાર અનુબન્ધ ह्रस्वस्य तः०४.४.११३થી त्આગમ કરવા માટે જાણવો.

(२) અહીં સૂત્રમાં अनुपसर्गात् પદની અનુવૃત્તિ ગ્રહણ કરવામાં આવી છે. તે ધારાપ્રવાહથી જાણવી. પણ **मण्डुकप्लुतिः १/१२** ન્યાયથી નહીં. यદ્યપિ પૂર્વનાં ત્રણ સૂત્રોમાં તેનો નિર્દેશ કર્યો નથી. પરંતુ તે નિપાતન સૂત્રો હોવાથી ત્યાં તેની આવશ્યકતા રહેતી નથી. અને તેથી તેની ધારાનો પણ વિચ્છેદ થતો નથી.

(३) यદ્યપિ અહીં क्यप्નું ગ્રહણ કર્યું હોવાથી પૂર્વસૂત્રથી આવતો यનો અધિકાર અટકી જાય છે. પરંતુ સૂત્રગત चકાર દ્વારા **चकारो यस्मात्परस्तत्सजातीयमेव समुच्चिनोति २/६१** ન્યાયાનુસારે પ્રથમાન્ત क्यप्ને સજાતીય य પ્રત્યયનું પણ ગ્રહણ થાય છે. તેમજ, **चानुकृष्टं नाऽनुवर्त्तते २/६२** ન્યાયાનુસારે यનો અધિકાર પણ ઉત્તરસૂત્રમાં જશે નહીં.

हत्या-भूयं भावे ५.१.३६

अ.अ.सू. : अनुपसर्गात् नाम्नः (धातोः) हत्या-भूयं भावे।

अर्थ : ઉપસર્ગ સિવાયનાં નામથી પર હત્યા અને ભૂય પ્રયોગ ભાવે પ્રયોગમાં क्यप् પ્રત્યયાન્ત નિપાતન પામે છે.

स. : हत्या-भूयम् = हत्या च भूयश्चेति।

ઉદા. (१) **ब्रह्महत्या** = બ્રાહ્મણને મારવું.
બ્રહ્મણો વધ इति। (हनंक् हिंसा-११००)
આ સૂત્રથી क्यप् નિપાતન→ब्रह्मन्+हन्+**य**
यपि ४.२.५६થી न्નો લોપ→ब्रह्मन्+ह+य
ह्रस्वस्यः तः०४.४.११३થી त् આગમ→ब्रह्मन्+**हत्य**
कृति ३.१.७७થી સમાસ વગેરે→ब्रह्म+हत्य
आत् २.४.१८થી आप् વગેરે→ब्रह्महत्या।

(२) **देवभूयं गतः** = દેવપણું પ્રાપ્ત કરવું.
देवस्य भवनमिति। (भू सत्तायाम्-१)
આ સૂત્રથી क्यप्→देव+भू+**य**
પ્રથમા सि વગેરે→देवभूयम्।

પ્ર.ઉદા. **भाव इति किम्? श्वघात्या सा** =
કૂતરા વડે મારવા યોગ્ય સ્ત્રી.
शुना हन्यतेऽनया इति। (हनंक् हिंसा-११००)
ऋवर्ण-व्यञ्जनात्०५.१.१७થી घ्यण्→श्वन्+हन्+**य**
ञ्णिति घात् ४.३.१००થી घात्→श्वन्+**घात्य**
कारकं कृता ३.१.६८થી સમાસ વગેરે→श्वघात्य
आप् વગેરે→श्वघात्या।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ભાવે પ્રયોગમાં થાય છે. જ્યારે અહીં કર્મણિ પ્રયોગ છે. માટે આ સૂત્રથી क्यप् પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં હત્યા એ પ્રમાણે આકારાન્ત નિર્દેશ કર્યો હોવાથી હન્ ધાતુથી સ્ત્રીલિંગયુક્ત ભાવે અર્થમાં क्यप् પ્રત્યયાન્ત નિપાતન થાય છે. જેને બૃહદ્વૃત્તિમાં સ્ત્રીભાવે પદ દ્વારા દર્શાવેલ છે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, સૂત્રમાં હત્યા-ભૂયં એ પ્રમાણે હન્ અને भू એમ બે ધાતુનો નિર્દેશ કર્યો છે. પરંતુ भू ધાતુ અકર્મક હોવાથી તેનો પ્રયોગ માત્ર ભાવે પ્રયોગમાં જ સંભવી શકે છે. કર્મણિ પ્રયોગમાં નહીં. તેથી જ भाव इति किम्? એ પ્રશ્ન દ્વારા કહેવાયેલાં પ્ર.ઉદા.માં श्वघात्या सा એ પ્રમાણે માત્ર હન્ ધાતુનો જ પ્રયોગ છે. भू ધાતુનો નહીં.

(૩) અહીં ધ્યાનમાં લેવું કે, હન્ ધાતુ એ વ્યંજનાન્ત ધાતુ છે. તેથી તેને પણ ऋवर्णव्यञ्जनाद्०૫.૧.૧૭થી घ्यण् પ્રત્યય લાગવાની પણ પ્રાપ્તિ છે. પરંતુ તે घ्यण् પ્રત્યય तत् साप्याऽनाप्यात्०૩.૩.૨૧થી સકર્મક ધાતુથી કર્મણિ પ્રયોગમાં અને અકર્મક ધાતુથી ભાવે પ્રયોગમાં થાય છે. જ્યારે હન્ ધાતુ સકર્મક હોવાથી કર્મણિ પ્રયોગમાં घ्यण् પ્રત્યયાન્ત થશે. પણ ભાવે પ્રયોગમાં નહીં. અને તેથી જ घ्यण् અને क्यप् એમ બંને પ્રત્યય સરૂપ હોવાથી असरुपोऽपवादे०૫.૧.૧૬થી પ્ર.ઉદા.માં घ्यण् પ્રત્યયાન્ત રૂપ ન જણાવતાં हतिः અને घातः ઇત્યાદિ અન્ય પ્રયોગો દર્શાવ્યાં છે.



यद्यपि जो हन् धातुमां कर्मनी विवक्षा न करवामां आवे तो तत्साप्या०३.३.२१थी ज भावे अर्थमां पण घ्यण् प्रत्ययनी प्राप्ति शक्य छे. परंतु बहुलम् ५.१.२थी प्राप्त बहुलतानां अधिकारथी **क्वचिद्-प्रवृत्तिः, क्वचिदप्रवृत्तिः** पंक्त्यनुसारे ऋवर्णव्यञ्जनाद्०५.१.१७ सूत्रनी हन् धातुनां विषयमां अप्रवृत्ति जाणवी.

अन्य मत :

नागेश वगेरे केटलांक व्याकरणकारनां मते हत्या प्रयोगमां शब्दशक्तिनां स्वभावथी ज स्त्रीलिंग थयेल छे, पण निपातन द्वारा नहीं.

अग्निचित्या ५.१.३७

अ.अ.सू. : भावे अग्निचित्या।

अर्थ : अग्नि थी पर चि धातुथी क्यप् प्रत्यय थई अग्निचित्या એ प्रमाणे स्त्रीलिंग विशिष्ट भावे प्रयोग निपातन करायछे.

उदा. अग्निचित्या = अग्नि भेगो करवो ते.

अग्नेः चयनमिति। (चिंग्ट् चयने-१२९०)

आ सूत्रथी क्यप्→अग्नि+अस्+चि+**य**

ङस्युक्तं०३.१.४९थी समास वगेरे→अग्नि+चि+**य**

ह्रस्वस्यः तः०४.४.११३थी त् आगम→अग्नि+चित्य

आप् वगेरे→अग्निचित्**या**।



खेय-मृषोद्ये ५.१.३८

અ.અ.સૂ. : खेय-मृषोद्ये।

અર્થ : खेय અને मृषोद्य પ્રયોગ क्यप् પ્રત્યયાન્ત નિપાતન કરાય છે.

સ. : खेय-मृषोद्ये = खेयश्च मृषोद्यं चेति।

ઉદા. (૧) **निखेयम्** = ખોદવા યોગ્ય.

निखन्यते इति। (खनूग् अवदारणे-९१३)

આ સૂત્રથી क्यप्→नि+खन्+**य**

તેમજ, न्નો લોપ અને अનો ए નિપાતન→नि**खे**य

પ્રથમા સિ વગેરે→निखे**यम्**।

(૨) **मृषोद्यम्** = જૂઠપૂર્વક બોલવું.

मृषा उद्यते इति। (वद व्यक्तायां०-९९८)

આ સૂત્રથી क्यप्→मृषा+वद्+**य**

यजादि-वचेः०४.१.७२થી वનો उ→मृषा+**उद्य**

नाम नाम्नै०३.१.१८થી સમાસ→मृ**षो**द्य

પ્રથમા સિ વગેરે→मृषो**द्यम्**।

વિશેષતા :

(૧) અહીં સૂત્ર નિર્દિષ્ટ खेय પ્રયોગનો મૂળ ધાતુ खन् છે. જે વ્યંજનાન્ત હોવાથી ऋवर्ण०५.१.१७થી घ्यण् પ્રત્યયને પ્રાપ્ત કરતો હતો. પરંતુ આ સૂત્ર દ્વારા તેનો બાધ કરી खन् ધાતુનાં न्નો લોપ અને अનો ए કરવામાં આવે છે. તથા मृषोद्य પ્રયોગનો ધાતુ मृषा+वद् છે, ત્યાં नाम्नो



वदः०५.१.उपथी विकल्पे च प्रत्ययनी पण प्राप्ति हती. तेनो आ सूत्र द्वारा निषेध करीने मृषा+वद् धातुनां विषयमां नित्य क्यप् प्रत्यय करवामां आव्यो छे.

(२) अहीं पूर्वसूत्रथी आवतां अनुपसर्गात् अने नाम्नः नां अधिकारने अटकाववामां आवे छे. यद्यपि खेय प्रयोगमां खन् धातु उपसर्गरहित ज छे. परंतु आ सूत्र निपातन सूत्र छे. अने निपातन सूत्रो हंमेशां नियतविषयवाळां ज होवाथी अनुवृत्तिनी अपेक्षा राखता नथी. तथा अहीं आगळ पण उपसर्गरहित आदि निमित्तनुं ग्रहण नहीं होवाथी अनुपसर्गात् अने नाम्नः नो अधिकार अहीं अटकी जाय छे.

(३) पूर्व सूत्रनी प्रवृत्ति मात्र भाव अर्थमां थती हती. ज्यारे आ सूत्रनी प्रवृत्ति मात्र भाव अर्थमां न करतां अन्य अर्थमां पण ईष्ट छे. माटे पूर्वसूत्रथी आ सूत्रनो पृथक् निर्देश कर्यो छे.

कुप्य-भिद्योद्य-सिध्य-तिष्य-पुष्य-युग्या-ऽऽज्य-सूर्यं नाम्नि ५.१.३९

अ.अ.सू. : कुप्य-भिद्योद्य-सिध्य-तिष्य-पुष्य-युग्या-ऽऽज्य-सूर्यं नाम्नि।

अर्थ : क्यप् प्रत्ययान्त कुप्य, भिद्य, उद्य, सिध्य, तिष्य, पुष्य, युग्य, आज्य अने सूर्य प्रयोगो संज्ञामां निपातन पामे छे.

स. : कुप्य-भिद्योद्य-सिध्य-तिष्य-पुष्य-युग्या-ऽऽज्य-सूर्यम् = कुप्यं च भिद्यश्च उद्यश्च सिध्यश्च तिष्यश्च पुष्यश्च युग्यश्च आज्यश्च सूर्यं चेति।





ઉદા. (૧) **कुप्यं धनम्** = ધન. गोपाय्यते तदिति। (गुपौ रक्षणे-३३२)
આ સૂત્રથી કર્મમાં क्यप्→गुप्+**य**
અને गु નો कु→**कु**प्य
પ્રથમા सि વગેરે→कुप्य**म्**।

(૨) **भिद्यः नदः** = સમુદ્ર.
भिनत्ति कुलानीति। (भिदृंपी विदारणे-१३५५)।
આ સૂત્રથી કર્ત્તામાં क्यप्→भिद्+**य**
પ્રથમા सि વગેરે→भिद्य**ः**।

(૩) **उध्यः नदः** = સમુદ્ર. उज्झत्युदकमिति। (उद्झत् उत्सर्गे-१३५५)
આ સૂત્રથી કર્ત્તામાં क्यप्→उज्झ्+**य**
અને ज्झ् નો ध् નિપાતન→उध्य
પ્રથમા सि વગેરે→उध्य**ः**।

(૪) **सिध्यः** = નક્ષત્ર વિશેષ.
सिध्यन्ति कार्याण्यस्मिन्निति। (षिधूंच् संराद्धौ-११८५)
આ સૂત્રથી અધિકરણમાં क्यप्→सिध्+**य**
પ્રથમા सि વગેરે→सिध्य**ः**।

(૫) **तिष्यः** = નક્ષત્ર વિશેષ.
त्वेषन्ति कार्याण्यस्मिन्निति। (त्विषीं दीप्तौ-९३०)

(૬) **पुष्यः** = નક્ષત્ર વિશેષ.
पुष्यन्ति कार्याण्यस्मिन्निति। (पुषंच् पुष्टौ-११७५)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૭) **युग्यं वाहनम्** = વાહન. युञ्जन्ति तदिति। (युजृंपी योगे-१४७६)
આ સૂત્રથી **કર્મણિમાં** क्यप्→युज्+**य**
અને ज् નો ग् નિપાતન→युग्य
પ્રથમા सि વગેરે→युग्य**म्**।



(૮) **आज्यं घृतम्** = घी. आञ्जन्त्यनेनेति। (अञ्जौप् व्यक्ति०-१४८८)
આ સૂત્રથી કરણમાં क्यप् નિપાતન→आ+आञ्ज्+**य**
અને ञ્નો લોપ→आज्य
પ્રથમા સિ વગેરે→आज्य**म्**।

(૯) **सूर्यो रविः** = सूरज. सरति कर्मसु लोकानिति। (सृं गतौ-२५)
આ સૂત્રથી કર્ત્તામાં क्यप्→सृ+**य**
અને ऋનો उर् નિપાતન→**सु**र्य
भ्वादेर्नामिनो०२.१.६७થી उ દીર્ઘ→**सू**र्य
પ્રથમા સિ વગેરે→सूर्यः।

વિશેષતા :

અહીં સૂત્રમાં कुप्य વગેરે પ્રયોગો કયા કારકવિશેષનાં અર્થમાં કરવાનાં છે. તે જણાવ્યું નથી. પરંતુ બહુલતાનાં અધિકારથી અથવા નિપાતનમાં સામર્થ્યથી તે અનુક્ત પણ ગમ્યમાન જ જાણવું.

दृ-वृग्-स्तु-जुषेति-शासः ५.१.४०

અ.અ.સૂ. : दृ-वृग्-स्तु-जुषेति-शासः धातोः क्यप्।

અર્થ : दृ, वृ, स्तु, जुष्, इ અને शास् ધાતુથી क्यप् પ્રત્યય થાય છે.

સ. : दृ-वृग्-स्तु-जुषेति-शासः = दृश्च वृग् चेति स्तुश्च जुष् च एतिश्च शास् चेति दृवृग्स्तुजुषेतिशास्, तस्मादिति।

ઉદા. (૧) **आदृत्यः** = આદર કરવા યોગ્ય.
आद्रियते इति। (दृङ्त् आदरे-१४६६)
આ સૂત્રથી क्यप्→आ+दृ+**य**
ह्रस्वस्य तः०४.४.११७થી त् આગમ→आदृत्य
પ્રથમા સિ વગેરે→आदृत्यः।

(૨) **प्रावृत्यः** = ઢાંકવા યોગ્ય. प्राव्रियते इति। (वृगट् वरणे-१२९४)

(૩) **अवश्यस्तुत्यः** = અવશ્ય સ્તુતિ કરવા યોગ્ય.
अवश्यं स्तूयते इति। (ष्टुंग्क् स्तुतौ-११२४)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. અને ઉદા.૩માં कृत्येऽवश्यमो०૩.૨.૧૩૮થી म्નો લોપ કરવો. અને સમાસ मयूरव्यंसके०૩.૧.૧૧૬થી કરવો.

(૪) **जुष्यः** = સેવા યોગ્ય. जुष्यते इति। (जुषैति प्रीति-१४७२)

(૫) **इत्यः** = જવા યોગ્ય. ईयते इति। (इंण्क् गतौ-१०७५)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૬) **शिष्यः** = શિષ્ય. शिष्यते इति। (शासूक् अनुशिष्टौ-१०९५)
આ સૂત્રથી क्यप्→शास्+**य**
इसासः०૪.૪.૧૧૮થી आस्નો इस्→**शिस्**+य
नाम्यन्तस्था०૨.૩.૧૫થી स्નો ष्→**शिष्य**
प्रथमा सि વગેરે→शिष्यः।

વિશેષતા :

(૧) અહીં ઉદા.ગત अवश्यस्तुत्यः પ્રયોગમાં આવશ્યક અર્થ ગમ્યમાન હોતે છતે उवर्णादाव०૫.૧.૧૯ સૂત્રથી ष्यण् પ્રત્યયની પ્રાપ્તિ પણ છે. પરંતુ સ્પર્ધે ૭.૪.૧૧૯ પરિભાષાનુસારે પરતયા આ સૂત્ર બળવાન બનતાં આ સૂત્રથી क्यप् જ જાણવો. પરંતુ ष्यण् નહીં.
યદ્યપિ આ સૂત્ર સર્વ અર્થમાં પ્રવર્ત્તે છે. અને તે સૂત્ર માત્ર અવશ્ય અર્થમાં પ્રવર્ત્તે છે. તેથી વિશેષ વિધાનતયા તે સૂત્રની બળવત્તા છે. પરંતુ તે સૂત્ર ઉ વર્ણાન્ત તમામ ધાતુથી પ્રવર્ત્તે છે. જ્યારે આ સૂત્ર માત્ર स्तु ધાતુથી જ પ્રવર્ત્તે છે. તેથી આમાં પણ વિશેષ

વિધાનની સમાનતા જ છે. આમ, વિશેષ વિધાનની સમાનતા હોવાથી પરસૂત્રતયા આ સૂત્રને બળવાન સ્વીકારવામાં આવે છે.

(૨) અહીં સૂત્રમાં એતિ એ પ્રમાણે પદ દ્વારા इंक्-૧૦૭૪ અને इंण्क्-૧૦૭૫ એમ બે ધાતુનું ગ્રહણ કરવું. પણ इं-૧૧ અને इङ्क्-૧૧૦૪ ધાતુનું નહીં. **ઉદા.** उपेयम्, अध्येयम्।

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારોનાં મતે इंक्-૧૦૭૪ ધાતુનો अध्येयम् અને इंण्क्-૧૦૭૫ ધાતુનો उपेयम् પ્રયોગ પણ થાય છે. જ્યારે સ્વમતે अधीत्यम् પ્રયોગ થાય છે.

ऋदुपान्त्यादकृपि-चृदृचः ૫.૧.૪૧

અ.અ.સૂ. : अकृपिचृदृचः ऋदुपान्त्यात् धातोः क्यप्।

અર્થ : કૃપ્, ચૃત્ અને ઋચ્ ધાતુ સિવાયનાં ઋ ઉપાન્ત્યવાળાં ધાતુથી क्यप् પ્રત્યય થાય છે.

સ. : (૧) **ऋदुपान्त्यात्** = ऋत् उपान्त्ये यस्य स इति ऋदुपान्त्यः, तस्मादिति।

(૨) **अकृपिचृदृचः** = कृपिश्च चृत् च ऋच् चेति कृपिचृदृच्, न कृपिचृदृच् इति अकृपिचृदृच्, तस्मादिति।

ઉદા. (૧) **वृत्यम्** = રહેવાં યોગ્ય. वृत्यते इति। (वृतूङ् वर्त्तने-૯૫૫)
આ સૂત્રથી क्यप्→वृत्+**य**
પ્રથમા સિ વગેરે→**वृत्यम्**।

પ્ર.ઉદા. अकृपिचृदृच इति किम्?

(૧) **कल्प्यम्** = કલ્પના કરવા યોગ્ય.
कृप्यते इति। (कृपौङ् सामर्थ्ये-૯૫૯)

शकि-तकि०५.१.२९थी य→कृप्+**य**
लघोरुपा०४.३.४थी गुण→**कर्प्य**
ऋ-र-लृ०२.३.९९थी र्नो ल्→कल्प्य
प्रथमा सि वगेरे→**कल्प्यम्**।

(२) **चर्त्यम्** = હિંસા કરવા યોગ્ય.
चृत्यते इति। (चृतैत् हिंसायाम्-१६३९)
ऋवर्ण-व्यञ्जनाद्०५.१.१७थी घ्यण्→चृत्+**य**
लघोरुपा०४.३.४थी गुण→**चर्त्य**
प्रथमा सि वगेरे→**चर्त्यम्**।

(३) **अर्च्यम्** = સ્તુતિ કરવા યોગ્ય.
ऋच्यते इति। (ऋचत् स्तुतौ-१३४०)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ ધાતુઓનું સૂત્રમાં વર્જન હોવાથી આ સૂત્રથી क्यप् પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

(१) અહીં ધ્યાનમાં લેવું કે, ऋ ઉપાન્ત્યવાળાં ધાતુઓ પ્રાયઃ વ્યંજનાન્ત હોય છે. તેથી વ્યંજનાન્તતયા ऋवर्ण-व्यञ्जनाद्०५.१.१७थी घ्यण्ની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી क्यप् કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

कृ-वृषि-मृजि-शंसि-गुहि-दुहि-जपो वा ५.१.४२

અ.અ.સૂ. : कृ-वृषि-मृजि-शंसि-गुहि-दुहि जपः धातोः क्यप् वा।

અર્થ : कृ, वृष्, मृज्, शंस्, गुह्, दुह् અને जप् ધાતુથી क्यप् પ્રત્યય વિકલ્પે થાય છે.

स. : **कृ-वृषि-मृजि-शंसि-गुहि-दुहि-जपः** = कृश्च वृषिश्च मृजिश्च शंसिश्च गुहिश्च दुहिश्च जप् चेति कृवृषिमृजिशंसिगुहिदुहिजप्, तस्मादिति।

उदा. (१) **कृत्यम्/कार्यम्** = કરવાં યોગ્ય.
क्रियते इति। (डुकृंग् करणे-८८८)
આ સૂત્રથી क्यप्→कृ+**य**
ह्रस्वस्य तः०४.४.११३थी त् आगम→कृत्य
પ્રથમા સિ વગેરે→कृत्य**म्**।
વિકલ્પે : જ્યારે क्यप् ન થાય ત્યારે,
ऋवर्ण०५.१.१७थी घ्यण्→कृ+**य**
नामिनोऽक०४.३.५१थी वृद्धि→**कार्य**
પ્રથમા સિ વગેરે→कार्य**म्**।

(२) **वृष्यम्/वर्ष्यम्** = વરસવા યોગ્ય.
वृष्यते इति। (वृष सेचने-५२७)
આ સૂત્રથી क्यप्→वृष्+**य**
પ્રથમા સિ વગેરે→वृष्य**म्**।
વિકલ્પે : જ્યારે क्यप् ન થાય ત્યારે,
ऋवर्ण०५.१.१७थी घ्यण्→वृष्+**य**
लघोरुपा०४.३.४थी गुण→**वर्ष्य**
પ્રથમા સિ વગેરે→वर्ष्य**म्**।

(३) **मृज्यम्/मार्ग्यम्** = સાફ કરવા યોગ્ય.
मृज्यते इति। (मृजौक् शुद्धौ-१०९७)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.
વિકલ્પે : જ્યારે क्यप् ન થાય ત્યારે,
ऋवर्ण-व्यञ्जनाद्०५.१.१७थी घ्यण्→मृज्+**य**



लघोरुपा०४.३.४थी गुण→**मर्ज्**+य
मृजोऽस्य०४.३.४२थी वृद्धि→**मार्ज्**+य
क्तेऽनिटश्च०४.१.१११थी ज्नो ग्→मार्ग्य
प्रथमा सि वगेरे→मार्ग्य**म्**।

(४) **शस्यम्/शंस्यम्** = કહેવાં યોગ્ય.
शस्यते इति। (शंसू स्तुतौ च-५५०)
આ સૂત્રથી क्यप्→शंस्+**य**
नो व्यञ्जनस्या०४.२.४५थी न्नो लोप→**शस्य**
प्रथमा सि वगेरे→शस्य**म्**।
વિકલ્પે : જ્યારે क्यप् न थाय त्यारे,
पूर्वप्रमाणे घ्यण् वगेरे थतां→**शंस्यम्**।

(५) **गुह्यम्/गोह्यम्** = છુપાવવાં યોગ્ય.
गुह्यते इति। (गुहौग् संवरणे-९३५)

(६) **दुह्यम्/दोह्यम्** = દોહવાં યોગ્ય.
दुह्यते इति। (दुहींक् क्षरणे-११२७)

(७) **जप्यम्/जाप्यम्** = જાપ કરવાં યોગ્ય.
जप्यते इति। (जप मानसे च-३३८)
આ ઉદા.ની साधनिका पूर्वप्रमाणे જાણવી.

વિશેષતા :

(१) અહીં ધ્યાનમાં લેવું કે, સૂત્રમાં જણાવેલાં ધાતુઓમાં પણ जप् ધાતુ प वर्गान्त होवाथी આ સૂત્રનાં વિકલ્પપક્ષે शकि-तकि०५.१.२९ સૂત્રથી घ्यण् પ્રત્યયનાં અપવાદભૂત य પ્રત્યય પ્રાપ્ત થયો હતો. પરંતુ તેનો य પ્રત્યયાન્ત



અને क्यप् પ્રત્યયાન્ત પ્રયોગ બંને સમાન જ થાય છે. અને તેવો પ્રયોગ શકિ-તકિ૦૫.૧.૨૯થી જ સિદ્ધ હોવા છતાં પણ આ સૂત્રમાં जप् ધાતુનું જે ગ્રહણ કર્યું છે. તે ગ્રહણનાં સામર્થ્યથી જ जप् ધાતુને પણ વિકલ્પે घ्यण् પ્રત્યયની પ્રાપ્તિ જાણવી.

जि-विपू-न्यो हलि-मुञ्ज-कल्के ૫.૧.૪૩

અ.અ.સૂ. : जि-विपू-न्यः हलि-मुञ्ज-कल्के क्यप्।

અર્થ : जि ધાતુ તેમજ वि પૂર્વક पू અને नी ધાતુથી અનુક્રમે हलि, मुञ्ज અને कल्क સ્વરૂપ કર્મ હોતે છતે क्यप् પ્રત્યય થાય છે.

સ. : (૧) जि-विपू-न्यः = पूश्च नीश्चेति पून्यौ, विपूर्वौ पून्यौ, इति विपून्यौ, जिश्च विपून्यौ चेति जिविपूनी, तस्मादिति।

(૨) **हलि-मुञ्ज-कल्के** = हलिश्च मुञ्जश्च कल्कश्चेति हलिमुञ्जकल्कम् तस्मिन्निति।

ઉદા. (૧) जित्यो हलिः = જીતવા યોગ્ય હળવાળી વ્યક્તિ. जीयते निपुणेन इति। (जिं अभिभवे-८)

(૨) **विपूयो मुञ्जः** = સાફ કરવાં યોગ્ય ઘાસ વિશેષ. विपवितव्य इति। (पूङ् पवने-६००)

(૩) **विनीयः कल्कः** = દૂર કરવાં યોગ્ય કલહ. विनेतव्य इति। (णींग् प्रापणे-८८४)
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ ઉદા. પ્રમાણે જાણવી. પરંતુ क्यप्નું વિધાન આ સૂત્રથી કરવું.



પ્ર.ઉદા. हलि-मुञ्ज-कल्क इति किम् ?

(૧) **जेयम्** = જીતવા યોગ્ય. जीयते इति।
य एच्चाऽतः०५.१.२८थी य→जि+**य**
नामिनो गुणो०४.३.१थी गुण→**जे**य
प्रथमा सि वगेरे→जेय**म्**।

(૨) **विपव्यम्** = સાફ કરવાં યોગ્ય. विपूयते इति।

(૩) **विनेयम्** = દૂર કરવાં યોગ્ય. विनीयते इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ ઉદા.૨માં ओ નો अव् व्यक्ये १.२.२५થી કરવો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ हलि, मुञ्ज, कल्क કર્મ હોતે છતે થાય છે. જ્યારે અહીં ભાવે પ્રયોગ છે. માટે આ સૂત્રથી क्यप् થયો નહીં.

વિશેષતા :

(૧) સૂત્રનિર્દિષ્ટ पू ધાતુ દ્વારા **निरनुबन्धग्रहणे सामान्येन २/५** ન્યાયાનુસારે पूङ्-६०० અને पूञ्-५१८ એ પ્રમાણે બંને ધાતુઓનું ગ્રહણ થાય છે.

(૨) સૂત્રમાં દર્શાવેલ નિમિત્તદર્શક हलिमुञ्जकल्के પદ અને કાર્યીદર્શક जि-विपू-न्यः પદની સંખ્યા અને વચન સમાન હોવાથી **यथासङ्ख्य०१/१०** ન્યાયાનુસારે તે બંને વચ્ચે અનુક્રમની પ્રાપ્તિ થાય છે.

(૩) સૂત્રગત विपू-न्यः પદમાં રહેલ वि નો અન્વય **द्वन्द्वात्परः प्रत्येकमभिसम्बध्यते ३/१५** ન્યાયાનુસારે દ્વન્દ્વ સમાસનાં ઘટકીભૂત पू અને नी સાથે કરવો.



અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો આ સૂત્રનાં વિષય તરીકે પૂङ्-६०० ધાતુનું જ ગ્રહણ કરે છે. પણ પૂગ્-૫૧૮ ધાતુનું નહીં.

पदा-ऽस्वैरि-बाह्या-पक्ष्ये ग्रहः ५.१.४४

અ.અ.સૂ. : पदा-ऽस्वैरि-बाह्या-पक्ष्ये ग्रहः धातोः क्यप्।

અર્થ : પદ, પરતન્ત્ર, બાહ્ય અને પક્ષ્ય અર્થમાં ગ્રહ્ ધાતુથી ક્યપ્ પ્રત્યય થાય છે.

સ. : पदा-ऽस्वैरि-बाह्या-पक्ष्ये = पदश्च अस्वैरी च बाह्या च पक्ष्यश्चेति पदा-ऽस्वैरि-बाह्या-पक्ष्यमिति तस्मिन्निति।

ઉદા. (૧) **प्रगृह्यं पदम्** = પાણિની દ્વારા સંકેતિત પદ વિશેષ.
प्रगृह्यते इति। (ग्रहीश् उपादाने-१५१७)
આ સૂત્રથી क्यप्→प्र+ग्रह्+**य**
ग्रह-व्रश्च०४.१.८४થી र्नो ऋ→**प्रगृह्य**
પ્રથમા સિ વગેરે→**प्रगृह्यम्**।

(૨) **गृह्याः परतन्त्राः** = (રાગાદિ વડે) પરતન્ત્ર (એવો કામી).
रागादिना परतन्त्रतया गृह्यन्ते इति।

(૩) **ग्रामगृह्याः बाह्याः** = ગામથી બહાર ગ્રહણ કરવા યોગ્ય શ્રેણીઓ. ग्रामात् गृह्या इति।

(૪) **गुणगृह्या गुणपक्ष्याः** = ગુણ વડે ગ્રહણ કરવા યોગ્ય.
गुणैः गृह्या इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં સૂત્રગત पद શબ્દનું તાત્પર્ય જણાવવાં માટે म.वृ. વગેરેમાં જણાવ્યું છે કે, विशेषेण ज्ञायते इति प्रगृह्यं

પદમ્, યત્ સ્વરેણ ન સંધીયતે અર્થાત્ જે સ્વયં જાતે જ જણાઈ જાય અથવા વિવક્ષિત અર્થને વિશેષથી જણાવે તે પદ કહેવાય છે. તથા તેઓ અગ્ની ઇતિ ઇત્યાદિ રૂપે સંધિને પામતાં નથી. યદ્યપિ ઉપરોક્ત તાત્પર્ય દ્વારા પદનાં અવયવભૂત દ્વિવચન વગેરેને પ્રગૃહ્ય સંજ્ઞા થાય છે. પરંતુ અવયવનાં ધર્મનો તત્સમુદાયભૂત અવયવીમાં પણ ઉપચાર થતો હોવાથી પદમાં પણ પ્રગૃહ્ય સંજ્ઞાનો વ્યવહાર થઈ શકે છે.

(૨) અહીં સૂત્રમાં બાહ્યા એ પ્રમાણે જે સ્ત્રીલિંગનો નિર્દેશ કર્યો છે. તે વિવક્ષિત અર્થમાં લિંગનો વ્યવચ્છેદ કરવા માટે છે. જ્યારે પદમ્ વગેરે અર્થમાં લિંગ વિશેષનો નિર્દેશ ન હોવાથી ત્રણેય લિંગમાં પ્રયોગ સંભવી શકે છે.

(૩) અહીં ઉદા.માં ગ્રામગૃહ્યાઃ પદનો અર્થ બૃ.વૃ. વગેરેમાં શ્રેણિ એ પ્રમાણે દર્શાવ્યો છે. તે શ્રેણિ શબ્દ પંક્તિ અને સમૂહ એમ બંને અર્થમાં અનુક્રમે સ્ત્રીલિંગ અને પુંલિંગ અર્થમાં વર્ત્તે છે. તથા સામાન્યતયા પૂર્વકાળમાં ગૃહાદિની ક્રમબદ્ધ ગોઠવણને શ્રેણિ કહેવાતી હતી. તેથી તેનો અર્થ ગામની બહાર રહેલાં કેટલાંક સજાતીય શિલ્પીઓનો સમૂહ એ પ્રમાણે જાણવો.

(૪) આ સૂત્ર પણ પૂર્વસૂત્રની જેમ જ ષ્યણ્ પ્રત્યયનાં અપવાદભૂત જાણવું.

भृगोऽसंज्ञायाम् ५.१.४५

અ.અ.સૂ. : भृगः धातोः असंज्ञायां क्यप्।

અર્થ : भृ ધાતુથી અસંજ્ઞામાં क्यप् પ્રત્યય થાય છે.

સ. : असंज्ञायाम् = न संज्ञा इति असंज्ञा, तस्यामिति।

ઉદા. (૧) भृत्यः पोष्यः = ભરણ-પોષણ કરવા યોગ્ય.
भ्रियते इति। (टुडुभृंग्क् पोषणे च-११४०)
આ સૂત્રથી क्यप्→भृ+**य**
ह्रस्वस्य तः०४.४.११३થી त् આગમ→भृत्य
प्रथमा सि વગેરે→भृत्यः।

પ્ર.ઉદા. असंज्ञायामिति किम्? भार्या पत्नी = પત્ની. भ्रियते इति।
ऋवर्णव्यञ्जनाद्०५.१.१७થી घ्यण्→भृ+**य**
नामिनोऽकलि०४.३.५१थी वृद्धि→**भार्य**
आप् વગેરે→**भार्या**।

★ આ સૂત્રમાં સંજ્ઞા અર્થનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી क्यप् પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રનિર્દિષ્ટ भृगः પદ દ્વારા भृंग्-८८६ અથવા टुडुभृंग्क्-११४० ધાતુનું ગ્રહણ કરવું. પણ અન્ય ધાતુનું નહીં.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, આગામી भृगो नाम्नि ५.३.९८થી સંજ્ઞામાં પણ क्यप् પ્રત્યય થાય છે. પરંતુ તે માત્ર ભાવે અર્થમાં જ થતો હોવાથી આ સૂત્રને બાધિત કરતો નથી. **ઉદા.** कुमारस्य भरणमिति कुमारभृत्याः।

समो वा ५.१.४६

अ.अ.सू. : समः भृगः धातोः (असंज्ञायां) क्यप् वा ।

अर्थ : सम् उपसर्गपूर्वक भृ धातुथी (असंज्ञानां विषयमां) क्यप् प्रत्यय विकल्पे थाय छे.

उदा. संभृत्यः/संभार्यः = सारी रीते भरण-पोषण करवा योग्य.
संभ्रियते इति। (टुडुभृंग्क् पोषणे च-११४०)
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी. परंतु क्यप् प्रत्ययनुं आ सूत्रथी विकल्पे विधान करवुं.

विशेषता :

(१) अहीं टीकामां असंज्ञानो निर्देश कर्यो नथी. परंतु **उत्सर्गसमानादेशाः अपवादाः** पंक्त्यनुसारे आ सूत्र पण असंज्ञानां विषयमां ज प्रवृत्त थतुं जाणवुं. संज्ञानां विषयमां तो संभार्यः एवो ज प्रयोग थशे.

(२) यद्यपि पूर्वसूत्र (भृगोऽसंज्ञायाम् ५.१.४५) उपसर्ग सहित धातुथी पण प्रवर्त्तवानुं ज हतुं. परंतु सम् पूर्वक भृ धातुथी विकल्पे क्यप् प्रत्यय करवा माटे आ सूत्रनो निर्देश जाणवो.

ते कृत्याः ५.१.४७

अ.अ.सू. : ते कृत्याः ।

अर्थ : घ्यण्, तव्य, अनीय, य अने क्यप् प्रत्ययो कृत्यसंज्ञक थाय छे.

વિશેષતા :

(૧) **કૃત્યસંજ્ઞાનાં પ્રદેશો :** તત્ સાપ્યાઽનાપ્યાત્ કર્મ-ભાવે કૃત્ય-ક્ત-ખલર્થાશ્ચ ૩.૩.૨૧ વગેરે.

णक-तृचौ ५.१.४८

અ.અ.સૂ. : धातोः कर्त्तरि णक-तृचौ।

અર્થ : ધાતુથી કર્ત્તા અર્થમાં णक અને तृच् પ્રત્યય થાય છે.

સ. : णक-तृचौ = णकश्च तृच् चेति।

ઉદા. (૧) **पाचकः** = રાંધનાર. पचतीति। (डुपचींष् पाके-८९२)
આ સૂત્રથી કર્ત્તામાં णक→पच्+**अक**
ञ्णिति ४.३.५०થી વૃદ્ધિ→**पा**चक
પ્રથમા સિ વગેરે→पाचकः।

(૨) **पक्ता** = રાંધનાર. पचतीति।
આ સૂત્રથી કર્ત્તામાં तृच्→पच्+**तृ**
चजः०२.१.८६થી च्નો क्→**पक्तृ**
પ્રથમા સિ વગેરે→**पक्ता**।

વિશેષતા :

(૧) આ બંને પ્રત્યયનાં વિષયમાં વ્યાકરણનાં કોઈ પણ સૂત્ર દ્વારા અર્થવિશેષનો નિર્દેશ કર્યો નથી. તેથી कर्त्तरि ५.१.३ એ પ્રમાણે અધિકાર સૂત્ર દ્વારા णक અને तृच् પ્રત્યય સામાન્યતઃ કર્ત્તરિ અર્થમાં થાય છે.

(૨) અહીં સૂત્રનિર્દિષ્ટ णक પ્રત્યયમાં ण् અનુબન્ધ વૃદ્ધિ માટે છે. અને तृच् પ્રત્યયમાં च् અનુબન્ધ त्रन्त्यस्वरादेः ७.४.४૩માં સામાન્ય ગ્રહણમાં સહાયક છે.

અહીં तृच् પ્રત્યયનાં વિષયમાં આશય એ છે કે, त्रन्त्यस्वरादेः ૭.૪.૪૩માં तृच् અને तृन् એમ બે પ્રત્યયનું ગ્રહણ ઈષ્ટ છે. જે માત્ર तृ પદ દ્વારા કર્યું છે. જો આ સૂત્રમાં च्નું અનુબન્ધતયા ગ્રહણ ન કરવામાં આવે તો **निरनुबन्धग्रहणे सामान्येन ૨/૫** ન્યાયાનુસારે तृ પદ દ્વારા માત્ર तृच्નું જ ગ્રહણ થાય પણ तृन्નું નહીં. વળી જો બંને પ્રત્યયને तृ એ પ્રમાણે નિરનુબન્ધ કરી દેવામાં આવે તો બંનેમાં કોઈ ભેદ રહેશે નહીં. એ પણ શાસ્ત્રની પ્રક્રિયામાં ઈષ્ટ નથી. જેમકે, तृन्नुदन्ता० ૨.૨.૯૦ જેવાં કેટલાંક સૂત્રોમાં માત્ર तृन् પ્રત્યયનું જ ગ્રહણ છે. પણ तृच्નું નહીં. આમ, ઉપરોક્ત અવરોધનો બાધ કરવા માટે અહીં तृच् પ્રત્યયમાં च्કાર એ પ્રમાણે સામાન્ય અનુબન્ધનું ગ્રહણ કરવામાં આવ્યું છે.

अच् ૫.૧.૪૯

અ.અ.સૂ. : धातोः कर्त्तरि अच्।

અર્થ : ધાતુથી કર્ત્તા અર્થમાં अच् પ્રત્યય થાય છે.

ઉદા. (૧) **करः** = કરનાર. करोतीति। (डुकृंग् करणे-૮૮૮)
આ સૂત્રથી अच्→कृ+**अ**
નામિનો गुणो०૪.૩.૧થી ગુણ→**कर**
પ્રથમા સિ વગેરે→**करः**।

(૨) **हरः** = હરનાર. हरतीति। (हृंग् हरणे-૮૮૫)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં अच् પ્રત્યયમાં च् અનુબન્ધ अचि ૩.૪.૧૫માં અન્ય અ પ્રત્યયોની સાથે ભેદ દર્શાવી માત્ર अच् પ્રત્યયનું જ ગ્રહણ કરવા માટે છે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, अच् પ્રત્યયની જેમ જ પૂર્વસૂત્રમાં સર્વ ધાતુથી णक અને तृच् પ્રત્યયનું પણ કર્ત્તા અર્થમાં વિધાન કર્યું છે. તેથી, णक અને तृच् પ્રત્યય ઔત્સર્ગિક વિધિ છે. અને अच् પ્રત્યય આપવાદિક વિધિ છે. પણ णक, तृच् અને अच् પ્રત્યય સમાન રૂપવાળાં અર્થાત્ સરૂપ નથી. તેથી असरुपोऽपवादे०૫.૧.૧૬થી વિહિત વિકલ્પ દ્વારા ત્રણેય પ્રત્યય થશે. અને પરસ્પર બાધ્ય-બાધકભાવ રહેશે નહીં. જેમકે, पाचकः, पक्ता, पचः।

लिहादिभ्यः ૫.૧.૫૦

અ.અ.સૂ. : लिहादिभ्यः धातुभ्यः कर्त्तरि अच्।

અર્થ : લિહ્ વગેરે ધાતુઓથી કર્ત્તા અર્થમાં अच् પ્રત્યય થાય છે.

સ. : लिहादिभ्यः = लिह् आदिर्येषां ते इति लिहादयः, तेभ्य इति।

ઉદા. (૧) **लेहः** = ચાટનાર. लेढीति। (लिहींक् आस्वादने-૧૧૨૯)
આ સૂત્રથી अच्→लिह्+**अ**
लघोरुपा०૪.૩.૪થી ગુણ→**लेह**
પ્રથમા સિ વગેરે→लेहः।

(૨) **शेषः** = બાકી રહેનાર. शिनष्टीति।
(शिष्लृंप् विशेषणे-૧૪૯૨)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) **लिहादि गण :** लेह, शेष, सेव, देव, मेथ, मेष, मेघ, देह, प्ररोह, न्यग्रोध, कोप, गोप, सर्प, नर्त, दर्श श्वपच, पारापात, कद्वद, यद्वद, अरीव्रणा, जारभरा, कन्यावर, रघूद्वह, रसावह नदी, भषी, प्लवी, गरी, चरी, तरी, दरी, स्तरी, सूदी, देवी, सेवी, चोरी, गाही વગેરે સૂત્રમાં બ.વ. આકૃતિગણ માટે છે. તેથી ગણમાં નહીં કહેવાયેલા ધાતુઓથી પણ આ સૂત્ર દ્વારા अच् પ્રત્યય થઈ શકે છે. જેમકે, વશા, અમર, ક્ષમ, રણ, શ્લેષ, અજગર જેવાં પ્રયોગો પણ થાય છે.

(૨) અહીં લિહાદિ ગણ અંતર્ગત જે નદી, ભષી વગેરે સ્ત્રીલિંગ શબ્દો દર્શાવ્યાં છે. તે આ સૂત્રથી થયેલ अच् પ્રત્યયાન્ત જ છે. પણ ગૌરાદિ ગણ અંતર્ગત પણ હોવાથી તેઓને गौरादिभ्यो २.४.१९થી સ્ત્રીલિંગનો ङी પ્રત્યય પણ થયેલ છે.

જિ. : પૂર્વસૂત્ર अच् ૫.૧.૪૯ દ્વારા તમામ ધાતુઓને अच् પ્રત્યયનું વિધાન કર્યું જ છે. જેમાં લિહાદિ ધાતુ પણ આવી જ જાય. તો આમ, પૃથક્ વિધાન કરવાનું પ્રયોજન શું છે ?

સમા. : વસ્તુતઃ આગામી नाम्युपान्त्य०૫.૧.૫૪ સૂત્રો દ્વારા अच् પ્રત્યયની સાથે સરૂપ એવા क વગેરે પ્રત્યયનો નિર્દેશ કરવામાં આવશે. તેના દ્વારા अच् પ્રત્યયનો બાધ થાય છે. પરંતુ લિહાદિ ધાતુઓનાં વિષયમાં તેઓનો પણ બાધ કરીને अच् પ્રત્યય કરવા માટે આ સૂત્રનો પૃથક્ નિર્દેશ કર્યો છે.

ब्रुवः ५.१.५१

અ.અ.સૂ. : ब्रुवः ।

અર્થ : બ્રૂ ધાતુનો અચ્ પ્રત્યય પર છતાં બ્રુવ્ આદેશ નિપાતન પામે છે.

ઉદા. (૧) ब्राह्मणब्रुवः = પોતાને બ્રાહ્મણ માનનાર.
ब्राह्मणमात्मानं ब्रूते इति। (ब्रूंग्क् व्यक्तायां वाचि-११२५)
अच् ५.१.४९थी अच्→ब्राह्मण+ब्रू+**अ**
थी समास→ब्राह्मणब्रू+अ
आ सूत्रथी ब्रुव् निपातन→ब्राह्मण**ब्रुवः** ।

વિશેષતા :

ब्राह्मणमात्मानं ब्रूते એ પ્રમાણેની અર્થ વિવક્ષામાં कर्मणोऽण् ५.१.७२ સૂત્રથી अण् પ્રત્યય લાગવાની પ્રાપ્તિ હતી. પરંતુ હવે આ સૂત્ર દ્વારા તેનો બાધ કરીને अण्નો જ अच् આદેશ કરીને નિપાતન કરવામાં આવે છે. યદ્યપિ અહીં માત્ર अण् પ્રત્યયનો જ બાધ નથી કરાયો. પણ अस्ति-ब्रुवो०४.४.१थી થનાર બ્રૂ ધાતુનાં वच् આદેશનો તથા नामिनो० ४.३.१थી પ્રાપ્ત ગુણનો પણ આ સૂત્રની નિપાતન પ્રક્રિયા દ્વારા બાધ થાય છે. અન્યથા ब्राह्मणवाचः એવો અનિષ્ટ પ્રયોગ થાત.

नन्द्यादिभ्योऽनः ५.१.५२

અ.અ.સૂ. : नन्द्यादिभ्यः धातुभ्यः कर्त्तरि अनः ।

અર્થ : નન્દન વગેરે નામ ગણમાં નિર્દેશ કરેલ નન્દિ વગેરે ધાતુઓથી કર્ત્તા અર્થમાં अन પ્રત્યય થાય છે.

સ. : नन्द्यादिभ्यः = नन्दिरादिर्येषां ते इति नन्द्यादयः, तेभ्य इति।

ઉદા. (૧) **नन्दनः** = આનન્દ આપનાર.
नन्दयतीति। (टुनदु समृद्धौ-३१२)
उदितः स्वरा०४.४.९८थी न् આગમ→नन्द्
प्रयोक्तृ०३.४.२०थी णिग्→नन्द्+**इ**
આ સૂત્રથી અન→नन्दि+**अन**
णेरनिटि ४.३.८३थी णिग्નો લોપ→नन्दन
પ્રથમા સિ વગેરે→नन्दनः।

(૨) **वाशनः**[1] = બોલાવનાર. वाशयतीति। (वाशिच् शब्दे-१२७९)

(૩) **सहनः** = સહન કરનાર. सहते इति। (षहि मर्षणे-९९०)

(૪) **संक्रन्दनः** = ઇન્દ્ર. संक्रन्दतीति। (क्रदुङ् वैकल्ये-१००७)

(૫) **सर्वदमनः** = સર્વનું દમન કરનાર.
सर्वं दमयतीति। (दमूच् उपशमे-१२३१)

(૬) **नर्दनः** = અવાજ કરનાર. नर्दयतीति। (नर्द शब्दे-३०२)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) **नन्द्यादि ગણ દ્વારા સિદ્ધ થતાં પ્રયોગો :** नन्दनः, वाशनः, मदनः, दूषणः, साधनः, वर्धनः, शोभनः, रोचनः, सहनः, रमणः, दमनः, विरोचनः, विकर्तनः, तपनः, प्रतर्दनः, दहनः, यवनः, पवनः, लवणः, संक्रन्दनः, संकर्षणः, संहर्षणः, सर्वदमनः, जनार्दनः, वित्तविनाशनः, मधुसूदनः, रिपुदमनः, कुलदमनः, परार्दनः, रोगनाशनः, अरिसूदनः, नर्दनः, विभीषणः, भूषणः, दर्पणः, जल्पनः વગેરે.
સૂત્રમાં બ.વ. આકૃતિ ગણ માટે છે. તેથી ઉપરોક્ત સિવાયનાં અન્ય પણ પ્રયોગો આ સૂત્ર દ્વારા સિદ્ધ થઈ શકે છે.

---

१. લ.વૃ.માં वासनः પ્રયોગ દર્શાવેલ છે.

જિ. : અહીં સૂત્રમાં ગણ તરીકે नन्द्यादिभ्यः એ પ્રમાણે नन्द् વગેરે ધાતુઓનો નિર્દેશ છે. તો भू.वृ. વગેરેમાં नन्दनः, वाशनः વગેરે નામોનો ગણ તરીકે નિર્દેશ શા માટે કર્યો છે ?

સમા. : અહીં ગણમાં अन प्रत्यय સહિત નામો જ દર્શાવ્યાં છે. તે વિશિષ્ટ-વિષયતા અને રૂપનિગ્રહ માટે છે. અર્થાત્ ગણમાં જે ઉપસર્ગ કે ઉપપદ પૂર્વકનાં રૂપો જે ધાતુનાં દર્શાવ્યાં છે. તે ધાતુથી તે ઉપસર્ગ કે ઉપપદ સહિત જ अन प्रत्यय પ્રવર્ત્તશે. અન્ય ઉપપદ કે અન્ય ઉપસર્ગ સહિત નહીં. તથા જે ધાતુ નિરૂપસર્ગતયા જણાવ્યાં છે. તે ધાતુ ઉપસર્ગ-રહિતપણે જ આ સૂત્રનાં વિષયભૂત બનશે, અન્યથા નહીં. આમ, ઉપસર્ગ, ઉપપદ આદિનું નિયંત્રણ કરવા માટે એ પ્રમાણે નિર્દેશ કર્યો છે. આ વાત આગામી સૂત્રમાં પણ જાણવી.

ग्रहादिभ्यो णिन् ५.१.५३

અ.અ.સૂ. : ग्रहादिभ्यः धातुभ्यः कर्त्तरि णिन्।

અર્થ : ગ્રાહી વગેરે નામ ગણમાં નિર્દેશ કરેલ ગ્રહ્ વગેરે ધાતુઓથી કર્ત્તા અર્થમાં णिन् પ્રત્યય થાય છે.

સ. : ग्रहादिभ्यः = ग्रह् आदिर्येषां ते इति ग्रहादयः, तेभ्य इति।

ઉદા. (૧) ग्राही = ગ્રહણ કરનાર. गृह्णातीति।
(ग्रहीश् उपादाने-१५१७)
આ સૂત્રથી णिन्→ग्रह्+**इन्**
ञ्णिति ४.३.५०થી વૃદ્ધિ→**ग्राहिन्**
પ્રથમા सि વગેરે→**ग्राही**।

(૨) **स्थायी** = રહેનાર. (ष्ठां गतिनिवृत्तौ-५)
આ સૂત્રથી णिन्→स्था+**इन्**
आत ए:०४.३.५३થી આ નો ऐ→**स्थै**+इन्
एदैतोऽ०१.२.२३થી आय्→**स्थायिन्**
પ્રથમા સિ વગેરે→स्था**यी**।

વિશેષતા :

(૧) **ગ્રહાદિ ગણ દ્વારા સિદ્ધ થતાં પ્રયોગો :** ગ્રાહી, સ્થાયી, ઉપસ્થાયી, મન્ત્રી, સંમર્દી, ઉપરોધી, અવરોધી, અપરાધી, ઉત્સાહી, ઉદ્ગાસી, ઉદ્ભાસી, નિશ્રાવી, નિશાયી, નિવેશી, નિવાસી, નિવાયી, નિરક્ષી, અવ્યાહારી, અસંવ્યવહારી, અયાચી, અવ્રાજી, અવાદી, અવાસી, અકારી, અહારી, વિભાવી, અભિભાવી, વિભાવી/વિભવી, પરિભાવી/પરિભવી વિશયી, વિષયી વગેરે. સૂત્રમાં બ.વ. આકૃતિગણ માટે છે. તેથી ઉપરોક્ત સિવાયનાં અન્ય પ્રયોગો પણ આ સૂત્ર દ્વારા સિદ્ધ થઈ શકે છે.

(૨) અહીં પણ પૂર્વસૂત્રની જેમ જ વિશિષ્ટ વિષયતાર્થતામાં ઉપસર્ગ, ઉપપદ આદિનું નિયંત્રણ કરવા માટે ગણપાઠમાં ધાતુનાં સ્થાને णिन् પ્રત્યયાન્ત નામો જ જણાવવામાં આવ્યા છે.

नाम्युपान्त्य-प्री-कृ-गृ-ज्ञः कः ૫.૧.૫૪

અ.અ.સૂ. : नाम्युपान्त्य-प्री-कृ-गृ-ज्ञः धातोः कर्त्तरि कः।

અર્થ : નામી સ્વર ઉપાન્ત્યવાળાં તેમજ પ્રી, કૃ, ગૃ અને જ્ઞા ધાતુઓથી કર્ત્તા અર્થમાં ક પ્રત્યય થાય છે.



સ. : **नाम्युपान्त्य-प्री-कृ-गृ-ज्ञः** = નામી ઉપાન્ત્યો યેષાં તે इति नाम्युपान्त्याः, नाम्युपान्त्याश्च प्रीश्च कृश्च गृश्च ज्ञा चेति नाम्युपान्त्य-प्री-कृ-गृ-ज्ञ्, तस्मादिति।

ઉદા. (૧) **विक्षिपः** = ફેંકનાર. विक्षिप्यतीति। (क्षिपंच् प्रेरणे-११५८)
આ સૂત્રથી क→वि+क्षिप्+**अ**
પ્રથમા સિ વગેરે→विक्षिपः।

(૨) **प्रियः** = પ્રેમ કરનાર. प्रीणातीति। (प्रींग्श् तृप्ति-१५१०)
આ સૂત્રથી क→प्री+**अ**
संयोगात् २.१.५२थी इय्→**प्रिय**
પ્રથમા સિ વગેરે→प्रियः।

(૩) **किरः** = વિખેરનાર. किरतीति। (कृत् विक्षेपे-१३३४)
આ સૂત્રથી क→कृ+**अ**
ऋतां क्ङि०४.४.११६थी इर्→**किर्**+अ
પ્રથમા સિ વગેરે→किरः।

(૪) **गिरः** = ગળનાર. गिरतीति। (गृत् निगरणे-१३३५)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૫) **ज्ञः** = જાણનાર. जानातीति। (ज्ञांश् अवबोधने-१५४०)
આ સૂત્રથી क→ज्ञा+**अ**
इडेत्पुसि०४.३.८४थी आ નો લોપ→**ज्ञ्**+अ
પ્રથમા સિ વગેરે→ज्ञः।

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં कः એ પ્રમાણે अ પ્રત્યયનું વિધાન કર્યું છે. તેમાં ગુણનિષેધ આદિ કિત્ કાર્યોની પ્રાપ્તિ કરવા માટે क् અનુબન્ધનું ગ્રહણ કર્યું છે.



(૨) અહીં સૂત્રમાં સામાન્યતયા નામ્યુપાન્ત્ય ધાતુઓનો નિર્દેશ કર્યો છે. પણ काष्ठं भिनत्ति इति काष्ठभेदः જેવા પ્રયોગોમાં भिद् ધાતુ નામ્યુપાન્ત્યવાળો હોવા છતાં પણ कर्मणोऽण् ૫.૧.૭૨થી अण् પ્રત્યય જ પ્રાપ્ત કરશે. વસ્તુતઃ અહીં कः અને अण् પ્રત્યય બંને સરૂપ હોવાથી असरुपोऽपवादे०૫.૧.૧૬થી પરસ્પર વિકલ્પે પ્રવર્ત્તતાં નથી. તેથી काष्ठभेदः જેવાં પ્રયોગોમાં સ્પર્ધે ૭.૪.૧૧૯ પરિભાષાનુસારે कर्मणोऽण् ૫.૧.૭૨થી લાગતો अण् પ્રત્યય જ થાય છે.

गेहे ग्रहः ૫.૧.૫૫

અ.અ.સૂ. : ग्रहः धातोः गेहे कर्त्तरि कः।

અર્થ : ગ્રહ્ ધાતુથી ઘર સ્વરૂપ કર્ત્તા અર્થમાં क પ્રત્યય થાય છે.

ઉદા. (૧) गृहम् = ઘર.
गृह्णाति पुरुषोपार्जितं वित्तमिति। (ग्रहीश् उपादाने-૧૫૧૭)
આ સૂત્રથી क→ग्रह्+**अ**
ग्रह-व्रश्च०૪.૧.૮૪થી ष्वृत्→**गृह्**+अ
પ્રથમા સિ વગેરે→**गृहम्**।

(૨) **गृहाः** = ઘરો. गृह्णन्ति पुरुषोपार्जितानि वित्तानीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) गृह શબ્દ પુંલિંગ અને નપુંસકલિંગ એમ બંને લિંગમાં વપરાય છે. પણ પુંલિંગમાં બહુવચનાન્ત જ વપરાય છે. આનો નિર્દેશ અમરકોશમાં પણ કર્યો છે. **ઉદા.** गृहाः पुंसि भूम्न्येव।

(૨) અહીં ક પ્રત્યય કર્ત્તરિમાં કરવામાં આવ્યો છે. તેથી गृह्णाति पुरुषोपार्जितं द्रव्यम् એ પ્રમાણે વિગ્રહાનુસારે गृह શબ્દ દ્વારા ઘર જ વાચ્ય બને છે. યદ્યપિ गृहिणी गृहमुच्यते વગેરે આલંકરિક ઉપચારભાષા વડે ઉપચારથી પત્નીને પણ गृह કહેવાય છે.

उपसर्गादातो डोऽश्यः ५.१.५६

અ.અ.સૂ. : उपसर्गात् अश्यः आतः धातोः डः।

અર્થ : ઉપસર્ગથી પર રહેલ श्यै સિવાયનાં આકારાન્ત ધાતુથી ड પ્રત્યય થાય છે.

ઉદા. आह्वः = બોલાવનાર.

आह्वयतीति। (ह्वेंग् स्पर्धा-शब्दयोः-९९४)
आत् सन्ध्य०४.२.१થી એનો आ→आ+**ह्वा**
आ સૂત્રથી ड→ आह्वा+**अ**
डित्यन्त्य०२.१.११४થી आનો લોપ→आह्व
પ્રથમા સિ વગેરે→आह्वः।

પ્ર.ઉદા.(૧) उपसर्गादिति किम्? दायः = આપનાર.

ददातीति। (डुदांग्क् दाने-११३८)
तन्-व्यधीण्०५.१.६४થી ण→दा+**अ**
आत ऐः०४.३.५૩થી आનો ऐ→**दै**+अ
एदैतोऽ०१.२.२૩થી ऐનો आय्→**दाय्**+अ
પ્રથમા સિ વગેરે→दायः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉપસર્ગથી પર રહેલ ધાતુથી થાય છે. જ્યારે અહીં ઉપસર્ગથી પર ધાતુ નથી. માટે આ સૂત્રથી ड પ્રત્યય થયો નહીં.

(૨) **अश्य इति किम्? अवश्यायः** = અભિમાન કરનાર.
अवश्यायते इति। (श्यैङ् गतौ-६०६)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રમાં श्यै ધાતુનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી ડ પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

(૧) વસ્તુતઃ આ સૂત્રથી વિહિત ડ પ્રત્યય પણ નિરનુબન્ધતયા તો અ જ છે. તેથી પૂર્વવિહિત ક પ્રત્યયથી પણ કાર્ય થવાનું હતું. પરંતુ आह्वः, प्रह्वः જેવાં પ્રયોગોમાં ह्वृत्नો બાદ કરવા માટે કનાં સ્થાને ડ પ્રત્યયનો નિર્દેશ કર્યો છે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, આ સૂત્રમાં પ્રકૃતિ તરીકે ઉપસર્ગપૂર્વકનાં આકારાન્ત ધાતુઓનું ગ્રહણ કર્યું છે. અને આગામી तन्-व्यधीण्०५.१.६४માં તમામ આકારાન્ત ધાતુઓનું ગ્રહણ કરવામાં આવ્યું છે. તેથી આ વિશેષ સૂત્ર છે. અને तन्-व्यधीण्०५.१.६४એ સામાન્ય સૂત્ર છે. માટે तन्-व्यधीण्०५.१.६४ એ પરસૂત્ર હોવા છતાં અને તેનાથી થતો ણ પ્રત્યય સરૂપ હોવા છતાં પણ **सामान्यशास्त्रतो नूनं विशेषो बलवान् भवेत्** એ પંક્ત્યનુસારે આ સૂત્રની બલવત્તા થતાં ઉપસર્ગ સહિત આકારાન્ત ધાતુઓને ણ પ્રત્યયનો બાધ થઈને આ સૂત્રથી ડ થાય છે. અને તેથી જ સૂત્રમાં अश्य એ પ્રમાણે દર્શાવેલાં નિષેધાત્મક વિધાનનાં પ્ર.ઉદા. अवश्याय પ્રયોગમાં तन्-व्यधीण्०५.१.६४થી ણ પ્રત્યય કરવામાં આવ્યો છે.

જિ. : જો ઉપરોક્ત રીતે વિશેષ સૂત્રતયા તન્-વ્યધીણ્૦૫.૧.૬૪ વગેરે સામાન્ય સૂત્રોનો આ સૂત્રથી બાધ થાય છે. તો કર્મણોઽણ્ ૫.૧.૭૨ સૂત્ર પણ સામાન્ય સૂત્ર હોવાથી આ સૂત્ર દ્વારા બાધિત થશે. તેથી ઉપસર્ગપૂર્વક આકારાન્ત ધાતુ પણ જો કર્મથી પર હશે તો પણ આ સૂત્રથી ડ પ્રત્યય જ થશે. પણ અણ્ નહીં. તો गोसंदायः, वडवासंदायः વગેરે પ્રયોગો કેવી રીતે સિદ્ધ થશે ?

સમા. : આ સૂત્રએ વિશેષસૂત્ર હોવાથી તન્-વ્યધીણ્૦૫.૧.૬૪, કર્મણોઽણ્ ૫.૧.૭૨ વગેરે સામાન્ય સૂત્રોની અપેક્ષાએ અપવાદ સૂત્ર પણ કહેવાય છે. તેથી અહીં **पूर्वेऽपवादा अनन्तरान् विधीन् बाधन्ते नोत्तरान् ૧/૩૬** ન્યાયાનુસારે અપવાદભૂત એવું આ સૂત્ર અનન્તર વિધિરૂપ તન્-વ્યધીણ્૦ ૫.૧.૬૪ વગેરે સૂત્રથી થતાં ણ પ્રત્યયનો જ બાધ કરશે. પણ ઉત્તરવિધિ રૂપ કર્મણોઽણ્ ૫.૧.૭૨થી થયેલ અણ્ પ્રત્યયનો નહીં. તેથી गोसंदायः, वडवासंदायः વગેરે પ્રયોગોમાં આપત્તિ આવશે નહીં.

व्याघ्रा-ऽऽघ्रे प्राणि-नसोः ૫.૧.૫૭

અ.અ.સૂ. : **प्राणि-नसोः कर्त्तरि व्याघ्रा-ऽऽघ्रे ।**

અર્થ : ઘ્રા ધાતુથી ડ પ્રત્યય હોતે છતે પ્રાણી અને નાસિકા સ્વરૂપ કર્ત્તા અર્થમાં व्याघ्र અને आघ्रा પ્રયોગ નિપાતન પામે છે.

સ. : (૧) **व्याघ्रा-ऽऽघ्रे** = व्याघ्रश्च आघ्रा चेति।
(૨) **प्राणि-नसोः** = प्राणि च नासिका चेति प्राणिनासिकौ, तयोरिति।

ઉદા. (૧) **व्याघ्रः** = વાઘ. विविधमाजिघ्रतीति। (घ्रां गन्धोपादाने-३)
આ સૂત્રથી ડ→वि+आ+घ्रा+**अ**
डित्यन्त्य०२.१.११४થી આ નો લોપ→वि+आ+घ्र
इवर्णादे०१.२.२१थी इ નો य्→**व्याघ्र**
પ્રથમા સિ વગેરે→व्याघ्रः।

(૨) **आघ्रा** = નાક. आजिघ्रतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. અને आप् પ્રત્યય વગેરે કાર્યો કરવા.

વિશેષતા :

અહીં ધ્યાનમાં લેવું કે, આગામી घ्रा-ध्मा-पा०५.१.५८માં પણ घ्रा ધાતુનું ગ્રહણ છે. માટે તેનાથી થનારા श પ્રત્યયનો બાધ કરીને ड પ્રત્યય કરવા માટે આ સૂત્રમાં નિપાતન વિધિ દર્શાવી છે. યદ્યપિ અહીં માત્ર ड પ્રત્યયનાં વિધાનથી પણ વિશેષસૂત્રતયા घ्रा-ध्मा-पा० ५.१.५८થી થતાં श પ્રત્યયનો બાધ થઈને ड પ્રત્યય જ થવાનો હતો. પરંતુ તે તે ઉપસર્ગ વિશિષ્ટ घ्रा ધાતુને તે તે અર્થવિશેષમાં નિયન્ત્રિત કરવા માટે અહીં નિપાતનનો આશ્રય કરાયો છે.

घ्रा-ध्मा-पा-ट्धे-दृशः शः ५.१.५८

અ.અ.સૂ. : घ्रा-ध्मा-पा-ट्धे-दृशः धातोः कर्त्तरि शः।

અર્થ : घ्रा, ध्मा, पा, धे અને दृश् ધાતુથી કર્ત્તા અર્થમાં श પ્રત્યય થાય છે.

સ. : घ्रा-ध्मा-पा-ट्धे-दृशः = घ्राश्च ध्माश्च पाश्च ट्धेश्च दृश् चेति घ्रा-ध्मा-पा-ट्धे-दृश्, तस्मादिति।



ઉદા. (૧) **जिघ्रः** = સુંઘનાર. जिघ्रतीति। (घ्रां गन्धोपादाने-३)
આ સૂત્રથી શ→घ्रा+**अ**
श्नोति-कृवु०४.२.१०८थी जिघ्र→**जिघ्र**+अ
लुगस्यादे०२.१.११३थी अનો લોપ→जिघ्र
પ્રથમા સિ વગેરે→जिघ्रः।

(૨) **उद्धमः** = ફૂંકનાર. उद्धमतीति। (ध्मां शब्दा-ऽग्नि-४)

(૩) **पिबः** = પીનાર. पिबतीति। (पां पाने-२)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૪) **उद्धयः** = પીનાર. उद्धयतीति। (ट्धें पाने-२८)
આ સૂત્રથી શ→उद्+धे+**अ**
कर्त्तर्यनद्०३.४.७१थी शव्→उद्+धे+**अ**+अ
एदैतोऽ०१.२.२३थी अय्→उद्+**धय**
પ્રથમા સિ વગેરે→उद्धयः।

(૫) **उत्पश्यः** = ઊંચે જોનાર. उत्पश्यतीति। (दृशृं प्रेक्षणे-४९५)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં घ्रा વગેરે ભ્વાદિ ગણીય ધાતુઓનાં સાહચર્યથી पा ધાતુ પણ ભ્વાદિ સંબંધી જ ગ્રહણ કરવો. પણ અન્ય નહીં. **ઉદા.** पिबः, निपिबः।
यद्यपि ભ્વાદિ સમ્બન્ધી પૈં ધાતુ પણ आत् सन्ध्य-४.२.१थी पा સ્વરૂપે થાય છે. પરંતુ તે લાક્ષણિક હોવાથી **लक्षण-प्रतिपदोक्तयोः प्रतिपदोक्तस्यैव १/१५** ન્યાયાનુસારે તેનું ગ્રહણ અહીં થશે નહીં.



(૨) અહીં શ પ્રત્યયમાં શ્ અનુબન્ધ શ્રોતિ-કૃવુ-ધિવુ-૪.૨.૧૦૮ વગેરેથી થતાં આદેશ, વિકરણ પ્રાપ્તિ વગેરે શિત્ કાર્યોને માટે ગ્રહણ કર્યો છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો ટ્ધે ધાતુનાં વિષયમાં ઉપસર્ગ સહિતનાં પ્રયોગમાં જ આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે. તેઓનાં મતે विधयः उद्धयः વગેરે પ્રયોગો જ થશે. પણ धयः પ્રયોગ નહીં.

साहि-साति-वेद्युदेजि-धारि-पारि-चेतेरनुपसर्गात् ૫.૧.૫૯

અ.અ.સૂ. : अनुपसर्गात् साहि-साति-वेद्युदेजि-धारि-पारि-चेतेः धातोः कर्त्तरि शः।

અર્થ : ઉપસર્ગ રહિત એવા णि પ્રત્યયાન્ત सह्, सत्, विद्, उद्+एज्, धृ, पार् અને चित् ધાતુથી કર્ત્તા અર્થમાં શ પ્રત્યય થાય છે.

સ. : (૧) साहि-साति-वेद्युदेजि-धारि-पारि-चेतेः = साहिश्च सातिश्च वेदिश्च उदेजिश्च धारिश्च पारिश्च चेतिश्चेति साहि-साति-वेद्युदेजि-धारि-पारि-चेतिः, तस्मादिति।

(૨) **अनुपसर्गात्** = न विद्यते उपसर्गो यस्य स इति अनुपसर्गः, तस्मादिति।

ઉદા. (૧) साहयः = ક્ષમા કરાવનાર. साहयतीति। (षहि मर्षणे-૯૧૦)
प्रयोक्तृ०૩.૪.૨૦થી णिग्→सह्+**इ**
ञ्णिति ૪.૩.૫૦થી वृद्धि→**सा**हि
આ સૂત્રથી શ→साहि+**अ**
कर्त्तर्यनद्०૩.૪.૭૧થી शव्→साहि+**अ**+अ



नामिनो गुणो०४.३.१थी गुण→**साहे**+अ+अ
एदैतोऽ०१.२.२३थी अय्→**साहय**
प्रथमा सि वगेरे→साहयः।

(२) **सातयः** = सुखी કરનાર.
सातयतीति। (सात सुखे-(सौत्र))

(३) **वेदयः** = જણાવનાર. वेदयतीति। (विदंक् ज्ञाने-१०९९)

(४) **उदेजयः** = દીપાવનાર. उदेजयतीति। (एजृ कम्पने-१४८)

(५) **धारयः** = ધારણ કરાવનાર. धारयतीति। (धृंग् धारणे-८८७)

(६) **पारयः** = પોષણ કરાવનાર.
पारयतीति। (पार कर्मसमाप्तौ-१९०१)

(७) **चेतयः** = ચેતના આપનાર.
चेतयतीति। (चितिण् संवेदने-१८२६)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. अनुपसर्गादिति किम्? प्रसाहयिता =
પ્રકૃષ્ટ રીતે સહન કરાવનાર. प्रसाहयतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ અહીં શનાં સ્થાને णक-तृचौ ५.१.४८थी तृच् પ્રત્યય કરવો.

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉપસર્ગથી પર ન હોય તેવા साहि વગેરે ધાતુઓથી થાય છે. જ્યારે અહીં ઉપસર્ગથી પર सह् ધાતુ છે. માટે આ સૂત્રથી શ પ્રત્યય થયો નહીં.

लिम्प-विन्दः ५.१.६०

અ.અ.સૂ. : अनुपसर्गात् लिम्प-विन्दः धातोः कर्त्तरि शः।

અર્થ : ઉપસર્ગ રહિત लिप् અને विद् ધાતુથી કર્ત્તા અર્થમાં શ પ્રત્યય થાય છે.





સ. : **लिम्प-विन्दः** = लिम्पश्च विन्द् चेति लिम्प-विन्द्, तस्मादिति।

ઉદા. (૧) **लिम्पः** = લિપ્ત કરનાર. लिम्पतीति। (लिपींत् उपदेहे-१३२४)
આ સૂત્રથી શ→लिप्+**अ**
तुदादेः शः ૩.૪.૮૧થી શ→लिप्+**अ**+अ
मुचादि-तृक०४.४.९९થી न् આગમ→लिन्प्+अ+अ
म्नां धुड्वर्गे०१.૩.૩૯થી न्નો म्→लिम्प्+अ+अ
लुगस्यादे०२.१.११૩થી अનો લોપ→लिम्प
પ્રથમા સિ વગેરે→लिम्पः।

(૨) **विन्दः** = મેળવનાર. विन्दतीति। (विद्लृंती लाभे-१३२२)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) સૂત્ર નિર્દિષ્ટ लिप् અને विद् ધાતુ નામી સ્વર ઉપાન્ત્યવાળાં હોવાથી नाम्युपान्त्य०५.१.५४ સૂત્રથી कની પ્રાપ્તિ હતી. પરંતુ ઉપસર્ગ રહિત અવસ્થામાં શ પ્રત્યય કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

निगवादेर्नाम्नि ५.१.६१

અ.અ.સૂ. : नाम्नि निगवादेः लिम्प-विन्दः धातोः कर्त्तरि शः।

અર્થ : સંજ્ઞા જણાતે છતે नि પૂર્વક लिप् ધાતુથી અને गो વગેરે પૂર્વક विद् ધાતુથી કર્ત્તા અર્થમાં શ પ્રત્યય થાય છે.

સ. : **नि-गवादेः** = गोरादिर्येषां ते इति गवादयः, निश्च गवादयश्चेति निगवादिः, तस्मादिति।

ઉદા. (૧) **निलिम्पा देवाः** = દેવો.
निलिम्पतीति। (लिपींत् उपदेहे-१३२४)



(૨) **गोविन्दः** = કૃષ્ણ. गां विन्दतीति। (विद्लृंती लाभे-१३२२)

(૩) **कुविन्दः** = મૂર્ખ. कुं (इषत्) विन्दतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ ઉદા. પ્રમાણે જાણવી.

પ્ર.ઉદા.(૧) **नाम्नीति किम् ? निलिपः** = લિપ્ત કરનાર.
नाम्युपान्त्य०૫.૧.૫૪થી क→नि+लिप्+**अ**
પ્રથમા सि વગેરે→निलिपः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ સંજ્ઞા જણાતે છતે થાય છે. જ્યારે અહીં સંજ્ઞા જણાતી નથી. માટે આ સૂત્રથી श પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

(૧) સૂત્રમાં निगवादेः એ પ્રમાણે નિમિત્ત દર્શક અને પૂર્વસૂત્રથી આવતું लिम्प-विन्दः એ પ્રમાણે કાર્યીદર્શક પદની સંખ્યા અને વચન સમાન હોવાથી **यथा-सङ्ख्यमवुदेशः समानाम् ૧/૧૦** ન્યાયાનુસારે અનુક્રમની પ્રાપ્તિ થાય છે.

वा ज्वलादि-दु-नी-भू-ग्रहा-ऽऽस्त्वोर्णः ૫.૧.૬૨

અ.અ.સૂ. : अनुपसर्गात् ज्वलादि-दु-नी-भू-ग्रहा-ऽऽस्त्वोः कर्त्तरि णः वा।

અર્થ : ઉપસર્ગ રહિત ज्वल् વગેરે ધાતુઓ તથા दु, नी, भू, ग्रह् અને आ+स्तु ધાતુથી કર્ત્તા અર્થમાં ण પ્રત્યય વિકલ્પે થાય છે.

સ. : ज्वलादि-दु-नी-भू-ग्रहा-ऽऽस्त्वोः = ज्वल् आदिर्येषां ते इति ज्वलादयः, ज्वलादयश्च दुश्च नीश्च भूश्च ग्रहश्च आस्तुश्चेति ज्वलादि-दु-नी-भू-ग्रहा-ऽऽस्तु, तस्मादिति।

ઉદા. (૧) **ज्वलः/ज्वालः** = બાળનાર. ज्वलतीति।
(ज्वल दीप्तौ-९६०)
આ સૂત્રથી ણ→ज्वल्+**अ**
ञ्णिति ४.३.५०થી વૃદ્ધિ→**ज्वा**ल
પ્રથમા સિ વગેરે→ज्वालः।
વિકલ્પે : જ્યારે ણ ન થાય ત્યારે,
अच् ५.१.४९થી अच्→ज्वल्+**अ**
પ્રથમા સિ વગેરે→ज्वलः।

(૨) **चलः/चालः** = ચાલનાર.

પ્ર.ઉદા. **अनुपसर्गादित्येव→प्रज्वलः** = પ્રકૃષ્ટ રીતે બાળનાર.
अच् ५.१.४९થી अच्→प्र+ज्वल्+**अ**
પ્રથમા સિ વગેરે→प्रज्वलः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉપસર્ગથી પર ન હોય તેવા ज्वल् વગેરે ધાતુઓથી થાય છે. જ્યારે અહીં ઉપસર્ગથી પર ज्वल् ધાતુ છે. માટે આ સૂત્રથી ણ પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

(૧) **ज्वलादि गण :** ધાતુપાઠમાં નિર્દિષ્ટ ૯૩૦થી ૯૬૦ સુધીનાં ધાતુઓ.

(૨) અહીં સૂત્રમાં ज्वलादि ધાતુઓ નિરુપસર્ગ ગ્રહણ કર્યા છે. પરંતુ बहुलम् ५.१.२ સૂત્રથી પ્રાપ્ત થતાં બહુલતાનાં અધિકારથી निपातः, उत्क्रोशः જેવાં સોપસર્ગ પ્રયોગો પણ થાય છે.

(૩) અહીં ગ્રહ્ ધાતુથી વા નું ગ્રહણ વ્યવસ્થિત વિભાષા માટે જાણવું. તેથી ग्राहः નો અર્થ મગર અને ग्रहः નો અર્થ સૂર્ય વગેરે થાય છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો दु અને नी ધાતુનાં વિષયમાં આ સૂત્રની પ્રવૃત્તિ નિત્ય ઇચ્છે છે. તેથી તેઓનાં મતે दावः અને नायः એ પ્રમાણે ण પ્રત્યયાન્ત પ્રયોગો જ થાય છે.

अवह्-सा-संस्त्रोः ५.१.६३

અ.અ.સૂ. : अवह्-सा-संस्त्रोः धातोः कर्त्तरि णः।

અર્થ : અવ પૂર્વક હ્ અને સો ધાતુ તેમજ સમ્ પૂર્વક स्रु ધાતુથી કર્તા અર્થમાં ण પ્રત્યય થાય છે.

સ. : अवह्-सा-संस्त्रोः = ह्श्च साश्चेति ह्सौ, अवपूर्वात् ह्सौ इति अवह्सौ, सम् पूर्वात् स्रु इति संस्रुः, अवह्सौ च संस्रु च इति अवह्सासंस्रु, तस्मादिति।

ઉદા. (૧) **अवहारः** = નીચે લઈ જનાર. अवहरतीति। (हृंग् हरणे-८८५)
આ સૂત્રથી ण→अव+ह्+**अ**
नामिनोऽ०४.३.५१थी वृद्धि→अव**हार**
પ્રથમા सि વગેરે→अवहारः।

(૨) **अवसायः** = નાશ કરનાર.
अवस्यतीति। (षोंच् अन्तकर्मणि-११५०)
आत् सन्ध्य०४.२.१थी ओ નો आ→अव+**सा**
આ સૂત્રથી ण→अव+सा+**अ**
आत ऐः०४.३.५३थी आ નો ऐ→अव+**सै**+अ
एदैतोऽ०१.२.२३थी आय्→अव**साय**
પ્રથમા सि વગેરે→अवसायः।

(૩) **संस्त्रावः** = પડનાર. संस्रवतीति। (स्रुं गतौ-१५)
આ સૂત્રથી ण→सम्+स्रु+**अ**



नामिनोऽ०४.३.५१थी वृद्धि→सम्+**स्त्रौ**+अ
ओदौतोऽ०१.२.२४थी आव्→सम्+**स्त्राव**
तौ मु-मो०१.३.१४थी अनुस्वार→**संस्त्राव**
प्रथमा सि वगेरे→संस्त्रावः।

विशेषता :

(१) सूत्रगत अव पदनो अन्वय **द्वन्द्वात्परः प्रत्येकमभिसम्बध्यते ३/१५** न्यायानुसारे द्वन्द्व समासनां घटकीभूत ह्र अने सो એમ બંને ધાતુ સાથે કરવો.

अन्य मत :

કેટલાંક વ્યાકરણકારો संस्त्रवः જેવો अच् प्रत्ययान्त प्रयोग પણ સ્વીકારે છે.

तन्-व्यधीण-श्वसातः ५.१.६४

अ.अ.सू. : तन्-व्यधीण्-श्वसातः धातोः कर्त्तरि णः।

अर्थ : तन्, व्यध्, इ, श्वस् અને आકારान्त ધાતુઓથી કર્ત્તા અર્થમાં ण પ્રત્યય થાય છે.

स. : तन्-व्यधीण्-श्वसातः = तन् च व्यध् च इण् च श्वस् च आत् चेति तन्व्यधीण्श्वसात् तस्मादिति।

ઉદા. (१) **तानः** = વિસ્તાર કરનાર. तनोतीति। (तनूयी विस्तारे-१४९९)
આ સૂત્રથી ण→तन्+**अ**
ञ्णिति०४.३.५०थी वृद्धि→**तान**
प्रथमा सि वगेरे→तानः।

(२) **व्याधः** = હણનાર. विध्यतीति। (व्यधंच् ताडने-११५७)
આ ઉદા.ની साधनिका પૂર્વપ્રમાણે જાણવી.



(૩) **प्रत्यायः** = વિશ્વાસ કરનાર. प्रत्येतीति। (इंण्क् गतौ-१०७५)
આ સૂત્રથી ણ→प्रति+इ+**अ**
नामिनोऽ०४.३.५१थी वृद्धि→प्रति+**ऐ**+अ
एदैतोऽ०१.२.२३थी आय्→प्रति+**आय**
इवर्णादे०१.२.२१थी इ नो य्→प्रत्**याय**
प्रथमा सि वगेरे→प्रत्यायः।

(૪) **श्वासः** = શ્વાસ લેનાર. श्वसितीति। (श्वसक् प्राणने-१०९०)
આ સૂત્રથી ણ→श्वस्+**अ**
ञ्णिति ४.३.५०थी वृद्धि→**श्वा**स
प्रथमा सि वगेरे→श्वासः।

(૫) **अवश्यायः** = મદ કરનાર.
अवश्यायते इति। (श्यैङ् गतौ-६०६)
આ ઉદા.ની સાધનિકા ५.१.५६માં દર્શાવેલ છે.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, શાસ્ત્રોમાં ददः, दधः જેવાં પ્રયોગ દેખાય છે. જે આકારાન્ત दा, धा ધાતુનાં હોય તેવાં લાગે છે. પરંતુ તે પ્રયોગો दद् અને दध् ધાતુને अच् પ્રત્યય લાગીને સિદ્ધ થાય છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો इण् ધાતુનાં વિષયમાં અતિ ઉપસર્ગ પૂર્વક જ ણ પ્રત્યય ઇચ્છે છે. તેથી તેઓનાં મતે प्रत्यायः, अन्तरायः જેવાં પ્રયોગો થશે નહીં.

नृत्-खन्-रञ्जः शिल्पिन्यकट् ५.१.६५

અ.અ.સૂ. : नृत्-खन्-रञ्जः धातोः शिल्पिनि कर्त्तरि अकट्।

અર્થ : નૃત્, ખન્ અને રઞ્જ્ ધાતુથી શિલ્પી સ્વરૂપ કર્ત્તા હોતે છતે અકટ્ પ્રત્યય થાય છે.

સ. : नृत्-खन्-रञ्जः = नृत् च खन् च रञ्ज् चेति नृत्-खन्-रञ्ज्, तस्मादिति।

ઉદા. (૧) **नर्त्तकी** = નાચનારી સ્ત્રી.
नृत्यतीत्येवं शिल्पिनीति। (नृतैच् नर्त्तने-११५२)
આ સૂત્રથી અકટ્→नृत्+**अक**
लघोरुपा०४.३.४थी गुण→**नर्तक**
र्हादर्ह०१.३.३१थी त्नुं द्वित्व→**नर्त्तक**
अणञेयेकण्०२.४.२०थी ङी→नर्त्तक+**ई**
अस्य ङ्यां०२.४.८६थी अनो लोप→**नर्त्तकी**
प्रथमा सि वगेरे→नर्त्तकी।

(૨) **खनकः** = ખોદનાર.
खनतीत्येवंशिल्पी इति। (खनूग् अवदारणे-९१३)

(૩) **रजकः** = રંગનાર. रजतीत्येवं शिल्पी इति। (रञ्जीं रागे-८९६)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. અને ઉદા.૩માં અકટ્ घिनो०४.२.५०थी न्नो लोप थयो.

પ્ર.ઉદા. **शिल्पिनीति किम्? नर्त्तिका** = પૂતળી. नृत्यतीति।
णक-तृचौ ५.१.४८थी णक→नृत्+**अक**
लघोरुपा०४.३.४थी गुण→**नर्त्**+अक
आत् २.४.१८थी आप्→नर्तक+**आ**

समानानां०१.२.१थी दीर्घ→नर्त**का**
अस्याऽयत्०२.४.१११थी अ नो इ→**नर्ति**का
र्हादर्ह०१.३.३१थी द्वित्व→**नर्त्ति**का
प्रथमा सि वगेरे→नर्त्तिका।

★ આ સૂત્રની પ્રવૃત્તિ શિલ્પી કર્ત્તા હોતે છતે થાય છે. જ્યારે અહીં શિલ્પી કર્ત્તા નથી. માટે આ સૂત્રથી અક્ટ્ પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં શિલ્પિનિ પદ દ્વારા કર્મકૌશલ્યવાન્ વ્યક્તિ અભિપ્રેત છે. અર્થાત્ સામાન્ય નૃત્યાદિ તો સામાન્ય જન પણ કરી શકતા હોય છે. પણ જે વ્યક્તિ સામાન્ય લોકની અપેક્ષાએ વધારે નિપુણતાથી તે નૃત્યાદિ કરતો હોય તેની કળાને કર્મકૌશલ્ય કહેવાય. અને તદ્વાન વ્યક્તિ અહીં શિલ્પી તરીકે અભિપ્રેત છે.

જિ. : અહીં સૂત્રમાં શિલ્પિનિ પદનો નિર્દેશ કર્યો છે. તેથી 'કુશળતા પૂર્વક નૃત્યાદિ કરવાવાળો' એમ કર્ત્તરિ અર્થ જ પ્રગટ થવાનો હતો. તો ટીકામાં પુનઃ કર્ત્તરિ પદનું ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : તમારી વાત સાચી છે. પરંતુ આ પ્રમાણે કર્ત્તરિ પદ ગ્રહણ કરવા દ્વારા ટીકાકારે સૂત્રગત શિલ્પિનિ પદમાં ઉપપદપણાંનો નિરાસ કર્યો છે. તેથી શિલ્પિનિ પદનો "શિલ્પી એ પ્રમાણે ઉપપદ હોતે છતે" એવો અર્થ ન કરતાં 'શિલ્પી સ્વરૂપ કર્ત્તામાં' એ પ્રમાણે અર્થ જ થશે.

गस्थकः ५.१.६६

अ.अ.सू. : गः धातोः शिल्पिनि कर्त्तरि थकः।

अर्थ : गै धातुथी शिल्पी स्वરૂप कर्त्ता अर्थमां थक प्रत्यय थाय छे.

उदा. (१) गाथकः = ગવૈયો. गायतीति। (गैं शब्दे-३७)
आ सूत्रथी थक→गै+**थक**
आत् सन्ध्य०४.२.१थी ऐनो आ→**गा**+थक
प्रथमा सि वगेरे→गाथकः।

विशेषता :

(१) अहीं सूत्रनिर्दिष्ट गः पद द्वारा **गा-मा-दाग्रहणे-ष्वविशेषः २/२०** न्यायानुसारे गैं-३७ अने गाङ्-५८६ એम બંને धातुनुं ग्रहण थई शके छे. परंतु गत्यर्थनां विषयमां कर्मकौशल्य જણાવાતું નથી. तेथी अहीं गाङ्-५८६ धातुनुं ग्रहण न करतां मात्र गैं-३७ धातुनुं જ ग्रहण करवुं.

टनण् ५.१.६७

अ.अ.सू. : गः धातोः शिल्पिनि कर्त्तरि टनण्।

अर्थ : गै धातुथी शिल्पी स्वરૂप कर्त्ता अर्थमां टनण् प्रत्यय थाय छे.

उदा. गायनी = ગાનારી. गायतीत्येवंशिल्पिनीति। (गैं शब्दे-३७)
आत् सन्ध्य०४.२.१थी ऐनो आ→**गा**
आ सूत्रथी टनण्→गा+**अन**
आत ऐः०४.३.५उथी आनो ऐ→**गै**+अन
एदैतोऽ०१.२.२उथी आय्→**गाय**न



अणञेयेकण्०२.४.२०थी ङी→गायन+**ई**
अस्य ञ्यां०२.४.८६थी अ नो लोप→गायनी
प्रथमा सि वगेरे→गायनी।

विशेषता :

(१) अहीं टनण् प्रत्ययमां ट् अनुबन्ध अणञेयेकण्० २.४.२०थी स्त्रीलिंगमां ङी प्रत्यय करवा माटे छे. अने ण् अनुबन्ध ऐकार રૂप वृद्धि कार्य माटे छे.

(२) आ सूत्रनो पूर्वसूत्रथी पृथक्निर्देश उत्तरसूत्रमां मात्र टनण् प्रत्ययनो अधिकार लई जवा माटे छे. अन्यथा **सन्नियोगशिष्टानामेकाऽपायेऽन्यतरस्याऽप्यपायः १/३०** न्यायानुसारे थकनो अधिकार पण साथे आवे.

अन्य मत :

केटलांक व्याकरणकारो पूर्वसूत्रथी विहित थक प्रत्यय अने टनण् प्रत्यय शिल्पिकर्त्ता विना पण ईच्छे छे.

हः काल-व्रीह्योः ५.१.६८

अ.अ.सू. : हः धातोः काल-व्रीह्योः कर्त्रोः टनण्।

अर्थ : हाक् अने हाङ् धातुथी काल अने चोखा स्वरूप कर्त्ता अर्थमां टनण् प्रत्यय थाय छे.

स. : काल-व्रीह्योः = कालश्च व्रीहीश्चेति काल-व्रीही, तयोरिति।

उदा. (१) हायनो वर्षम् = वर्ष. जहाति भावान्/जिहीते भावान् इति। (ओहांक् त्यागे-११३१) (ओहांङ्क् गतौ-११३६)
आ सूत्रथी टनण्→हा+**अन**
आत ऐः०४.३.५३थी आ नो ऐ→**है**+अन





एदैतोऽ०१.२.२उथी आय्→**हायन**
प्रथमा सि वगेरे→हायनः।

(२) **हायना व्रीहयः** = ચોખા.
जहति उदकं दुरोत्थानादिति/जिहते द्रुतमिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **हाताऽन्यः** = ત્યાગ કરનાર/જનાર.
जहातीति/जिहीते इति।
णक-तृचौ ५.१.४८थी तृच्→हा+**तृ**
प्रथमा सि वगेरे→**हाता**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ કાલ અને વ્રીહિ સ્વરૂપ કર્ત્તા અર્થમાં થાય છે. જ્યારે અહીં કાલ અને વ્રીહિ સ્વરૂપ કર્ત્તા નથી. માટે આ સૂત્રથી ટનણ્ પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

(૧) આ સૂત્રમાં માત્ર हः એમ એક જ પદનો નિર્દેશ કર્યો છે. પરંતુ એ એક દ્વારા પણ ओहांक्-११३१ અને ओहांङ्क्-११३६ એમ બંને हा ધાતુનું ગ્રહણ થાય છે. જેને બ.વૃ.માં हाको हाङो वा એ પ્રમાણે જણાવવામાં આવ્યું છે.

प्रु-सृ-ल्वोऽकः साधौ ५.१.६९

અ.અ.સૂ. : साधौ प्रु-सृ-ल्वः धातोः कर्त्तरि अकः।

અર્થ : સાધુ અર્થમાં વર્ત્તતાં પ્રુ, સૃ અને લૂ ધાતુઓથી કર્ત્તા અર્થમાં અક પ્રત્યય થાય છે.

સ. : प्रु-सृ-ल्वः = प्रुश्च सृश्च लूश्चेति प्रु-सृ-लू, तस्मादिति।



ઉદા. (૧) **प्रवकः** = સારી રીતે વણનાર.
સાધુ પ્રવત ઇતિ। (प्रुं गतौ-५९७)
આ સૂત્રથી અક→પ્રુ+**अक**
નામિનો ગુણો૦૪.૩.૧થી ગુણ→**प्रो**+અક
ઓદૌતોઽ૦૧.૨.૨૪થી અવ્→**प्रव**ક
પ્રથમા સિ વગેરે→પ્રવકઃ।

(૨) **सरकः** = સારી રીતે ચાલનાર. સાધુ સરતીતિ। (सृं गतौ-૨૫)

(૩) **लवकः** = સારી રીતે લણનાર.
સાધુ લુનાતીતિ। (लूग्श् छेदने-૧૫૧૯)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **साधाविति किम्?** **प्रावकः** = ગમે તે રીતે વણનાર.
णक-तृचौ ૫.૧.૪૮થી णक→પ્ર+**अक**
નામિનોઽ૦૪.૩.૫૧થી વૃદ્ધિ→**प्रौ**+અક
ઓદૌતોઽ૦૧.૨.૨૪થી આવ્→**प्राव**ક
પ્રથમા સિ વગેરે→પ્રાવકઃ।

★ આ સૂત્રની પ્રવૃત્તિ સાધુ અર્થમાં વર્ત્તતાં પ્રુ ધાતુને વિશે થાય છે. જ્યારે અહીં સાધુ અર્થવાળો પ્રુ ધાતુ નથી. માટે આ સૂત્રથી અક પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

અહીં સૂત્રમાં साधौ પદ દ્વારા અભિપ્રેત સાધુત્વ વાક્યમાં ક્રિયાવિશેષણ તરીકે ગ્રહણ કરવું પણ પ્રત્યયનાં અર્થ તરીકે નહીં. અને તેથી જ સાધુ પ્રવતે વગેરે વાક્યમાં સાધુ પદને क्रियाविशेषणात् ૨.૨.૪૧થી નપું.લિંગ દ્વિતીયા વિભક્તિની પ્રાપ્તિ થાય છે.

आशिष्यकन् ५.१.७०

अ.अ.सू. : आशिषि धातोः कर्त्तरि अकन्।

अर्थ : આશીર્વાદ અર્થ જણાતે છતે ધાતુઓથી કર્ત્તા અર્થમાં अकन् પ્રત્યય થાય છે.

ઉદા. **जीवका** = જીવો એ પ્રમાણે આશીર્વાદ અપાતો.
जीवतादित्याशास्यमान इति। (जीव प्राणधारणे-४६५)
આ સૂત્રથી अकन्→जीव्+**अक**
आत् २.४.१८થી आप्→जीवक+**आ**
समानानां०१.२.१થી दीर्घ→जीव**का**
प्रथमा सि વગેરે→जीवका।

પ્ર.ઉદા. **आशिषीति किम्? जीविका** = જીવનારી.
णक-तृचौ ५.१.४८થી अक→जीव्+**अक**
आत् २.४.१८થી आप्→जीवक+**आ**
समानानां०१.२.१થી दीर्घ→जीव**का**
अस्याऽयत्०२.४.१११થી अનો इ→जी**विका**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ આશીર્વાદ અર્થની ગમ્યમાનતામાં થાય છે. જ્યારે અહીં આશીર્વાદ અર્થ ગમ્યમાન નથી. માટે આ સૂત્રથી अकन् પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં आशिषि પદનાં ગ્રહણ દ્વારા આશીર્વાદની વિવક્ષા અભિપ્રેત છે. તેને બૃ.વૃ.માં વ્યાખ્યાયિત કરતાં જણાવ્યું છે કે, इष्टस्य प्रार्थनमाशीः અર્થાત્ વ્યક્તિનાં ઈષ્ટની એટલે કે પ્રાપ્ત કરવા માટે ઈચ્છાયેલાંની પ્રાપ્તિ માટે પ્રાર્થના કરવી. તે આશીર્વાદ છે.

(૨) અહીં अकन् પ્રત્યયમાં ન્ કાર इच्चापुंसो०२.४.१०७ સૂત્રમાં નિર્દિષ્ટ क અન્તવાળાં પ્રત્યયોથી આ પ્રત્યયનો ભેદ કરવા માટે છે. તેથી जीवका, नन्दका વગેરે अकन् પ્રત્યયાન્ત નામમાં સ્ત્રીલિંગ વિષયમાં इच्चापुंसो० २.४.१०७ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.

तिक्कृतौ नाम्नि ५.१.७१

અ.અ.સૂ. : आशिषि नाम्नि धातोः तिक्कृतौ।

અર્થ : આશીઃનાં વિષયમાં સંજ્ઞા અર્થ જણાતે છતે ધાતુથી तिक् અને कृत् સંજ્ઞક પ્રત્યય થાય છે.

સ. : तिक्कृतौ = तिक् च कृत् चेति।

ઉદા. (૧) **शान्तिः** = નામ વિશેષ.
शम्यादित्याशास्यमान इति। (शमू उपशमे-१२३०)
આ સૂત્રથી तिक्→शम्+**ति**
म्नां धुड्वर्गे०१.३.३९થી म्નો न्→शन्ति
अहन्-पञ्चम०४.१.१०७થી દીર્ઘ→**शान्ति**
પ્રથમા સિ વગેરે→शान्तिः।

(૨) **वीरभूः** = નામ વિશેષ.
वीरो भूयादित्याशास्यमान इति। (भू सत्तायाम्-१)
આ સૂત્રથી क्विप्→वीर+भू+**०**
પ્રથમા સિ વગેરે→वीरभूः।

(૩) **वर्धमानः** = નામ વિશેષ.
वर्धिषीष्ट इत्याशास्यमान इति। (वृधूङ् वृद्धौ-९५७)
આ સૂત્રથી आनश्→वृध्+**आन**

कर्त्तर्यनद्०३.४.७१थी शव्→वृध्+**अ**+आन
लघोरुपा०४.३.४थी गुण→**वर्ध्**+अ+आन
अतो म०४.४.११४थी म् आगम→वर्ध**मान**
प्रथमा सि वगेरे→वर्धमानः।

विशेषता :

(१) अहीं ध्यानमां लेवुं के, वीरभूः वगेरे प्रयोगोमां वीर वगेरे शब्दथी प्रत्ययनी विधि नथी कहेवाती पण वीर वगेरे शब्दोथी पर रहेलां धातुथी पर कृदन्तनां प्रत्ययो थयेलां छे. तेथी त्यां साक्षात् ङसि द्वारा उक्तपणुं आवतुं नथी. परंतु आ सूत्र द्वारा संज्ञामां प्रत्ययनुं विधान होवाथी धातुनुं व्यवधान न गणातां ङस्युक्तं० ३.१.४९थी समास थवामां बाध आवतो नथी. अथवा तो अहीं नाम नाम्नै०३.१.१८ सूत्र द्वारा ज सुप्सुप् समास थयेलो जाणवो.

कर्मणोऽण् ५.१.७२

अ.अ.सू. : कर्मणः धातोः कर्त्तरि अण्।

अर्थ : कर्मथी पर रहेलां धातुथी कर्त्ता अर्थमां अण् प्रत्यय थाय छे.

उदा. **कुम्भकारः** = कुंभार. कुम्भं करोतीति। (डुकृंग् करणे-८८८)
आ सूत्रथी अण्→कुम्भ+अम्+कृ+**अ**
नामिनोऽ०४.३.५१थी वृद्धि→कुम्भ+अम्+**कार**
ङस्युक्तं०३.१.४९थी समास वगेरे→कुम्भ+कार
प्रथमा सि वगेरे→कुम्भकारः।

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં અર્થ વિશેષનો નિર્દેશ કર્યો નથી. તેથી, આ સૂત્ર કર્ત્તરિ અર્થમાં લાગે છે. યદ્યપિ 'અહીં કર્મથી પર રહેલાં ધાતુથી' એ પ્રમાણે પ્રકૃતિનો વિશેષ નિર્દેશ કર્યો છે. પરંતુ એ વિશેષ નિર્દેશ દ્વારા પણ પૂર્વોક્ત કર્ત્તરિ અર્થમાં વિહિત પ્રત્યયોનો બાધ થતો નથી. તેથી આ સૂત્રનાં વિષયમાં પૂર્વ अच् ૫.૧.૪૯ વગેરે સૂત્રો દ્વારા अच् વગેરે પ્રત્યય થવાની પ્રાપ્તિ હતી. પણ આ સૂત્રથી થતો अण् પ્રત્યય અને પૂર્વોક્ત अच् વગેરે પ્રત્યય સરૂપ હોવાથી असरुपोऽपवादे० ૫.૧.૧૬થી વૈકલ્પિક પ્રવૃત્તિ ન થતાં આ સૂત્ર દ્વારા अच् વગેરે પ્રત્યયોનો બાધ થાય છે. આમ, આ સૂત્રથી થતો अण् પ્રત્યય अच् વગેરે પ્રત્યયોનો અપવાદ છે.

(૨) અહીં સૂત્રમાં કર્મથી પર રહેલાં ધાતુથી પર अण् પ્રત્યયનું વિધાન કર્યું છે. યદ્યપિ જ્યારે ઉપસર્ગ સહિત ધાતુ હોય ત્યારે ઉપસર્ગનું વ્યવધાન હોવાથી આ સૂત્રની પ્રવૃત્તિ થઈ શકે નહીં. પરંતુ તે (ઉપસર્ગ સહિત ધાતુની) અવસ્થામાં ઉપસર્ગનાં અર્થથી વિશિષ્ટ એવાં ધાત્વર્થ પ્રતિ જ પૂર્વ નામને કર્મસંજ્ઞા થાય છે. તેથી જો તે ઉપસર્ગ હટાવવામાં આવે તો નામની કર્મ સંજ્ઞા આદિ પ્રવૃત્તિ પણ થઈ શકે નહીં. તેથી, **येन नाऽव्यवधानं तेन व्यवहितेऽपि स्यात् ૨/૧૩** ન્યાયાનુસારે અહીં ઉપસર્ગની વ્યવધાયકતા ગણવી નહીં. **ઉદા.** गोसंदायः, वडवासंदायः।

(૩) અહીં आदित्यं पश्यति, हिमवन्तं शृणोति, ग्रामं गच्छति જેવાં પ્રયોગોમાં ધાતુની પૂર્વે પ્રાપ્યકર્મ તો છે. પણ શાસ્ત્રમાં એવા પ્રયોગો જણાવેલા ન હોવાથી તેઓને આ સૂત્રથી अण् પ્રત્યય થતો નથી. તેવી જ રીતે ક્યારેક નિર્વર્ત્ય અને વિકાર્ય કર્મથી પણ ધાતુથી अण् પ્રત્યય થતો નથી. **ઉદા.** संयोगं जनयति, स्रजं विरचयति, वृक्षं छिनत्ति વગેરે.

(૪) महान्तं घटं करोति જેવાં પ્રયોગોમાં घट કર્મને महत् વિશેષણની સાપેક્ષતા છે. તેથી **सापेक्षमसर्थम् ૨/૨૮** ન્યાયાનુસારે સમસ્ત પ્રયોગ ન થતાં આ સૂત્રથી अण् પ્રત્યય થતો નથી. અથવા તો આવાં પ્રયોગ પણ શાસ્ત્રોમાં ન દેખાતાં હોવાથી અસિદ્ધ માનવાં.

(૫) અહીં સૂત્રગત कर्मणः પદ દ્વારા સામાન્યતયા કર્મ સંજ્ઞક પદ અથવા ક્રિયાનું પણ ગ્રહણ થઈ શકે છે. પણ જો તેવો કોઈ અર્થ ગ્રહણ કરીએ તો **स्वं रुपं शब्दस्याऽशब्दसंज्ञा ૧/૧** ન્યાયાનુસારે કર્મસંજ્ઞા વ્યર્થ જવાની આપત્તિ આવે. તેથી અહીં કર્મસંજ્ઞક પદનું જ ગ્રહણ કરવું.

शीलि-कामि-भक्ष्याचरीक्षि-क्षमो णः ૫.૧.૭૩

અ.અ.સૂ. : कर्मणः शीलि-कामि-भक्ष्याचरीक्षि-क्षमः धातोः कर्त्तरि णः।

અર્થ : કર્મથી પર રહેલ शील्, कम्, भक्ष्, आ+चर्, ईक्ष् અને क्षम् ધાતુથી કર્ત્તા અર્થમાં ण પ્રત્યય થાય છે.

સ. : **शीलि-कामि-भक्ष्याचरीक्षि-क्षमः** = शीलिश्च कामिश्च भक्षिश्च आचरिश्च ईक्षिश्च क्षम् चेति शीलि-कामि-भक्ष्याचरीक्षि-क्षम्, तस्मादिति।

ઉદા. (૧) **धर्मशीला** = ધર્મને ઇચ્છનારી.
धर्मं शीलयतीति। (शीलण् उपधारणे-१९१३)
चुरादिभ्यो०३.४.१७थी णिच्→धर्म+शील्+**इ**
આ સૂત્રથી ण→धर्म+शीलि+**अ**
णेरनिटि ४.३.८३थी इनो लोप→धर्मशील
आत् २.४.१८थी आप्→धर्मशील+**आ**
समानानां०१.२.१थी दीर्घ→धर्मशी**ला**
प्रथमा सि वगेरे→धर्मशीला।

(૨) **धर्मकामा** = ધર્મને ઇચ્છનારી.
धर्मं कामयते इति। (कमूङ् कान्तौ-७८९)

(૩) **वायुभक्षा** = હવા ખાનારી.
वायु भक्षयतीति। (भक्षण् अदने-१७१७)

(૪) **कल्याणाचारा** = શુભ આચરનારી.
कल्याणमाचरतीति। (चर भक्षणे च-४१०)

(૫) **सुखप्रतीक्षा** = સુખની પ્રતીક્ષા કરનારી.
सुखं प्रतीक्षते इति। (ईक्षि दर्शने-८८२)

(૬) **बहुक्षमा** = ઘણાં કષ્ટોને સહન કરનારી.
बहु क्षमते इति। (क्षमूषि सहने-७८८)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ ઉદા.૨માં क्मेर्णिङ् ૩.૪.૨થી णिङ् પ્રત્યય લગાડવો. અને ઉદા. ૪,૫,૬માં પ્રયોક્તૃ०૩.૪.૨૦થી णिग् પ્રત્યય કરવો.

વિશેષતા :

જિ. : અહીં धर्मः शील यस्य स ઇત્યાદિ રૂપે યથાયોગ્ય અલન્ત કે ઘઞન્ત એવાં શીલ વગેરે પદોની સાથે ધર્મ વગેરે પદોનો બહુવ્રીહિ સમાસ કરવામાં આવે તો પણ ધર્મશીલઃ વગેરે ઉદા.ગત તમામ પ્રયોગો તે જ અર્થમાં સિદ્ધ થઈ જાય. તો આ રીતે ણ પ્રત્યય કરવા દ્વારા ગૌરવ શા માટે કરવામાં આવે છે ?

સમા. : વાસ્તવમાં અહીં ણ પ્રત્યય કરવા દ્વારા ગ્રંથકારશ્રી તત્સરૂપ એવાં અણ્ પ્રત્યયનો બાધ કરે છે. તમે દર્શાવ્યાં પ્રમાણે ધર્મશીલઃ, ધર્મશીલા વગેરે પ્રયોગ સિદ્ધ તો થઈ જશે. પરંતુ ધર્મં શીલયતિ એવા અર્થમાં कर्मणोऽण् ૫.૧.૭૨થી અણ્ પ્રત્યય થતાં સ્ત્રીલિંગ પ્રયોગમાં अणञेयेकण्० ૨.૪.૨૦થી ङी પ્રત્યય થતાં ધર્મશીલી એવું અનિષ્ટ રૂપ પ્રાપ્ત થાય. તેનું વારણ કરવા માટે આ સૂત્રથી વિહિત ણ પ્રત્યય દ્વારા અણ્ પ્રત્યયનો બાધ કરવામાં આવે છે.

गायोऽनुपसर्गाट्टक् ૫.૧.૭૪

અ.અ.સૂ. : कर्मणः अनुपसर्गात् गायः धातोः कर्त्तरि टक्।

અર્થ : કર્મથી પર ઉપસર્ગ રહિત गै ધાતુથી કર્ત્તા અર્થમાં ટક્ પ્રત્યય થાય છે.

ઉદા. वक्रगी = રૂક્ષ ગાનારી. वक्रं गायतीति। (गैं शब्दे-३७)
आत् सन्ध्य०૪.૨.૧થી ऐનો आ→वक्र+**गा**
આ સૂત્રથી टक्→वक्रगा+**अ**
इडेत्पुसि०૪.૩.૮૪થી आનો લોપ→वक्रग

अणजेयेकण्०२.४.२०थी ङी→वक्रग+**ई**
अस्य ङ्यां०२.४.८६थी अनो लोप→वक्र**गी**।

प्र.उदा. **अनुपसर्गादिति किम्? खरुसंगायः** = રૂક્ષ ગાનાર.
खरु संगायतीति।
कर्मणोऽण् ५.१.७२थी अण्→खरु+सम्+गा+**अ**
आत ऐः०४.३.५३थी ऐनो आय्→खरु+सम्+**गाय**
तौ मु-मो०१.३.१४थी म्नो अनुस्वार→खरु**सं**गाय
प्रथमा सि वगेरे→खरुसंगायः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ઉપસર્ગરહિત गै ધાતુથી થાય છે. જ્યારે અહીં ઉપસર્ગ પૂર્વકનો ધાતુ છે. માટે આ સૂત્રથી टक् પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

અહીં સૂત્રમાં गः એ પ્રમાણે માત્ર गानો નિર્દેશ કર્યો હોત તો પણ **गा-मा-दा-ग्रहणेष्वविशेषः २/२०** ન્યાયાનુસારે गैं-३७ ધાતુનું ગ્રહણ થઈ જાત. પરંતુ गाङ्-५८६ ધાતુની નિવૃત્તિ માટે અહીં गायः એ પ્રમાણે गायति પ્રયોગનો જ નિર્દેશ કર્યો છે.

सुरा-सीधोः पिबः ५.१.७५

અ.અ.સૂ. : सुरा-सीधोः कर्मभ्यां अनुपसर्गात् पिबः धातोः कर्त्तरि टक्।

અર્થ : सुरा અને सीधु કર્મથી પર રહેલ ઉપસર્ગ રહિત पा ધાતુથી કર્ત્તા અર્થમાં टक् પ્રત્યય થાય છે.

સ. : सुरा-सीधोः = सुरा च सीधुश्चेति सुरासीधु, तयोरिति।

ઉદા. (૧) सुरापी = મદ્ય પીનારી. सुरां पिबतीति। (पां पाने-२)

(૨) **सीधुपी** = મદ્ય વિશેષ પીનારી. સીધું પિબતીતિ।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ ટક્ પ્રત્યય આ સૂત્રથી કરવો.

વિશેષતા :

અહીં સૂત્રમાં કોઈ વિશેષ નિર્દેશ ન હોવાથી સંજ્ઞા અને અસંજ્ઞા એમ બંને પ્રયોગમાં આ સૂત્રની પ્રવૃત્તિ થઈ શકે છે. યદ્યપિ સંજ્ઞા અર્થમાં ધાત્વર્થ એ માત્ર વ્યુત્પત્તિ માટે જ હોય છે. તેથી પાતિ અને પિબતિ એમ બંને ધાતુનો પ્રયોગ થઈ શકે છે. **ઉદા.** સુરાં પાતીતિ સુરાપા, સુરાપી = સંજ્ઞા વિશેષ.

आतो डोऽह्वा-वा-मः ૫.૧.૭૬

અ.અ.સૂ. : कर्मणः अनुपसर्गात् अह्वा-वा-मः आतः धातोः कर्त्तरि डः।

અર્થ : કર્મથી પર રહેલ ઉપસર્ગ રહિત હ્વે, વે અને મા ધાતુ સિવાયનાં આકારાન્ત ધાતુથી કર્ત્તા અર્થમાં ડ પ્રત્યય થાય છે.

સ. : अह्वा-वा-मः = ह्वाश्च वाश्च माश्चेति ह्वा-वा-म्, न ह्वा-वा-म् इति अह्वा-वा-म् तस्मादिति।

ઉદા. (૧) **गोदः** = ગાય આપનાર. गां ददातीति। (डुदांग्क् दाने-११३८)
આ સૂત્રથી ડ→गो+दा+**अ**
डित्यन्त्य०२.१.११४થી આનો લોપ→गोद
પ્રથમા સિ વગેરે→गोदः।

પ્ર.ઉદા. अह्वा-वा-म इति किम् ?

(૧) **स्वर्गह्वायः** = સ્વર્ગને બોલાવનાર.
स्वर्गं ह्वयतीति। (ह्वेंग् स्पर्धा-शब्दयोः९९४)



आत् सन्ध्य०४.२.१थी ए नो आ→स्वर्ग+**ह्वा**
कर्मणोऽण् ५.१.७२थी अण्→स्वर्ग+ह्वा+**अ**
आत ऐः०४.३.५३थी आ नो ऐ→स्वर्ग+**ह्वै**+अ
एदैतोऽ०१.२.२३थी आय्→स्वर्ग**ह्वाय**
प्रथमा सि वगेरे→स्वर्गह्वायः।

(२) **तन्तुवायः** = વણકર.
तन्तून वयतीति। (वेंग् तन्तुसन्ताने-९९२)

(३) **धान्यमायः** = અનાજ માપનાર.
धान्यं मिमीते इति। (मांङ्क् माने-११३७)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

समः ख्यः ५.१.७७

અ.અ.સૂ. : कर्मणः समः उपसर्गात् ख्यः धातोः कर्त्तरि डः।

અર્થ : કર્મથી પર રહેલ सम् ઉપસર્ગથી પર રહેલ ख्या ધાતુથી કર્ત્તા અર્થમાં ड પ્રત્યય થાય છે.

ઉદા. गोसङ्ख्यः = ગાયોને ગણનાર.
गां संख्यातीति। (ख्यांक् प्रकथने-१०७१)
આ સૂત્રથી ड→गो+सम्+ख्या+**अ**
डित्यन्त्य०२.१.११४थी आ नो लोप→गो+सम्+ख्य
तौ मु-मो०१.३.१४थी म् नो ङ्→गोस**ङ्**ख्य
प्रथमा सि वगेरे→गोसङ्ख्यः।

વિશેષતા :

(१) અહીં સૂત્રમાં ख्यः એ પ્રમાણે પદ ख्या નું પંચમી વિભક્ત્યન્ત રૂપ છે. જેના દ્વારા ख्यांक् प्रकथने અને



चक्षो वाचि०४.४.४थी थतो चक्ष् धातुनो ख्या आदेश એમ બંને ધાતુનું ગ્રહણ કરવામાં આવે છે. તેથી ઉદા.ગત गोसङ्ख्यः પ્રયોગનું गां संख्यातीति/संचष्टे એ પ્રમાણે ધાતુદ્વયવિષયક વિગ્રહ વાક્ય થાય છે.

(૨) यद्यपि પૂર્વે દર્શાવેલ आतो डो०५.१.७६ अनुपसर्ग એવા ख्या ધાતુથી ड પ્રત્યય સિદ્ધ જ હતો. પરંતુ सम् ઉપસર્ગપૂર્વક ख्या ધાતુથી પણ ड પ્રત્યય કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

અન્ય મત :

પાણિનિ વ્યાકરણમાં गोसंख्यः પ્રયોગનો गां संचष्टे એ પ્રમાણે માત્ર એક જ વિગ્રહ દર્શાવ્યો છે.

दश्चाऽऽङः ५.१.७८

અ.અ.સૂ. : कर्मणः आङः उपसर्गात् दः च(ख्यः) धातोः कर्त्तरि ङः ।

અર્થ : કર્મથી પર રહેલ આ ઉપસર્ગપૂર્વક दा અને આ ઉપસર્ગપૂર્વક ख्या ધાતુથી કર્તા અર્થમાં ड પ્રત્યય થાય છે.

ઉદા. (૧) दायादः = ભાગીદાર.
दायमादत्ते इति। (डुदांग्क् दाने-११३८)
આ સૂત્રથી ड→दाय+आ+दा+**अ**
डित्यन्त्य०२.१.११४થી आ નો લોપ→दाय+आद
समानानां०१.२.१થી दीर्घ→दा**या**द
प्रथमा सि વગેરે→दायादः।

(૨) **स्त्याख्यः** = સ્ત્રીને કહેનાર.
स्त्रियमाचष्टे इति। (ख्यांक् प्रकथने-१०७१)
આ સૂત્રથી ડ→स्त्री+आ+ख्या+**अ**
डित्यन्त्य०२.१.११४થી આ નો લોપ→स्त्री+आख्य
इवर्णादे०१.२.२१થી इ નો य्→**स्त्याख्य**
પ્રથમા સિ વગેરે→**स्त्याख्यः**।

વિશેષતા :

(૧) પૂર્વે आतो डोऽह्वा०५.१.७६ સૂત્રથી આકારાન્ત ધાતુથી ડ પ્રત્યયનું વિધાન કરેલું જ હતું. અને દા ધાતુ પણ આકારાન્ત હોવાથી તે સૂત્રમાં સમાવિષ્ટ જ હતો. પણ ત્યાં નિરુપસર્ગ ધાતુઓનું ગ્રહણ કર્યું છે. તેથી આ સૂત્રનો નિર્દેશ ઉપસર્ગ માટે જ જાણવો. આ વાત આગામી સૂત્રમાં પણ જાણવી.

(૨) યદ્યપિ અહીં પૂર્વસૂત્રથી આવતો ख्या નો અધિકાર दः નાં ગ્રહણથી અટકી જાય છે. પરંતુ સૂત્રગત च કાર દ્વારા **चकारो यस्मात्परस्तत्सजातीयमेव समुच्चिनोति २/६१** ન્યાયાનુસારે दः એ પ્રમાણે પંચમ્યન્ત પદને સજાતીય પૂર્વસૂત્રથી ख्यः નાં અધિકારનું ગ્રહણ થાય છે. તેમજ, **चानुकृष्टं नाऽनुवर्त्तते २/६२** ન્યાયાનુસારે ઉત્તરસૂત્રમાં ख्यः નો અધિકાર જશે નહીં.

प्राज्ञश्च ५.१.७९

અ.અ.સૂ. : कर्मणः प्रात् ज्ञः च(दः) धातोः कर्त्तरि डः।

અર્થ : કર્મથી પર રહેલ પ્ર પૂર્વક જ્ઞા અને પ્ર પૂર્વક દા ધાતુથી કર્તા અર્થમાં ડ પ્રત્યય થાય છે.

ઉદા. (૧) **पथिप्रज्ञः** = માર્ગ જાણનાર.
પન્થાનં પ્રજાનાતીતિ। (ज्ञांश् अवबोधने-૧૫૪૦)
આ સૂત્રથી ડ→પથિન્+પ્ર+જ્ઞા+**અ**
ડિત્યન્ત્ય૦૨.૧.૧૧૪થી આ નો લોપ→પથિન્+પ્રજ્ઞ
નામ્નો નો૦૨.૧.૯૧થી ન્ નો લોપ→પથિપ્રજ્ઞ
પ્રથમા સિ વગેરે→પથિપ્રજ્ઞઃ।

(૨) **प्रपाप्रदः** = પરબ આપનાર.
પ્રપાં પ્રદદાતીતિ। (डुदांग्क् दाने-૧૧૩૮)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) પૂર્વસૂત્રમાં કહ્યા મુજબ આ સૂત્રનો નિર્દેશ પણ ઉપસર્ગ માટે જ જાણવો.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, આ સૂત્રમાં જણાવેલ જ્ઞા ધાતુ અને પૂર્વસૂત્રમાં જણાવેલ ख्या ધાતુ એ બંને ધાતુ રૂપપરક છે. પણ સંજ્ઞાપરક નહીં. તેથી બંને સૂત્રમાં ગ્રહણ કરાયેલ દા ધાતુ પણ **साहचर्यात् सदृशस्यैव ૨/૬** ન્યાયાનુસારે રૂપપરક જ ગ્રહણ કરવા. પણ સંજ્ઞાપરક નહીં. તેથી આ સૂત્ર અને પૂર્વસૂત્રમાં દા સંજ્ઞક ધાતુઓનું ગ્રહણ ન કરતાં દા રૂપક ધાતુઓનું ગ્રહણ કરવું. અહીં दांव्क् लवने-૧૦૭૦, दां दाने-૭, दैंव् शोधने-૨૯ देंङ् पालने-૬૦૪, डुदांग्क् दाने-૧૧૩૮ ધાતુઓ દા રુપક જાણવાં. યદ્યપિ પૂર્વસૂત્રમાં પણ आङ् ઉપસર્ગનો નિર્દેશ છે. તેની સાથે અન્ય ધાતુઓનો પ્રયોગ સંભવતો ન હોવાથી स्तनौ प्रधयति इति स्तनप्रधायः જેવાં પ્રયોગમાં

આ સૂત્રની પ્રવૃત્તિ ન થતાં ट्धें-२८ ધાતુથી अण् પ્રત્યય થયો છે.

(૩) યદ્યપિ પૂર્વસૂત્રથી આવતો दः નો અધિકાર સૂત્રમાં ज्ञः નાં ગ્રહણથી અટકી જાય છે. પરંતુ સૂત્રગત ચકાર દ્વારા **चकारो यस्मात्परस्तत्सजातीयमेव समुच्चिनोति २/६१** ન્યાયાનુસારે પંચમ્યન્ત ज्ञः ને સજાતીય પૂર્વસૂત્રથી दः નો અધિકાર આવે છે. તેમજ, **चानुकृष्टं नाऽनुवर्त्तते २/६२** ન્યાયાનુસારે दः નો અધિકાર ઉત્તરસૂત્રમાં જશે નહીં.

आशिषि हनः ५.१.८०

અ.અ.સૂ. : कर्मणः हनः धातोः आशिषि डः।

અર્થ : કર્મથી પર રહેલ हन् ધાતુથી આશીર્વાદ અર્થમાં ड પ્રત્યય થાય છે.

ઉદા. शत्रुहः = શત્રુનો વધ કરે.

शत्रुं हन्यात् इत्याशास्यमान इति। (हनंक् हिंसा-गत्योः-११००)

આ સૂત્રથી ड→शत्रु+हन्+**अ**

डित्यन्त्य०२.१.११४થી अन्નો લોપ→शत्रुह

પ્રથમા सि વગેરે→शत्रुहः।

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો ગત્યર્થક हन् ધાતુથી પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઇચ્છે છે.

क्लेशादिभ्योऽपात् ५.१.८१

અ.અ.સૂ. : क्लेशादिभ्यः कर्मभ्यः अपात् हनः धातोः कर्त्तरि डः।

અર્થ : ક્લેશ વગેરે કર્મથી પર રહેલ અપ ઉપસર્ગ પૂર્વક હન્ ધાતુથી કર્ત્તા અર્થમાં ડ પ્રત્યય થાય છે.

સ. : क्लेशादिभ्यः = क्लेश आदिर्येषां ते इति क्लेशादयः, तेभ्य इति।

ઉદા. (૧) **क्लेशापहः** = ક્લેશને દૂર કરનાર.
क्लेशमपहन्तीति। (हनंक् हिंसा-गत्योः-११००)

(૨) **तमोऽपहः** = અંધકારને દૂર કરનાર. तमोऽपहन्तीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ शत्रुहः પ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) **क्लेशादि ગણ દ્વારા સિદ્ધ થતાં પ્રયોગો :** क्लेशापहः, तमोपहः, दुःखापहः, ज्वरापहः, दर्पापहः, दोषापहः, रोगापहः, वातपित्तकफापहः, विषाग्निदर्पापहः વગેરે.
સૂત્રમાં બ.વ. આકૃતિગણ માટે છે. તેથી અહીં દર્શાવ્યા સિવાયનાં અન્ય પ્રયોગો પણ સિદ્ધ થાય છે.

(૨) વસ્તુતઃ આશીર્વાદનાં અર્થમાં તો પૂર્વસૂત્રથી જ આ સૂત્રનાં પ્રયોગો પણ સિદ્ધ જ હતાં. તેથી આશીર્વાદ સિવાય માત્ર વસ્તુસ્થિતિનું કથન કરવું હોય ત્યારે પણ ડ પ્રત્યય કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

कुमार-शीर्षाण्णिन् ५.१.८२

અ.અ.સૂ. : कुमार-शीर्षात् कर्मणः हनः धातोः कर्त्तरि णिन्।

અર્થ : કુમાર અને શીર્ષ કર્મથી પર રહેલ હન્ ધાતુથી કર્ત્તા અર્થમાં णिन् પ્રત્યય થાય છે.



સ. : **कुमार-शीर्षात्** = कुमारश्च शीर्षश्चेति कुमारशीर्षम्, तस्मादिति।

ઉદા. (૧) **कुमारघाती** = છોકરાંને મારનાર. कुमारं हन्तीति।
આ સૂત્રથી णिन्→कुमार+हन्+**इन्**
ञ्णिति घात् ४.३.१००થી घात्→कुमार+**घातिन्**
પ્રથમા સિ વગેરે→कुमारघा**ती**।

(૨) **शीर्षघाती** = માથું કુટનાર. शीर्षं हन्तीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

અહીં ઉદા.ગત શીર્ષઘાતી પ્રયોગમાં આ સૂત્રથી જ शिरस्નો शीर्ष એ પ્રમાણે નિપાતન જાણવો. અથવા તો शीर्ष એ પ્રમાણે અન્ય પ્રકૃતિનું જ ગ્રહણ કરી લેવું. **उत्तमाङ्गं शिरः शीर्षं मूर्धा ना मस्तकोऽस्त्रियाम्** ઇત્યાદિ રૂપે અમરકોશ આદિમાં शीर्ष શબ્દને સ્વતન્ત્ર પ્રકૃતિ તરીકે ગ્રહણ કરી જ છે.

अचित्ते टक् ५.१.८३

અ.અ.સૂ. : कर्मणः हनः धातोः अचित्ते कर्त्तरि टक्।

અર્થ : કર્મથી પર રહેલ हन् ધાતુથી અચિત્ત કર્ત્તા અર્થમાં टक् પ્રત્યય થાય છે.

ઉદા. **वातघ्नं तैलम्** = વાયુને શાન્ત કરનાર તેલ.
वातं हन्तीति। (हनंक् हिंसा-गत्योः-११००)
આ સૂત્રથી टक्→वात+हन्+**अ**
गम-हन-जन०४.२.४४થી હનાં અનો લોપ→वात+**ह्न**+अ
हनो हनो०२.१.११२થી घ्न्→वात**घ्न्**+अ
પ્રથમા સિ વગેરે→वातघ्न**म्**।





પ્ર.ઉદા. **अचित्त इति किम्? पापघातो यतिः** =
પાપનો નાશ કરનાર સાધુ. पापं हन्तीति।
कर्मणोऽण् ૫.૧.૭૨થી अण्→पाप+हन्+**अ**
ञ्णिति घात् ૪.૩.૧૦૦થી घात् આદેશ→पाप+**घात**
પ્રથમા સિ વગેરે→पापघातः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ અચિત્ત કર્ત્તા અર્થમાં થાય છે. જ્યારે અહીં અચિત્ત કર્ત્તા અર્થ નથી. માટે આ સૂત્રથી ટક્ પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

બહુલતાનાં અધિકારથી આ સૂત્ર દ્વારા स्नुघ्नः વગેરે પ્રયોગોની સંજ્ઞામાં સિદ્ધિ થાય છે.

जाया-पतेश्चिह्नवति ૫.૧.૮૪

અ.અ.સૂ. : जाया-पतेः कर्मणः हनः धातोः चिह्नवति कर्त्तरि टक्।

અર્થ : જાયા અને પતિ કર્મથી પર રહેલ હન્ ધાતુથી ચિહ્નવાળાં કર્ત્તા અર્થમાં ટક્ પ્રત્યય થાય છે.

સ. : जायापतेः = जाया च पतिश्चेति जायापति तस्मादिति।

ઉદા. (૧) **जायाघ्नो ब्राह्मणः** = પત્નીઘાતનું ચિહ્નવાળો બ્રાહ્મણ. जायां हन्तीति। (हनंक् हिंसा-गत्योः-૧૧૦૦)

(૨) **पतिघ्नी कन्या** = પતિઘાતનાં ચિહ્નવાળી કન્યા. पतिं हन्तीति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ वातघ्नम् પ્રમાણે જાણવી. પરંતુ ટક્ પ્રત્યયનું વિધાન આ સૂત્રથી કરવું.



વિશેષતા :

અહીં ધ્યાનમાં લેવું કે, આ સૂત્રમાં જાયા-પતિ શબ્દ કર્મતયા જ અભિપ્રેત છે. અને પૂર્વસૂત્રમાં તમામ કર્મથી પર રહેલાં હન્ ધાતુથી ટક્ પ્રત્યયની સિદ્ધિ હતી જ. પરંતુ ત્યાં અચિત્તવાન કર્ત્તાનાં અર્થમાં સૂત્રની પ્રવૃત્તિ હતી. જ્યારે અહીં ચિહ્નવત્ કર્ત્તા પણ ગ્રહણ કર્યો છે. તેથી ખાસ ચિત્તવાન્ કર્ત્તા અર્થનું ગ્રહણ કરવા માટે જ આ સૂત્રનો નિર્દેશ જાણવો.

ब्रह्मादिभ्यः ५.१.८५

અ.અ.સૂ. : ब्रह्मादिभ्यः कर्मभ्य हनः धातोः कर्त्तरि टक्।

અર્થ : બ્રહ્મન્ વગેરે કર્મથી પર રહેલ હન્ ધાતુથી કર્ત્તા અર્થમાં ટક્ પ્રત્યય થાય છે.

સ. : ब्रह्मादिभ्यः = બ્રહ્મ આદિર્યેષાં તે ઇતિ બ્રહ્માદયઃ, તેભ્ય ઇતિ।

ઉદા. (૧) **ब्रह्मघ्नः पापी** = બ્રાહ્મણની હત્યા કરનાર પાપી.
બ્રહ્મ હન્તીતિ। (હનંક્ હિંસા૦-૧૧૦૦)

(૨) **गोघ्नः पापी** = ગાયની હત્યા કરનાર પાપી.
गां हन्तीति।
આ ઉદા.ની સાધનિકા ૫.૧.૮૩ સૂત્ર નિર્દિષ્ટ वातघ्नम् પ્રમાણે જાણવી. પરંતુ ટક્ પ્રત્યયનું વિધાન આ સૂત્રથી કરવું.

વિશેષતા :

(૧) **બ્રહ્માદિ ગણ દ્વારા સિદ્ધ થતાં પ્રયોગો** : બ્રહ્મઘ્નઃ, कृतघ्नः, शत्रुघ्नः, वृत्रघ्नः, भ्रूणघ्नः, बालघ्नः, शशघ्नी, गोघ्नः વગેરે સૂત્રમાં બ.વ. આકૃતિગણ માટે છે. તેથી

ઉપરોક્ત સિવાયનાં પણ શાસ્ત્રોમાં જણાતાં અન્ય પ્રયોગો પણ સિદ્ધ થાય છે.

(૨) સામાન્યતયા આ સૂત્ર દ્વારા હન્ ધાતુથી કર્ત્તા અર્થમાં ટક્ પ્રત્યય થાય છે. પણ બહુલતાનાં અધિકારથી ક્યારેક સંપ્રદાન અર્થમાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે. **ઉદા.** गां हन्ति यस्मै आगताय दातु स गोघ्नोऽतिथिः।

(૩) પૂર્વસૂત્રમાં કહ્યા મુજબ આ સૂત્રનો નિર્દેશ પણ ચિત્તવાન કર્ત્તા અર્થ માટે જ જાણવો.

हस्ति-बाहु-कपाटाच्छक्तौ ५.१.८६

અ.અ.સૂ. : हस्ति-बाहु-कपाटात् कर्मणः हनः धातोः शक्तौ कर्त्तरि टक्।

અર્થ : હસ્તિન્, બાહુ અને કપાટ કર્મથી પર રહેલ હન્ ધાતુથી શક્તિ અર્થ જણાતે છતે કર્ત્તા અર્થમાં ટક્ પ્રત્યય થાય છે.

સ. : हस्ति-बाहु-कपाटात् = हस्ति च बाहुश्च कपाटश्चेति हस्ति-बाहु-कपाटम्, तस्मादिति।

ઉદા. (૧) **हस्तिघ्नः** = હાથીને મારવા માટે સમર્થ.
हस्तिनं हन्तुं शक्त इति। (हनंक् हिंसा-गत्योः-११००)

(૨) **बाहुघ्नः** = હાથને તોડવા માટે સમર્થ.
बाहुं हन्तुं शक्त इति।

(૩) **कपाटघ्नः** = કમાડને તોડવા માટે સમર્થ.
कपाटं हन्तुं शक्त इति।
આ ઉદા.ની સાધનિકા ૫.૧.૮૩ સૂત્ર નિર્દિષ્ટ वातघ्नम् પ્રમાણે જાણવી. પરંતુ ટક્ પ્રત્યયનું વિધાન આ સૂત્રથી કરવું.

પ્ર.ઉદા. **शक्ताविति किम्? हस्तिघातो विषदः** = હાથીને મારવા માટે (મારનાર) વિષ આપનાર हस्तिनं हन्तीति।
આ ઉદા.ની સાધનિકા ૫.૧.૮૩ સૂત્ર નિર્દિષ્ટ पापघातः પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ શક્તિ અર્થની ગમ્યમાનતામાં થાય છે. જ્યારે અહીં શક્તિ અર્થની ગમ્યમાનતા નથી. માટે આ સૂત્રથી ટક્ પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

(૧) આ સૂત્રનો નિર્દેશ પણ ચિત્તવાન્ કર્ત્તા અર્થ માટે જ જાણવો.

(૨) અહીં शक्तौ એ પ્રમાણે શક્તિની ગમ્યમાનતા દર્શાવી છે. ત્યાં વિશેષ એ જાણવું કે, કોઈપણ જીવમાં શક્તિ તો હોય છે. કારણ કે શક્તિ વિના તો કોઈપણ કાર્યનું કર્તૃત્વ ઘટી જ ન શકે. તેથી અહીં સામર્થ્યથી જ શક્તિનો પ્રકર્ષ અર્થ જાણવો. પણ સામાન્ય શક્તિ નહીં.

नगरादगजे ૫.૧.૮૭

અ.અ.સૂ. : नागरात् कर्मणः हनः धातोः अगजे कर्त्तरि टक्।

અર્થ : નગર કર્મથી પર રહેલ हन् ધાતુથી હાથી સિવાયનાં કર્ત્તા અર્થમાં ટક્ પ્રત્યય થાય છે.

ઉદા. (૧) **नगरघ्नो व्याघ्रः** = નગરનો નાશ કરનાર વાઘ.
नगरं हन्तीति। (हनंक् हिंसा-गत्योः-૧૧૦૦)
આ ઉદા.ની સાધનિકા ૫.૧.૮૩ સૂત્ર નિર્દિષ્ટ वातघ्नम् પ્રમાણે જાણવી.



પ્ર.ઉદા. **अगज इति किम्? नगरघातो हस्ती** =
નગરનો ઘાત કરનાર હાથી.
આ ઉદા.ની સાધનિકા પ.૧.૮૩ નિર્દિષ્ટ पापघातः પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ હાથી સિવાયનાં કર્ત્તા અર્થમાં થાય છે. જ્યારે અહીં હાથી કર્ત્તા છે. માટે આ સૂત્રથી ટક્ પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

(૧) આ સૂત્રનો નિર્દેશ પણ चित्तवान् કર્ત્તા અર્થ માટે જાણવો.

(૨) યદ્યપિ અહીં પણ नगरघ्नः व्याघ्रः વગેરે પ્રયોગમાં શક્તિની ગમ્યમાનતા વિદ્યમાન જ છે. તેથી પૂર્વસૂત્રમાં જ નગર શબ્દનું ગ્રહણ કરીને આ સૂત્રની પ્રવૃત્તિ શક્ય જ હતી. પરંતુ નગરથી પર હન્ ધાતુથી ગજ સિવાયનાં કર્ત્તામાં હસ્તિ વગેરે કર્મથી પર હન્ ધાતુથી ગજ સહિતનાં કર્ત્તામાં ટક્ પ્રત્યયનું વિધાન થાય. આમ, કર્તા તરીકે ગજનું ગ્રહણ-અગ્રહણ જ બંને સૂત્રનું પૃથક્ નિર્દેશનું પ્રયોજન છે.

राजघः ૫.૧.૮૮

અ.અ.સૂ. : राजघः कर्त्तरि।

અર્થ : રાજન્ કર્મથી પર રહેલ હન્ ધાતુથી કર્ત્તા અર્થમાં ટક્ પ્રત્યય અને હન્નો घ આદેશ નિપાતન પામે છે.

ઉદા. राजघः = રાજાની હત્યા કરનાર.
राजानं हन्तीति। (हनंक् हिंसा-गत्योः-૧૧૦૦)
આ સૂત્રથી ટક્→राजन्+हन्+**अ**



અને હન્નો ઘ નિપાતન→राजन्+**घ**
નામ્નો નો૦૨.૧.૯૧થી ન્નો લોપ→राजघ
પ્રથમા સિ વગેરે→राजघः।

વિશેષતા :

અહીં સામાન્યતયા પૂર્વસૂત્રોથી हन्तेः એ પ્રમાણે પંચમી વિભક્ત્યન્ત અનુવૃત્તિ આવી રહી છે. પરંતુ આ સૂત્ર નિપાતન કાર્યનું છે. માટે અહીં પંચમ્યન્ત અને ષષ્ઠ્યન્ત એમ બંને નિર્દેશ માનવાં અને તેથી જ અહીં 'हन् ધાતુથી टक् પ્રત્યય' અને 'हन् ધાતુનો ઘ આદેશ' એમ બે કાર્યની પ્રાપ્તિ થાય છે.

पाणिघ-ताडघौ शिल्पिनि ५.१.८९

અ.અ.સૂ. : पाणिघ-ताडघौ शिल्पिनि कर्त्तरि।

અર્થ : टक् પ્રત્યયાન્ત पाणिघ અને ताडघ શબ્દ શિલ્પી સ્વરૂપ કર્ત્તા અર્થમાં નિપાતન પામે છે.

સ. : पाणिघ-ताडघौ = पाणिघश्च ताडघश्चेति।

ઉદા. (૧) **पाणिघः** = મૃદંગ વગાડવામાં નિપુણ.
पाणिं हन्तीति। (हनंक् हिंसा-गत्योः-११००)
આ સૂત્રથી टक् પ્રત્યય અને हन्નો ઘ→पाणि**घ**
પ્રથમા સિ વગેરે→पाणिघः।

(૨) **ताडघः** = તાલ વગાડવામાં નિપુણ. ताडं हन्तीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.


પ્ર.ઉદા. शिल्पिनीति किम्?

(૧) **पाणिघातः** = મૃદંગ વગાડનાર. पाणिं हन्तीति।

(૨) **ताडघातः** = તાલ વગાડનાર. ताडं हन्तीति।
આ ઉદા.ની સાધનિકા ૫.૧.૮૩ નિર્દિષ્ટ पापघातः પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ શિલ્પી કર્ત્તા અર્થમાં થાય છે. જ્યારે અહીં શિલ્પી કર્ત્તા નથી. માટે આ સૂત્રથી ટક્ પ્રત્યય થયો નહીં.

हन् ધાતુથી થતાં વિવિધ પ્રત્યયોનું સારાંશ કોષ્ટક :



ક્રમ	સૂત્ર	ઉદા.
૧.	૫.૧.૮૦	शत्रुहः
૨.	૫.૧.૮૧	क्लेशापहः
૩.	૫.૧.૮૨	कुमारघाती
૪.	૫.૧.૮૩	वातघ्नम्
૫.	૫.૧.૮૪	जायाघ्नः
૬.	૫.૧.૮૫	ब्रह्मघ्नः
૭.	૫.૧.૮૬	हस्तिघ्नः
૮.	૫.૧.૮૭	नगरघ्नः
૯.	૫.૧.૮૮	राजघः
૧૦.	૫.૧.૮૯	पाणिघः

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો પાણિ અને તાડ રૂપ કરણથી પર હન્ ધાતુથી ટક્ પ્રત્યય અને ઘ આદેશ ઇચ્છે છે. તેથી તેઓનાં મતે પાણિના તાડેન च हन्तीति पाणिघः-ताडघः એ પ્રમાણે વિગ્રહ જાણવો.

कुक्ष्यात्मोदराद् भृगः खिः ५.१.९०

અ.અ.સૂ. : कुक्ष्यात्मोदरात् कर्मणः भृगः धातोः कर्त्तरि खिः।

અર્થ : કુક્ષિ, આત્મન્ અને ઉદર કર્મથી પર રહેલાં भृ ધાતુથી કર્ત્તા અર્થમાં ખિ પ્રત્યય થાય છે.

સ. : कुक्ष्यात्मोदरात् = कुक्षिश्च आत्मा च उदरश्चेति कुक्ष्यात्मोदरम्, तस्मादिति।

ઉદા. (૧) कुक्षिम्भरिः = (પોતાનાં) પેટને જ ભરનાર.
कुक्षिमेव बिभर्त्तीति। (टुडुभृंग्क् पोषणे च-११४०)
આ સૂત્રથી ખિ→कुक्षि+भृ+**इ**
नामिनो गुणो०४.३.१थी गुण→कुक्षि+**भरि**
खित्यनव्यया०३.२.१११थी म् આગમ→कुक्षि**म्**भरि
प्रथमा सि વગેરે→कुक्षिम्भरिः।

(૨) **आत्मम्भरिः** = પોતાનું જ પોષણ કરનાર.
आत्मानमेव बिभर्त्तीति।

(૩) **उदरम्भरिः** = પોતાનાં પેટને જ ભરનાર. उदरमेव बिभर्त्तीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

અહીં ખિ પ્રત્યયમાં ख અનુબંધ खित्यनव्ययाऽरुषो०३.२.१११ વગેરે સૂત્રો દ્વારા म् આગમ કરવા માટે છે.

અન્ય મત :

પાણિનિ વગેરે કેટલાંક વ્યાકરણકાર ઉદર કર્મથી પર આ સૂત્રની પ્રવૃત્તિ ઇચ્છતાં નથી.

अर्होऽच् ५.१.९१

અ.અ.સૂ. : कर्मणः अर्हः धातोः कर्त्तरि अच्।

અર્થ : કર્મથી પર રહેલ अर्ह् ધાતુથી કર્ત્તા અર્થમાં अच् પ્રત્યય થાય છે.

ઉદા. पूजार्हा साध्वी = પૂજા પામનાર સાધ્વી.
पूजामर्हतीति। (अर्ह पूजायाम्-५६४)
આ સૂત્રથી अच्→पूजा+अर्ह्+**अ**
आप् વગેરે→**पूजार्हा**।

વિશેષતા :

(૧) અહીંથી પુનઃ अच् પ્રત્યયનો અધિકાર આવે છે. જે આગામી आङः शीले ૫.૧.૯૬ સૂત્ર સુધી અધિકૃત છે. પરંતુ ત્યાં ધ્યાનમાં લેવું કે, આ તમામ સૂત્રમાં જણાવેલાં ધાતુઓનો આકૃતિગણતયા લિહાદિ ગણ અંતર્ગત સમાવેશ થઈ જ શકે છે. તેથી આ સૂત્રનાં નિર્દેશની આવશ્યકતા રહેતી નથી. તો પણ ગ્રંથકારશ્રીએ આ સૂત્રનો નિર્દેશ કર્યો છે એ જ જણાવે છે કે, આ સૂત્રોનું પ્રકરણ એ લિહાદિ ધાતુઓનું જ નિયમન કરવા માટે છે. અર્થાત્ કયા ધાતુથી, કયા અર્થમાં, કયા ઉપસર્ગપૂર્વક अच् પ્રત્યય કરવો. તે આ પ્રકરણ દ્વારા સમજાવાય છે. તેથી આ છ સૂત્રોમાં

દર્શાવેલ ધાતુઓથી તે-તે સૂત્રમાં નિર્દિષ્ટ અર્થ-ઉપસર્ગ આદિ પૂર્વક જ अच् પ્રત્યય થશે. અન્યથા નહીં.

(૨) અહીં કર્મથી પર અર્હ ધાતુનું ગ્રહણ કર્યું હોવાથી कर्मणोऽण् ૫.૧.૭૨થી अण् પ્રત્યયની પ્રાપ્તિ હતી. પરંતુ આ સૂત્રથી વિહિત अच् પ્રત્યય अण् પ્રત્યયની સાથે સરૂપ હોવાથી असरुपोऽपवादे०૫.૧.૧૬થી अण् પ્રત્યયની વૈકલ્પિક પ્રાપ્તિ પણ કરાવતો નથી. તેથી આ अच् પ્રત્યય દ્વારા अण् પ્રત્યયનો બાધ થાય છે. આમ, આ સૂત્રનું કાર્ય अण् પ્રત્યયનાં અપવાદભૂત જાણવું.

धनु-र्दण्ड-त्सरु-लाङ्गला-ऽङ्कुशर्ष्टि-यष्टि-शक्ति-तोमर-घटाद् ग्रहः ૫.૧.૯૨

અ.અ.સૂ. : धनु-र्दण्ड-त्सरु-लाङ्गल-ऽङ्कुशर्ष्टि-यष्टि-शक्ति-तोमर घटात्-कर्मणः ग्रहः धातोः कर्त्तरि अच्।

અર્થ : ધનુસ્, દણ્ડ, ત્સરુ, લાઙ્ગલ, અઙ્કુશ, ઋષ્ટિ, યષ્ટિ, શક્તિ, તોમર અને ઘટ કર્મથી પર રહેલ ગ્રહ્ ધાતુથી કર્ત્તા અર્થમાં अच् પ્રત્યય થાય છે.

સ. : धनु-र्दण्ड-त्सरु-लाङ्गला-ऽङ्कुशर्ष्टि-यष्टि-शक्ति-तोमर घटात् = धनुश्च दण्डश्च त्सरुश्च लाङ्गलश्च अङ्कुशश्च ऋष्टिश्च यष्टिश्च शक्तिश्च तोमरश्च घटश्चेति धनु-र्दण्ड-त्सरु-लाङ्गला-ऽङ्कुशर्ष्टि-यष्टि-शक्ति-तोमर-घटम्, तस्मादिति।

ઉદા. (૧) धनुर्ग्रहः = ધનુષ્યને ગ્રહણ કરનાર.
धनुर्गृह्णातीति। (ग्रहीश् उपादाने-૧૫૧૭)
આ સૂત્રથી अच्→धनुस्+ग्रह्+**अ**



सो रुः २.१.७२थी स्नो र्→धनुर्ग्रह
प्रथमा सि वगेरे→धनुर्ग्रहः।

(२) **दण्डग्रहः** = દંડને ગ્રહણ કરનાર. दण्डं गृह्णातीति।
(૩) **त्सरुग्रहः** = तलवारनी मूठने ग्रहण करनार.
त्सरुं गृह्णातीति।
(४) **लाङ्गलग्रहः** = હળનાં વિશેષ અંગને ગ્રહણ કરનાર.
लाङ्गलं गृह्णातीति।
(५) **तोमरग्रहः** = ગદાને ગ્રહણ કરનાર. तोमरं गृह्णातीति।
(६) **अङ्कुशग्रहः** = અંકુશને ગ્રહણ કરનાર. अङ्कुशं गृह्णातीति।
(७) **ऋष्टिग्रहः** = અસ્ત્ર વિશેષને ગ્રહણ કરનાર.
ऋष्टिं गृह्णातीति।
(८) **यष्टिग्रहः** = લાકડીને ગ્રહણ કરનાર. यष्टिं गृह्णातीति।
(९) **शक्तिग्रहः** = અસ્ત્ર વિશેષને ગ્રહણ કરનાર.
शक्तिं गृह्णातीति।
(१०) **घटग्रहः** = ઘડાને ગ્રહણ કરનાર. घटं गृह्णातीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(१) અહીં સૂત્રમાં घट વગેરે સામાન્ય શબ્દનો નિર્દેશ પણ કર્યો છે. તેથી **नामग्रहणे लिङ्गविशिष्टस्याऽपि ग्रहणम् १/१६** ન્યાયાનુસારે તેનાં સ્ત્રીલિંગ घटी વગેરે શબ્દોનું પણ ગ્રહણ જાણવું. **ઉદા.** घटीं गृह्णातीति घटीग्रहः।

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકાર આ સૂત્રનાં વિષયમાં अण् પ્રત્યય પણ ઇચ્છે છે. તેથી તેઓનાં મતે धनुर्ग्राहः, दण्डग्राहः વગેરે પ્રયોગો પણ પ્રાપ્ત થાય છે.



सूत्राद् धारणे ५.१.९३

अ.अ.सू. : सूत्रात् कर्मणः धारणे ग्रहः धातोः कर्त्तरि अच्।

अर्थ : સૂત્ર કર્મથી પર રહેલ વિધિપૂર્વક ગ્રહણ કરીને ધારી રાખવું અર્થમાં વર્ત્તતાં ગ્રહ્ ધાતુથી કર્ત્તા અર્થમાં અચ્ પ્રત્યય થાય છે.

ઉદા. (૧) सूत्रग्रहः प्राज्ञः = વિદ્વાન.
सूत्रमुपादाय ग्राहयतीति। (ग्रहीश् उपादाने-१५१७)

(૨) **सूत्रग्रहः सूत्रधारः** = નાટકનો સૂત્રધાર.
सूत्रमुपादाय धारयतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ અચ્ પ્રત્યયનું વિધાન આ સૂત્રથી કરવું.

પ્ર.ઉદા. धारण इति किम्? सूत्रग्राहः = સૂત્ર ભણનાર.
सूत्रं गृह्णातीति।
कर्मणोऽण् ५.१.७२થી अण्→सूत्र+ग्रह्+**अ**
ञ्णिति ४.३.५०થી वृद्धि→सूत्र**ग्राह**
प्रथमा सि વગેરે→सूत्रग्राहः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ધારણ અર્થમાં થાય છે. જ્યારે અહીં ધારણ અર્થ નથી. માટે આ સૂત્રથી અચ્ પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

(૧) સૂત્રમાં દર્શાવેલ 'सूत्र' પદથી બે અર્થોનું ગ્રહણ થાય છે તે નીચે પ્રમાણે છે :

(A) **વ્યાકરણ વિ. ગ્રન્થનાં સૂત્રો :**

अल्पाक्षरमसन्दिग्धं सारवत् विश्वतोमुखम्।
अस्तोभमनवद्यं च सूत्रं सूत्रविदो विदुः॥

અર્થ : અલ્પઅક્ષરવાળો, સંશય ન થાય તેવું સારભૂત, સર્વને સમ્મત, નિરર્થક શબ્દ રહિત, અતિવ્યાપ્તિ વિ. દોષ રહિતને સૂત્ર કહેવાય છે.

(B) **कर्पासादिमयं** = સૂતરમાંથી બનેલ જનોઈ.

આ અર્થનાં આધારે અન્ય વૈયાકરણીઓ સૂત્રધાર=બ્રાહ્મણ અર્થ કરે છે.

आयुधादिभ्यो धृगोऽदण्डादेः ५.१.९४

અ.અ.સૂ. : अदण्डादेः आयुधादिभ्यः कर्मभ्यः धृगः धातोः कर्त्तरि अच्।

અર્થ : દણ્ડ વગેરે સિવાયનાં આયુધ વગેરે કર્મથી પર રહેલ धृ ધાતુથી કર્ત્તા અર્થમાં अच् પ્રત્યય થાય છે.

સ. : (૧) **आयुधादिभ्यः** = आयुधरादिर्येषां ते इति आयुधादयः, तेभ्य इति।

(૨) **अदण्डादेः** = दण्ड आदिर्यस्य स इति दण्डादिः, न दण्डादिरिति अदण्डादिः, तस्मादिति।

ઉદા. (૧) **धनुर्धरः** = ધનુષ્યને ધારણ કરનાર.
धनुर्धरतीति। (धृंग् धारणे-८८७)
આ સૂત્રથી अच्→धनुस्+धृ+**अ**
नामिनो गुणो०४.३.१थी गुण→धनुस्+**धर**
પ્રથમા સિ વગેરે→धनुर्धरः।

(૨) **भूधरः** = પૃથ્વીને ધારણ કરનાર. भुवं धरतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. अदण्डादेरिति किम् ?

(૧) **दण्डधारः** = દંડને ધારણ કરનાર. दण्डं धरतीति।
कर्मणोऽण् ૫.૧.૭૨થી अण्→दण्ड+धृ+**अ**
नामिनोऽ०४.૩.૫૧થી વૃદ્ધિ→दण्ड+**धार**
પ્રથમા સિ વગેરે→दण्डधारः।

(૨) **कुण्डधारः** = કુણ્ડને ધારણ કરનાર. कुण्डं धरतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

★ આ સૂત્રમાં કર્મતયા दण्ड વગેરેનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી अच् પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં आयुधादिभ्यः એ પ્રમાણે બ.વ.નો નિર્દેશ છે. તેથી અહીં ન દેખાતાં પણ શાસ્ત્રોમાં જણાતાં આવાં અન્ય પ્રયોગો પણ આ સૂત્રથી જ સિદ્ધ થયેલાં જાણવાં.

(૨) અહીં સૂત્રમાં आयुधादिभ्यः પદમાં આદિ શબ્દ પ્રભૃત્યર્થક ગ્રહણ ન કરતાં પ્રકારવાચી જાણવો. અર્થાત્ આ સૂત્રનાં વિષય તરીકે આયુધ વગેરે કર્મનું ગ્રહણ ન કરવું. પણ આયુધવાચી જેવા જણાતાં તત્પ્રકારક કર્મનું ગ્રહણ કરવું. કારણકે જો અહીં માત્ર આયુધવાચી શબ્દ જ અભિપ્રેત હોત તો માત્ર आयुधेभ्यः એવો નિર્દેશ પણ કરી શકત.

(૩) **આયુધાદિ ગણ દ્વારા સિદ્ધ થતાં પ્રયોગો :** धनुर्धरः, शक्तिधरः, चक्रधरः, वज्रधरः, शूलधरः, हलधरः, भूधरः, जलधरः, विषधरः, विद्याधरः, श्रीधरः, जटाधरः, पयोधरः વગેરે.

(૪) **दण्डादि ગણ દ્વારા વર્જિત થતાં પ્રયોગો :** दण्डधारः, कुण्डधारः, कर्णधारः, सूत्रधारः, छत्रधारः વગેરે.

हृगो वयोऽनुद्यमे ५.१.९५

અ.અ.સૂ. : कर्मणः हृगः धातोः वयोऽनुद्यमे कर्त्तरि अच्।

અર્થ : કર્મથી પર રહેલ હૃ ધાતુથી વય અને અનુદ્યમ અર્થ જણાતે છતે કર્ત્તા અર્થમાં अच् પ્રત્યય થાય છે.

સ. : वयोऽनुद्यमे = न उद्यम इति अनुद्यमः, वयश्च अनुद्यमश्चेति वयोऽनुद्यमम्, तस्मिन्निति।

ઉદા. (૧) अस्थिहरः श्वशिशुः = હાડકું લઈ જનાર કૂતરાનું બચ્ચું.
अस्थि हरतीति। (हृंग् हरणे-८८५)
આ સૂત્રથી अच्→अस्थि+हृ+**अ**
नामिनो गुणो०४.३.१थी गुण→**अस्थिहर**
પ્રથમા सि વગેરે→अस्थिहरः।

(૨) **उद्यमः उत्क्षेपणमाकाशे धारणं वा, तदभावे इति।** =
ઊંચે ઊછાળવું અથવા આકાશમાં ધારણ કરવું એટલે ઉદ્યમ, તે સિવાયનો અર્થ અનુદ્યમ કહેવાય છે.
मनोहरा माला = સુંદર માળા. मनः हरतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. वयोऽनुद्यम इति किम्? भारहारः = ભારને વહન કરનાર.
भारं हरतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ दण्डधारः પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સંજ્ઞા જણાતે છતે થાય છે. જ્યારે અહીં સંજ્ઞા જણાતી નથી. માટે આ સૂત્રથી અચ્ પ્રત્યય થયો નહીં.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો આ સૂત્રથી થતાં પ્રયોગોમાં જો સંજ્ઞા જણાતી હોય તો ટ પ્રત્યય પણ ઇચ્છે છે. તેથી તેઓનાં મતે સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય થતાં મનોહરી, વિષહરી જેવાં પ્રયોગો થાય છે.

आङः शीले ૫.૧.૧૬

અ.અ.સૂ. : कर्मणः आङः हृगः धातोः शीले कर्त्तरि अच्।

અર્થ : કર્મથી પર રહેલ આ પૂર્વક હૃ ધાતુથી શીલ અર્થ જણાતે છતે કર્ત્તા અર્થમાં અચ્ પ્રત્યય થાય છે.

ઉદા. पुष्पाहरः = માળી. पुष्पाणि आहरतीति। (हृंग् हरणे-૮૮૫)
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ अस्थिहरः પ્રમાણે જાણવી. પરંતુ અચ્ પ્રત્યય આ સૂત્રથી કરવો.

પ્ર.ઉદા. शील इति किम्? पुष्पाहारः = પુષ્પોને લઈ જનાર.
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ भारहारः પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ શીલ અર્થ જણાતો હોય તો થાય છે. જ્યારે અહીં શીલ અર્થ નથી. માટે આ સૂત્રથી અચ્ પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

જો આ સૂત્રનો નિર્દેશ ન કર્યો હોત તો પૂર્વસૂત્રથી શીલ અને અશીલ એમ બંને અર્થમાં आङ् પૂર્વક हन् ધાતુથી अच् પ્રત્યય



થતો જ હતો. પરંતુ એ સૂત્રમાં વય અને અનુદ્યમની ગમ્યમાનતા પણ વિવક્ષિત હતી. તેથી આ સૂત્રનાં નિર્દેશ દ્વારા ગ્રંથકારશ્રી એવું જણાવવાં માંગે છે કે, જો વય અને અનુદ્યમની ગમ્યમાનતા ન હોતે છતે પણ જો શીલ અર્થ ગમ્ય હશે તો પણ આ સૂત્રથી આङ્ પૂર્વક હૃ ધાતુથી अच् પ્રત્યયની પ્રાપ્તિ થશે.

યદ્યપિ અહીં આङ્ પૂર્વક હૃ ધાતુથી જો अच् પ્રત્યય થશે તો માત્ર શીલ અર્થમાં જ થશે. અશીલ અર્થમાં નહીં જ થાય. એવો વિપરીત નિયમ પણ પ્રાપ્ત થવાની સંભાવના છે. પરંતુ પ્રામાણિક પ્રયોગનાં અનુરોધ વડે અહીં તેવો નિયમ ગ્રહણ કરવો નહીં. કારણકે વય અને અનુદ્યમની અવિવક્ષામાં શીલ અર્થ જણાતે છતે જેમ આ સૂત્રથી अच् પ્રત્યય થાય છે. તેમ અશીલ અર્થની વિવક્ષામાં વય અને અનુદ્યમ જણાતે છતે પૂર્વસૂત્રથી પણ अच् પ્રત્યય થઈને सुखाहरः વગેરે પ્રયોગો પ્રાપ્ત થાય છે.

दृति-नाथात्-पशावि: ૫.૧.૯૭

અ.અ.સૂ. : दृति-नाथात् कर्मणः हृगः धातोः पशौ कर्त्तरि इः।

અર્થ : दृति અને નાથ કર્મથી પર રહેલ હૃ ધાતુથી પશુ કર્ત્તા હોતે છતે इ પ્રત્યય થાય છે.

સ. : दृति-नाथात् = दृतिश्च नाथश्चेति दृतिनाथम्, तस्मादिति।

ઉદા. (૧) दृतिहरिःश्वा = કૂતરો. दृतिं हरतीति। (हृंग् हरणे-૮૮૫)
આ સૂત્રથી इ→दृति+हृ+**इ**
नामिनो गुणो०૪.૩.૧થી ગુણ→दृति**हरि**
પ્રથમા સિ વગેરે→दृतिहरिः।



(૨) **नाथहरिः सिंहः** = સિંહ. નાથં હરતીતિ।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

रजः-फले-मलाद् ग्रहः ५.१.९८

અ.અ.સૂ. : रजः-फले-मलात् कर्मणः ग्रहः धातोः कर्त्तरि इः।

અર્થ : રજસ્, ફલે અને મલ કર્મથી પર રહેલ ગ્રહ્ ધાતુથી કર્ત્તા અર્થમાં इ પ્રત્યય થાય છે.

સ. : रजः-फले-मलात् = रजश्च फलेश्च मलश्चेति रजः-फले-मलम्, तस्मादिति।

ઉદા. (૧) **रजोग्रहिः** = કञ्चुક.
रजो गृह्णातीति। (ग्रहीश् उपादाने-१५१७)
આ સૂત્રથી इ→रजस्+ग्रह+**इ**
પ્રથમા સિ વગેરે→रजोग्रहिः।

(૨) **फलेग्रहिः** = વૃક્ષ. फलं गृह्णातीति।

(૩) **मलग्रहिः** = કાંબળી. मलं गृह्णातीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) યદ્યપિ फल શબ્દ अકારાન્ત જ છે. પરંતુ સૂત્રમાં फले એ પ્રમાણે નિર્દેશ કર્યો હોવાથી નિર્દેશ સામર્થ્યથી फलेग्रहिः વગેરે एत्व વાળાં પ્રયોગ જાણવાં.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો रजस् અને मल કર્મથી પર આ સૂત્રની પ્રવૃત્તિ ઇચ્છતાં નથી. તેથી તેઓનાં મતે रजोग्रहिः, मलग्रहिः પ્રયોગો પ્રાપ્ત થતાં નથી.

देव-वातादापः ५.१.९९

અ.અ.સૂ. : देव-वातात् कर्मणः आपः धातोः कर्त्तरि इः।

અર્થ : દેવ અને વાત કર્મથી પર રહેલ આપ્ ધાતુથી કર્ત્તા અર્થમાં इ પ્રત્યય થાય છે.

સ. : देव-वातात् = देवश्च वातश्चेति देव-वातम्, तस्मादिति।

ઉદા. (૧) देवापिः = દૈત્ય વિશેષ.
देवानाप्नोतीति। (आप्लृंट् व्याप्तौ-१३०७)
આ સૂત્રથી अच्→देव+आप्+**इ**
समानानां०१.२.१થી દીર્ઘ→देवापि
પ્રથમા सि વગેરે→देवापिः।

(૨) **वातापिः** = દૈત્ય વિશેષ. वातमाप्नोतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

शकृत्-स्तम्बाद् वत्स-व्रीहौ कृगः ५.१.१००

અ.અ.સૂ. : शकृत्-स्तम्बात् कृगः धातोः वत्स-व्रीहौ कर्त्तरि इः।

અર્થ : शकृत् અને स्तम्ब કર્મથી પર રહેલ कृ ધાતુથી અનુક્રમે वत्स અને व्रीहि સ્વરૂપ કર્ત્તા અર્થમાં इ પ્રત્યય થાય છે.

સ. : (૧) शकृत्-स्तम्बात् = शकृत् च स्तम्बश्चेति शकृत्-स्तम्बम्, तस्मादिति।

(૨) **वत्स-व्रीहौ** = वत्सश्च व्रीहिश्चेति वत्सव्रीहि, तस्मिन्निति।

ઉદા. (૧) शकृत्करिर्वत्सः = વાછરડું.
शकृत् करोतीति। (डुकृंग् करणे-८८८)

(૨) **स्तम्बकरिर्व्रीहिः** = ચોખા. स्तम्बं करोतीति।



આ ઉદા.ની સાધનિકા ૫.૧.૯૭ નિર્દિષ્ટ दृतिहरिः પ્રમાણે જાણવી.

વિશેષતા :

અહીં સૂત્રમાં शकृत्-स्तम्बात् એ પ્રમાણે કર્મદર્શક પદ અને वत्स-व्रीहौ એ પ્રમાણે અર્થદર્શક પદની સંખ્યા અને વચન સમાન હોવાથી **यथासङ्ख्यमनुदेशः०१/१०** ન્યાયાનુસારે તે બંને વચ્ચે અનુક્રમની પ્રાપ્તિ થાય છે.

किम्-यत्-तद्-बहोरः ૫.૧.૧૦૧

અ.અ.સૂ. : किम्-यत्-तद्-बहोः कर्मणः कृगः धातोः कर्त्तरि अः।

અર્થ : किम्-यद्-तद् અને બહુ કર્મથી પર રહેલ कृ ધાતુથી કર્ત્તા અર્થમાં अ પ્રત્યય થાય છે.

સ. : किम्-यत्-तद्-बहोः = किं च यत् च तद् च बहुश्चेति किम्-यत्-बहु, तस्मादिति।

ઉદા. (૧) **किंकरा** = દાસી.

किं करोमीति आज्ञां प्रतीक्षते इति। (डुकृंग् करणे-८८८)

આ સૂત્રથી अ→किम्+कृ+**अ**

नामिनो गुणो०४.३.१થી ગુણ→किम्+**कर**

तौ मु-मो०१.३.१४થી અનુસ્વાર→**किं**कर

आप् વગેરે→किंकर**ा**।

(૨) **यत्करा** = જે કરનારી. यत् करोतीति।

(૩) **तत्करा** = તે કરનારી. तत् करोतीति।

(૪) **बहुकरा** = બહુ કરનારી. बहु करोतीति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.



વિશેષતા :

અહીં ધ્યાનમાં લેવું કે, સૂત્ર નિર્દિષ્ટ બહુ શબ્દ સંખ્યા અને વૈપુલ્ય એમ બે અર્થમાં વર્ત્તે છે. ત્યાં વૈપુલ્યભિન્ન સંખ્યાર્થક બહુ શબ્દને બહુ-ગણં ભેદે ૧.૧.૪૦ સૂત્રથી સંખ્યાવત્ સંજ્ઞા કરવામાં આવે છે. તેથી તે સંખ્યાવત્ સંજ્ઞક બહુ શબ્દની વિવક્ષામાં તો આગામી સંખ્યાઽહર્દિવા૦૫.૧.૧૦૨ સૂત્રથી જ ટ પ્રત્યય થાય છે. ઉદા. સંમાર્જની બહુકરી અને તેથી જ આ સૂત્રમાં વૈપુલ્યાર્થક બહુ શબ્દ જ વિવક્ષિત જાણવો.

सङ्ख्या-ऽह-र्दिवा-विभा-निशा-प्रभा-भाश्चित्र-कर्त्राद्यन्ता-ऽनन्त-कार-बाह्वरु-र्धनु-र्नान्दी-लिपि-लिवि-बलि-भक्ति-क्षेत्र-जङ्घा-क्षपा-क्षणदा-रजनि-दोषा-दिन-दिवसाट्ः ५.१.१०२

અ.અ.સૂ. : सङ्ख्या-ऽह-र्दिवा.. दिवसात् कर्मणः कृगः धातोः कर्त्तरि टः।

અર્થ : સઙ્ખ્યા અને સંખ્યાવાચી શબ્દો, અહન્, દિવા, વિભા, નિશા, પ્રભા, ભાસ્, ચિત્ર, કર્તૃ, આદિ, અન્ત, અનન્ત, કાર, બાહુ, અરુષ્, ધનુષ્, નાન્દી, લિપિ, લિવિ, બલિ, ભક્તિ, ક્ષેત્ર, જઙ્ઘા, ક્ષપા, ક્ષણદા, રજનિ, દોષા, દિન અને દિવસ કર્મથી પર રહેલ કૃ ધાતુથી કર્ત્તા અર્થમાં ટ પ્રત્યય થાય છે.

સ. : सङ्ख्या-ऽह-र्दिवा-विभा-निशा-प्रभा-भाश्चित्र-कर्त्राद्यन्ता-ऽनन्त-कार-बाह्वरु-र्धनु-र्नान्दी-लिपि-लिवि-बलि-भक्ति-क्षेत्र-जङ्घा-क्षपा-क्षपदा-रजनि-दोषा-दिन-दिवसात् =

सङ्ख्या च अहश्च दिवा च विभा च निशा च प्रभा च भाश्च चित्रश्च कर्तृश्च अन्तश्च अनन्तश्च कारश्च बाहुश्च ऊरुश्च धनुश्च नान्दी च लिपिश्च लिविश्च बलिश्च भक्तिश्च क्षेत्रश्च जङ्घा च क्षपा च क्षणदा च रजनिश्च दोषा च दिनश्च दिवसश्चेति सङ्ख्या-ऽह... दिवसम्, तस्मादिति।

ઉદા. (૧) **सङ्ख्याकरः** = ગણનાર.
सङ्ख्यां करोतीति। (डुकृंग् करणे-८८८)
આ સૂત્રથી ट→सङ्ख्या+कृ+**अ**
नामिनो गुणो०४.३.१थी गुण→सङ्ख्या**कर**
પ્રથમા सि વગેરે→सङ्ख्या**करः**।

(૨) **द्विकरः** = બે કરનાર. द्वौ करोतीति।

(૩) **अहस्करः** = સૂર્ય. अहः करोतीति।

(૪) **दिवाकरः** = સૂર્ય. दिवा करोतीति।

(૫) **विभाकरः** = ચન્દ્ર. विभां करोतीति।

(૬) **निशाकरः** = ચન્દ્ર. निशां करोतीति।

(૭) **प्रभाकरः** = સૂર્ય. प्रभां करोतीति।

(૮) **भास्करः** = સૂર્ય. भासं करोतीति।

(૯) **चित्रकरः** = ચિત્રકાર. चित्रं करोतीति।

(૧૦) **कर्तृकरः** = કર્ત્તાનો પ્રયોજક. कर्त्तारं करोतीति।

(૧૧) **आदिकरः** = શરૂઆત કરનાર. आदिं करोतीति।

(૧૨) **अन्तकरः** = નાશ કરનાર. अन्तं करोतीति।

(૧૩) **अनन्तकरः** = નાશ નહીં કરનાર. अनन्तं करोतीति।

(૧૪) **कारकरः** = કર કરનાર. कारं करोतीति।

(૧૫) **बाहुकरः** = ભૂજા સંબંધી કાર્ય કરનાર. बाहुं करोतीति।

(૧૬) **अरुष्करः** = મર્મસ્થાન કરનાર. अरुः करोतीति।

(૧૭) **धनुष्करः** = ધનુષ્યને બનાવનાર. धनुः करोतीति।

(૧૮) **नान्दीकरः** = નાટકનાં અંગને કરનાર. नान्दीं करोतीति।

(૧૯) **लिपिकरः** = લખનાર. लिपिं करोतीति।

(૨૦) **लिविकरः** = લખનાર. लिविं करोतीति।

(૨૧) **बलिकरः** = પૂજા કરનાર. बलिं करोतीति।

(૨૨) **भक्तिकरः** = ભક્તિ કરનાર. भक्तिं करोतीति।

(૨૩) **क्षेत्रकरः** = ખેતર કરનાર. क्षेत्रं करोतीति।

(૨૪) **जङ्घाकरः** = જંઘા સંબંધી કાર્ય કરનાર. जङ्घां करोतीति।

(૨૫) **क्षपाकरः** = ચન્દ્ર. क्षपां करोतीति।

(૨૬) **क्षणदाकरः** = ચન્દ્ર. क्षणदां करोतीति।

(૨૭) **रजनिकरः** = ચન્દ્ર. रजनिं करोतीति।

(૨૮) **दोषाकरः** = ચન્દ્ર. दोषा करोतीति।

(૨૯) **दिनकरः** = સૂર્ય. दिनं करोतीति।

(૩૦) **दिवसकरः** = સૂર્ય. दिवसं करोतीति।

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં सङ्ख्या એ પ્રમાણે શબ્દપ્રધાન નિર્દેશની સાથે અર્થ પ્રધાન નિર્દેશ પણ જાણવો. તેથી તેના દ્વારા સંખ્યા શબ્દ અને સંખ્યાર્થક एक, द्वि વગેરે શબ્દોનું ગ્રહણ થાય છે. જેમકે, सङ्ख्याकरः, द्विकरः ઇત્યાદિ.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, આ સૂત્રમાં નિર્દિષ્ટ સંખ્યા વગેરે શબ્દો જો હેતુવાચક તરીકે પ્રયુક્ત થયા હોય તો આગામી

હેતુતચ્છીલા૦૫.૧.૧૦૩થી જ તેઓને ટ પ્રત્યય સિદ્ધ છે, તેથી આ સૂત્રનો નિર્દેશ હેતુવાચકપણે પ્રયુક્ત નહીં થયેલાં સંખ્યા વગેરે શબ્દો માટે જાણવો. આમ, संख्याकरः વગેરે પ્રયોગમાં જો હેતુવાચકપણાંની વિવક્ષા હોય તો આગામી સૂત્રથી અને અહેતુવાચક-પણાંની વિવક્ષા હોય તો આ સૂત્રથી ટ પ્રત્યય થયેલ જાણવો.

(૩) અહીં ટ પ્રત્યયમાં ટ્ અનુબન્ધ અણઞેયેકણ્૦૨.૪.૨૦થી સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય કરવા માટે છે. **ઉદા.** सङ्ख्याकरी।

(૪) અહીં સૂત્રમાં માત્ર રજનિ એ પ્રમાણે ઇકારાન્ત પદનો નિર્દેશ કર્યો છે. જે इतोऽक्त्य०२.४.३२થી સિદ્ધ છે. પરંતુ **एकदेशविकृतमनन्यवत् ૧/૭** ન્યાયાનુસારે અહીં ङी પ્રત્યયાન્ત રજની શબ્દનું પણ ગ્રહણ થયેલું જાણવું. તેથી रजनिकरः, रजनीकरः એમ બંને પ્રયોગો સિદ્ધ થાય છે.

જિ. : અહીં અન્ત પદનું ગ્રહણ કર્યું જ હતું. તેથી તદન્તવિધિનાં પ્રયોગથી અનન્ત પદનું પણ ગ્રહણ થઈ જ જવાનું હતું. તો તેનું પૃથક્ ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : અહીં કર્મથી પર કૃ ધાતુથી પ્રત્યયનું વિધાન છે. તેથી આ સૂત્ર ઉપપદ વિધિનું સૂત્ર કહેવાય છે. અને **उपपदविधिषु तदन्तविधि नेष्यते** પંક્ત્યનુસારે ઉપપદવિધિમાં તદન્તવિધિનું ગ્રહણ થતું નથી. માટે અહીં અન્ત શબ્દનાં નિર્દેશથી અનન્ત શબ્દનું ગ્રહણ થતું નથી. તેનું ગ્રહણ કરવા માટે પૃથક્ નિર્દેશ કર્યો છે.

हेतु-तच्छीला-ऽनुकूलेऽशब्द-श्लोक-कलह-गाथा-वैर-चाटुसूत्र-मन्त्र-पदात् ५.१.१०३

अ.अ.सू. : अशब्द-श्लोक-कलह-गाथा-वैर-चाटुसूत्र-मन्त्र-पदात् कर्मणः कृगः धातोः हेतु-तच्छीला-ऽनुकूले कर्त्तरि टः।

અર્થ : શબ્દ, શ્લોક, કલહ, ગાથા, વૈર, ચાટુસૂત્ર, મન્ત્ર અને પદ કર્મથી પર રહેલ કૃ ધાતુથી પર રહેલ હેતુ, તત્શીલ અને અનુકૂળ કર્ત્તા અર્થમાં ટ પ્રત્યય થાય છે.

સ. : (૧) **हेतु-तच्छीला-ऽनुकूले** = हेतुश्च तच्छीलश्च अनुकूलश्चेति हेतु-तच्छील-ऽनुकूलम्, तस्मिन्निति।

(૨) **अशब्द-श्लोक-कलह-गाथा-वैर-चाटुसूत्र-मन्त्र-पदात्** = शब्दश्च श्लोकश्च कलहश्च गाथा च वैरश्च चाटुश्च सूत्रश्च मन्त्रश्च पदश्चेति शब्द-श्लोक-कलह-गाथा-वैर-चाटु-सूत्र-मन्त्र-पदम्, न शब्दश्लोककलहगाथावैरचाटुसूत्रमन्त्रपदम् इति अशब्दश्लोककलहगाथावैर चाटुसूत्रमन्त्रपदम्, तस्मादिति।

ઉદા. (૧) **यशस्करी विद्या** = યશને કરનારી (કારણભૂત) વિદ્યા.
यशः करोतीति। (डुकृंग् करणे-८८८)
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ सङ्ख्याकरः પ્રમાણે જાણવી. પરંતુ ટ પ્રત્યય આ સૂત્રથી કરવો. અને अणञ्येये०२.४.२०થી ङीનું વિધાન કરવું.

(૨) **श्राद्धकरः** = શ્રાદ્ધ કરવાનાં સ્વભાવવાળો.
श्राद्धं करोतीति।

(૩) **प्रेषणकरः** = સ્વામીની ઇચ્છા મુજબ મોકલનાર.
प्रेषणं करोतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.



પ્ર.ઉદા. शब्दादिवर्जनं किम् ? शब्दकारः =

અવાજ કરવાનાં સ્વભાવવાળો. शब्दं करोतीति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર ૫.૧.૯૬ નિર્દિષ્ટ पुष्पाहारः પ્રમાણે જાણવી.

★ આ સૂત્રમાં શબ્દ વગેરેનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી ટ પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

સૂત્રગત હેતુ પદનો અર્થ 'કાર્ય કરવાની પ્રસિદ્ધ શક્તિવાળું કારણ' એવો કરવો.

भृतौ कर्मणः ૫.૧.૧૦૪

અ.અ.સૂ. : कर्मणः कर्मणः कृगः धातोः भृतौ कर्त्तरि टः।

અર્થ : કર્મન્ સ્વરૂપ કર્મથી પર કૃ ધાતુથી ભૃતિ=વેતન અર્થ જણાતે છતે કર્ત્તા અર્થમાં ટ પ્રત્યય થાય છે.

ઉદા. (૧) कर्मकारी दासी = દાસી.

कर्म करोतीति। (डुकृंग् करणे-૮૮૮)

આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ यशस्करी પ્રમાણે જાણવી. પરંતુ ટ પ્રત્યય આ સૂત્રથી કરવો.

વિશેષતા :

યદ્યપિ પૂર્વે कर्मणोऽण् ૫.૧.૭૨થી કર્મનો અધિકાર દર્શાવેલો હોવાથી આ સૂત્રમાં कर्मणः પદને ગ્રહણ કરવાની આવશ્યકતા ન હતી. પરંતુ પૂર્વથી અધિકૃત कर्मणः પદ કારકતયા નિર્દિષ્ટ હતું. જ્યારે અહીં નિર્દિષ્ટ कर्मणः પદ कर्मन् શબ્દનાં ગ્રહણ માટે છે. માટે તેનું આ સૂત્રમાં પુનઃ ગ્રહણ કરવામાં આવ્યું છે.



क्षेम-प्रिय-मद्र-भद्रात् खा-ऽण् ५.१.१०५

અ.અ.સૂ. : क्षेम-प्रिय-मद्र-भद्रात् कर्मणः कृगः धातोः कर्त्तरि खा-ऽण्।

અર્થ : क्षेम, प्रिय, मद्र अने भद्र કર્મથી પર રહેલ कृ धातुथी ख अने अण् प्रत्यय थाय छे.

સ. : (૧) क्षेम-प्रिय-मद्र-भद्रात् = क्षेमश्च प्रियश्च मद्रश्च भद्रश्चेति क्षेमप्रियमद्रभद्रम्, तस्मादिति।

(૨) **खा-ऽण्** = खश्च अण् चेति।

ઉદા. (૧) क्षेमङ्करः/क्षेमकारः = કલ્યાણને કરનાર.
क्षेमं करोतीति। (डुकृंग् करणे-८८८)
આ સૂત્રથી ख→क्षेम+कृ+**अ**
नामिनो गुणो०४.३.१थी गुण→क्षेम+**कर**
खित्यनव्यया०३.२.१११थी म् आगम→क्षेम**म्**+कर
तौ मु-मो०१.३.१४थी म्नो ङ्→क्षेमङ्कर
प्रथमा सि वगेरे→क्षेमङ्करः।
आ सूत्रथी अण्→क्षेम+कृ+**अ**
नामिनो गुणो०४.३.१थी वृद्धि→क्षेम**कार**
प्रथमा सि वगेरे→क्षेमकारः।

(૨) **प्रियङ्करः/प्रियकारः** = प्रिय કરનાર. प्रियं करोतीति।

(૩) **मद्रङ्करः/मद्रकारः** = प्रिय કરનાર. मद्रं करोतीति।

(૪) **भद्रङ्करः/भद्रकारः** = કલ્યાણ કરનાર. भद्रं करोतीति।

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) યદ્યપિ અહીં સૂત્રમાં ખા-ડ્ણ્ પદનાં સ્થાને ખો વા પદનો નિર્દેશ કર્યો હોત તો પણ ખ પ્રત્યયનાં વિકલ્પમાં કર્મણોઽણ્ ૫.૧.૭૨થી અણ્ પ્રત્યયની પ્રાપ્તિ થવાની જ હતી. પરંતુ તે રીતે નિર્દેશ કરતાં હેતુવાચક ક્ષેમાદિ શબ્દનો પ્રયોગ થયો હોય ત્યારે ખનાં વિકલ્પપક્ષે અણ્ની પ્રાપ્તિ ન થતાં હેતુતચ્છીલા૦૫.૧.૧૦૩ સૂત્રથી ટ પ્રત્યય લાગે જે ઈષ્ટ નથી. માટે હેતુવાચક ક્ષેમાદિથી પર પણ ટનો બાધ કરીને ખ અને અણ્ કરવા માટે ખાઽણ્ એ પ્રમાણે નિર્દેશ કરેલ છે.

(૨) પૂર્વ (૫.૧.૧૦૨) સૂત્રમાં જણાવ્યાનુસારે **उपपदविधिषु तदन्तविधेरनाश्रयणात्** પંક્ત્યનુસારે ઉપપદ વિધિમાં તદન્તવિધિનું ગ્રહણ થતું નથી. તેથી યોગક્ષેમંકરી ઈત્યાદિ સ્થાને ક્ષેમ પદ હોવા છતાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ ન થતાં હેતુતચ્છીલા૦૫.૧.૧૦૩થી ટ પ્રત્યય થાય છે. અને અણઞેયેકણ્૦૨.૪.૨૦થી ङी પ્રત્યય લાગે છે.

અન્ય મત :

(૧) કેટલાંક વ્યાકરણકારો જ ભદ્ર શબ્દથી સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે. પાણિનિ વ્યાકરણકારો પણ ભદ્ર શબ્દથી આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છતાં નથી.

(૨) કેટલાંક વ્યાકરણકારો તીર્થ શબ્દથી પર પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે. તેથી તેઓનાં મતે तीर्थङ्करः, तीर्थकारः જેવાં પ્રયોગો થાય છે.

मेघर्त्ति-भया-ऽभयात् खः ५.१.१०६

અ.અ.સૂ. : मेघर्त्ति-भया-ऽभयात् कर्मणः कृगः धातोः कर्त्तरि खः।

અર્થ : મેઘ, ઋતિ, ભય અને અભય કર્મથી પર રહેલ કૃ ધાતુથી કર્ત્તા અર્થમાં ખ પ્રત્યય થાય છે.

સ. : मेघर्त्ति-भया-ऽभयात् = मेघश्च ऋतिश्च भयश्च अभयश्चेति मेघर्त्तिभया-ऽभयम्, तस्मादिति।

ઉદા. (૧) **मेघङ्करः** = મેઘને ઉત્પન્ન કરનાર. मेघं करोतीति। (डुकृंग् करणे-८८८)

(૨) **ऋतिङ्करः** = મેળવનાર. ऋतिं करोतीति।

(૩) **भयङ्करः** = ભયને કરનાર. भयं करोतीति।

(૪) **अभयङ्करः** = અભયને કરનાર. अभयं करोतीति।

વિશેષતા :

(૧) પૂર્વની જેમ આ પણ ઉપપદવિધિનું સૂત્ર હોવાથી તદન્તવિધિનો આશ્રય કરાતો નથી. તેથી સૂત્રમાં भयનું ગ્રહણ હોવા છતાં પણ अभय શબ્દનું પૃથક્ ગ્રહણ કર્યું છે.

(૨) આ સૂત્રમાં હેત્વાદિ-અહેત્વાદિની સામાન્ય વિવક્ષામાં નિત્ય ખ પ્રત્યયનો નિર્દેશ કર્યો છે. જે ટ પ્રત્યયની સાથે સમાન રૂપવાળો છે. તેથી હેત્વાદિની વિવક્ષામાં પર હોવાનાં કારણે આપવાદિક સૂત્રતયા આ સૂત્રથી ખ પ્રત્યય જ થાય છે. પણ हेतुतच्छीला०५.१.१०३थी ट પ્રત્યય થતો નથી.

प्रिय-वशाद् वदः ५.१.१०७

अ.अ.सू. : प्रिय-वशात् कर्मणः वदः धातोः कर्त्तरि खः।

અર્થ : પ્રિય અને વશ કર્મથી પર રહેલ વદ્ ધાતુથી કર્ત્તા અર્થમાં ખ પ્રત્યય થાય છે.

સ. : प्रिय-वशात् = प्रियश्च वशश्चेति प्रियवशम्, तस्मादिति।

ઉદા. (૧) **प्रियंवदः** = પ્રિયને બોલનાર.
प्रियं वदतीति। (वद व्यक्तायां वाचि-९९८)

(૨) **वशंवदः** = આધીન થઈને બોલનાર. वशं वदतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ मेघङ्करः પ્રમાણે જાણવી.

द्विषन्तप-परन्तपौ ५.१.१०८

अ.अ.सू. : द्विषन्तप-परन्तपौ कर्त्तरि।

અર્થ : દ્વિષન્ અને પર આ બે કર્મથી પર ણ્યન્ત એવા તપ્ ધાતુથી ખ પ્રત્યય, હ્રસ્વ અને દ્વિષત્નાં ત્નો મ્ થઈને દ્વિષન્તપ અને પરન્તપ પ્રયોગ નિપાતન પામે છે.

સ. : द्विषन्तप-परन्तपौ = द्विषन्तपश्च परन्तपश्चेति।

ઉદા. (૧) **द्विषन्तपः** = શત્રુને પીડા પમાડનાર.
द्विषतस्तापयतीति। (तपं सन्तापे-३३३)
આ સૂત્રથી ખ→द्विषत्+**ताप्**+**अ**
તથા ताप्નું હ્રસ્વ ત્નો મ્→**द्विषन्तप**
પ્રથમા સિ વગેરે→द्विषन्तपः।

(૨) **परन्तपः** = બીજાને પીડા પમાડનાર. परान् तापयतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

નિપાતનનો વિષય હંમેશાં ઈષ્ટ વિષયવાળો હોય છે. તેથી સ્ત્રીલિંગનાં વિષયમાં આ સૂત્રની પ્રવૃત્તિ કરવી નહીં. ઉદા. द्विषतीतापः।

परिमाणार्थ-मित-नखात् पचः ५.१.१०९

અ.અ.સૂ. : परिमाणार्थ-मित-नखात् कर्मणः पचः धातोः कर्त्तरि खः।

અર્થ : પ્રસ્થ વગેરે પરિમાણ અર્થવાળાં નામ, મિત અને નખ કર્મથી પર રહેલ પચ્ ધાતુથી કર્ત્તા અર્થમાં ખ પ્રત્યય થાય છે.

સ. : परिमाणार्थ-मित-नखात् = परिमाणरुपोऽर्थोयेषां ते इति परिमाणार्थाः, परिमाणार्थाश्च मितश्च नखश्चेति परिमाणार्थ-मित-नखम्, तस्मादिति।

ઉદા. (૧) **प्रस्थम्पचः** = પ્રસ્થ પ્રમાણ રાંધનારી થાળી.
प्रस्थं पचतीति। (डुपचींष् पाके-८९२)

(૨) **मितम्पचः** = થોડું રાંધનારી. मितं पचतीति।

(૩) **नखम्पचः** = નખને તપાવનાર. नखं पचतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ मेघङ्करः પ્રમાણે જાણવી.

વિશેષતા :

ऊर्ध्वमानं किलोन्मानं, परिमाणं तु सर्वतः ।
आयामस्तु प्रमाणं स्यात्, संख्या बाह्या तु सर्वतः ॥

અર્થ : ઉન્માન=ઊંચાઈનું માપ; પરિમાણ=બધી બાજુનું માપ; પ્રમાણ=પહોળાઈનું માપ; સંખ્યા=બાહ્ય ગણતરી કહેવાય છે.

कूला-ऽभ्र-करीषात् कषः ५.१.११०

અ.અ.સૂ. : कूला-ऽभ्र-करीषात् कर्मणः कषः धातोः कर्त्तरि खः।

અર્થ : કૂલ, અભ્ર અને કરીષ કર્મથી પર રહેલ કષ્ ધાતુથી કર્ત્તા અર્થમાં ખ પ્રત્યય થાય છે.

સ. : कूला-ऽभ्र-करीषात् = कूलश्च अभ्रञ्च करीषञ्चेति कूला-ऽभ्र-करीषम्, तस्मादिति।

ઉદા. (૧) **कूलङ्कषा** = તટને ભેદનારી (નદી).
कूलं कषतीति। (कष हिंसायाम्-५०७)

(૨) **अभ्रङ्कषा** = આકાશને ભેદનાર. अभ्रं कषतीति।

(૩) **करीषङ्कषा** = આંધી. करीषं कषतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ मेघङ्करः પ્રમાણે જાણવી.

सर्वात् सहश्च ५.१.१११

અ.અ.સૂ. : सर्वात् कर्मणः सहः च(कषः) धातोः कर्त्तरि खः।

અર્થ : સર્વ કર્મથી પર રહેલ સહ્ અને કષ્ ધાતુથી કર્ત્તા અર્થમાં ખ પ્રત્યય થાય છે.

ઉદા. (૧) **सर्वंसहः** = બધું સહન કરનાર.
सर्वं सहत इति। (षहि मर्षणे-९९०)

(૨) **सर्वंङ्कषः** = બધાને કષ્ટ આપનાર.
सर्वं कषतीति। (कष हिंसायाम्-५०७)
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ सर्वंसहः પ્રમાણે જાણવી. પરંતુ ખ પ્રત્યયનું વિધાન આ સૂત્રથી કરવો.



વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, આગામી સૂત્રમાં પણ सह् ધાતુનું ગ્રહણ કર્યું છે. અને नाम्नि પદ દ્વારા સંજ્ઞાની વિવક્ષા ઇચ્છવામાં આવે છે. આ સૂત્રનો પૃથક્ નિર્દેશ કર્યો હોવાથી અહીં અસંજ્ઞા અભિપ્રેત જાણવી. તેથી सर्वंसहः, सर्वङ्कषः આદિ પ્રયોગો વિશેષણ તરીકે જ પ્રયુક્ત થશે.

(૨) यद्यपि સૂત્રમાં सहः નું ગ્રહણ કર્યું હોવાથી પૂર્વસૂત્રથી આવતો कषः નો અધિકાર અટકી જાય છે. પરંતુ સૂત્રગત चકાર દ્વારા **चकारो यस्मात्परस्तत्सजा-तीयमेव० ૨/૬૧** ન્યાયાનુસારે પંચમ્યન્ત सह्ને સજાતીય પૂર્વસૂત્રથી પંચમ્યન્ત कष्નું ગ્રહણ થાય છે. તેમજ, **चानुकृष्टं नाऽनुवर्त्तते ૨/૬૨** ન્યાયાનુસારે તે અધિકાર ઉત્તરસૂત્રમાં જશે નહીં.

भृ-वृ-जि-तॄ-तप-दमेश्च नाम्नि ૫.૧.૧૧૨

અ.અ.સૂ. : कर्मणः भृ-वृ-जि-तॄ-तप-दमेः च(सहः) धातोः नाम्नि कर्त्तरि खः।

અર્થ : કર્મવાચી નામથી પર રહેલ भृ, वृ, जि, तॄ, तप्, दम् અને सह् ધાતુથી સંજ્ઞાનાં વિષયમાં કર્ત્તા અર્થમાં ख પ્રત્યય થાય છે.

સ. : भृ-वृ-जि-तॄ-तप-दमेः = भृश्च वृश्च जिश्च तॄश्च तपश्च दमिश्चेति भृ-वृ-जि-तॄ-तप-दमि, तस्मादिति।



ઉદા. (૧) **विश्वम्भरा भूः** = પૃથ્વી.
विश्वं बिभर्त्तीति। (टुडुभृंग्क् पोषणे च-११४०)

(૨) **पतिम्वरा कन्या** = કુમારિકા.
पतिं वृणीते इति। (वृग्ट् वरणे-१२९४)

(૩) **शत्रुञ्जयोऽद्रिः** = શત્રુંજય પર્વત.
शत्रुं जयतीति। (जिं अभिभवे-८)

(૪) **रथन्तरं साम** = સામવેદ.
रथं तरतीति। (तॄ प्लवन-तरणयोः-२७)

(૫) **शत्रुन्तपो राजा** = રાજા. शत्रुं तपतीति। (तपं सन्तापे-३३३)

(૬) **बलिन्दमः कृष्णः** = કૃષ્ણ રાજા.
बलिं दम्यतीति। (दमूंच् उपशमे-१२३१)

(૭) **शत्रुंसहो राजा** = રાજા. शत्रुं सहते इति। (षहि मर्षणे-९९०)
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ सर्वंसहः પ્રમાણે જાણવી. પરંતુ ख પ્રત્યયનું વિધાન આ સૂત્રથી કરવું.

પ્ર.ઉદા. **नाम्नीति किम् ? कुटुम्बभारः** =
કુટુંબનું ભરણ-પોષણ કરનાર. कुटुम्बं बिभर्त्तीति।

★ આ સૂત્રની પ્રવૃત્તિ સંજ્ઞાનાં વિષયમાં થાય છે. જ્યારે અહીં સંજ્ઞાનો વિષય નથી. માટે આ સૂત્રથી ख પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

(૧) સૂત્રમાં दमि એ પ્રમાણે નિર્દેશ કર્યો હોવાથી અન્તર્ભૂત ण्यर्थ અને ण्यन्त એ પ્રમાણે બંને ધાતુનું ગ્રહણ કરવું. તેથી बलिन्दमः જેવાં પ્રયોગોનો વિગ્રહ बलिं दमयति અને बलिं दाम्यति એ બંને પ્રકારે જાણવો.

(૨) यद्यपि સૂત્રમાં भृ વગેરે ધાતુઓનું ગ્રહણ કર્યું હોવાથી પૂર્વસૂત્રથી આવતો सहः નો અધિકાર અટકી જાય છે. પરંતુ સૂત્રગત ચકાર દ્વારા **चकारो यस्मात्पर० २/६१** ન્યાયાનુસારે પંચમ્યન્ત भृ... दमेः નાં સજાતીય પૂર્વસૂત્રથી પંચમ્યન્ત सहः નું ગ્રહણ થાય છે. તેમજ, **चानुकृष्टं नाऽनुवर्त्तते २/६२** ન્યાયાનુસારે તે અધિકાર ઉત્તરસૂત્રમાં જશે નહીં.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો કર્મવાચી સિવાયનાં નામથી પર પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઇચ્છે છે. તેથી તેઓનાં મતે रथेन तरतीति रथन्तरम् જેવાં પ્રયોગો પણ થાય છે.

धारेर्धर्चं ૫.૧.૧૧૩

અ.અ.સૂ. : कर्मणः धारेः धातोः नाम्नि कर्त्तरि खः, धर च।

અર્થ : કર્મવાચી નામથી પર રહેલ धारि ધાતુથી સંજ્ઞાનાં વિષયમાં કર્ત્તા અર્થમાં ख પ્રત્યય થાય છે અને તેનો धर् આદેશ થાય છે.

ઉદા. (૧) वसुन्धरा भूः = પૃથ્વી. वसूनि धारयन्तीति। (धृण् धारणे)
આ સૂત્રથી ख→वसु+धारि+**अ**
અને धर આદેશ→वसु+**धर**
खित्यनव्यया०૩.૨.૧૧૧થી म् આગમ→वसु**म्**+धर
પ્રથમા સિ વગેરે→वसुन्धरा।

વિશેષતા :

(૧) यद्यपि ધાતુપાઠમાં धृण् ધાતુનું ગ્રહણ કરેલ નથી. चुरादि ગણ આકૃતિગણ હોવાથી આ ધાતુનો તેમાં સમાવેશ જાણવો.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, સૂત્રમાં ધર્ ચ પદમાં જો કે ર્નાં વિસર્ગની પ્રાપ્તિ છે. પરંતુ ધર્ આદેશની સ્પષ્ટ પ્રતિપત્તિ માટે વિસર્ગ કરેલ નથી.

पुरन्दर-भगन्दरौ ५.१.११४

અ.અ.સૂ. : पुरन्दर-भगन्दरौ कर्त्तरि।

અર્થ : પુરન્દર અને ભગન્દર પ્રયોગ સંજ્ઞાનાં વિષયમાં કર્ત્તા અર્થમાં ખ અન્તવાળાં નિપાતન પામે છે.

સ. : पुरन्दर-भगन्दरौ = पुरन्दरश्च भगन्दरश्चेति।

ઉદા. (૧) पुरन्दरः शक्रः = ઇન્દ્ર. पुरो दारयतीति। (दृश् विदारणे-१५३५)
આ સૂત્રથી ખ→पुर+दृ+**अ**
नामिनो गुणो०४.३.१थी गुण→पुर+**दर**
અને આ સૂત્રથી पुर ને અન્તે अम्→**पुरन्दर**
प्रथमा सि वगेरे→पुरन्दरः।

(૨) **भगन्दरो व्याधिः** = રોગ વિશેષ. भगं दारयतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

वाचंयमो व्रते ५.१.११५

અ.અ.સૂ. : व्रते वाचंयमः कर्त्तरि।

અર્થ : વ્રત અર્થ જણાતે છતે वाच् કર્મથી પર यम् ધાતુથી કર્ત્તા અર્થમાં ખ પ્રત્યયાન્ત वाचंयमः પ્રયોગ નિપાતન પામે છે.

ઉદા. **वाचंयमो व्रती** = साधु. वाचं यच्छतीति। (यमूं उपरमे-३८६)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ નિપાતન આ સૂત્રથી કરવું.

मन्याण्णिन् ५.१.११६

अ.अ.सू. : कर्मणः मन्यात् धातोः कर्त्तरि णिन् ।

अर्थ : કર્મવાચી નામથી પર રહેલ मन् ધાતુથી કર્ત્તા અર્થમાં णिन् પ્રત્યય થાય છે.

ઉદા. पण्डितमानी बन्धोः = બંધુને પંડિત માનનાર.

बन्धुं पण्डितं मन्यते इति। (मनिंच् ज्ञाने-१२६३)

આ સૂત્રથી णिन्→पण्डित+मन्+**इन्**

ञ्णिति ४.३.५०થી વૃદ્ધિ→पण्डित+**मा**निन्

प्रथमा सि વગેરે→पण्डितमा**नी**।

વિશેષતા :

અહીં ધ્યાનમાં લેવું કે, સૂત્રગત णिन् પ્રત્યય લાગીને તનાદિ કે દિવાદિ ગણનો કોઈ પણ मन ધાતુનું પ્રકૃતિ તરીકે ગ્રહણ કરવામાં આવે તો પણ पण्डितमानी જેવા સમાન પ્રયોગ જ થાય છે. તેથી અહીં સૂત્રમાં श्य વિકરણ સહિત ધાતુનો નિર્દેશ કર્યો છે. તે નિર્દેશથી પ્રાપ્ત થતાં વિકરણકૃત વિભાગનું અહીં પ્રયોજન નથી. આમ, સૂત્રનિર્દિષ્ટ ख પ્રત્યય ઉત્તરસૂત્ર માટે જાણવો. પણ આ સૂત્ર માટે નહીં.

कर्तुः खश् ५.१.११७

अ.अ.सू. : कर्तुः कर्मणः मन्यात् धातोः कर्त्तरि खश् ।

અર્થ : પ્રત્યયનાં અર્થભૂત કર્ત્તાવાચી નામ સ્વરૂપ કર્મવાચી નામથી પર રહેલ मन् ધાતુથી કર્ત્તા અર્થમાં खश् પ્રત્યય થાય છે.

ઉદા. **पण्डितम्मन्यः** = પોતાને પંડિત માનનાર.

पण्डितमात्मानं मन्यते इति। (मनिंच् ज्ञाने-१२६३)

આ સૂત્રથી खश्→पण्डित+मन्+**अ**

दिवादेः श्यः ૩.૪.૭૨થી श्य→पण्डित+मन्+**य**+अ

लुगस्यादे०૨.૧.૧૧૩થી अનો લોપ→पण्डित+मन्य

खित्यनव्यया०૩.૨.૧૧૧થી म् આગમ→पण्डित**म्म**न्य

प्रथमा सि વગેરે→पण्डितम्मन्यः।

પ્ર.ઉદા. **कर्तुरिति किम्? पटुमानी चैत्रस्य** =

ચૈત્રને હોંશિયાર માનનાર.

આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ पण्डितमानी પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ કર્ત્તા સ્વરૂપ કર્મવાચી નામથી પર થાય છે. જ્યારે અહીં કર્ત્તા સ્વરૂપ કર્મવાચી નામ નથી. માટે આ સૂત્રથી खश् પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં खश्માં श्કાર ઇત્ शित् કાર્ય કરવા માટે છે. તેથી शित् કાર્યનાં ફળસ્વરૂપે વિકરણ પ્રત્યયની પ્રાપ્તિ થાય છે. તથા અહીં પૂર્વસૂત્રમાં श्यનો નિર્દેશ કર્યો હોવાથી અધિકાર પ્રાપ્ત मन् ધાતુ પણ दिवादि સંબંધી જ જાણવો. તેથી વિકરણ પ્રત્યય પણ દિવાદિ સમ્બન્ધી જ પ્રાપ્ત થાય છે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, खश् પ્રત્યયની જેમ જ પૂર્વસૂત્રમાં मन् ધાતુથી णिन् પ્રત્યયનું કર્ત્તા અર્થમાં વિધાન કર્યું છે. તેથી णिन् પ્રત્યય ઔત્સર્ગિક વિધિ છે. અને खश् પ્રત્યય આપવાદિક વિધિ છે. પણ णिन् અને



खश् प्रत्यय समान રૂપવાળાં અર્થાત્ સરૂપ નથી. તેથી असरुपोऽपवादे०५.१.१६थी विहित विकल्प द्वारा બંને પ્રત્યય થશે. અને પરસ્પર બાધ્ય-બાધકભાવ રહેશે નહીં. જેમ કે, पण्डितमात्मानं मन्यते इति पण्डितमानी, पण्डितम्मन्यः।

(૩) અહીં સૂત્રમાં જે कर्तुः એ પ્રમાણે નિર્દેશ કર્યો છે. તે વિશેષણતયા અભિપ્રેત છે. અને જે પૂર્વસૂત્રથી कर्मणः નો અધિકાર આવી રહ્યો છે. તે વિશેષ્યતયા અભિપ્રેત જાણવો. તેથી 'કર્ત્તા' રૂપ કર્મથી પર રહેલાં ……' એ પ્રમાણે અર્થની પ્રાપ્તિ થાય છે. તેથી લ.વૃ.માં कर्तुः નાં વિશેષણ તરીકે પ્રત્યયાર્થ પદ મૂકેલ છે. જેનું તાત્પર્ય એ છે કે, કૃત્ પ્રત્યય વિધિમાં જ્યાં અર્થ વિશેષનો નિર્દેશ ન કર્યો હોય ત્યાં कर्त्तरि ५.१.३ સૂત્રથી कर्त्तरि અર્થની પ્રાપ્તિ કરવામાં આવે છે. તેથી કર્ત્તા અર્થ એ કૃત્ પ્રત્યય માટે પ્રત્યયાર્થભૂત હોય છે. તેનું આ વિશેષણ દ્વારા સૂચન કરવામાં આવે છે.

एजेः ५.१.११८

અ.અ.સૂ. : कर्मणः एजेः धातोः कर्त्तरि खश्।

અર્થ : કર્મવાચી નામથી પર રહેલ एज् ધાતુથી કર્ત્તા અર્થમાં खश् પ્રત્યય થાય છે.

ઉદા. अरिमेजयः = શત્રુને કંપાવનાર.

अरिमेजयते इति। (एजृ कम्पने-१४८)

આ સૂત્રથી खश्→अरि+एजि+**अ**



कर्त्तर्यनद्०३.४.७१थी शव्→अरि+एजि+**अ**+अ
नामिनो गुणो०४.३.१थी गुण→अरि+एजे+अ+अ
एदैतोऽ०१.२.२३थी अय्→अरि+**एजय**
खित्यनव्यया०३.२.१११थी म् आगम→अरि**मे**जय
प्रथमा सि वगेरे→अरिमेजयः।

शुनी-स्तन-मुञ्ज-कूला-ऽऽस्य-पुष्पाद्धेः ५.१.११९

अ.अ.सू. : शुनी-स्तन-मुञ्ज-कूला-ऽऽस्य-पुष्पात् कर्मणः ट्धेः धातोः कर्त्तरि खश्।

અર્થ : शुनी, स्तन, मुञ्ज, कूल, आस्य अने पुष्प કર્મથી પર રહેલ धे धातुथी કર્ત્તા અર્થમાં खश् પ્રત્યય થાય છે.

स. : शुनी-स्तन-मुञ्ज-कूला-ऽऽस्य-पुष्पात् = शुनी च स्तनश्च मुञ्जश्च कूलश्च आस्यश्च पुष्पं चेति शुनी-स्तन-मुञ्ज-कूला-ऽऽस्य-पुष्पम्, तस्मादिति।

ઉદા. (१) **शुनिन्धयः** = કૂતરીનું બચ્ચું. शुनिं धयतीति। (ट्धें पाने-२८)
આ સૂત્રથી खश्→शुनी+धे+**अ**
खित्यनव्यया०३.२.१११थी म् आगम અને હ્રસ્વ→ शु**निम्**+धे+अ
एदैतोऽ०१.२.२३थी अच्→शुनिम्+**धय**
प्रथमा सि वगेरे→शुनिन्धयः।

(२) **स्तनन्धयः** = धावतुं બાળક. स्तनं धयतीति।

(३) **मुञ्जन्धयः** = घास विशेषने चूसनार. मुञ्जं धयतीति।

(४) **कूलन्धयः** = नदी કિનારાનો જન્तु. कुलं धयतीति।

(५) **आस्यन्धयः** = मुખપાन કરનાર. आस्यं धयतीति।

(૬) **पुष्पन्धयः** = ભમરો. पुष्पं धयतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

અહીં સૂત્રમાં ट्धे એ પ્રમાણે ट् અનુબન્ધ अणञ्येये०२.४.२० સૂત્રથી ङी ની પ્રાપ્તિ માટે જાણવો. યદ્યપિ ધાતુ નિમિત્તક કાર્યમાં ट् અનુબન્ધનું પ્રયોજન રહેતું નથી. તેથી, અહીં ट्धे એ પ્રમાણે ધાતુમાં ट् અનુબન્ધનો નિર્દેશ ન કરતાં खश् પ્રત્યયમાં જ નિર્દેશ કરવો જોઈએ. પરંતુ જો એ પ્રમાણે કરવામાં આવે તો પૂર્વે દર્શાવેલાં पण्डितम्मन्यः વગેરે પ્રયોગોમાં પણ ङी પ્રત્યય થવાની આપત્તિ આવે. અને તે આપત્તિનું વારણ કરવા માટે માત્ર खश् પ્રત્યયાન્ત ट्धे ધાતુથી જ ङी ની પ્રાપ્તિ કરવા માટે ધાતુમાં જ ट् અનુબન્ધનો નિર્દેશ કર્યો છે. અને **अवयवेऽचरितार्था अनुबन्धाः समुदायस्यो-पकारका भवन्ति** પંક્ત્યનુસારે ધાતુમાં અચરિતાર્થ એવો ट्કાર ધાતુ-પ્રત્યયથી નિષ્પન્ન એવા સમુદાયમાં જ ङी પ્રત્યયની પ્રાપ્તિ કરાવી વ્યર્થ જતો નથી.

नाडी-घटी-खरी-मुष्टि-नासिका-वाताद्-ध्मश्च ५.१.१२०

અ.અ.સૂ. : नाडी-घटी-खरी-मुष्टि-नासिका-वातात् कर्मणः ध्मः च(ट्धेः) धातोः कर्त्तरि खश्।

અર્થ : નાડી, ઘટી, ખરી, મુષ્ટિ, નાસિકા અને વાત કર્મથી પર રહેલ ધ્મા અને ધે ધાતુથી કર્ત્તા અર્થમાં खश् પ્રત્યય થાય છે.

સ. : **नाडी-घटी-खरी-मुष्टि-नासिका-वातात्** = नाडी च घटी च खरी च मुष्टिश्च नासिका च वातश्चेति नाडी-घटी-खरी-मुष्टि-नासिका-वातम्, तस्मादिति।

ઉદા. (૧) **नाडिन्धमः** = નાડી વગાડનાર.
नाडीं धमतीति। (ध्मां अग्नि०-४)
આ સૂત્રથી खश्→नाडी+ध्मा+**अ**
कर्त्तर्यनद्०३.४.७१थी शव्→नाडी+ध्मा+**अ**+अ
श्नौति-कृवु०४.२.१०८थी धम् આદેશ→नाडी+ध**म**+अ
लुगस्यादे०२.१.११३थी अनो लोप→नाडी+धम
खित्यनव्यया०३.२.१११थी म् આગમ અને હ્રસ્વ→नाडिन्धम
प्रथमा सि વગેરે→नाडिन्धमः।

(૨) **नाडिन्धयः** = નાડીને પીનાર. नाडीं धयतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ शुनिन्धयः પ્રમાણે જાણવી. પરંતુ खश् નું વિધાન આ સૂત્રથી કરવું.

(૩) **घटिन्धमः** = ઘડાને વગાડનાર. घटीं धमतीति।

(૪) **घटिन्धयः** = ઘડાને પીનાર. घटीं धयतीति।

(૫) **खरिन्धमः** = ગધેડાનો અવાજ કરનાર. खरीं धमतीति।

(૬) **खरिन्धयः** = ગધેડાને પીનાર. खरीं धयतीति।

(૭) **मुष्टिन्धमः** = મુઠ્ઠીને વગાડનાર. मुष्टिं धमतीति।

(૮) **मुष्टिन्धयः** = મુઠ્ઠીને પીનાર. मुष्टिं धयतीति।

(૯) **नासिकन्धमः** = નાકને વગાડનાર. नासिकां धमतीति।

(૧૦) **नासिकन्धयः** = નાકને પીનાર. नासिकां धयतीति।

(૧૧) **वातन्धमः** = વાતને વગાડનાર. वातं धमतीति।

(૧૨) **वातन्धयः** = વાતને પીનાર. वातं धयतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં નાડી, ઘટી અને ખરી એ પ્રમાણે ङ्यन्त નિર્દેશ કર્યો છે. તેથી अङ्यन्त એવા નાડિ, ઘટિ અને ખરિમાં આ સૂત્રની પ્રવૃત્તિ થશે નહીં. પરંતુ નામરૂપી કર્મથી પર રહેલ ધાતુથી આતો ડો૦૫.૧.૭૬ સૂત્રથી ડ પ્રત્યય થાય છે.

(૨) યદ્યપિ સૂત્રમાં ध्मः નું ગ્રહણ કર્યું હોવાથી પૂર્વસૂત્રથી આવતો ट्धेः નો અધિકાર અટકી જાય છે. પરંતુ સૂત્રગત ચકાર દ્વારા **चकारो यस्मात्परस्तत्स० ૨/૬૧** ન્યાયાનુસારે પંચમ્યન્ત ध्मः ને સજાતીય ट्धेः નું ગ્રહણ થાય છે. તેમજ, **चानुकृष्टं० ૨/૬૨** ન્યાયાનુસારે તે અધિકાર ઉત્તરસૂત્રમાં જશે નહીં.

पाणि-करात् ૫.૧.૧૨૧

અ.અ.સૂ. : पाणि-करात् कर्मणः ध्मः धातोः कर्त्तरि खश्।

અર્થ : પાણિ અને કર કર્મવાચી નામથી પર રહેલ ધ્મા ધાતુથી કર્ત્તા અર્થમાં खश् પ્રત્યય થાય છે.

સ. : पाणि-करात् = पाणिश्च करश्चेति पाणि-करम्, तस्मादिति।

ઉદા. (૧) पाणिन्धमः = હાથનો અવાજ કરનાર.
पाणिं धमतीति। (ध्मां शब्दा-ऽग्नि-४)

(૨) **करन्धमः** = હાથનો અવાજ કરનાર. करं धमतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ नाडिन्धमः પ્રમાણે જાણવી. પરંતુ खश્નું વિધાન આ સૂત્રથી કરવું.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો पाणि અને करથી પર રહેલ ट्धे ધાતુથી પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઇચ્છે છે. તેથી તેઓનાં મતે पाणिन्धयः જેવાં પ્રયોગો પણ થાય છે.

कूलादुद्रुजोद्वहः ५.१.१२२

અ.અ.સૂ. : कूलात् कर्मणः उद्रुजोद्वहः धातोः कर्त्तरि खश्।

અર્થ : કૂલ કર્મથી પર રહેલ उद्+रुज् અને उद्+वह् ધાતુથી કર્ત્તા અર્થમાં खश् પ્રત્યય થાય છે.

સ. : उद्रुजोद्वहः = उद्रुजश्च उद्वह् चेति उद्रुजोद्वह, तस्मादिति।

ઉદા. (૧) कूलमुद्रुजः = તીરને તોડનાર.
कूलमुद्रजतीति। (रुजोंत् भङ्गे-१३५०)
આ સૂત્રથી खश्→कूल+उद्+रुज्+**अ**
तुदादेः शः ૩.૪.૮૧થી श→कूल+उद्रुज्+**अ**+अ
लुगस्यादे०૨.૧.૧૧૩થી अનો લોપ→कूल+उद्रुज
खित्यनव्यया०૩.૨.૧૧૧થી म् आगम→कूल**मु**द्रुज
प्रथमा सि વગેરે→कूलमुद्रुजः।

(૨) **कूलमुद्वहः** = તીરને વહન કરનાર.
कूलमुद्वहतीति। (वहीं प्रापणे-९९६)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ शનાં બદલે कर्त्तर्य०૩.૪.૭૧થી शव् પ્રત્યય કરવો.

वहा-ऽभ्राल्लिहः ५.१.१२३

અ.અ.સૂ. : वहा-ऽभ्रात् कर्मणः लिहः धातोः कर्त्तरि खश्।

અર્થ : वह અને अभ्र કર્મથી પર રહેલ लिह् ધાતુથી કર્ત્તા અર્થમાં खश् પ્રત્યય થાય છે.

સ. : वहा-ऽभ्रात् = वहश्च अभ्रश्चेति वहा-ऽभ्रम्, तस्मादिति।

ઉદા. (૧) **वहंलिहः** = બળદ. वहं लेढीति। (लिहींक् आस्वादने-११२९)
આ સૂત્રથી खश्→वह+लिह्+**अ**
खित्यनव्ययाऽ૩.૨.૧૧૧થી म् આગમ→**वहं**लिह
પ્રથમા સિ વગેરે→वहंलिहः।

(૨) **अभ्रंलिहः** = ઊંચો મહેલ. अभ्रं लेढीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

बहुविध्वरुस्तिलात् तुदः ५.१.१२४

અ.અ.સૂ. : बहुविध्वरुस्तिलात् कर्मणः तुदः धातोः कर्त्तरि खश्।

અર્થ : बहु, विधु, अरुष् અને तिल કર્મથી પર રહેલ तुद् ધાતુથી કર્ત્તા અર્થમાં खश् પ્રત્યય થાય છે.

સ. : बहुविध्वरुस्तिलात् = बहुश्च विधुश्च अरुष् च तिलश्चेति बहुविध्वरुस्तिलम्, तस्मादिति।

ઉદા. (૧) **बहुन्तुदः** = યુગને પીડા કરનાર.
बहून् तुदतीति। (तुदींत् व्यथने-१३१५)
આ સૂત્રથી खश्→बहु+तुद्+**अ**
तुदादेः शः ૩.૪.૮૧થી श→बहु+तुद्+**अ**+अ
खित्यनव्ययाऽ૩.૨.૧૧૧થી म् આગમ→बहुन्तुद
પ્રથમા સિ વગેરે→बहुन्तुदः।

(૨) **विधुन्तुदः** = રાહુ. विधुं तुदतीति।

(૩) **अरुन्तुदः** = ઘાને પીડા કરનાર. अरु तुदतीति।

(૪) **तिलन्तुदः** = કાગડો. तिलं तुदतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

અન્ય મત :

કેટલાંક જ વ્યાકરણકારો બહુ કર્મથી પર રહેલ तुद् ધાતુથી આ સૂત્રની પ્રવૃત્તિ ઇચ્છે છે.

ललाट-वात-शर्द्धात्-तपा-ऽज-हाकः ૫.૧.૧૨૫

અ.અ.સૂ. : ललाट-वात-शर्द्धात् कर्मणः तपा-ऽज-हाकः धातोः कर्त्तरि खश्।

અર્થ : ललाट, वात અને शर्द्ध કર્મથી પર રહેલ અનુક્રમે तप्, अज् અને हा ધાતુથી કર્ત્તા અર્થમાં खश् પ્રત્યય થાય છે.

સ. : (૧) **ललाट-वात-शर्द्धात्** = ललाटश्च वातश्च शर्द्धश्चेति ललाटवातशर्द्धम्, तस्मादिति।

(૨) **तपा-ऽज-हाकः** = तपश्च अजश्च हाक् चेति तपा-ऽज-हाक्, तस्मादिति।

ઉદા. (૧) **ललाटन्तपः** = મધ્યાહ્નમાં રહેલો સૂર્ય.
ललाटं तपतीति। (तपं सन्तापे-૩૩૩)
આ સૂત્રથી खश्→ललाट+तप्+**अ**
कर्त्तर्यनद्०૩.૪.૭૧થી शव्→ललाट+तप्+**अ**+अ
खित्यनव्ययाο૩.૨.૧૧૧થી म् આગમ→ललाटन्तप
પ્રથમા સિ વગેરે→ललाटन्तपः।

(૨) **वातमजः** = હરણવિશેષ.
वातं अजन्तीति। (अज क्षेपणे च-૧૩૯)

★ આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

(૩) **शर्द्धन्जहः** = અડદ. शर्द्धं जहतीति। (ओहांक् त्यागे-११३१)
આ સૂત્રથી खश्→शर्द्ध+हा+**अ**
हवः शिति ४.१.१२થી द्वित्व→शर्द्ध+**हा**हा+अ
ह्रस्वः ४.१.६९થી ह्रस्व→शर्द्ध+**ह**हा+अ
गहोर्जः ४.१.४०થી ह्नो ज्→शर्द्ध+**ज**हा+अ
श्नश्चातः ४.२.९६થી आ नो लोप→शर्द्ध+जह
प्रथमा सि वगेरे→शर्द्धन्जहः।

વિશેષતા :

(૧) સૂત્રમાં हाकः એ પ્રમાણે क् અનુબન્ધ સહિત हा ધાતુનો નિર્દેશ हाङ् ધાતુની નિવૃત્તિ માટે જાણવો.

(૨) સૂત્રમાં ललाट-वात-शर्द्धात् એ પ્રમાણે કર્મદર્શક પદ અને तपा-ऽज-हाकः એ પ્રમાણે ધાતુદર્શક પદની સંખ્યા અને વચન સમાન હોવાથી **यथासङ्ख्यमनुदेश० १/१०** ન્યાયાનુસારે અનુક્રમની પ્રાપ્તિ થાય છે.

असूर्योग्राद् दृशः ५.१.१२६

અ.અ.સૂ. : असूर्योग्रात् कर्मणः दृशः धातोः कर्त्तरि खश्।

અર્થ : અસૂર્ય અને ઉગ્ર કર્મથી પર રહેલ दृश् ધાતુથી કર્ત્તા અર્થમાં खश् પ્રત્યય થાય છે.

સ. : असूर्योग्रात् = असूर्यश्च उग्रश्चेति असूर्योग्रम्, तस्मादिति।

ઉદા. (૧) असूर्यम्पश्यः = સૂર્યને પણ નહીં જોનાર.
सूर्यमपि न पश्यन्तीति। (दृशिं प्रेक्षणे-४९५)
આ સૂત્રથી खश्→असूर्य+दृश्+**अ**
कर्त्तर्यनद्०३.४.७१થી शव्→असूर्य+दृश्+**अ**+अ



શ્નૌતિ-કૃવુ૦૪.૨.૧૦૮થી પશ્ય→અસૂર્ય+**पश्य**+અ
લુગસ્યાદે૦૨.૧.૧૧૩થી અ નો લોપ→અસૂર્ય+પશ્ય
ખિત્યનવ્યયા૦૩.૨.૧૧૧થી મ્ આગમ→અસૂર્યમ્પશ્ય
પ્રથમા સિ વગેરે→અસૂર્યમ્પશ્યઃ।

(૨) **उग्रम्पश्यः** = ઉગ્ર જોનાર. उग्रं पश्यन्तीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

इरम्मदः ૫.૧.૧૨૭

અ.અ.સૂ. : इरम्मदः कर्त्तरि।

અર્થ : ઇરા પૂર્વકનાં મદ્ ધાતુથી ખશ્ પ્રત્યય અને શ્યનાં અભાવવાળો इरम्मद પ્રયોગ કર્ત્તા અર્થમાં નિપાતન પામે છે.

ઉદા. इरम्मदः = મદિરાથી મત્ત થનાર.
इरया माद्यतीति। (मदैच् हर्षे-૧૨૩૬)
આ સૂત્રથી ખશ્→इरा+मद्+**अ**
અને શ્યનો અભાવ→इरा+मद
ખિત્યનવ્યયા૦૩.૨.૧૧૧થી મ્ આગમ અને હ્રસ્વ→इरम्मद
પ્રથમા સિ વગેરે→इरम्मदः।

વિશેષતા :

અહીં નિપાતન પ્રયોગ इरम्मदः માં इरया माद्यतीति એ પ્રમાણે તૃતીયાન્ત પદવાળી વ્યુત્પત્તિ અભિપ્રેત છે. અને તૃતીયા વિભક્તિ કર્મને સંભવતી નથી. તેથી પૂર્વસૂત્રથી આવતી कर्मणः ની અનુવૃત્તિ અટકી જાય છે.



नग्न-पलित-प्रिया-ऽन्ध-स्थूल-सुभगा-ऽऽढ्य-तदन्ताच्च्व्यर्थेऽच्वेर्भुवः खिष्णु-खुकञ् ५.१.१२८

અ.અ.સૂ. : अच्वेः च्व्यर्थे नग्न-पलित-प्रिया-ऽन्ध-स्थूल-सुभगा-ऽऽढ्य-तदन्तात् भुवः धातोः कर्त्तरि खिष्णु-खुकञ्।

અર્થ : च्व्यर्थमां वर्त्ततां च्वि प्रत्ययान्त न होय तेवा नग्न, पलित, प्रिय, अन्ध, स्थूल, सुभग, आढ्य शब्दोथी तेमज तदन्त शब्दोथी પર રહેલ भू धातुथी कर्त्ता अर्थमां खिष्णु अने खुकञ् प्रत्यय थाय छे.

स. : (१) नग्न-पलित-प्रियाऽन्ध-स्थूल-सुभगा-ऽऽढ्यतदन्तात् = नग्नश्च पलितश्च प्रियश्च अन्धश्च स्थूलश्च सुभगश्च आढ्यश्चेति नग्न-पलित-प्रिया-ऽन्ध-स्थूल-सुभगा-ऽऽढ्यम्, नग्नादयोऽन्ते यस्य तदिति तदन्तम्, नग्न-पलित-प्रिया-ऽन्ध-स्थूल-सुभगा-ऽऽढ्यं च तदन्तं चेति नग्नपलितप्रियान्धस्थूलसुभगाढ्यतदन्तम्, तस्मादिति।

(२) **च्व्यर्थे** = च्वेरर्थ इति च्व्यर्थः, तस्मिन्निति।

(३) **अच्वेः** = न च्वि इति अच्विः, तस्मादिति।

(४) **खिष्णु-खुकञ्** = खिष्णुश्च खुकञ् चेति।

ઉદા. (१) नग्नम्भविष्णुः = અનગ્ન નગ્ન થના૨.
अनग्नो नग्नो भवतीति। (भू सत्तायाम्-१)
આ સૂત્રથી खश्→नग्न+भू+**इष्णु**
नामिनो गुणो०४.३.१थी गुण→नग्न+**भो**+इष्णु
ओदौतोऽ०१.२.२४थी अव्→नग्न+**भविष्णु**
खित्यनव्यया०३.२.१११थी म् आगम→नग्नम्भविष्णु
प्रथमा सि वगेरे→नग्नम्भविष्णुः।

(૨) **नग्नम्भावुकः** = અનગ્ન નગ્ન થનાર.
अनग्नो नग्नो भवतीति।
આ સૂત્રથી खुकञ्→नग्न+भू+**उक**
नामिनोऽ०४.३.५१थी वृद्धि→नग्न+**भौ**+उक
ओदौतोऽ०१.२.२४थी आव्→नग्न+**भावु**क
खित्यनव्ययाऽ०३.२.१११थी म् आगम→नग्न**म्भा**वुक
प्रथमा सि वगेरे→नग्नम्भावुकः।

(૩) **पलितम्भविष्णुः/पलितम्भावुकः** =
ધોળા વાળ વિનાનો ધોળા વાળ વાળો થનાર.
अपलितः पलितो भवतीति।

(૪) **प्रियम्भविष्णुः/प्रियम्भावुकः** = અપ્રિય પ્રિય થનાર.
अप्रियः प्रियो भवतीति।

(૫) **अन्धम्भविष्णुः/अन्धम्भावुकः** = અનન્ધ અન્ધ થનાર.
अनन्धोऽन्धो भवतीति।

(૬) **स्थूलम्भविष्णुः/स्थूलम्भावुकः** = અસ્થૂલ સ્થૂલ થનાર.
अस्थूलः स्थूलो भवतीति।

(૭) **सुभगम्भविष्णुः/सुभगम्भावुकः** = અસુંદર સુંદર થનાર.
असुभगः सुभगो भवतीति।

(૮) **आढ्यम्भविष्णुः/आढयम्भावुकः** = અધની ધની થનાર.
अनाढ्य आढयो भवतीति।

(૯) **सुनग्नम्भविष्णुः/सुनग्नम्भावुकः** =
અસુનગ્ન સુનગ્ન થનાર. असुनग्नः सुनग्नो भवतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.



પ્ર.ઉદા. **अच्वेरिति किम्? आढ्यीभविता** = અધની ધની થનાર.
अनाढ्य आढ्यो भवतीति।
कृ-भ्व०७.२.१२६थी च्वि→आढ्य+इ+**भू**
ईश्च्वा०४.३.१११थी इ दीर्घ→आढ्**यी**+भू
णक-तृचौ ५.१.४८थी आढ्यी+भू+**तृ**
स्ताद्यशितो०४.४.३२थी इट्→आढ्यी+भू+**इ**+तृ
नामिनो गुणो०४.३.१थी गुण→आढ्यी+**भो**+इ+तृ
ओदौतोऽ०१.२.२४थी अव्→आढ्यी+भ**वितृ**
प्रथमा सि वगेरे→आढ्यीभवि**ता**।

विशेषता :

(१) પૂર્વની જેમ આ પણ ઉપપદવિધિનું સૂત્ર હોવાથી અહીં तदन्तविधि થવાની ન હતી. તેથી સૂત્રમાં तदन्तात् પદનું ગ્રહણ કર્યું છે.

कृगः खनट् करणे ५.१.१२९

અ.અ.સૂ. : अच्वेः च्व्यर्थे नग्न-पलित-प्रिया-ऽन्ध-स्थूल-सुभगा-ऽऽढ्य-तदन्तात् कृगः धातोः करणे खनट्।

અર્થ : च्वि અર્થમાં વર્ત્તતાં च्वि પ્રત્યયાન્ત ન હોય તેવા નગ્ન, પલિત, પ્રિય, અન્ધ, સ્થૂલ, સુભગ અને આઢ્ય શબ્દથી તેમજ તદન્ત શબ્દોથી પર રહેલ कृ ધાતુથી કરણ અર્થમાં खनट् પ્રત્યય થાય છે.

ઉદા. (૧) **नग्नङ्करणं द्यूतम्** =
અનગ્નને જેના વડે નગ્ન કરાય છે તે જુગાર વગેરે.
अनग्नो नग्नः क्रियतेऽनेनेति।
આ સૂત્રથી खनट्→नग्न+कृ+**अन**





नामिनो गुणो०४.३.१थी गुण→नग्न+**करन**
खित्यनव्यया०३.२.१११थी म् आगम→नग्न**म्**+करन
र-षृवर्णान्नो०२.३.६३थी न्नो ण्→नग्नम्+क**रण**
तौ मु-मो०१.३.१४थी म्नो ङ्→नग्न**ङ्**करण
प्रथमा सि वगेरे→नग्नङ्कर**णम्**।

(२) **पलितङ्करणम्** = धोળા વાળ વિનાનો જેના વડે ધોળા વાળ વાળો કરાય છે તે. अपलितः पलितः क्रियतेऽनेनेति।

(३) **प्रियङ्करणम्** = અપ્રિય જેના વડે પ્રિય કરાય છે તે શીલ વગેરે. अप्रियः प्रियः क्रियतेऽनेनेति।

(४) **अन्धङ्करणम्** = અનન્ધ જેના વડે અન્ધ કરાય છે તે. अनन्धोऽन्धः क्रियतेऽनेनेति।

(५) **स्थूलङ्करणम्** = અસ્થૂલ જેના વડે સ્થૂલ કરાય છે તે. अस्थूलः स्थूलः क्रियतेऽनेनेति।

(६) **सुभगङ्करणम्** = જેના વડે અસુભગ સુભગ કરાય છે તે. असुभगः सुभगः क्रियतेऽनेनेति।

(७) **आढ्यङ्करणम्** = ગરીબ જેના વડે શ્રીમંત કરાય છે તે. अनाढ्यः आढ्यः क्रियतेऽनेनेति।

(८) **सुनग्नङ्करणम्** =
અસુનગ્નને સુનગ્ન કરાય છે જેના વડે તે.
असुनग्नः सुनग्नः क्रियतेऽनेनेति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **च्व्यर्थ इत्येव→नग्नं करोति द्यूतेन** = જુગારથી નગ્ન કરે છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ च्वि પ્રત્યય અર્થમાં વર્ત્તતાં कृ ધાતુથી થાય છે. જ્યારે અહીં च्वि અર્થ નથી. માટે આ સૂત્રથી खनट् પ્રત્યય થયો નહીં.



વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં કરણે એ પ્રમાણે વિશેષ અર્થનો નિર્દેશ કર્યો છે. તેથી કર્ત્તરિ ૫.૧.૩ સૂત્રથી કર્ત્તરિનો અધિકાર આવશે નહીં. માટે આ સૂત્ર કર્ત્તરિનાં અપવાદભૂત જાણવું.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, અનુવૃત્તિ પ્રાપ્ત અચ્ચ્વેઃ એ પ્રમાણે ચ્વિ પ્રત્યયાન્ત નામોને સૂત્રનાં વિષય બનાવવામાં આવ્યા નથી. યદ્યપિ જો તે ચ્વિ પ્રત્યયાન્ત નામથી પર કૃ ધાતુથી જો અનટ્ પ્રત્યય કરવામાં આવે તો ખનટ્ પ્રત્યયાન્ત જેવો નગ્નીકરણમ્ પ્રયોગ સિદ્ધ થઈ શકે છે. પરંતુ તેવા સ્થાને આ સૂત્રનાં પ્રતિષેધ સામર્થ્યથી ખનટ્ પ્રત્યયનાં સ્થાને અનટ્ પ્રત્યય પણ થાય નહીં. અહીં આશય એ છે કે, ખનટ્ અને અનટ્ પ્રત્યયાન્ત બંને પ્રયોગમાં પ્રત્યય સરખા હોવાથી પુલિંગમાં ટ્ ઇત્નો નિર્દેશ હોવાથી સ્ત્રીલિંગમાં અને ગતિસંજ્ઞકતયા ङस्युक्तं૩.૧.૪૯ સૂત્રની જેમ જ गतिक्वन्य૩.૧.૪૨ સૂત્રથી નિત્ય સમાસ થતો હોવાથી ચ્વિ પ્રત્યયાન્ત નામોમાં કોઈ તફાવત રહેતો નથી. તેથી, આ સૂત્રમાં પ્રતિષિદ્ધ એવા ચ્વ્યન્ત નામથી ખનટ્નાં સ્થાને અનટ્ પ્રત્યય કરવામાં આવે તો સમાન જ પ્રયોગ પ્રાપ્ત થતો હોવાથી પ્રતિષેધ વ્યર્થ જવાની આપત્તિ આવે. તે આપત્તિનું વારણ કરવા માટે અહીં અચ્ચ્વેઃ એ પ્રમાણે પ્રતિષેધનાં બળથી જ અનટ્નો પણ પ્રતિષેધ થાય છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો નગ્ન વગેરે च्वि પ્રત્યયાન્ત શબ્દથી પણ खनट् ઇચ્છે છે. તેથી તેઓનાં મતે નગ્નીકરણં દ્યૂતેન જેવાં પ્રયોગો પણ થાય છે.

भावे चाऽऽशिताद् भुवः खः ५.१.१३०

અ.અ.સૂ. : आशितात् भुवः धातोः भावे च(करणे) खः ।

અર્થ : આશિત શબ્દથી પર રહેલ भू ધાતુથી ભાવ અને કરણ અર્થમાં ख પ્રત્યય થાય છે.

ઉદા. (૧) आशितम्भवस्ते = તમારું તૃપ્ત થવું.
आशितेन भूयते इति। (भू सत्तायाम्-१)
આ સૂત્રથી ख→आशित+भू+**अ**
नामिनो गुणो०४.३.१थी गुण→आशित+**भो**+अ
ओदौतोऽ०१.२.२४थी अव्→आशित+**भव**
खित्यनव्यया०३.२.१११थी म् આગમ→आशित**म्भव**
પ્રથમા सि વગેરે→आशितम्भवः।

(૨) **आशितम्भव ओदनः** = જેનાથી તૃપ્તિ થાય છે તે ભાત.
आशितो भवत्यनेनेति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, ख પ્રત્યયની જેમ જ આગામી करणाऽऽधारे ५.३.१२९ સૂત્રથી अनट् પ્રત્યયનું કરણ અર્થમાં વિધાન કર્યું છે. તેથી अनट् પ્રત્યય ઔત્સર્ગિક



વિધિ છે. અને ખ પ્રત્યય આપવાદિક વિધિ છે. પણ અનટ્ અને ખ પ્રત્યય સમાન રૂપવાળાં અર્થાત્ સરૂપ નથી. તેથી અસરુપોઽપવાદે૦૫.૧.૧૬થી વિહિત વિકલ્પ દ્વારા બંને પ્રત્યય થશે. અને પરસ્પર બાધ્ય-બાધકભાવ રહેશે નહીં. જેમકે, આશિતમ્ભવઃ, આશિતસ્ય ભવનમ્।

(૨) અહીં સૂત્રમાં આશિતઃ એ પ્રમાણે નિર્દેશ હોવાથી ક્રયાદિ સંબંધી અશ્ ધાતુથી કર્ત્તા અર્થમાં ક્ત અને દીર્ઘત્વ આ સૂત્ર સામર્થ્યથી જાણવું. અથવા આઙ્ પૂર્વક અશ્ ધાતુનું ગ્રહણ કરીને અવિવક્ષિત કર્મતયા અકર્મકપણાની વિવક્ષા કરતાં આશિત એવો પ્રયોગ સિદ્ધ થાય છે.

(૩) યદ્યપિ સૂત્રમાં ભાવે એ પ્રમાણે પદનું ગ્રહણ હોવાથી પૂર્વસૂત્રથી આવતો કરણે નો અધિકાર અટકી જાય છે. પરંતુ સૂત્રગત ચકાર દ્વારા **चकारो यस्मात्परस्तत्० ૨/૬૧** ન્યાયાનુસારે સપ્તમ્યન્ત ભાવે ને સજાતીય પૂર્વસૂત્રથી કરણે નો અધિકાર આવે છે. તેમજ, **चानुकृष्टं नाऽनुवर्त्तते ૨/૬૨** ન્યાયાનુસારે કરણે નો અધિકાર ઉત્તરસૂત્રમાં જશે નહીં.

नाम्नो गमः खड्-डौ च, विहायसस्तु विहः ૫.૧.૧૩૧

અ.અ.સૂ. : नाम्नः गमः धातोः कर्त्तरि खड्-डौ च(खः) विहायसः तु विहः।

અર્થ : નામથી પર રહેલ ગમ્ ધાતુથી કર્ત્તા અર્થમાં ખડ્, ડ અને ખ પ્રત્યય કર્ત્તા અર્થમાં થાય છે. અને વિહાયસ્ શબ્દનો વિહ આદેશ થાય છે.



સ. : **खड्-डौ** = खड् च डश्चेति।

ઉદા. (૧) **तुरङ्गः/तुरगः/तुरङ्गमः** = ઘોડો.
तुरो गच्छतीति। (गम्लृं गतौ-३९६)
આ સૂત્રથી खड्→तुर+गम्+**अ**
डित्यन्त्य०२.१.११४થી अम्નો લોપ→तुर+ग्+अ
खित्यनव्यया०३.२.१११થી म् આગમ→तुर**म्**+ग
તૌ મુ-મો०૧.૩.૧૪થી म्નો ङ्→तुरङ्ग
પ્રથમા સિ વગેરે→तुरङ्गः।
આ સૂત્રથી ड→तुर+गम्+**अ**
डित्यन्त्य०२.१.११४થી अम्નો લોપ→तुरग
પ્રથમા સિ વગેરે→तुरगः।
આ સૂત્રથી ख→तुर+गम्+**अ**
खित्यनव्यया०३.२.१११થી म् આગમ→तुर**म्**+गम
તૌ મુ-મો०૧.૩.૧૪થી म्નો ङ्→तुरङ्गम
પ્રથમા સિ વગેરે→तुरङ्गमः।

(૨) **विहङ्गः/विहगः/विहङ्गमः** = પક્ષી. विहायसा गच्छतीति।

(૩) **सुतङ्गमो मुनिः** = મુનિ વિશેષ. सुतं/सुतेन गच्छतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) આ સૂત્ર નિર્દિષ્ટ खड् પ્રત્યયમાં ड् ઇત્નો નિર્દેશ डित्यन्त्यऽस्वरादेः ૨.૧.૧૧૪થી અન્ત્ય સ્વરાદિનો લોપ કરવા માટે જાણવું.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો उरंगमः પ્રયોગ પણ ઇચ્છે છે.

सुग-दुर्गाधारे ५.१.१३२

અ.અ.સૂ. : सुग-दुर्गम् आधारे।

અર્થ : સુ અને દુર્ ઉપસર્ગથી પર રહેલ गम् ધાતુથી આધાર અર્થમાં ડ પ્રત્યય થાય છે.

સ. : सुग-दुर्गम् = सुगश्च दुर्गश्चेति।

ઉદા. (૧) **सुगः पन्थाः** = સારી રીતે જવાય તેવો માર્ગ.
सुखेन गम्यतेऽस्मिन्निति। (गम्लृं गतौ-३९६)
આ સૂત્રથી ડ→सु+गम्+**अ**
डित्यन्त्य०२.१.११४થી अम्નો લોપ→सुग
પ્રથમા સિ વગેરે→सुगः।

(૨) **दुर्गः पन्थाः** = દુઃખે કરીને જવાય તેવો માર્ગ.
दुःखेन गम्यतेऽस्मिन्निति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) યદ્યપિ અહીં આધાર અર્થનો નિર્દેશ હોવાથી અહીં પૂર્વસૂત્રથી ડનો અધિકાર પણ આવતો હોવાથી માત્ર सुदुर्भ्यामाधारे એવા સૂત્રનો જ નિર્દેશ કર્યો હોત તો પણ सुगः, दुर्गः પ્રયોગ સિદ્ધ થઈ જાત. પરંતુ **सन्नियोगशिष्टाना० १/३०** ન્યાયાનુસારે પૂર્વસૂત્રથી પ્રાપ્ત ડ અધિકારની સાથે खड् પ્રત્યય પણ લાગવાની આપત્તિ આવે. એ અનિષ્ટ આપત્તિનું વારણ કરવા માટે सुगः, दुर्गः એ પ્રમાણે નિપાતન નિર્દેશ કરેલો છે.

(૨) પૂર્વે ૫.૧.૧૩૧ સૂત્રમાં જણાવ્યા મુજબ ડ અને अनट् પ્રત્યય असરૂપ હોવાથી असरुपोऽपवादे०५.१.१६

સૂત્રથી વિકલ્પ દ્વારા બંને પ્રત્યય થશે. અને પરસ્પર બાધ્ય-બાધકભાવ રહેશે નહીં. જેમકે, સુગઃ, દુર્ગઃ, સુગમનઃ, દુર્ગમનઃ।

निर्गोदेशे ५.१.१३३

અ.અ.સૂ. : निर्गः देशे आधारे।

અર્થ : નિર્ પૂર્વક ગમ્ ધાતુથી દેશ સ્વરૂપ આધાર અર્થમાં ડ પ્રત્યયાન્ત निर्गः પ્રયોગ નિપાતન પામે છે.

ઉદા. निर्गो देशः = જેમાં નિર્ગમન કરાય એવો દેશ.
निर्गम्यतेऽस्मिन्निति। (गम्लृं गतौ-३९६)
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ सुगः પ્રમાણે જાણવી. પરંતુ ડ પ્રત્યયાન્ત નિપાતન આ સૂત્રથી કરવું.

વિશેષતા :

અહીં સૂત્રમાં દેશે પદનો નિર્દેશ કર્યો હોવાથી આધાર અર્થ પણ જણાઈ જ જાય છે. પરંતુ દેશ વિષયક વાચ્યતા કર્મણિ પ્રયોગમાં પણ સંભવી શકે છે. તેથી અહીં લ.વૃ.માં પૂર્વસૂત્રથી અનુવૃત્ત આધારે પદની સાથે જ દેશે પદનો નિર્દેશ કરવામાં આવે છે.

शमो नाम्न्यः ५.१.१३४

અ.અ.સૂ. : शमः नाम्नः धातोः नाम्नि कर्त्तरि अः।

અર્થ : શમ્ નામથી પર રહેલ भू ધાતુથી કર્ત્તા સ્વરૂપ સંજ્ઞામાં અ પ્રત્યય થાય છે.

ઉદા. **शम्भवोऽर्हन्** = શ્રી સંભવનાથ ભગવાન.

शम् (तत्र) भवतीति। (भू सत्तायाम्-१)

આ સૂત્રથી अ→शम्+भू+**अ**

नामिनो गुणो०४.३.१थी गुण→शम्+**भो**+अ

ओदौतोऽ०१.२.२४थी अव्→शम्**भव**

प्रथमा सि वगेरे→शम्भवः।

પ્ર.ઉદા. **नाम्नीति किम्? शङ्करी दीक्षा** = સુખને કરનારી દીક્ષા. આ ઉદા.ની સાધનિકા ૫.૧.૧૦૩ સૂત્રનિર્દિષ્ટ यशस्करी પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ સંજ્ઞા અર્થમાં થાય છે. જ્યારે અહીં સંજ્ઞા અર્થ નથી. માટે આ સૂત્રથી अ પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં शम् એ પ્રમાણે અવ્યય નામનો નિર્દેશ કર્યો છે. અને તેને स्वःपश्य ઈત્યાદિ પ્રયોગમાં દર્શાવ્યા મુજબ કર્મસંજ્ઞા થઈ શકે છે. તેથી शम् પણ કર્મનામતયા પ્રવૃત્ત થાય તો હેત્વાદિની વિવક્ષામાં हेतुतच्छीला०५.१.१०३ સૂત્રથી टની પ્રાપ્તિ હતી. તેનો स्पर्धे ७.४.११९ પરિભાષાનુસારે બાધ કરીને આ સૂત્રથી अ પ્રત્યય થાય છે.

યદ્યપિ ट અને अ પ્રત્યય સરૂપ હોવાથી આપવાદિકતયા अ પ્રત્યયથી टનો બાધ થવાનો જ હતો. પરંતુ આ સૂત્ર शम् ઉપપદનાં કારણે વિશેષ છે. અને हेतुतच्छीला० ૫.૧.૧૦૩ સૂત્ર હેત્વાદિ અર્થની વિવક્ષાનાં કારણે વિશેષ છે. તેથી બંને વચ્ચે આપવાદિક-ઔત્સર્ગિકપણું રહેતું નથી. માટે બાધકનું કથન કરવું આવશ્યક છે.

पार्श्वादिभ्यः शीङः ५.१.१३५

અ.અ.સૂ. : पार्श्वादिभ्यः नामभ्यः शीङः धातोः कर्त्तरि अः ।

અર્થ : પાર્શ્વ વગેરે નામથી પર રહેલાં શી ધાતુથી કર્ત્તા અર્થમાં અ પ્રત્યય થાય છે.

સ. : पार्श्वादिभ्यः = પાર્શ્વ આદિર્યેષાં તે ઇતિ પાર્શ્વાદયઃ, તેભ્ય ઇતિ।

ઉદા. (૧) **पार्श्वशयः** = પડખે સૂનાર.
પાર્શ્વાભ્યાં શેતે ઇતિ। (શીઙ્ક્ સ્વપ્ને-૧૧૦૫)
આ સૂત્રથી અ→પાર્શ્વમ્+શી+**અ**
નામિનો ગુણો૦૪.૩.૫૧થી વૃદ્ધિ→પાર્શ્વમ્+**શૈ**+અ
એદૈતોऽ૦૧.૨.૨૩થી અય્→પાર્શ્વમ્+**શય**
તૃતીયા તત્કૃતૈઃ ૩.૧.૬૫થી સમાસ વગેરે→પાર્શ્વશય
પ્રથમા સિ વગેરે→પાર્શ્વશયઃ।

(૨) **दिग्धसहशयः** = બળેલાંની સાથે સૂનાર. દિગ્ધેન સહ શેતે ઇતિ ।
તૃતીયા તત્કૃતૈઃ ૩.૧.૬૫ સમાસ→દિગ્ધ+સહ
આ સૂત્રથી અ→દિગ્ધસહ+શી+**અ**
પૂર્વ પ્રમાણે ઉપપદ તત્પુ. સમાસ, ગુણ વગેરે→ દિગ્ધસહશયઃ ।

વિશેષતા :

(૧) **પાર્શ્વાદિ ગણ દ્વારા સિદ્ધ થતાં પ્રયોગો** : પાર્શ્વશયઃ, ઉદરશયઃ, પૃષ્ઠશયઃ, દિગ્ધસહશયઃ વગેરે. સૂત્રમાં બ.વ. દ્વારા શાસ્ત્રમાં દેખાતાં અન્ય પ્રયોગો પણ સિદ્ધ થઈ શકે છે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, પાર્શ્વ વગેરે આધારવાચી નામથી પર રહેલ શી ધાતુથી અ પ્રત્યયની આગામી આધારાત્ ૫.૧.૧૩૭ સૂત્ર દ્વારા પ્રાપ્તિ હતી. પરંતુ આધારવાચી ન હોય તેવા પણ પાર્શ્વ વગેરે નામથી પર રહેલ શી ધાતુથી અ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

ऊर्ध्वादिभ्यः कर्तुः ૫.૧.૧૩૬

અ.અ.સૂ. : कर्तुः ऊर्ध्वादिभ्यः नामभ्यः शीङः धातोः कर्त्तरि अः ।

અર્થ : ઊર્ધ્વ વગેરે કર્તૃવાચી નામથી પર શી ધાતુથી કર્ત્તા અર્થમાં અ પ્રત્યય થાય છે.

સ. : ऊर्ध्वादिभ्यः = ऊर्ध्व आदिर्येषां ते इति ऊर्ध्वादयः, तेभ्य इति।

ઉદા. (૧) **ऊर्ध्वशयः** = ઊભો સૂનાર.
ऊर्ध्वः शेते इति। (शीङ्क् स्वप्ने-११०५)

(૨) **उत्तानशयः** = ધાવતો બાળક. उत्तानः शेते इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ पार्श्वशयः પ્રમાણે જાણવી. પરંતુ અ પ્રત્યય આ સૂત્રથી કરવો.

વિશેષતા :

(૧) **ऊर्ध्वादि ગણ દ્વારા સિદ્ધ થતાં પ્રયોગો :** ऊर्ध्वशयः, उत्तानशयः, अवमूर्धशयः વગેરે.
સૂત્રમાં બ.વ. હોવાથી શાસ્ત્રમાં દેખાતાં અન્ય પણ આવા પ્રયોગો સિદ્ધ થઈ શકે છે.

आधारात् ५.१.१३७

અ.અ.સૂ. : आधारात् नाम्नः शीङः धातोः कर्त्तरि अः।

અર્થ : આધારવાચી નામથી પર રહેલ शी ધાતુથી કર્ત્તા અર્થમાં अ પ્રત્યય થાય છે.

ઉદા. **खशयः** = આકાશમાં સૂનાર.

खे शेते इति। (शीङ्क् स्वप्ने-११०५)

આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ पार्श्वशयः પ્રમાણે જાણવી. પરંતુ अ પ્રત્યયનું વિધાન આ સૂત્રથી કરવું.

चरेष्टः ५.१.१३८

અ.અ.સૂ. : आधारात् नाम्नः चरेः धातोः कर्त्तरि टः।

અર્થ : આધારવાચી નામથી પર રહેલ चर् ધાતુથી કર્ત્તા અર્થમાં ट પ્રત્યય થાય છે.

ઉદા. **कुरुचरी** = કુરુદેશમાં ફરનારી.

कुरुषु चरतीति। (चर भक्षणे च-४१०)

આ સૂત્રથી ट→कुरु+चर्+**अ**

अणञेयेकण्०२.४.२०થી ङी→कुरुचर+**ई**

अस्य ङ्यां०२.४.८६થી अનો લોપ→कुरुचरी

प्रथमा सि વગેરે→कुरुचरी।

વિશેષતા :

સૂત્ર નિર્દિષ્ટ ट પ્રત્યયમાં ट् ઈત્ સ્ત્રીલિંગમાં ङी પ્રત્યય કરવા માટે છે.

भिक्षा-सेना-ऽऽदायात् ५.१.१३९

अ.अ.सू. : भिक्षा-सेना-ऽऽदायात् नाम्नः चरेः धातोः कर्त्तरि टः।

अर्थ : भिक्षा, सेना अने आदाय नामथी पर रहेल चर् धातुथी कर्त्ता अर्थमां ट प्रत्यय थाय छे.

स. : भिक्षा-सेना-ऽऽदायात् = भिक्षा च सेना च आदायश्चेति भिक्षा सेना-ऽऽदायम्, तस्मादिति।

उदा. (१) भिक्षाचरी = भिक्षाने मांगनारी.
भिक्षां चरतीति। (चर भक्षणे च-४१०)

(२) **सेनाचरः** = सेनामां फरनार. सेनां चरतीति।

(३) **आदायचरः** = ग्रहण करीने चालनार. आदाय चरतीति।
आ उदा.नी साधनिका पूर्वसूत्र प्रमाणे जाणवी. परंतु ट प्रत्ययनुं विधान आ सूत्रथी करवुं.

विशेषता :

अहीं ध्यानमां लेवुं के, पूर्वसूत्रथी आधारवाची नामथी पर चर् धातुथी ट प्रत्ययनी प्राप्ति हती. परंतु आधारवाची न होय तेवा भिक्षा वगेरे नामथी पर पण ट प्रत्यय करवा माटे आ सूत्रनो निर्देश छे.

पुरो-ऽग्रतो-ऽग्रेः सर्त्तेः ५.१.१४०

अ.अ.सू. : पुरो-ऽग्रतो-ऽग्रेः नाम्नः सर्त्तेः धातोः कर्त्तरि टः।

अर्थ : पुरस्, अग्रतस् अने अग्रे नामथी पर रहेल सृ धातुथी कर्त्ता अर्थमां ट प्रत्यय थाय छे.

स. : पुरो-ऽग्रतो-ऽग्रेः = पुरश्च अग्रतश्च अग्रेश्चेति पुरोऽग्रतोऽग्रे इति पुरोऽग्रतोऽग्रेः।

ઉદા. (૧) **पुरःसरी** = આગળ ચાલનારી.
पुरः चरतीति। (सृं गतौ-२५)
આ સૂત્રથી ટ→पुरस्+सृ+**अ**
नामिनो गुणो०४.३.१थी गुण→पुरस्+**सर**
પ્રથમા સિ વગેરે→पुरः**सरी**।

(૨) **अग्रतःसरः** = આગળ ચાલનાર. अग्रतः चरतीति।

(૩) **अग्रेसरः** = આગળ ચાલનાર. अग्रे चरतीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

અહીં ઉદા.ગત अग्रेसरः પ્રયોગમાં अग्रे એ પ્રમાણે જે વિભક્ત્યન્ત જેવું પદ છે. તેનાં આ પ્રમાણે કારણ જણાવાય છે.

(૧) तत्पुरुषे०३.२.२० સૂત્ર દ્વારા સપ્તમી અલુપ્ સમાસ જાણવો.

(૨) विभक्ति-थमन्त०१.१.३३ સૂત્ર દ્વારા સપ્તમ્યન્ત સદૃશ अग्रे અવ્યયનો જ પ્રયોગ જાણવો.

(૩) અહીં સૂત્ર નિર્દેશનાં બળથી જ अग्र શબ્દનો સમસ્ત પ્રયોગમાં अग्रे એ પ્રમાણે આદેશ થયેલો જાણવો. અહીં તૃતીયા કારણ ગ્રહણ કરતાં अग्रं सरति, अग्रेण सरति એવો વિગ્રહ પણ પ્રાપ્ત થઈ શકે છે.

पूर्वात् कर्तुः ५.१.१४१

અ.અ.સૂ. : कर्तुः पूर्वात् नाम्नः सर्त्तेः धातोः कर्त्तरि टः।

અર્થ : કર્તૃવાચી પૂર્વ નામથી પર રહેલ सृ ધાતુથી કર્ત્તા અર્થમાં ટ પ્રત્યય થાય છે.

ઉદા. **पूर्वसरः** = પહેલો જાય છે. पूर्वः सरतीति। (सृं गतौ-२५)
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ अग्रतःसरः પ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **कर्तुरिति किम् ? पूर्वसारः**=પૂર્વદિશ તરફ જનાર. पूर्वं सरतीति।
कर्मणोऽण् ५.१.७२થી अण्→पूर्व+सृ+**अ**
नामिनोऽ०४.३.५१થી વૃદ્ધિ→पूर्व**सार**
प्रथमा सि વગેરે→पूर्वसारः ।

★ આ સૂત્રની પ્રવૃત્તિ કર્તૃવાચી નામથી પર રહેલાં ધાતુને વિશે થાય છે. જ્યારે અહીં કર્મવાચી નામથી પર ધાતુ હોવાથી આ સૂત્રથી ट પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

જિ. : પૂર્વ શબ્દ અવધિવાચી હોવાથી સાપેક્ષ છે. અર્થાત્ ચૈત્રથી પૂર્વ, મૈત્રથી પૂર્વ ઇત્યાદિ રૂપે અપેક્ષા સહિત જ તેની પ્રવૃત્તિ થાય છે. અહીં ઉદા.ગત पूर्वसरः પ્રયોગમાં સમાસ અંતર્ગત સાપેક્ષ પદનો નિર્દેશ નથી. તેથી સમાસ બાહ્ય પદની સાથે થતાં હોવાથી **सापेक्षमसमर्थम् २/२८** ન્યાયની પ્રવૃત્તિ સંભવે છે. તો અહીં સમાસ કઈ રીતે થયો ? અને જો સમાસ ન થાય તો આ સૂત્રની પ્રવૃત્તિ પણ કેવી રીતે થાય ?

સમા. : અહીં ચૈત્રથી પૂર્વ, મૈત્રથી પૂર્વ ઇત્યાદિ રૂપે સાક્ષાત્ સાવધિક પૂર્વ શબ્દ ગ્રહણ કરવો નહીં. પણ, પૂર્વત્વેન સામાન્ય પૂર્વ શબ્દનું ગ્રહણ કરવું. યદ્યપિ અહીં અવધિની અપેક્ષા હોય છે. તો પણ કથન વિના જ સ્વસહચારીથી તેનું ગ્રહણ થઈ શકે છે. તેથી પૂર્વ શબ્દ સંબંધી સાપેક્ષપણું હોતે છતે પણ देवदत्तस्य गुरुकुलम्ની જેમ ન્યાયની

અનિત્યતાનાં કારણે સમાસ સંભવે છે. તેથી આ સૂત્રની પ્રવૃત્તિ થવામાં પણ કોઈ બાધ આવતો નથી.

स्था-पा-स्ना-त्रः कः ५.१.१४२

અ.અ.સૂ. : नाम्नः स्था-पा-स्ना-त्रः धातोः कर्त्तरि कः।

અર્થ : નામથી પર રહેલાં સ્થા, પા, સ્ના અને ત્રૈ ધાતુથી કર્ત્તા અર્થમાં ક પ્રત્યય થાય છે.

સ. : स्था-पा-स्ना-त्रः = स्थाश्च पाश्च स्नाश्च त्रैश्चेति स्थाप-पा-स्ना-त्र्, तस्मादिति।

ઉદા. (૧) **समस्थः** = સમાન ભૂમિમાં રહેનાર.
समे तिष्ठतीति। (ष्ठां गतिनिवृत्तौ-५)
આ સૂત્રથી क→सम्+स्था+**अ**
इडेत्पुसि०४.३.९४थी आ નો લોપ→समस्थ
પ્રથમા सि વગેરે→समस्थः।

(૨) **कच्छपः** = કાચબો. कच्छं पातीति। (पांक् रक्षणे-१०६७)

(૩) **नदीष्णः** = નદીને વિશે તરનાર.
नद्यां स्नातीति। (ष्णांक् शौचे-१०६४)

(૪) **धर्मत्रम्** = ધર્મ વડે રક્ષણ કરનાર.
धर्मात् त्रायते इति। (त्रैङ् पालने-६०५)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં शम् અવ્યયથી પર રહેલ ધાતુથી આ સૂત્રથી ક અને शमो नाम्न्यः ५.१.१३४થી અ પ્રત્યયની પ્રાપ્તિ છે. પરંતુ स्पर्धे ७.४.११९ પરિભાષાનુસારે ક પ્રત્યય દ્વારા અ પ્રત્યયનો બાધ થાય છે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, ક પ્રત્યયની જેમ જ આગામી क्विप्०५.१.१४८ સૂત્રથી क्विप् પ્રત્યયનું વિધાન કર્યું છે. તેથી क्विप् પ્રત્યય ઔત્સર્ગિક વિધિ છે. અને ક પ્રત્યય આપવાદિક વિધિ છે. પણ क्विप् અને ક પ્રત્યય સમાન રૂપવાળાં અર્થાત્ સરૂપ નથી. તેથી असरुपोऽपवादे०५.१.१६થી વિહિત વિકલ્પ દ્વારા બંને પ્રત્યય થશે. અને પરસ્પર બાધ્ય-બાધકભાવ રહેશે નહીં. જેમકે, शंस्थः, शंस्थाः।

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો शंस्थः એ પ્રમાણે ક પ્રત્યય માને છે.

शोकापनुद-तुन्दपरिमृज-स्तम्बेरम-कर्णेजपं-प्रिया-ऽलस-हस्ति-सूचके ५.१.१४३

અ.અ.સૂ. : शोकापनुद-तुन्दपरिमृज-स्तम्बेरम-कर्णेजपं प्रिया-ऽलस-हस्ति-सूचके कर्त्तरि।

અર્થ : ક પ્રત્યયાન્ત शोकापनुद्, तुन्दपरिमृज, स्तम्बेरम, कर्णेजप પ્રયોગ અનુક્રમે પ્રિયા, આળસુ, હાથી અને સૂચક અર્થ જણાતે છતે કર્ત્તા અર્થમાં નિપાતન પામે છે.

સ. : (૧) शोकापनुद-तुन्दपरिमृज-स्तम्बेरम-कर्णेजपम् = शोकापनुदश्च तुन्दपरिमृजश्च स्तम्बेरमश्च कर्णेजपश्चेति।

(૨) **प्रिया-ऽलस-हस्ति-सूचके** = प्रिया च अलसश्च हस्तिश्च सूचकश्चेति प्रिया-ऽलस-हस्ति-सूचकम्, तस्मिन्निति।

ઉદા. (૧) शोकापनुदः प्रियः = શોકને દૂર કરનાર - પ્રિય વ્યક્તિ. शोकमपनुदतीति। (णुंदत् प्रेरणे-१३७०)

(૨) **तुन्दपरिमृजोऽलसः** = આળસુ.
आत्मानं पीडयतीति। (तुदींत् व्यथने-१३१५)

(૩) **स्तम्बेरमः हस्ती** = થાંભલાને વિશે રમનાર હાથી.
स्तम्बे रमते इति। (रमिं क्रीडा०-९८३)

(૪) **कर्णेजपः खलः** = કાનને વિશે જપનાર.
कर्णे जपतीति। (जप मानसे च-३३८)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **एष्विति किम्? शोकापनोदो धर्माचार्यः** =
શોકને દૂર કરનાર ધર્માચાર્ય.
कर्मणोऽण् ૫.૧.૭૨થી अण्→शोक+अप+नुद्+**अ**
लघोरुपा०૪.૩.૭થી ગુણ→शोक+अप+**नोद**
પ્રથમા સિ વગેરે→शोकापनोदः।

★ આ સૂત્રની પ્રવૃત્તિ પ્રિય વગેરે અર્થમાં થાય છે. જ્યારે અહીં પ્રિય વગેરે અર્થ નથી. માટે આ સૂત્રથી क પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

(૧) સૂત્રગત 'शोकापनुद... कर्णेजपं' એ પ્રમાણે કાર્યદર્શકપદ અને प्रिया-ऽ... સૂચકે નિમિત્ત દર્શક પદની સંખ્યા અને વચન સમાન હોવાથી તે બંને વચ્ચે **यथा-सङ्ख्यननुदेशः०** ૧/૧૦ ન્યાયાનુસારે અનુક્રમની પ્રાપ્તિ થાય છે.

मूलविभुजादयः ૫.૧.૧૪૪

અ.અ.સૂ. : मूलविभुजादयः।

અર્થ : क પ્રત્યયાન્ત मूलविभुज વગેરે યથાદર્શન (જે પ્રમાણે શાસ્ત્રમાં દર્શાવેલ હોય તે પ્રમાણે) નિપાતન પામે છે.

સ. : **मूलविभुजादयः** = मूलविभुज आदिर्येषां ते इति।

ઉદા. (૧) **मूलविभुजो रथः** = મૂળીયાને તોડી નાંખનાર.
मूलानि विभुजतीति। (भुजोंत् कौटिल्ये-૧૩૫૧)
આ સૂત્રથી क→मूल+वि+भुज्+**क**
પ્રથમા સિ વગેરે→मूलविभुजः।

(૨) **कुमुदं कैरवम्** = પૃથ્વીને વિશે આનંદ પામનાર. ફૂલ વિશેષ.
कौ मोदते इति। (मुदि हर्षे-૭૨૬)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) **मूलविभुजादि गण द्वारा सिद्ध थतां प्रयोगो :** मूलविभुज, उर्वीरुह, कुमुद, महीध्र, उषर्बुध, अब्भ्रम्, सरसिरुहम्, नखमुच, काकगुह, धर्मप्रद, कामप्रद, शब्दप्रद, शास्त्रप्रज्ञ, आगमप्रज्ञ वगेरे.

(૨) અહીં સૂત્રમાં બ.વ.નો નિર્દેશ શિષ્ય પ્રયોગનાં અનુસરણ માટે જાણવો. તેથી શિષ્ટ પ્રયોગાનુસારે જે અર્થમાં જે ધાતુથી પર જે ઉપપદ પર છતાં क પ્રત્યય કરાયો છે. તે જ અર્થમાં તે જ ધાતુથી પર તે જ ઉપપદ પર છતાં मूलविभुज વગેરે પ્રયોગો નિપાતન જાણવાં. અન્ય નહીં.

दुहेर्डुघः ૫.૧.૧૪૫

અ.અ.સૂ. : **नाम्नः दुहेः धातोः कर्त्तरि डुघः।**

અર્થ : નામથી પર રહેલાં दुह् ધાતુથી કર્ત્તા અર્થમાં डुघ પ્રત્યય થાય છે.

ઉદા. **कामदुघा** = ઇષ્ટ વસ્તુને આપનારી.
कामान् दुग्धे पूरयतीति। (दुहींक् क्षरणे-११२७)
આ સૂત્રથી ડુઘ→काम+दुह्+**उघ**
डित्यन्त्य०२.१.११४થી उह्નો લોપ→काम**दुघ**
आप् વગેરે→काम**दुघा**।

વિશેષતા :

(૧) સૂત્રમાં ડુઘ પ્રત્યયનો નિર્દેશ કર્યો છે. તેમાં ડ્ ઇત્નું ગ્રહણ અન્ત્ય સ્વરાદિનાં લોપ માટે છે.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે ઘ પ્રત્યયની જેમ જ આગામી સૂત્રમાં क्विप् પ્રત્યયનું વિધાન છે. તેથી क्विप् પ્રત્યય ઔત્સર્ગિક વિધિ છે. અને ડુઘ પ્રત્યય આપવાદિક વિધિ છે. પણ क्विप् અને ડુઘ પ્રત્યય સમાન રૂપવાળાં અર્થાત્ સરૂપ નથી. તેથી असरुपोऽपवादे०५.१.१६થી વિહિત વિકલ્પ દ્વારા બંને પ્રત્યય થશે. અને પરસ્પર બાધ્ય-બાધકભાવ રહેશે નહીં. જેમકે, कामदुघा, कामधुक्।

भजो विण् ५.१.१४६

અ.અ.સૂ. : नाम्नः भजः धातोः कर्त्तरि विण्।

અર્થ : નામથી પર રહેલાં भज् ધાતુથી કર્ત્તા અર્થમાં विण् પ્રત્યય થાય છે.

ઉદા. **अर्धभाक्** = અર્દ્ધભાગનો અધિકારી.
अर्द्धं भजते इति। (भजीं सेवायाम्-८९५)
આ સૂત્રથી विण्→अर्द्ध+भज्+**०**
ञ्णिति ४.३.५०થી વૃદ્ધિ→अर्द्ध+**भाज्**
प्रथमा सि વગેરે→अर्द्धभा**क्**।

વિશેષતા :

(૧) સૂત્રગત વિણ્ પ્રત્યયમાં ણ્ ઇત્ વૃદ્ધિની માટે, ઇકાર ઉચ્ચારણ માટે અને વ્કાર ક્વિપ્ની સાથે વિણ્ પ્રત્યયનાં સારૂપ્ય માટે છે. તેથી વિણ્ પ્રત્યયથી ક્વિપ્નો બાધ થાય છે.

मन्-वन्-क्वनिप्-विच् क्वचित् ५.१.१४७

અ.અ.સૂ. : नाम्नः धातोः कर्त्तरि मन्-वन्-क्वनिप्-विच् क्वचित्।

અર્થ : નામથી પર રહેલ ધાતુથી કર્ત્તા અર્થમાં મન્, વન્, ક્વનિપ્ અને વિચ્ પ્રત્યય ક્યારેક (યથાદર્શન) થાય છે.

સ. : मन्-वन्-क्वनिप्-विच् = मन् च वन् च क्वनिप् च विच् चेति।

ઉદા. (૧) **इन्द्रशर्मा** = વ્યક્તિ વિશેષ.
शृणोतीति। (शृंश् हिंसायाम्-१५३१)
આ સૂત્રથી मन्→इन्द्र+शृ+**मन्**
नामिनो गुणो०४.३.१थी गुण→इन्द्र**शर्मन्**
प्रथमा सि वगेरे→इन्द्रश**र्मा**।

(૨) **विजावा** = ઉત્પન્ન કરનાર.
विजायते इति। (जनैचि प्रादुर्भावे-१२६५)
આ સૂત્રથી वन्→वि+जन्+**वन्**
वन्याङ०४.२.६५थी न्नो आ→वि**जा**वन्
प्रथमा सि वगेरे→विजा**वा**।

(૩) **सुधीवा** = સારી રીતે ધારણ કરનાર.
सुष्ठु दधातीति। (डुधांगक् धारणे च-११३९)



આ સૂત્રથી ક્વનિપ્→સુ+ધા+**વન્**
ઈ વ્યઞ્જને૦૪.૩.૯૭થી આ નો ઈ→સુ**ધી**વન્
પ્રથમા સિ વગેરે→સુધી**વા**।

(૪) **शुभंयाः** = કલ્યાણ પ્રાપ્ત કરનાર.
शुभं यातीति। (यांक् प्रापणे-१०६२)
આ સૂત્રથી વિચ્→શુભં+યા+**०**
પ્રથમા સિ વગેરે→શુભંયાઃ।

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં ક્વચિત્નું ગ્રહણ કર્યું છે. તેથી ક્વચિત્નાં ગ્રહણથી લક્ષ્યાનુસારે ક્યારેક નામ પૂર્વમાં ન હોય તો એકલા ધાતુથી પર પણ મન્ વગેરે પ્રત્યયો થઈ શકે છે. જેમકે, **मन्**-शर्म, वर्म, हेम વગેરે, **क्वनिप्**-कृत्वा-कृत्वानौ, धीवा, पीवा, **विच्**-रेट्, रोट्, वेट्, जागः।

(૨) સૂત્રનિર્દિષ્ટ ક્વનિપ્ પ્રત્યયમાં ક્કાર કિત્કાર્ય માટે અને પ્ ઇત્ હ્રસ્વસ્ય તઃ૦૪.૪.૧૧૪થી ત્ આગમ કરવા માટે છે.

क्विप् ५.१.१४८

અ.અ.સૂ. : नाम्नः धातोः कर्त्तरि क्विप् क्वचित्।

અર્થ : નામથી પર રહેલ ધાતુથી કર્ત્તા અર્થમાં ક્વિપ્ પ્રત્યય ક્યારેક (યથાદર્શન) થાય છે.

ઉદા. **उखास्रत्** = થાળી વડે પડનાર.
उखेन/उखया स्रंसते इति। (स्रंसूङ् प्रमादे-८८४)
આ સૂત્રથી ક્વિપ્→ઉખા/ઉખ+સ્રંસ્+**०**
घञुपसर्गस्य०૩.૨.૮૬થી દીર્ઘ→ઉ**ખા**સ્રંસ્



નો વ્યઞ્જનસ્યા૦૪.૨.૨૫થી ન્નો લોપ→ઉખાસ્તસ્
પ્રથમા સિ વગેરે→ઉખાસ્તત્।

વિશેષતા :

(૧) અહીં ઉદા.ગત ઉખાસ્તસ્ વગેરે પ્રયોગમાં ઘઞુપસર્ગસ્ય૦ ૩.૨.૮૬ સૂત્રમાં નિર્દિષ્ટ બહુલમ્નાં અધિકારથી ઉખા અને વહા એ પ્રમાણે દીર્ઘત્વ જાણવું.

(૨) અહીં પણ પૂર્વસૂત્રથી ક્વચિત્નો અધિકાર આવે છે. તેથી લક્ષ્યાનુસારે ક્યારેક નામ પૂર્વમાં ન હોય તો એકલા ધાતુથી પર પણ ક્વિપ્ પ્રત્યય થઈ શકે છે. જેમકે, પાઃ, વાઃ વગેરે. પરંતુ દધ્યઙ્ જેવા પ્રયોગોમાં રહેલાં અઙ્નાં વિષયમાં કેવળ ધાતુથી પર ક્વિપ્ પ્રત્યય થતો નથી.

(૩) સૂત્રગત ક્વિપ્ પ્રત્યયમાં ક્ ઈત્ કિત્ કાર્ય માટે, પ્ ઈત્ હ્રસ્વસ્ય તઃ૦૪.૪.૧૧૬થી ત્ આગમ માટે અને ઇકાર ઉચ્ચારણ માટે જાણવો.

(૪) અહીં સૂત્રમાં વિશેષ અર્થનું ગ્રહણ ન કર્યું હોવાથી કર્ત્તા અર્થનું ગ્રહણ કરવું. યદ્યપિ દિશ્યો-દિક્ સૃજ્યતે ઇતિ સ્રગ્ ઇત્યાદિ કર્મ અર્થમાં ક્વિપ્ પ્રત્યય થયેલો દેખાય છે. પણ તે ક્રુત્-સંપદા૦૫.૩.૧૧૪ સૂત્રનાં વિષયભૂત જાણવો.

स्पृशोऽनुदकात् ૫.૧.૧૪૯

અ.અ.સૂ. : अनुदकात् नाम्नः स्पृशः धातोः कर्त्तरि क्विप्।

અર્થ : ઉદક સિવાયનાં નામથી પર રહેલ સ્પૃશ્ ધાતુથી કર્ત્તા અર્થમાં ક્વિપ્ પ્રત્યય થાય છે.

स. : अनुदकात् = न उदकमिति अनुदकम्, तस्मादिति।

ઉદા. घृतस्पृक् = ઘીને સ્પર્શનાર.

घृतं स्पृशतीति। (स्पृशंत् संस्पर्शे-१४१२)

આ સૂત્રથી ક્વિપ્→घृत+स्पृश्+**०**

ऋत्विज्-दिश०२.१.६९થી श्નો ग्→घृतस्पृ**ग्**

પ્રથમા સિ વગેરે→घृतस्पृ**क्**।

પ્ર.ઉદા. अनुदकादिति किम् ? उदकस्पर्शः =

પાણીનો સ્પર્શ કરનાર. उदकं स्पृशतीति।

कर्मणोऽण् ૫.૧.૭૨થી अण्→उदक+स्पृश्+**अ**

लघोरुपा०४.३.४થી ગુણ→उदक+**स्पर्श**

પ્રથમા સિ વગેરે→उदकस्पर्शः।

★ આ સૂત્રમાં उदक નામનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી ક્વિપ્ પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં अनुकदात् એ પ્રમાણે પર્યુદાસ નञ્નો આશ્રય કર્યો છે. તેથી तद् भिन्नतत्सदृश એવા અન્ય નામથી પર જ ક્વિપ્ પ્રત્યય થશે. પણ ઉપસર્ગથી પર નહીં. તેથી उपस्पृशति જેવાં સ્થાને આ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો કર્મવાચી ઉપપદથી પર રહેલ ધાતુથી જ આ સૂત્રની પ્રવૃત્તિ ઇચ્છે છે. તેથી તેઓનાં મતે मन्त्रेण स्पृशतीति मन्त्रस्पृक् જેવાં પ્રયોગો થતાં નથી.

अदोऽनन्नात् ५.१.१५०

अ.अ.सू. : अनन्नात् नाम्नः अदः धातोः कर्त्तरि क्विप्।

अर्थ : અન્ન સિવાયનાં અન્ય નામથી પર રહેલાં અદ્ ધાતુથી કર્ત્તા અર્થમાં ક્વિપ્ પ્રત્યય થાય છે.

स. : अनन्नात् = न अन्नमिति अनन्नम्, तस्मादिति।

ઉદા. (૧) आमात् = કાચું અન્ન ખાનાર.
आममत्तीति। (अदंक् भक्षणे-१०५९)
આ સૂત્રથી ક્વિપ્→आम+अद्+०
પ્રથમા સિ વગેરે→आमात्।

પ્ર.ઉદા. अनन्नादिति किम्? अन्नादः = અન્નને ખાનાર.
अन्नमत्तीति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ उदकस्पर्शः પ્રમાણે જાણવી.

★ આ સૂત્રમાં અન્ન નામનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી ક્વિપ્ પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

(૧) આ સૂત્રમાં બહુલમ્ ૫.૧.૨થી આવતાં બહુલમ્નાં અધિકારથી कणादः, पिप्लादः જેવાં પ્રયોગો થાય છે.

(૨) યદ્યપિ ક્વિપ્ ૫.૧.૧૪૮ સૂત્રથી આ સૂત્રની પ્રવૃત્તિ સિદ્ધ જ હતી. પરંતુ ક્વિપ્ પ્રત્યયનાં વિષયમાં અદ્ ધાતુની પૂર્વે અન્ન પદનો પ્રતિષેધ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

(૩) અહીં સૂત્રગત અન્ન પદ સ્વરૂપપરક જાણવું. પણ અર્થપરક નહીં. તેથી અહીં માત્ર અન્ન પદનું જ વર્જન કરવું. सस्य વગેરે અન્ન અર્થક પદનું નહીં. જેમકે, सस्यात्।

क्रव्यात्-क्रव्यादावाम-पक्वादौ ५.१.१५१

अ.अ.सू. : क्रव्यात्-क्रव्यादौ आम-पक्वादौ कर्त्तरि।

अर्थ : क्विप् प्रत्ययान्त क्रव्यात् अने अण् प्रत्ययान्त क्रव्याद प्रयोग अनुक्रमे आमात् अने पक्वात् अर्थमां वर्त्ततां धातुथी कर्त्ता अर्थमां निपातन पामे छे.

स. : (१) **क्रव्यात्-क्रव्यादौ** = क्रव्यात् च क्रव्यादश्चेति।

(२) **आमपक्वादौ** = आमात् च पक्वात् चेति।

उदा. (१) **क्रव्यात्-आममांसभक्षः** = કાચું માંસ ખાનાર.
क्रव्यमत्तीति। (अदंक् भक्षणे-१०५९)
आ सूत्रथी क्विप्→क्रव्य+अद्+**०**
प्रथमा सि वगेरे→क्रव्यात्।

(२) **क्रव्यादः पक्वमांसभक्षः** = પાકું માંસ ખાનાર.
क्रव्यमत्तीति।
आ सूत्रथी अण्→क्रव्य+अद्+**अ**
प्रथमा सि वगेरे→क्रव्यादः।

विशेषता :

(१) अहीं सूत्रमां क्रव्यात्-क्रव्यादौ એ प्रमाणे कार्यदर्शक पद अने आम-पक्वादौ એ प्रमाणे निमित्तदर्शक पदनी संख्या अने वचन समान होवाथी **यथासङ्ख्यमनुदेशः०** १/१० न्यायानुसारे ते बंने वच्चे अनुक्रमनी प्राप्ति थाय छे.

(२) अहीं ध्यानमां लेवुं के, क्विप् प्रत्ययान्त क्रव्यात् प्रयोग अने अण् प्रत्ययान्त क्रव्यादः प्रयोग अनुक्रमे क्विप् ५.१.१४८ अने कर्मणोऽण् ५.१.७२ सूत्रथी सिद्ध ४

હતો. તો પણ આ સૂત્રનો નિર્દેશ અર્થવિશેષમાં પ્રયોગનાં નિયમન માટે છે. તેથી પક્વ અર્થમાં क्विप् પ્રત્યયાન્ત क्रव्यात् અને આમ અર્થમાં अण् પ્રત્યયાન્ત क्रव्यादः પ્રયોગ થશે નહીં. માટે જ क्रव्य શબ્દ માત્ર આમમાંસ અર્થમાં વર્ત્તતો પણ क्रव्य શબ્દ આ સૂત્રનાં વિષયમાં પક્વમાંસ અર્થમાં પણ પ્રયોગ થાય છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો क्रव्यादः એ પ્રમાણે પ્રયોગ ઈચ્છતાં નથી.

त्यदाद्यन्य-समानादुपमानाद् व्याप्ये दृशः टक्-सकौ च ५.१.१५२

અ.અ.સૂ. : व्याप्ये उपमानात् त्यदाद्यन्यसमानात् दृशः धातोः कर्मणि टक्-सकौ च(क्विप्)।

અર્થ : ઉપમાનાર્થક કર્મવાચી त्यद् વગેરે, અન્ય અને સમાન નામથી પર રહેલ दृश् ધાતુથી કર્મ અર્થમાં વર્ત્તતાં टक्, सक् અને क्विप् પ્રત્યય થાય છે.

સ. : (૧) **त्यदाद्यन्य-समानात्** = त्यदादिश्च अन्यश्च समानश्चेति त्यदाद्यन्यसमानम्, तस्मादिति।

(૨) **टक्-सकौ** = टक् च सक् चेति।

ઉદા. (૧) **त्यादृशः/त्यादृक्षः/त्यादृक्** = તેના જેવો દેખાય છે.
स्य इव दृश्यते इति। (दृशिं प्रेक्षणे-४९५)
આ સૂત્રથી टक्→त्यद्+दृश्+**अ**
अन्यत्यदादे०७.२.१५२થી द्નો आ→**त्या**दृश
પ્રથમા सि વગેરે→त्यादृशः।
આ સૂત્રથી सक्→त्यद्+दृश्+**स**



अन्यत्यदादे०३.२.१५२थी द्‌नो आ→त्यादृश्+स
यज-सृज-मृज०२.१.८७थी श्‌नो ष्→त्यादृष्+स
षढोः कस्सि २.१.६२थी ष्‌नो क्→त्यादृक्+स
नाम्यन्तस्था०२.३.१५थी स्‌नो ष्→त्यादृक्ष
प्रथमा सि वगेरे→त्यादृक्षः।
आ सूत्रथी क्विप्→त्यद्+दृश्+०
अन्यत्यदादे०३.२.१५२थी द्‌नो आ→त्यादृश्
प्रथमा सि वगेरे→त्यादृक्।

(२) **अन्यादृशः/अन्यादृक्षः/अन्यादृक्** =
બીજા જેવો દેખાય છે. अन्य इव दृश्यते इति।

(૩) **सदृशी/सदृक्षा/सदृक्** = સમાન જેવો દેખાય છે.
समान इव दृश्यते इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી. પરંતુ ઉદા.(૩)માં दृक्-दृश०३.२.१५१थी समानનો स આદેશ કરવો.

પ્ર.ઉદા. व्याप्य इति किम्? तेनेव दृश्यते =
જાણે તેનાથી દેખાય છે.

★ આ સૂત્રની પ્રવૃત્તિ કર્મવાચી त्यद् વગેરે નામથી થાય છે. જ્યારે અહીં કર્મવાચી त्यद् વગેરે નામ નથી. માટે આ સૂત્રથી टक् વગેરે પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રગત त्यदाद्यन्यसमानात् એ પ્રમાણે ઉપપદદર્શકપદ અને टक्-सकौ च એ પ્રમાણે પ્રત્યયદર્શક પદની સંખ્યા સમાન હોવાથી અનુક્રમની પ્રાપ્તિ થાત. પરંતુ વચનભેદ કરવા દ્વારા તે અનુક્રમનું ગ્રહણ થતું નથી.



(૨) યદ્યપિ સૂત્રમાં टक्-सकौનું ગ્રહણ કર્યું હોવાથી પૂર્વસૂત્રથી આવતાં क्विप्નાં અધિકારનું ગ્રહણ થતું નથી. પરંતુ સૂત્રગત ચકાર દ્વારા **चकारो यस्मात्परस्तत्० २/६१** ન્યાયાનુસારે પ્રથમાન્ત टक्-सकौને સજાતીય પૂર્વસૂત્રથી क्विप्નું ગ્રહણ થાય છે. તેમજ, **चानुकृष्टं नाऽनुवर्त्तते २/६२** ન્યાયાનુસારે તે અધિકાર ઉત્તરસૂત્રમાં જશે નહીં.

कर्तुर्णिन् ૫.૧.૧૫૩

અ.અ.સૂ. : उपमानात् कर्तुः धातोः कर्त्तरि णिन्।

અર્થ : ઉપમાનભૂત કર્તૃવાચી નામથી પર રહેલાં ધાતુથી કર્ત્તા અર્થમાં णिन् પ્રત્યય થાય છે.

ઉદા. उष्ट्रक्रोशी = ઊંટની જેમ અવાજ કરનાર.
उष्ट्र इव क्रोशतीति। (क्रुशं आह्वान-रोदनयोः-૯૮૬)
આ સૂત્રથી णिन्→उष्ट्र+क्रुश्+**इन्**
लघोरुपा०૪.૩.૪થી ગુણ→उष्ट्र**क्रो**शिन्
પ્રથમા સિ વગેરે→उष्ट्र**कोशी**।

વિશેષતા :

(૧) પૂર્વસૂત્રથી વ્યાપ્યે એ પ્રમાણે પદની અનુવૃત્તિ આવવાની શક્યતા છે. પણ અર્થવિશેષનો નિર્દેશ ન કર્યો હોવાથી कर्त्तरि ૫.૧.૩ સૂત્ર દ્વારા કર્ત્તા અર્થનું જ ગ્રહણ થાય છે.

(૨) અહીં अजातेः शीले ૫.૧.૧૫૪ સૂત્રથી णिन् પ્રત્યય સિદ્ધ જ હતો. પણ જાતિભૂત કર્તૃવાચી નામથી પર અને અશીલ અર્થમાં પણ णिन् કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

अजातेः शीले ५.१.१५४

અ.અ.સૂ. : अजातेः नाम्नः शीले धातोः कर्त्तरि णिन्।

અર્થ : જાતિવાચી સિવાયનાં નામથી પર રહેલ શીલઅર્થવાળાં ધાતુથી કર્ત્તા અર્થમાં णिन् પ્રત્યય થાય છે.

સ. : अजातेः = न जातिरिति अजातिः, तस्मादिति।

ઉદા. (૧) **उष्णभोजी** = ગરમ ખાવાનો સ્વભાવ છે જેનો તે.
उष्णं भुङ्क्त इत्येवंशील इति।
(भुजंप् पालना-ऽभ्यवहार-१४८७)
આ સૂત્રથી णिन्→उष्ण+भुज्+**इन्**
लघोरुपा०४.३.४थी गुण→उष्ण**भो**जिन्
પ્રથમા સિ વગેરે→उष्णभो**जी**।

(૨) **प्रस्थायी** = પ્રસ્થાન કરવાનાં સ્વભાવવાળો.
प्रतिष्ठते इत्येवंशील इति। (ष्ठां गतिनिवृत्तौ-५)
આ સૂત્રથી णिन्→प्र+स्था+**इन्**
आत ऐः०४.३.५३थी आ નો ऐ→प्र+**स्थै**+इन्
एदैतोऽ०१.२.२३थी आय्→प्र+**स्थायि**न्
પ્રથમા સિ વગેરે→प्रस्था**यी**।

પ્ર.ઉદા.(૧) **अजातेरिति किम्? शालीन् भोक्ता** =
અનાજ ખાવાનાં સ્વભાવવાળો.
तृन् शील०५.२.२७थी तृन्→भुज्+**तृ**
चजः०२.१.८६थी ज् નો ग्→भु**ग्**+तृ
अघोषे प्रथमो०१.३.५०थी ग् નો क्→भु**क्त**ृ
लघोरुपा०४.३.४थी गुण→**भो**क्तृ
પ્રથમા સિ વગેરે→भो**क्ता**।

★ આ સૂત્રમાં જાતિવાચી નામનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી णिन् પ્રત્યય થયો નહીં.

(૨) **शील इति किम्? उष्णभोजो मन्दः** = ઉષ્ણ ખાનાર મૂર્ખ. આ ઉદા.ની સાધનિકા ૫.૧.૧૪૯માં દર્શાવેલ उदक-स्पर्शः પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ શીલ અર્થમાં વર્ત્તતાં ધાતુથી થાય છે. જ્યારે અહીં શીલ અર્થ નથી. માટે આ સૂત્રથી णिन् પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં अजातेः એ પ્રમાણે પ્રસજ્ય નઞ્નો આશ્રય કર્યો છે. તેથી અસત્ત્વવાચી એવા ઉપસર્ગથી પર પણ આ સૂત્રની પ્રવૃત્તિ થશે. માટે उदासारी જેવાં પ્રયોગો પણ સિદ્ધ થાય છે.

(૨) આ સૂત્રમાં बहुलम् ૫.૧.૨ સૂત્રથી આવતાં बहुलम્નાં અધિકારથી प्रभोक्ता, उपभोक्ता જેવાં પ્રયોગો થતાં નથી.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો उद्+आङ् અને प्रति+आङ्થી પર રહેલ सृ ધાતુ સિવાયનાં ધાતુથી ઉપસર્ગથી પર સૂત્ર પ્રવૃત્તિ ઇચ્છતાં નથી. તેથી તેઓનાં મતે प्रस्थायी, प्रतिययी જેવાં પ્રયોગો થશે નહીં.

साधौ ૫.૧.૧૫૫

અ.અ.સૂ. : साधौ नाम्नः धातोः कर्तरि णिन्।

અર્થ : સાધુ અર્થમાં વર્ત્તતાં ધાતુથી કર્ત્તા અર્થમાં णिन् પ્રત્યય થાય છે.

ઉદા. (૧) **साधुकारी** = સારું કરનાર.
साधु करोतीति। (डुकृंग् करणे-८८८)
આ સૂત્રથી णिन्→साधु+कृ+**इन्**
नामिनोऽ०४.३.५१थी वृद्धि→साधु**कारिन्**
પ્રથમા સિ વગેરે→साधु**कारी**।

વિશેષતા :

(૧) अहीं अजातेः शीले ५.१.१५४ સૂત્રથી આ પ્રયોગ સિદ્ધ જ હતો. પરંતુ સાધુ અર્થવાળાં શબ્દથી પર અશીલ અર્થમાં વર્ત્તતાં ધાતુથી પણ णिन् પ્રત્યય કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

(૨) આ સૂત્રમાં बहुलम् ૫.૧.૨ સૂત્રથી આવતાં बहुलम्નાં અધિકારથી साधु वादयति, वादको वीणाम्, साधु गायति વગેરે પ્રયોગોમાં णिन् પ્રત્યય થતો નથી.

(૩) અહીં साधुकारी વગેરે ઉદા.માં साध्वर्थक ઉપપદ હોવાથી ધાતુમાં साधु અર્થની અપેક્ષા રહેતી નથી. પરંતુ સૂત્રગત साधौ પદ धात्वर्थનું વિશેષણ હોવાથી ફલતઃ તો ધાતુનાં અર્થમાં તેની સંગતિ કરવી. તેથી જ લઘુવૃત્તિ આદિમાં 'નામથી પર साध्वर्थक ધાતુથી...' એ પ્રમાણે અર્થ નિર્દેશ કર્યો છે.

ब्रह्मणो वदः ५.१.१५६

અ.અ.સૂ. : ब्रह्मणः नाम्नः वदः धातोः कर्त्तरि णिन्।

અર્થ : ब्रह्मन् નામથી પર રહેલાં वद् ધાતુથી કર્ત્તા અર્થમાં णिन् પ્રત્યય થાય છે.

ઉદા. **બ્રહ્મવાદી** = બ્રહ્મને કહેનાર.

બ્રહ્મ વદતીતિ। (વદ વ્યક્તાયાં વાચિ-૯૧૮)

આ સૂત્રથી ણિન્→બ્રહ્મન્+વદ્+**ઇન્**

ઞ્ણિતિ ૪.૩.૫૦થી વૃદ્ધિ→બ્રહ્મન્+**વા**દિન્

પ્રથમા સિ વગેરે→બ્રહ્મવા**દી**।

વિશેષતા :

(૧) અજાતિવાચી બ્રહ્મન્ રૂપ કર્મથી પર વદ્ ધાતુથી શીલ અર્થમાં અજાતેઃ શીલે ૫.૧.૧૫૪થી ણિન્ પ્રત્યયની પ્રાપ્તિ હતી જ. પરંતુ અશીલ અર્થ અને શીલ અર્થમાં તેમજ જાતિવાચી બ્રહ્મન્ નામથી પર પણ ણિન્ પ્રત્યય કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે. તેમજ, અહીં કર્મણોઽણ્ ૫.૧.૭૨થી અણ્ની પ્રાપ્તિ હતી. તે ઉત્સર્ગસૂત્ર છે. અને આ અપવાદસૂત્ર છે. તેથી અસરુપોઽપવાદે૦૫.૧.૧૬ સૂત્ર દ્વારા ણિન્નાં વિકલ્પમાં અસરૂપતયા અણ્ પ્રત્યયની પ્રાપ્તિ થાય છે. તેનો પણ બાધ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ જાણવો.

વ્રતા-ઽઽભીક્ષ્ણ્યે ૫.૧.૧૫૭

અ.અ.સૂ. : વ્રતા-ઽઽભીક્ષ્ણ્યે નામ્નઃ ધાતોઃ કર્ત્તરિ ણિન્।

અર્થ : વ્રત અને આભીક્ષ્ણ્ય અર્થ જણાતે છતે નામથી પર ધાતુથી કર્ત્તા અર્થમાં ણિન્ પ્રત્યય થાય છે.

સ. : વ્રતા-ઽઽભીક્ષ્ણ્યે = વ્રતં ચ આભીક્ષ્ણ્યં ચેતિ વ્રતા-ઽઽભીક્ષ્ણ્યમ્, તસ્માદિતિ।

ઉદા. (૧) **સ્થણ્ડિલવર્ત્તી** = નિરવદ્ય ભૂમિમાં રહેનારા વ્રતી.

સ્થણ્ડિલે વર્ત્તતે। (વૃતૂઙ્ વર્ત્તને-૯૫૫)



આ સૂત્રથી णिन्→स्थण्डिल+वृत्+**इन्**
लघोरुपा०४.३.४थी गुण→स्थण्डिल+**वर्तिन्**
प्रथमा सि वगेरे→स्थण्डिलव**र्त्ती**।

(२) **क्षीरपायिण उशीनराः** =
વારંવાર દૂધ પીનારાં ઓરિસ્સાનાં માણસો.
पुनः पुनः क्षीरं पिबतीति। (पां पाने-२)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) પૂર્વે बहुलम् ५.१.२ સૂત્રથી આવતાં बहुलम्નાં અધિકારથી आभीक्ष्ण्य અર્થમાં પણ णिन् પ્રત્યય થતો નથી. જેમકે, कुल्माषखादाश्चोलाः।

(૨) પૂર્વની જેમ આ સૂત્રનો નિર્દેશ પણ જાતિવાચી નામથી પર અને शील સિવાયનાં અર્થમાં વર્ત્તતાં ધાતુથી પર પણ णिन् પ્રત્યય કરવા માટે જાણવો.

करणाद् यजो भूते ५.१.१५८

અ.અ.સૂ. : करणात् नाम्नः भूते यजः धातोः कर्त्तरि णिन्।

અર્થ : કરણવાચી નામથી પર રહેલ ભૂતકાળ અર્થમાં વર્ત્તતાં यज् ધાતુથી કર્ત્તા અર્થમાં णिन् પ્રત્યય થાય છે.

ઉદા. अग्निष्टोमयाजी =
અગ્નિનાં સમુદાયથી ભૂતકાળમાં યજ્ઞ કરનાર.
अग्निष्टोमेन इष्टवानिति। (यजीं देवपूजा०-९९१)
આ સૂત્રથી णिन्→अग्निष्टोम+यज्+**इन्**
ञ्णिति ४.३.५०थी वृद्धि→अग्निष्टोम**याजिन्**
प्रथमा सि वगेरे→अग्निष्टोमया**जी**।



निन्द्ये व्याप्यादिन् विक्रियः ५.१.१५९

अ.अ.सू. : व्याप्यात् नाम्नः भूते विक्रियः धातोः निन्द्ये कर्त्तरि इन्।

अर्थ : કર્મવાચી નામથી પર રહેલ ભૂતકાળ અર્થમાં વર્ત્તતાં ધાતુથી નિન્દ્ય કર્ત્તા અર્થમાં इन् પ્રત્યય થાય છે.

ઉદા. सोमविक्रयी = દારૂને વહેંચનાર.
सोमं विक्रीतवान् इति। (डुक्रींग्श् द्रव्य०-१५०८)
આ સૂત્રથી इन्→सोम+विक्री+**इन्**
नामिनो गुणो०४.३.१थी गुण→सोम+विक्रे+इन्
एदैतोऽ०१.२.२३थी अय्→सोम+**विक्रयिन्**
प्रथमा सि વગેરે→सोमविक्र**यी**।

प्र.ઉદા. निन्द्य इति किम्? धान्यविक्रायः = અનાજને વહેંચનાર.
धान्यं विक्रीतवानिति।
આ ઉદા.ની સાધનિકા ५.१.१४९માં દર્શાવેલ उदकस्पर्शः પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ નિન્દ્ય એવા કર્ત્તા અર્થમાં થાય છે. જ્યારે અહીં નિન્દ્ય કર્ત્તા નથી. માટે આ સૂત્રથી इन् પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં પ્ર.ઉદા.માં धान्यविक्रायः નો પ્રયોગ દર્શાવ્યો છે. તેમાં ધ્યાનમાં લેવું કે, જો તે જ ક્રિયાનો કર્ત્તા બ્રાહ્મણ હોય તે તે કુત્સિતાને પામે છે. તેથી धान्यविक्रयी ब्राह्मणः એવો પ્રયોગ પણ થઈ શકે છે. અહીં આશય એ છે કે, પૂર્વકાળ ધાન્યાદિની વિક્રયી ક્રિયા વણિજને અનુજ્ઞાત હોવાથી બ્રાહ્મણ તેવી ક્રિયા કરી શકે નહીં.

જો કરે તો તે લોકમાં નિન્દ્યતાને પામે. તેથી કુત્સિત ભાવની પ્રાપ્તિ થતાં આ સૂત્રની પ્રવૃત્તિ થાય.

જિ. : વિ પૂર્વક ક્રી ધાતુને યુવર્ણ૦૫.૩.૮ સૂત્રથી ભાવમાં અલ્ લાગીને મત્વર્થીય ઇન્ પ્રત્યય લગાડતાં પણ વિક્રિય ક્રિયાવાન અર્થાત્ વિક્રિય ક્રિયા કરનાર કર્ત્તા અર્થમાં સોમવિક્રયી આદિ પ્રયોગો સિદ્ધ થઈ જાય છે. તો આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : તમારી વાત સાચી છે. વસ્તુતઃ એ રીતે આ પ્રયોગો સિદ્ધ થઈ શકે છે. તો પણ આ સૂત્રનો નિર્દેશ કરીને ગ્રંથકારશ્રીએ આ સૂત્રનાં વિષયમાં અણ્ પ્રત્યયનો બાધ કરી રહ્યા છે. તેથી વ્યાપ્ય નામથી પર વિપૂર્વક ક્રી ધાતુનાં કુત્સા અર્થમાં કર્મણોઽણ્ ૫.૧.૭૨થી અણ્ પ્રત્યય થશે નહીં.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો ભૂતકુત્સા સિવાય પણ આ સૂત્રથી ઇન્ ઇચ્છે છે.

હનો ણિન્ ૫.૧.૧૬૦

અ.અ.સૂ. : व्याप्यात् नाम्नः भूते हनः धातोः निन्द्ये कर्त्तरि णिन्।

અર્થ : કર્મવાચી નામથી પર રહેલ ભૂતકાળ અર્થમાં વર્ત્તતાં હન્ ધાતુથી નિન્દ્ય એવા કર્ત્તા અર્થમાં ણિન્ પ્રત્યય થાય છે.

ઉદા. (૧) पितृघाती = પિતાની હત્યા કરનાર.
पितरं हतवानिति। (हनंक् हिंसा०-११००)
આ સૂત્રથી ણિન્→પિતૃ+હન્+**ઇન્**
ञ्णिति घात् ४.૩.૧૦૦થી ઘાત્ આદેશ→પિતૃ**ઘાતિન્**
પ્રથમા સિ વગેરે→પિતૃઘા**તી**।

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, ણિન્ પ્રત્યયની જેમ જ પૂર્વનાં સૂત્રથી અણ્ પ્રત્યયનું વિધાન તેથી અણ્ પ્રત્યય ઔત્સર્ગિક વિધિ છે. અને ણિન્ પ્રત્યય આપવાદિક વિધિ છે. પણ અણ્ અને ણિન્ પ્રત્યય સમાન રૂપવાળાં અર્થાત્ સરૂપ નથી. માટે અસરુપોઽ૦૫.૧.૧૬ વિહિત વિકલ્પ દ્વારા બંને પ્રત્યય થશે. અને પરસ્પર બાધ્ય-બાધકભાવ રહેશે નહીં. જેમકે, પિતૃઘાતઃ, પિતૃઘાતી।

જિ. : પૂર્વની જેમ અહીં પણ હન્ ધાતુથી ભાવ અર્થમાં ઘ�ञ્ થઈને મત્વર્થીય ઇન્ પ્રત્યય લગાડવા દ્વારા પિતૃઘાતી પ્રયોગ સિદ્ધ જ છે. તો પણ આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : અહીં આ સૂત્રનાં નિર્દેશ દ્વારા **सिद्धे सत्यारम्भो नियमार्थः ૧/૨૫** ન્યાયની પ્રવૃત્તિ થઈ છે. તેથી નિયમ થયો કે, ભૂત અને કુત્સા સિવાયનાં અર્થમાં શત્રુઘાતી ઇત્યાદિ પ્રયોગમાં મત્વર્થીય ઇન્ પ્રત્યય પણ થશે નહીં.

અન્ય મત :

(૧) કેટલાંક વ્યાકરણકારો ભૂત અને કુત્સા સિવાયનાં અર્થમાં પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઇચ્છે છે.

(૨) કેટલાંક વ્યાકરણકારો અહીં અસરૂપવિધિ ઇચ્છતાં નથી. માટે પિતૃઘાતઃ એ પ્રમાણે અણ્ પ્રત્યયાન્ત પ્રયોગ થશે નહીં.

ब्रह्म-भ्रूण-वृत्रात् क्विप् ५.१.१६१

अ.अ.सू. : ब्रह्म-भ्रूण-वृत्रात् व्याप्यात् नाम्नः भूते हनः धातोः कर्त्तरि क्विप्।

अर्थ : ब्रह्मन्, भ्रूण अने वृत्र कर्मवाची नामथी पर रहेल भूतकाळ अर्थमां वर्त्ततां हन् धातुथी कर्त्ता अर्थमां क्विप् प्रत्यय थाय छे.

स. : ब्रह्म-भ्रूण-वृत्रात् = ब्रह्मा च भ्रूणश्च वृत्रश्चेति ब्रह्म-भ्रूण-वृत्रम्, तस्मादिति।

उदा. (१) **ब्रह्महा** = ब्राह्मणने मारनार.
ब्रह्माणं हतवानिति। (हनंक् हिंसा०-११००)
आ सूत्रथी क्विप्→ब्रह्मन्+हन्+०
प्रथमा सि वगेरे→**ब्रह्महा**।

(२) **भ्रूणहा** = गर्भहत्या करनार. भ्रूणं हतवानिति।

(३) **वृत्रहा** = वृत्रासुरने मारनार. वृत्रं हतवानिति।
आ उदा.नी साधनिका पूर्वप्रमाणे जाणवी.

जि. : आ सूत्रमां ब्रह्मन् वगेरे कर्मथी पर हन् धातुथी क्विप् प्रत्ययनुं विधान कर्युं छे. जे क्विप् ५.१.१४८ सूत्रथी पण सिद्ध ज छे. तो आ सूत्रनो निर्देश शा माटे कर्यो ?

सभा. : आ सूत्रनां निर्देश द्वारा अहीं **सिद्धे सत्यारम्भो० १/२५** न्यायनी प्रवृत्ति थई छे. तेथी अहीं चार प्रकारे नियम थाय छे. ते नीचे प्रमाणे जाणवा.

(१) **उपपद** : ब्रह्मन् वगेरे कर्मथी पर ज हन् धातुथी क्विप् थाय छे. अन्य कर्मथी पर नहीं. जेमके, पुरुषघातः।

(૨) **ધાતુ :** બ્રહ્મન્ વગેરેથી પર હન્ ધાતુથી જ ક્વિપ્ થાય છે. અન્ય ધાતુથી પર નહીં. જેમકે, બ્રહ્માધ્યાયઃ।

(૩) **પ્રત્યય :** બ્રહ્મન્ વગેરેથી પર હન્ ધાતુથી ક્વિપ્ જ થાય છે. અન્ય પ્રત્યય નહીં.
આ આપવાદિક સૂત્ર હોવા છતાં પણ **મધ્યેઽપવાદાઃ પૂર્વાન્ વિધીન્ બાધન્તે નોત્તરાન્ ૧/૩૭** ન્યાયાનુસારે ઉત્સર્ગવિધિ એવા અણ્, ણિન્ વગેરે પ્રત્યયનો બાધ થશે. પણ ક્ત, ક્તવતુ પ્રત્યયનો નહીં. તેથી જ વિગ્રહ વાક્યમાં બ્રહ્માણં હતવાનિતિ જેવા પ્રયોગની પ્રાપ્તિ કરાય છે.

(૪) **કાળ :** બ્રહ્મન્ વગેરેથી પર હન્ ધાતુથી ભૂત અર્થમાં જ ક્વિપ્ થાય છે. અન્ય કાળ અર્થમાં નહીં. જેમકે, બ્રહ્માણં હન્તીતિ બ્રહ્મઘાતઃ।

कृगः सु-पुण्य-पाप-कर्म-मन्त्र-पदात् ५.१.१६२

અ.અ.સૂ. : सु-पुण्य-पाप-कर्म-मन्त्र-पदात् व्याप्यात् नाम्नः भूते कृगः धातोः कर्त्तरि क्विप्।

અર્થ : સુ અવ્યય તેમજ, પુણ્ય, પાપ, કર્મન્, મન્ત્ર અને પદ સ્વરૂપ કર્મવાચી નામથી પર રહેલ ભૂતકાળ અર્થમાં વર્ત્તતાં કૃ ધાતુથી કર્ત્તા અર્થમાં ક્વિપ્ પ્રત્યય થાય છે.

સ. : सु-पुण्य-पाप-कर्म-मन्त्र-पदात् = सु च पुण्यश्च पापश्च कर्म च मन्त्रश्च पदश्चेति सु-पुण्य-पाप-कर्म-मन्त्र-पदम् तस्मादिति।

ઉદા. (૧) सुकृत् = સારું કરનાર.
सुष्ठु कृतवानिति। (डुकृंग् करणे-८८८)
આ સૂત્રથી ક્વિપ્→सु+कृ+०
ह्रस्वस्य तः०૪.૪.૧૧૩થી त् આગમ→सुकृत्
પ્રથમા સિ વગેરે→सुकृत्।

(૨) **पुण्यकृत्** = પુણ્ય કરનાર. पुण्यं कृतवानिति।

(૩) **पापकृत्** = પાપ કરનાર. पापं कृतवानिति।

(૪) **कर्मकृत्** = કર્મ કરનાર. कर्माणि कृतवानिति।

(૫) **मन्त्रकृत्** = મન્ત્ર કરનાર. मन्त्रं कृतवानिति।

(૬) **पदकृत्** = પદ કરનાર. पदं कृतवानिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) પૂર્વસૂત્રની જેમ અહીં પણ **सिद्धे सत्यारम्भो० ૧/૨૫** ન્યાયાનુસારે ધાતુ, કાળ અને પ્રત્યય એમ ત્રણ પ્રકારે નિયમ થાય છે. પરંતુ અહીં शास्त्रकृत्, तीर्थकृत् જેવાં પ્રયોગો દેખાતાં હોવાથી ઉપપદ નિયમ જાણવો નહીં. યદ્યપિ અહીં પ્રશ્ન થાય કે, સૂત્રમાં सु આદિ ઉપપદનું ગ્રહણ શા માટે કર્યું ? પણ બહુલતાએ सुकृत् વગેરે પ્રયોગો જ દેખાતાં હોવાથી ઉપપદનાં ગ્રહણની સાર્થકતા જાણવી.

सोमात् सुगः ૫.૧.૧૬૩

અ.અ.સૂ. : सोमात् व्याप्यात् नाम्नः भूते सुगः धातोः कर्त्तरि क्विप्।

અર્થ : સોમ સ્વરૂપ વ્યાપ્યવાચી નામથી પર રહેલ ભૂતકાળ અર્થમાં વર્ત્તતાં सु ધાતુથી કર્ત્તા અર્થમાં क्विप् પ્રત્યય થાય છે.

ઉદા. सोमसुत् = સોમરસ કાઢનાર.
सोमं सुतवानिति। (षुंग्ट् अभिषवे-૧૨૮૬)

આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ સુકૃત્ પ્રમાણે જાણવી. પરંતુ ક્વિપ્ પ્રત્યયનું વિધાન આ સૂત્રથી કરવું.

વિશેષતા :

(૧) પૂર્વસૂત્રની જેમ અહીં પણ **सिद्धे सत्यारम्भो० ૧/૨૫** ન્યાયાનુસારે ઉપપદ, ધાતુ, કાળ અને પ્રત્યય સંબંધી એમ ચાર પ્રકારે નિયમ પ્રાપ્ત થાય છે. તેથી સુર+સુ જેવાં સ્થાનોમાં ક્વિપ્ ૫.૧.૧૪૮થી ક્વિપ્ ન થતાં અણ્ વગેરે પ્રત્યયો થાય છે.

(૨) પૂર્વસૂત્રથી આ સૂત્રનો પૃથક્ નિર્દેશ ઉત્તર સૂત્રમાં માત્ર चेः નો અધિકાર લઈ જવા માટે છે. અન્યથા **सन्नियोगशिष्टाना० ૧/૩૦** ન્યાયાનુસારે સુ ધાતુનો પણ અધિકાર આવવાની આપત્તિ આવે.

अग्नेश्चेः ૫.૧.૧૬૪

અ.અ.સૂ. : अग्नेः व्याप्यात् नाम्नः भूते चेः धातोः कर्त्तरि क्विप्।

અર્થ : અગ્નિ સ્વરૂપ વ્યાપ્યવાચી નામથી પર રહેલ ભૂતકાળ અર્થમાં વર્ત્તતાં चि ધાતુથી કર્ત્તા અર્થમાં ક્વિપ્ પ્રત્યય થાય છે.

ઉદા. अग्निचित् = અગ્નિ ભેગો કરનાર.

अग्निं चितवानिति। (चिंगट् चयने-૧૨૯૦)

આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ સુકૃત્ પ્રમાણે જાણવી. પરંતુ ક્વિપ્ પ્રત્યયનું વિધાન આ સૂત્રથી કરવું.

વિશેષતા :

અહીં પણ પૂર્વસૂત્રની જેમ **सिद्धे सत्या० ૧/૨૫** ન્યાયાનુસારે ઉપપદ વગેરે ચાર પ્રકારે નિયમ પ્રાપ્ત થતાં कुड्य+चि જેવાં



સ્થાને ક્વિપ્ ૫.૧.૧૪૮થી પણ ક્વિપ્ ન થતાં અણ્ પ્રત્યય જ થાય છે.

कर्मण्यग्न्यर्थे ૫.૧.૧૬૫

અ.અ.સૂ. : व्याप्यात् नाम्नः भूते चेः धातोः कर्मणि अग्न्यर्थे क्विप्।

અર્થ : કર્મવાચી નામથી પર રહેલ ભૂતકાળ અર્થમાં વર્ત્તતાં ચિ ધાતુથી અગ્નિ રૂપ કર્મ અર્થમાં ક્વિપ્ પ્રત્યય થાય છે.

ઉદા. श्येनचित् = અગ્નિવિશેષ.

श्येन इव चीयते स्मेति। (चिंगट् चयने-૧૨૯૦)

આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ સુકૃત્ પ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) બહુલમ્ ૫.૧.૨ સૂત્રથી અહીં બહુલતાનો અધિકાર આવતો હોવાથી રુઢિનાં વિષયમાં જ આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો આ સંજ્ઞા શબ્દ હોવાથી ત્રણે કાળમાં પણ સૂત્ર પ્રવૃત્તિ ઈચ્છે છે. તેથી તેઓનાં મતે श्येन इव चीयते इति श्येनचित् પ્રયોગ પણ થાય છે.

दृशः क्वनिप् ૫.૧.૧૬૬

અ.અ.સૂ. : व्याप्यात् नाम्नः भूते दृशः धातोः कर्त्तरि क्वनिप्।

અર્થ : કર્મવાચી નામથી પર રહેલ ભૂતકાળ અર્થમાં વર્ત્તતાં दृश् ધાતુથી કર્ત્તા અર્થમાં ક્વનિપ્ પ્રત્યય થાય છે.





ઉદા. **बहुदृश्वा** = ઘણું જોનાર. बहु दृष्टवानिति। (दृशृं प्रेक्षणे-४९५)
આ સૂત્રથી क्वनिप्→बहु+दृश्+**वन्**
પ્રથમા સિ વગેરે→बहुदृ**श्वा**।

વિશેષતા :

(૧) પૂર્વે દર્શાવેલ मन्-वन्०५.१.१४७ સૂત્રથી बहुदृश्वा જેવાં પ્રયોગમાં क्वनिप् પ્રત્યય સિદ્ધ જ હતો. તો પણ આ સૂત્રનાં નિર્દેશ દ્વારા ગ્રંથકારશ્રી જણાવે છે કે, ભૂતકાળ અર્થમાં વર્ત્તતાં दृश् ધાતુથી માત્ર क्वनिप् પ્રત્યય થશે. પણ અન્ય પ્રત્યય થશે નહીં. એ પ્રમાણે ઉત્તરસૂત્રમાં પણ જાણવું.

सह-राजभ्यां कृग्-युधेः ५.१.१६७

અ.અ.સૂ. : सह-राजभ्यां नामभ्यां भूते कृग्-युधेः धातोः कर्त्तरि क्वनिप्।

અર્થ : सह અને राजन् નામથી પર રહેલ ભૂતકાળ અર્થમાં વર્ત્તતાં कृ અને युध् ધાતુથી કર્ત્તા અર્થમાં क्वनिप् પ્રત્યય થાય છે.

સ. : (૧) **सह-राजभ्याम्** = सह च राजा चेति सहराजानौ, ताभ्यामिति।

(૨) **कृग्-युधेः** = कृग् च युधिश्चेति कृग्-युधि, तस्मादिति।

ઉદા. (૧) **सहकृत्वा** = સાથે કરનાર.
सह कृतवानिति। (डुकृंग् करणे-८८८)
આ સૂત્રથી क्वनिप्→सह+कृ+**वन्**
ह्रस्वस्य तः०४.४.११३થી त् આગમ→सहकृत्**वन्**
પ્રથમા સિ વગેરે→सहकृत्**वा**।



(૨) **राजकृत्वा** = રાજાને કરનાર. राजानं कृतवानिति।

(૩) **सहयुध्वा** = સાથે યુદ્ધ કરનાર. सह युद्धवानिति।

(૪) **राजयुध्वा** = રાજાને યુદ્ધ કરાવનાર. राजानं योधितवानिति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) યદ્યપિ યુધ્ ધાતુ અકર્મક હોવાથી બૃ.વૃ.માં કરેલ 'કર્મથી પર યુધ્ ધાતુ' આ અવસ્થા સંભવી શકતી નથી. પરંતુ અંતર્ભૂત ણિગન્તતયા યુધ્ ધાતુનું ગ્રહણ થતાં તેમાં સકર્મકતા આવતાં સૂત્રની પ્રવૃત્તિ થાય છે.

अनोर्जनेर्डः ૫.૧.૧૬૮

અ.અ.સૂ. : व्याप्यात् भूते अनोः जनेः धातोः कर्त्तरि डः।

અર્થ : કર્મવાચી નામથી પર રહેલ ભૂતકાળ અર્થમાં વર્ત્તતાં અનુ+જન્ ધાતુથી કર્ત્તા અર્થમાં ડ પ્રત્યય થાય છે.

ઉદા. पुमनुजः = પુરુષની પાછળ જન્મનાર.
पुमांसमनुजात इति। (जनैचि प्रादुर्भावे-१२६५)
આ સૂત્રથી ડ→पुम्स्+अनु+जन्+**अ**
डित्यन्त्य०૨.૧.૧૧૪થી अन्નો લોપ→पुमनुज
प्रथमा सि વગેરે→पुमनुजः।

વિશેષતા :

અહીં ધ્યાનમાં લેવું કે, સામાન્યતયા જન્ ધાતુ 'થવું' અર્થક હોવાથી અકર્મક છે. પરંતુ અનુ પૂર્વક જન્ ધાતુ જનન ગર્ભિત પ્રાપ્તિ અર્થમાં વર્ત્તતો હોવાથી સકર્મક થાય છે. તેથી, पुमनुजः પદનો શાબ્દિક અર્થ - **पुमांसमनुरुध्य जननेन प्राप्तः**

(પુરુષને અનુસરીને જન્મવા પડે પ્રાપ્ત કરનારો) એ પ્રમાણે થાય છે. અને તેનો તાત્પર્યાર્થ 'પુરુષની પાછળ જન્મીને પ્રાપ્ત કરનારો નાનો ભાઈ' એ પ્રમાણે થાય છે.

सप्तम्याः ५.१.१६९

અ.અ.સૂ. : सप्तम्याः नाम्नः भूते जनेः धातोः कर्त्तरि डः।

અર્થ : સપ્તમ્યન્ત નામથી પર રહેલ ભૂતકાળ અર્થમાં વર્ત્તતાં જન્ ધાતુથી કર્ત્તા અર્થમાં ડ પ્રત્યય થાય છે.

ઉદા. **मन्दुरजः** = તબેલામાં ઉત્પન્ન થયેલ.
मन्दुरे जात इति। (जनैचि प्रादुर्भावे-१२६५)
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ पुमनुजः પ્રમાણે જાણવી.

अजातेः पञ्चम्याः ५.१.१७०

અ.અ.સૂ. : पञ्चम्याः अजातेः नाम्नः भूते जनेः धातोः कर्त्तरि डः।

અર્થ : પંચમ્યન્ત એવા અજાતિવાચી નામથી પર રહેલ ભૂતકાળ અર્થમાં વર્ત્તતાં જન્ ધાતુથી કર્ત્તા અર્થમાં ડ પ્રત્યય થાય છે.

સ. : अजातेः = न जातिरिति अजातिः, तस्मादिति।

ઉદા. **बुद्धिजः** = બુદ્ધિથી જન્મનાર.
बुद्धेर्जात इति। (जनैचि प्रादुर्भावे-१२६५)
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ पुमनुजः પ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **अजातेरिति किम्? गजात् जातः** =
હાથીથી ઉત્પન્ન થનાર.

★ આ સૂત્રમાં જાતિવાચી નામનું વર્જન હોવાથી અહીં આ સૂત્રથી ડ પ્રત્યય થયો નહીં.

क्वचित् ५.१.१७१

अ.अ.सू. : क्वचित् धातोः कर्त्तरि डः।

અર્થ : ઉપરોક્ત ત્રણ સૂત્રોમાં કહેવાયેલાં નામ સિવાયનાં નામથી પર પણ શિષ્ટપ્રયોગાનુસારે ક્યારેક ધાતુથી કર્ત્તા અર્થમાં ડ પ્રત્યય થાય છે.

ઉદા. (૧) **किञ्जः** = નકામો જન્મેલો.
किं जातेनिति। (जनैचि प्रादुर्भावे-१२६५)

(૨) **अनुजः** = નાનો ભાઈ. पश्चात् जातेति।

(૩) **स्त्रीजम्** = સ્ત્રીથી જન્મેલો. स्त्रिया जात इति।

(૪) **ब्रह्मज्यः** = બ્રહ્મમાં લીન.
ब्रह्मणि जीनवानिति। (ज्यांश् हानौ-१५२४)

(૫) **वराहः** = ભૂંડ. वरमाहतवानिति। (हनंक् हिंसा०-११००)

(૬) **आखा** = ખોદનારી. आखाता इति। (खनूग् अवदारणे-९१३)

આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

સૂત્રમાં क्वचित् પદનું ગ્રહણ હોવાથી ડ પ્રત્યય માટે તે-તે સૂત્રમાં કહેવાયેલ નામ, ધાતુ, કારક અને કાળ સિવાયનાં પણ અન્ય નામ, ધાતુ, કારક અને કાળ નિમિત્તક ડ પ્રત્યય થઈ શકે છે. તે નીચેનાં કોષ્ટકમાં દર્શાવેલ છે.

ઉક્ત નામ	ધાતુ	કારક	કાળ	ઉદા.	
×	×	✓	✓	वराहः	
×	×	×	✓	परिखा	
x	x	✓	×	मित्रह्वः	
✓	×	✓	×	वार्चोः	
×	✓	×	✓	पुंसानुजः	
અભાવ	×	✓	×	अः(अततीति)	ઉક્ત નામાદિ ✓
અભાવ	×	×	×	खम्	ઉક્ત નામાદિથી અન્ય ×

सु-यजोर्ङ्वनिप् ५.१.१७२

અ.અ.સૂ. : भूते सु-यजोः धात्वोः कर्त्तरि ङ्वनिप्।

અર્થ : ભૂતકાળ અર્થમાં વર્ત્તતાં सु અને यज् ધાતુથી કર્ત્તા અર્થમાં ङ्वनिप् પ્રત્યય થાય છે.

સ. : सु-यजोः = सुश्च यज् चेति सु-यजौ, तस्मादिति।

ઉદા. (૧) **सुत्वानौ** = ઉત્પન્ન કરનાર એવા બે.
सुतवन्तौ इति। (षुंगट् अभिषवे-१२८६)
આ સૂત્રથી ङ्वनिप्→सु+**वन्**
ह्रस्वस्य तः०४.४.११३થી त् આગમ→सुत्वन्
પ્રથમા औ વગેરે→सुत्वा**नौ**।

(૨) **यज्वा** = યજ્ઞ કરનાર. इष्टवानिति। (यजीं देवपूजा०-९३१)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) સૂત્રમાં નિર્દિષ્ટ ङ्वनिप् પ્રત્યયમાં ङ્ કાર ગુણનાં નિષેધ માટે, प्कार पित्कार्य અને इ કાર ઉચ્ચારણ માટે જાણવો.

જિ. : અહીં સુત્વાનૌ વગેરે પ્રયોગો મન્-વન્૦૫.૧.૧૪૭થી થતાં ક્વનિપ્ અને વન્ પ્રત્યયથી સિદ્ધ જ હતો. તો પણ આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : આ સૂત્રનાં નિર્દેશ દ્વારા અહીં **सिद्धे सत्यारम्भो० १/२५** ન્યાયની પ્રવૃત્તિ થઈ છે. તેથી નિયમ થયો કે, ભૂતકાળ અર્થમાં વર્ત્તતાં જ સુ અને યજ્ ધાતુથી સુત્વાનૌ જેવાં પ્રયોગ થશે. પણ અન્ય કાળમાં વર્ત્તતાં સુ અને યજ્ ધાતુથી વન્ અને ક્વનિપ્ પ્રત્યય પણ થશે નહીં.

जृषोऽतृः ૫.૧.૧૭૩

અ.અ.સૂ. : भूते जृषः धातोः कर्त्तरि अतृः ।

અર્થ : ભૂત અર્થમાં વર્ત્તતાં જૃ ધાતુથી કર્ત્તા અર્થમાં અતૃ પ્રત્યય થાય છે.

ઉદા. जरती = જીર્ણ થનારી સ્ત્રી. जीर्यति स्मेति। (जृष् जरसि-११४५)
આ સૂત્રથી અતૃ→જૃ+**अत्**
નામિનો ગુણો૦૪.૩.૧થી ગુણ→**जर**त्
અધાતૂદૃ૦૨.૪.૨થી ङी→जर**ती**
પ્રથમા સિ વગેરે→જરતી।

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, અતૃ પ્રત્યયની જેમ જ આગામી क्त-क्तवतू ૫.૧.૧૭૪ સૂત્રથી क्त-क्तवतु પ્રત્યયનું વિધાન કર્યું છે. તેથી क्त-क्तवतु પ્રત્યય ઔત્સર્ગિક વિધિ છે. અને અતૃ પ્રત્યય આપવાદિક વિધિ છે. પણ क्त-क्तवतु અને અતૃ પ્રત્યય સમાન રૂપવાળાં અર્થાત્ સરૂપ નથી. તેથી असरुपोऽपवादे૦૫.૧.૧૬થી વિહિત વિકલ્પ



द्वारा બંને પ્રત્યય થશે. અને પરસ્પર બાધ્યબાધકભાવ રહેશે નહીં. જેમકે, जीर्णः, जीर्णवान्, जरती।

(२) સૂત્ર નિર્દિષ્ટ अतृ પ્રત્યયમાં ऋકાર अभ्वादेरत्व० १.४.९० થી થતાં દીર્ઘત્વનાં પ્રતિષેધ માટે છે.

क्त-क्तवतू ५.१.१७४

અ.અ.સૂ. : भूते धातोः कर्त्तरि क्त-क्तवतू।

અર્થ : ભૂતકાળ અર્થમાં વર્ત્તતાં ધાતુથી કર્ત્તા અર્થમાં क्त અને क्तवतु પ્રત્યય થાય છે.

સ. : क्त-क्तवतू = क्तश्च क्तवतुश्चेति।

ઉદા. (१) **कृतः** = કરાયેલ. क्रियते स्मेति। (डुकृंग् करणे-८८८)
આ સૂત્રથી क्त→**कृत**
પ્રથમા सि વગેરે→कृतः।

(२) **कृतवान्** = કરનાર. करोति स्मेति।
આ સૂત્રથી क्तवतु→कृ+**तवत्**
પ્રથમા सि વગેરે→कृत**वान्**।

॥ इति श्री सिद्धहेमचन्द्रशब्दानुशासनलघुवृत्तिविवरणे पञ्चमेऽध्याये प्रथमः पादः समाप्तः ॥

શ્લોક : अगणितपञ्चेषुबलः[१] पुरुषोत्तमचित्तविस्मयं जनयन्।
रामोल्लासनमूर्त्तिः श्रीकर्णः कर्ण इव जयति॥

• • •

१. આ શ્લોકોને સ્વતંત્ર કાવ્ય તરીકે સં.સૌ. (પરિશિષ્ટ પુસ્તિકામાં) સંપાદિત કરેલ છે. તેનો અર્થ, અન્વય, સમાસ વગેરે ત્યાંથી જ જાણી લેવા.



અભ્યાસ-૧

૫૦ માર્ક્સ

પ્ર.૧. નીચેનાં સૂત્ર લખી અર્થ જણાવો. ૧૦

(૧) ૫.૧.૭ (૨) ૫.૧.૧૬ (૩) ૫.૧.૨૨
(૪) ૫.૧.૬૫ (૫) ૫.૧.૪૩ (૬) ૫.૧.૧૪૩
(૭) ૫.૧.૧૦૨ (૮) ૫.૧.૧૫૭ (૯) ૫.૧.૧૫૨
(૧૦) ૫.૧.૧૩૨

પ્ર.૨. નીચેનાં ન્યાયોની પ્રવૃત્તિ સૂત્રગત સમજૂતી દ્વારા જણાવો. ૧૫

(૧) ગા-મા-દા૰ (૨) પૂર્વેઽપવાદા૰ (૩) નામગ્રહણે૰
(૪) સ્વં રુપં૰ (૫) મધ્યેઽપવાદા૰

પ્ર.૩. નીચેનાં પ્રશ્નોનાં ઉત્તર આપો : ૧૫

(૧) ૫.૧.૧૦૨ સૂત્રમાં અનન્ત શબ્દનાં પૃથક્ ગ્રહણનું પ્રયોજન વણાવો ?

(૨) ૫.૧.૧૧૯ સૂત્રમાં રહેલાં ટ્ધે ધાતુનાં ટ્ અનુબંધનું પ્રયોજન જણાવો ?

(૩) ૫.૧.૧૬૧ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો ?

(૪) ૫.૧.૭૯ સૂત્રમાં આવેલ દઃ પદથી કયા ધાતુનું ગ્રહણ કરવું ? શા માટે ?

(૫) ૫.૧.૭૩ સૂત્રનાં નિર્દેશ દ્વારા ણ પ્રત્યયનું વિધાન શા માટે કર્યું ?

(૬) બહુલમ્ ૫.૧.૩નાં કારણે સિદ્ધ થતાં પ્રયોગો જણાવો.

(૭) ૫.૧.૩ અધિકાર સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો ?

પ્ર.૪. નીચેનાં પ્રયોગો કર્ત્તા, કર્મ કે ભાવ અર્થમાંથી કયા અર્થમાં થાય છે. તે જણાવો અને તેનાં વિગ્રહ વાક્ય અને અર્થ લખો : ૧૦

(૧) संप्रदानम्
(૨) पचेलिमा
(૩) आप्लाव्यम्
(૪) युग्यम्
(૫) आचार्यः
(૬) धान्यमायः
(૭) सर्वङ्कषः
(૮) सुभगम्भविष्णुः
(૯) श्येनचित्
(૧૦) अन्यादृशः
(૧૧) दिग्धसहशयः
(૧૨) विहङ्गमः
(૧૩) निकाय्यः
(૧૪) कषिः
(૧૫) अजर्यम्
(૧૬) वेदयः
(૧૭) उपस्थानीयः शिष्येण गुरुः
(૧૮) गद्यम्
(૧૯) कुम्भकारः
(૨૦) कृतवान्

• • •

॥ ॐ ह्रीँ श्रीँ अर्हँ नमः ॥
॥ श्री पंचासरा पार्श्वनाथाय नमः ॥

पञ्चमेऽध्याये द्वितीयः पादः

श्रु-सद-वस्भ्यः परोक्षा वा ५.२.१

अ.अ.सू. : भूते श्रु-सद-वस्भ्यः धातुभ्यः परोक्षा वा।

अर्थ : ભૂતકાળ અર્થમાં વર્ત્તતાં શ્રુ, સદ્ અને વસ્ ધાતુઓથી પરોક્ષા વિભક્તિ વિકલ્પે થાય છે.

स. : श्रु-सद-वस्भ्यः=श्रुश्च सदश्च वस् चेति श्रु-सद-वसः, तेभ्य इति।

ઉદા. (१) उपशुश्राव/उपाश्रौषीत्/उपाशृणोत्=તેણે સાંભળ્યું.
(श्रुंट् श्रवणे-१२९६)
આ સૂત્રથી **परोक्षा**ની પ્રાપ્તિ.→उप+श्रु+**अ**
परोक्षा णव्०३.३.१२थी णव्ने **परोक्षा** संज्ञा.
द्विर्धातुः०४.१.१थी द्वित्व→उप+**श्रुश्रु**+अ
व्यञ्जनस्या०४.१.४४थी र→नो लोप→उप+**शुश्रु**+अ
नामिनोऽ०४.३.५१थी वृद्धि→उप+शु**श्रौ**+अ
ओदौतोऽ०१.२.२४थी आव्→उपशु**श्राव**।
विकल्पे : જ્યારે પરોક્ષા ન થાય ત્યારે,
अद्यतनी ५.२.४ વગેરેથી दि→उप+श्रु+**द्**



सिजद्यत०३.४.५३थी सिच्→उप+श्रु+**स्**+द्
सः सिजस्ते०४.३.६५थी ई→उप+श्रु+**सी**+द्
सिचि परस्मै०४.३.४४थी वृद्धि→उप+**श्रौ**+सीद्
नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→उप+श्रौ**षी**द्
अड् धातो०४.४.२९थी अट् आगम→उप+**अ**श्रौषीद्
समानानां०१.२.१थी दीर्घ→**उपा**श्रौषीद्
विरामे वा १.३.५१थी द्नो त्→उपाश्रौषी**त्**।
विकल्पे : જ્યારે પરોક્ષા ન થાય ત્યારે,
अनद्यतने ह्य०५.२.७ વગેરેથી दिव्→उप+श्रु+**त्**
स्वादेः श्नुः ३.४.७५थी श्नु→उप+श्रु+**नु**+त्
उ-श्नोः ४.३.२थी गुण→उप+श्रु+**नो**+त्
श्नौति-कृवु०४.२.१०८थी शृ आदेश→उप+**शृ**नोत्
र-षृवर्णान्नो०२.३.६३थी न्नो ण्→उप+शृ**णो**त्
अड् धातो०४.४.२९थी अट् आगम→उप+**अ**शृणोत्
समानानां०१.२.१थी दीर्घ→**उपा**शृणोत्।

(२) **उपससाद/उपासदत्/उपासीदत्**=તે દુઃખી થયો.
(षद्लृं विशरण०९६६)
આ સૂત્ર વગેરેથી णव्→उप+सद्+**अ**
द्विर्धातु०४.१.१थी द्वित्व→उप+**सद्**सद्+अ
व्यञ्जनस्या०४.१.४४थी द्नो लोप→उप+ससद्+अ
ञ्णिति ४.३.५०थी अनी वृद्धि→उपस**सा**द।
विकल्पे : જ્યારે પરોક્ષા ન થાય ત્યારે,
अद्यतनी ५.२.४ વગેરેથી दि→उप+सद्+**त्**
लृदिद्-द्युतादि०३.४.६४थी अङ्→उप+सद्+**अ**+त्
अड् धातो०४.४.२९थी अट् आगम વગેરે→**उपा**सदत्।



विकल्पे : જ્યારે પરોક્ષા ન થાય ત્યારે,
અનદ્યતને૦૫.૨.૭ વગેરેથી દિ→उप+सद्+**त्**
कर्त्तर्यनद्०૩.૪.૭૧થી शव्→उप+सद्+**अ**+त्
श्नौति-कृवु०૪.૨.૧૦૮થી सीद् આદેશ વગેરે→उप+**सीद**त्
अट् આગમ વગેરે→**उपा**सीदत्।

(૩) **अनूवास/अन्ववात्सीत्/अन्ववसत्**=તે પાછળથી રહ્યો.
(वसं निवासे-૧૧૧)
આ સૂત્ર વગેરેથી પરોક્ષાનો णव्→अनु+वस्+**अ**
द्विर्धातु०૪.૧.૧થી દ્વિત્વ→अनु+**वस्**वस्+अ
व्यञ्जनस्या०૪.૧.૪૪થી स्नो लोप→अनु+ववस्+अ
यजादि-वश०૪.૧.૭૨થી व्वृत्→अनु+**उ**वस्+अ
ञ्णिति ૪.૩.૫૦થી अनी વૃદ્ધિ→अनु+उ**वास**
समानानां०૧.૨.૧થી દીર્ઘ→अ**नू**वास।
विकल्पे : જ્યારે પરોક્ષા ન થાય ત્યારે,
અદ્યતની ૫.૨.૪ વગેરેથી દિ→अनु+वस्+**त्**
सिजद्यत०૩.૪.૫૩થી सिच्→अनु+वस्+**स्**+त्
सः सिजस्ते०૪.૩.૬૫થી ई→अनु+वस्+**सीत्**
व्यञ्जनाना०૪.૩.૪૫થી વૃદ્ધિ→अनु+**वास्**+सीत्
सस्तः सि०૪.૩.૯૨થી स्नो त्→अनुवात्सीत्।
विकल्पे : જ્યારે પરોક્ષા ન થાય ત્યારે,
અનદ્યતને હ્ય૦૫.૨.૭ વગેરેથી दिव्→अनु+वस्+**त्**
कर्त्तर्यनद्०૩.૪.૭૧થી शव्→अनु+वस्+**अ**+त्
अड् धातो०૪.૪.૨૯થી अट्→अनु+**अ**वसत्
इवर्णादे०૧.૨.૨૧થી उनो व्→अन्**व**वसत्।

વિશેષતા :

(૧) અહીં સૂત્રમાં વસ્ય્યઃ એ પ્રમાણે બ.વ. વ્યાપ્તિ માટે છે. અને વિશેષેણ આપ્તિરિતિ વ્યાપ્તિઃ આ લક્ષણાનુસારે અધિક વિષયમાં પ્રાપ્તિ એટલે વ્યાપ્તિ કહેવાય છે.

અહીં અધિક વિષયમાં પ્રાપ્તિ આ પ્રમાણે છે : અનદ્યતન ભૂતકાળમાં પણ અનદ્યતને હ્યo૫.૨.૭ રૂપ વિશેષ સૂત્રથી આ સૂત્રનો બાધ થશે નહીં. અહીં પદાર્થ એ પ્રમાણે છે કે, ભૂતકાળ સામાન્ય અર્થમાં થનારી અદ્યતનીની અપેક્ષાએ માત્ર સામાન્ય ભૂતકાળમાં આ સૂત્રથી થનારી પરોક્ષા અપવાદભૂત છે. પરંતુ આ સૂત્રમાં વાનું ગ્રહણ કર્યું હોવાથી આ સૂત્ર દ્વારા તેનો બાધ ન થતાં વિકલ્પે પ્રાપ્તિ થશે. પણ સામાન્ય ભૂતકાળમાં જ થનારી અદ્યતની અને આ સૂત્રથી નિર્દિષ્ટ પરોક્ષાની અપેક્ષાએ અનદ્યતન રૂપ વિશેષ ભૂતકાળમાં થનારી હ્યસ્તની વિભક્તિ અપવાદરૂપ છે. તેથી, તે હ્યસ્તની વિભક્તિ દ્વારા જેમ અનદ્યતન ભૂતકાળમાં અદ્યતની વિભક્તિનો બાધ કરવામાં આવે છે. તેમ આ સૂત્રથી થતી પરોક્ષા વિભક્તિનો પણ બાધ થાય છે. પરંતુ તે બ.વ.નાં નિર્દેશ દ્વારા તે બાધની નિવૃત્તિ કરવામાં આવે છે. માટે અહીં આ સૂત્રનાં વિકલ્પમાં અદ્યતનીની તેમજ હ્યસ્તનીની પણ પ્રાપ્તિ થાય છે.

જિ. : અહીં વા પદ દ્વારા પરોક્ષાનાં વિકલ્પપક્ષે હ્યસ્તની અને અદ્યતની વિભક્તિ ગ્રહણ કરવામાં આવી છે. ત્યાં કોઈપણ સમાન રૂપવાળાં પ્રત્યય નથી. તેથી જ અસરુપોઽપવાદે૦ ૫.૧.૧૬ સૂત્રથી વિકલ્પ સિદ્ધ હતો. તો વાનું ગ્રહણ શા માટે કર્યું ?

સમા. : તમારી વાત સાચી છે. પરંતુ ત્યાદિ પ્રત્યયનાં વિષયમાં **ત્યાદિષ્વન્યોઽન્યં નાઽસરુપોત્સર્ગવિધિઃ ૨/૫૪** ન્યાયાનુસારે અસરુપોઽપવાદે૦૫.૧.૧૬ સૂત્રની પ્રવૃત્તિ થતી નથી. માટે અહીં તે સૂત્ર દ્વારા વિકલ્પની પ્રાપ્તિ પણ થશે નહીં. તે વિકલ્પને ગ્રહણ કરવા માટે વા પદનું ગ્રહણ છે.

અને અહીં વા પદનાં ગ્રહણ દ્વારા ગ્રંથકારશ્રી ઉપરોક્ત ન્યાયને જ જણાવી રહ્યા છે.

અન્ય મત :

(૧) કેટલાંક વ્યાકરણકારો ભૂત સામાન્ય અર્થમાં થતી પરોક્ષામાં શ્રુ વગેરે ધાતુઓથી ક્વસુ જ ઈચ્છે છે. પણ પરોક્ષ કાળમાં થતી પરોક્ષામાં બંને પ્રત્યયો ઈચ્છે છે.

(૨) કેટલાંક વ્યાકરણકારો હ્યસ્તની વિભક્તિ પણ ઈચ્છે છે.

तत्र क्वसु-कानौ तद्वत् ૫.૨.૨

અ.અ.સૂ. : तत्र धातोः क्वसु-कानौ, तद्वत्।

અર્થ : તમામ પરોક્ષાનાં વિષયમાં જ ક્વસુ અને કાન પ્રત્યય થાય છે. અને તે પરોક્ષા જેવા થાય છે.

સ. : (૧) ક્વસુ-કાનૌ=क्वसुश्च कानश्चेति।

ઉદા. (૧) **શુશ્રુવાન્**=તેણે સાંભળ્યું. शुश्राव इति। (શ્રુંટ્ શ્રવણે-૧૨૯૬)
આ સૂત્રથી ક્વસુ→શ્રુ+**વસ્**
અને ક્વસુ **પરોક્ષાવત્** થતાં,
દ્વિર્ધાતુઃ૦૪.૧.૧થી દ્વિત્વ→**શ્રુશ્રુ**+વસ્
વ્યઞ્જનસ્યા૦૪.૧.૪૪થી ર્નો લોપ→**શુશ્રુવસ્**
પ્રથમા સિ વગેરે→શુશ્રુ**વાન્**।

(૨) **सेदिवान्**=તે દુઃખી થયો. ससाद इति।
(षद्लृं विशरण०९६६)
આ સૂત્રથી क्वसु→सद्+**वस्**
અને क्वसु **परोक्षावत्** થતાં,
अनादेशादेरेक०४.१.२४થી અનો ए→**से**द्+वस्
घसेकस्वरात:०४.४.८२થી इट् આગમ→**सेदि**वस्
પ્રથમા સિ વગેરે→सेदि**वान्**।

(૩) **ऊषिवान्**=તે રહ્યો. उवास इति। (वसं निवासे-९९९)
આ સૂત્રથી क्वसु→वस्+**वस्**
અને क्वसु **परोक्षावत्** થતાં,
द्विर्धातु:०४.१.१થી દ્વિત્વ→**वस्**वस्+वस्
व्यञ्जनस्या०४.१.४४થી स्નો લોપ→ववस्+वस्
घसेकस्वरात:०४.४.८२થી इट्→ववस्+**इ**वस्
यजादि-वश०४.१.७२થી વનો उ→**उ**वस्+इवस्
यजादि-वचे:०४.१.७९થી ધાતુનાં વનો उ→**उ**उस्+इवस्
समानानां०१.२.१થી દીર્ઘ→**ऊ**सिवस्
नाम्यन्तस्था०२.३.१५થી स्નો ष्→ऊ**षि**वस्
પ્રથમા સિ વગેરે→ऊषि**वान्**।

(૪) **पेचिवान्**=તેણે રાંધ્યું. पपाच इति। (डुपचींष् पाके-८९२)
આ સૂત્રથી क्वसु→पच्+**वस्**
અને क्वसु **परोक्षावत्** થતાં,
अनादेशादेरेक०४.१.२४થી અનો ए→**पे**च्+वस्
घसेकस्वरात:०४.४.८२થી इट्→पे**चि**वस्
પ્રથમા સિ વગેરે→पेचि**वान्**।

(૫) **पेचानः**=તેનાં વડે રંધાયું. પેચે इति।
આ સૂત્રથી कान→पच्+**आन**
અને कान **परोक्षावत्** થતાં,
अनादेशादेरेक०૪.૧.૨૪થી અનો ए→**पे**चान
પ્રથમા સિ વગેરે→पेचानः।

વિશેષતા :

(૧) અહીં સૂત્ર तद्वत् એ પ્રમાણે પદથી 'પરોક્ષાની જેમ' એવો નિર્દેશ કર્યો છે. તેથી પરોક્ષા વિભક્તિમાં થતી દ્વિત્વ આદિ પ્રક્રિયાનો અહીં લાભ થાય છે.

તથા इन्ध्यसंयोगात्०૪.૩.૨૧ સૂત્રાનુસારે અસંયોગાન્ત ધાતુથી પર અવિત્ પરોક્ષા તમામ પ્રત્યયો कित्वत् થાય જ છે. તેથી क्वसु અને कानમાં જે क् ઈત્નો નિર્દેશ કર્યો છે, તે સંયોગાન્ત ધાતુનાં વિષયમાં પણ कित् કાર્ય માટે જાણવો. તેથી आजिवान् જેવા પ્રયોગોમાં कित् કાર્ય સ્વરૂપે નો व्यञ्जनस्या०૪.૨.૪૫થી न्નો લોપ અને शिर्शीवान् ઈત્યાદિ ऋકારાન્ત ધાતુનાં વિષયમાં स्कृच्छृतोऽ०૪.૩.૮ સૂત્રથી થતાં ગુણનાં નિષેધ રૂપ कित् કાર્યની પ્રાપ્તિ થાય છે.

(૨) આ સૂત્રમાં बहुलम् ૫.૧.૨ સૂત્રથી આવતો बहुलम्નો અધિકાર હોવાથી श्रु, सद् અને वस् ધાતુથી कान પ્રત્યય થતો નથી.

(૩) અહીં ધ્યાનમાં લેવું કે, પૂર્વસૂત્રથી भूते પદનો અધિકાર આવી રહ્યો છે. તેથી જો અહીં સૂત્રમાં तत्रનું ગ્રહણ ન કરતાં તે भूते પદનાં અધિકાર વડે જ કાર્ય કરવામાં આવ્યું હોય તો સામાન્ય ભૂતકાળમાં વિહિત પરોક્ષાનાં

વિષયમાં આ સૂત્રની પ્રવૃત્તિ થવાની આપત્તિ આવે. પરંતુ અહીં તત્ર પદનાં ગ્રહણ દ્વારા પૂર્વ સૂત્રથી જે પરોક્ષા કરવામાં આવી છે તે પરોક્ષા તરફ અંગુલિનિર્દેશ કરીને પરોક્ષા માત્રનાં વિષયમાં અર્થાત્ તમામ પરોક્ષાનાં વિષયમાં આ સૂત્રથી क्वसु અને कान પ્રત્યય થાય છે. તેથી, પપાચ એ પ્રમાણે પરોક્ષે ૫.૨.૧૨ સૂત્રથી થતાં પરોક્ષનાં વિષયમાં પણ આ સૂત્રથી क्वसु પ્રત્યય થઈ શકે છે.

અન્ય મત :

(૧) કેટલાંક વ્યાકરણકારો શ્રુ, सद् અને वस् ધાતુથી જ क्वसु પ્રત્યય ઈચ્છે છે. અન્ય ધાતુઓથી નહીં. વળી कान પ્રત્યયને તેઓ માનતાં નથી.

(૨) વળી, અન્ય કેટલાંક વ્યાકરણકારો સર્વ ધાતુઓથી क्वसु પ્રત્યય જ ઈચ્છે છે. પણ कान પ્રત્યય ઈચ્છતાં નથી.

वेयिवदनाश्वदनूचानम् ૫.૨.૩

અ.અ.સૂ. : भूते ईयिवदनाश्वदनूचानं कर्त्तरि वा।

અર્થ : ભૂતકાળ અર્થમાં ईयिवस्, अनाश्वत् અને अनूचान આ क्वसु અને कान પ્રત્યયાન્ત નામો કર્ત્તા અર્થમાં વિકલ્પે નિપાતન પામે છે.

સ. : (૧) ईयिवदनाश्वदनूचानम्=ईयिवांश्च अनाश्वांश्च अनूचानश्चेति।

ઉદા. (૧) समीयिवान्/अगात्/उपैत्/उपेयाय=પ્રાપ્ત કર્યું.
समियाय इति। (इंण्क् गतौ-૧૦૭૫)
આ સૂત્રથી क्वसु→सम्+इ+**वस्**

घसेकस्वरात:०४.४.८२थी इट्→सम्+इ+**इ**+वस्
द्विर्धातु०४.१.१थी द्वित्व→सम्+**इइ**+इ+वस्
इण: २.१.५१थी इनो इय्→सम्+इ**इय्**+इ+वस्
समानानां०२.१.५१थी दीर्घ→स**मी**यिवस्
प्रथमा सि वगेरे→समीयि**वान्**।
विकल्पे : જ્યારે નિપાતન ન થાય ત્યારે,
अद्यतनी ५.२.४ वगेरेथी दि→इ+**त्**
सिजद्यतन्याम् ३.४.५३थी सिच्→इ+**स्**+त्
इणिको० ४.४.२३थी गा आदेश→**गा**+स+त्
पिबैति-दा०४.३.६६थी सिच्नो लोप→गात्
अड् धातो०४.४.२९थी अट्→**अ**गात्।
विकल्पे : अनद्यतने ह्य०५.२.७ वगेरेथी दिव्→उप+इ+**त्**
एत्यस्ते०४.४.३०थी वृद्धि→उप+**ऐ**+त्
ऐदौत्०१.२.१२थी ऐ→उप**ैत्**।
विकल्पे : परोक्षे ५.२.१२ वगेरेथी णव्→उप+इ+**अ**
द्विर्धातु:०४.१.१थी द्वित्व→उप+**इइ**+अ
नामिनोऽ०४.३.५१थी वृद्धि→उप+इ**ऐ**+अ
पूर्वस्याऽस्वे०४.१.३७थी इनो इय्→उप+**इय्**+ऐ+अ
एदैतोऽ०१.२.२३थी आय्→उप+इ**याय**
अवर्णस्ये०१.२.६थी ए→उप**े**याय।

(२) **अनाश्वान्/नाशीत्/नाश्नात्/नाश**=न ખાધું.
(अशश् भोजने-१५५८)
આ સૂત્રથી क्वसु→नञ्+अश्+**वस्**
द्विर्धातु:०४.१.१थी द्वित्व→नञ्+**अश्**अश्+वस्
व्यञ्जनस्या०४.१.४४थी श्नो लोप→नञ्+अअश्+वस्

अस्यादेराः०४.१.६८थी अनो आ→नञ्+**आ**अश्+वस्
समानानां०१.२.१थी दीर्घ→नञ्+**आ**श्वस्
अन् स्वरे ३.२.२९थी नञ्नो अन्→**अन्**+आश्वस्
प्रथमा सि वगेरे→अना**श्वान्**।
विकल्पे : જ્યારે આ સૂત્રથી નિપાતન ન થાય ત્યારે,
अद्यतनी : अद्यतनी ५.२.४ वगेरेथी दि→अश्+**त्**
सिजद्यतन्याम् ३.४.५३थी सिच्→अश्+**स्**+त्
सः सिजस्ते०४.३.६५थी ईत्→अश्+**सीत्**
स्ताद्यशितो०४.४.३२थी इट्→अश्+**इ**+सीत्
इट ईति ४.३.७१थी स्नो लोप→अश्+इ+ईत्
समानानां०१.२.१थी दीर्घ→अश्+**ईत्**
स्वरादेस्तासु ४.४.३१थी वृद्धि→**आ**शीत्
न+आशीत्=**ना**शीत्।
विकल्पे : ह्यस्तनीः अनद्यतने ह्य०५.२.७ वगेरेथी दिव्→अश्+**त्**
क्र्यादेः ३.४.७९थी श्ना→अश्+**ना**+त्
स्वरादेस्तासु ४.४.३१थी वृद्धि→**आ**श्नात्
न+आश्नात्=**ना**श्नात्।
विकल्पे : परोक्षा : परोक्षे ५.२.१२ वगेरेथी णव्→अश्+**अ**
पूर्व प्रमाणे द्वित्व वगेरे→आश
न आश इति नाश।

(૩) **अनूचानः/अन्ववाचेत्/अन्ववक्/अन्वब्रवीत्/अनूवाच** = પાછળથી બોલ્યો. અનૂવાચ इति।
(ब्रूंग्क् व्यक्तायां०११२५) (वचंक् भाषणे-१०९७)
अस्ति-ब्रुवो०४.४.१थी वच्→अनु+**वच्**

આ સૂત્રથી કાન→अनु+वच्+**आन**
આ સૂત્રથી વનો उ નિપાતન→अनु+**उ**चान
समानानां०१.२.१थी દીર્ઘ→अ**नू**चान
પ્રથમા સિ વગેરે→अनूचानः।
વિકલ્પે : આ સૂત્રથી નિપાતન ન થાય ત્યારે,
અદ્યતની : અદ્યતની ૫.૨.૪ વગેરેથી દિ→अनु+वच्+**त्**
शास्त्यसू०૩.૪.६०थी अङ्→अनु+वच्+**अ**+त्
श्वयत्यसू०૪.૩.१०૩थी वोच्ः આદેશ→अनु+**वोच**त्
अड् धातो०૪.૪.૩૯थी अट् આગમ→अनु+**अ**वोचत्
इवर्णादे०१.२.२१थी उનો व्→अन्**व**वोचत्।
વિકલ્પે : હ્યસ્તની : અનદ્યતને હ્ય૦૫.૨.૭ વગેરેથી दिव्→अनु+वच्+**त्**
व्यञ्जनाद् देः०૪.૩.७૯थी दिનો લોપ→अनु+वच्
चजः कगम् २.१.८६थी च्નો क्→अनु+व**क्**
अड् धातो०૪.૪.२૯थी अट्→अन्**व**वक्।
બ્રૂ ધાતુ : अन्वब्रवीत्=પૂર્વ પ્રમાણે दिव् વગેરે→अन्**व**+ब्रू+**त्**
नामिनो गुणो०૪.૩.१थी गुण→अन्**व**+**ब्रो**+त्
ब्रूतः परादिः ૪.૩.६૩थी ई→अन्व+**ब्रो**+**ईत्**
ओदौतोऽ०१.२.२૪थी अव्→अन्व**ब्रवीत्**।
વિકલ્પે : પરોક્ષાः परोक्षे ૫.૨.१२ વગેરેથી णव्→अनु+वच्+**अ**
આ ઉદા.ની સાધનિકા ૫.૨.१ નિર્દિષ્ટ અનુવાસ પ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, **निपातनस्य इष्टविषयत्वात्** નિયમાનુસારે નિપાતન પ્રયોગો સ્વપ્રકૃતિનાં વિષયમાં રહેલાં અન્ય અર્થનાં વિષયમાં થતાં નથી. અને અહીં સૂત્રમાં कर्त्तरि એ ઈષ્ટ વિષય છે. તેથી वच् ધાતુનાં વિષયમાં કર્ત્તા અર્થથી અન્ય ભાવ-કર્મણિનાં વિષયમાં अनूचानः પ્રયોગનો બાધ થાય છે. અને क्त પ્રત્યયાન્ત अनूक्तम् વગેરે પ્રયોગો સિદ્ધ થાય છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો ब्रू ધાતુથી જ આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે. પણ वच् ધાતુથી નહીં.

अद्यतनी ५.२.४

અ.અ.સૂ. : भूते धातोः अद्यतनी।

અર્થ : ભૂતકાળ અર્થમાં વર્ત્તતાં ધાતુઓથી અદ્યતની વિભક્તિ થાય છે.

ઉદા. अकार्षीत्=તેણે કર્યું. (डुकृंग् करणे-८८८)

આ સૂત્રથી અદ્યતની વિભક્તિ થતાં दि→कृ+**त्**

सिजद्यतन्याम् ૩.૪.૫૩થી सिच्+→कृ+**स्**+त्

सः सिजस्ते०૪.૩.૬૫થી ई→कृ+**सीत्**

सिचि परस्मै०૪.૩.૪૪થી ऋनी वृद्धि→**कार्**+सीत्

नाम्यन्तस्था०૨.૩.૧૫થી स्नो ष्→**कार्षीत्**

अड् धातो०૪.૪.૨૯થી अट्→**अकार्षीत्**।

विशेषाविवक्षा-व्यामिश्रे ५.२.५

अ.अ.सू. : विशेषाविवक्षा-व्यामिश्रे भूते धातोः अद्यतनी।

અર્થ : અદ્યતન સિવાયનાં કોઈપણ ભૂતકાળની અવિવક્ષા અને વ્યામિશ્રણ હોતે છતે ધાતુથી અદ્યતની વિભક્તિ થાય છે.

स. : विशेषाविवक्षा-व्यामिश्रे=विशेषस्य अविवक्षा इति विशेषाविवक्षा, विशेषाविवक्षा च व्यामिश्रं चेति विशेषाविवक्षा-व्यामिश्रम्, तस्मिन्निति।

ઉદા. (૧) रामो वनमगमत्=રામચંદ્રજી વનમાં ગયા.
(गम्लृं गतौ-३९६)
આ સૂત્રથી અદ્યતનીની પ્રાપ્તિ થતાં दि→गम्+**त्**
लृदिद्-द्युतादि०३.४.६४थी अङ्→गम्+**अ**+त्
अड् धातो०४.४.२९थी अट् आगम→**अ**गमत्।
અહીં વિશેષ ભૂતકાળની વિવક્ષા ન હોવાથી આ સૂત્રથી અદ્યતની વિભક્તિ થઈ છે.

(૨) अद्य ह्यो वाऽभुक्ष्महि=અમે આજે કે કાલે ખાધું.
(भुजंप् पालना-ऽभ्य०१४८७)
આ સૂત્રથી અદ્યતનીની પ્રાપ્તિ થતાં महि→भुज्+**महि**
सिजद्यतन्याम् ३.४.५३थी सिच्→भुज्+**स्**+महि
चजः कगम् २.१.८६थी ज्नो ग्→भु**ग्**+स्+महि
अघोषे प्रथमो०१.३.५०थी ग्नो क्→भु**क्**+स्+महि
नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→भुक्ष्महि
अड् धातो०४.४.२९थी अट् आगम→**अ**भुक्ष्महि।

★ અહીં હ્યસ્તની અને અદ્યતનીનાં સંશય રૂપ વ્યામિશ્રણ છે. માટે આ સૂત્રથી અદ્યતની વિભક્તિ થઈ.

વિશેષતા :

અહીં ધ્યાનમાં લેવું કે, અદ્યતની ૫.૨.૪ સૂત્રથી સામાન્ય ભૂતકાળમાં પણ અદ્યતની વિભક્તિ થાય જ છે. અને સામાન્ય ભૂતકાળ વિશેષની અવિવક્ષા રૂપ જ છે. તેથી, વિશેષની અવિવક્ષામાં અદ્યતની ૫.૨.૪ સૂત્રથી જ અદ્યતની સિદ્ધ જ હતી. પરંતુ અનદ્યતને હ્યા૦૫.૨.૭ સૂત્રથી થતાં આજનાં સિવાયનાં સામાન્ય ભૂતકાળમાં તથા પરોક્ષે ૫.૨.૧૨ સૂત્રથી થતાં પરોક્ષા ભૂતકાળમાં અનુક્રમે હ્યસ્તની અને પરોક્ષા વિભક્તિ થવા દ્વારા તેનો બાધ થતો હતો. તે બાધનો બાધ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે. આમ, હ્યસ્તની અને પરોક્ષાનાં વિષયમાં પણ અદ્યતની વિભક્તિ કરવા માટે આ સૂત્રનું પ્રયોજન જાણવું.

रात्रौ वसोऽन्त्ययामाऽस्वप्तर्यद्य ५.२.६

અ.અ.સૂ. : रात्रौ भूते वसः धातोः अद्यतनी, अन्त्ययामाऽस्वप्तर्यद्य।

અર્થ : રાત્રિ સ્વરૂપ ભૂત અર્થમાં વર્ત્તતાં વસ્ ધાતુથી અદ્યતની વિભક્તિ થાય છે. જો વસ્ ક્રિયાનો કર્ત્તા રાત્રિનાં અંતિમ પ્રહરમાં સૂતો ન હોય તો અને અદ્ય=તે જ અંતિમ પ્રહરથી યુક્ત અદ્યતનમાં તેનો પ્રયોગ થાય તો, પણ ક્રિયા જે રાત્રિમાં થઈ હોય તે રાત્રિનાં અંતિમ પ્રહરને વ્યાપીને ક્રિયા કરનાર જો ન સૂતો હોય તો. અને એ અન્ત્ય યામ અદ્યતનકાળ સંબંધી (પૂર્વની જ રાત્રિ સંબંધી) હોય તો, પણ અન્ય કાળ સંબંધી હોય તો નહીં.

સ. : अन्त्ययामाऽस्वप्तरि=अन्त्यश्चासौ यामश्चेति अन्त्ययामः, अन्त्ययामश्च अस्वप्ता चेति अन्त्ययामाऽस्वप्ता, तस्मिन्निति।


ઉદા. (૧) **अमुत्रावात्सम्**=હું અહીં રહ્યો. (वसं निवासे-૧૧૧)

★ આ સૂત્રથી અદ્યતનીની પ્રાપ્તિ થતાં અમ્→વસ્+**અમ્**
સિજદ્યતન્યામ્ ૩.૪.૫૩થી સિચ્→વસ્+**સ્**+અમ્
વ્યઞ્જનાના૦૪.૩.૪૫થી વૃદ્ધિ→**વા**સ્+સ્+અમ્
સસ્તઃ સિ ૪.૩.૯૨થી સ્નો ત્→વાત્સમ્
અડ્ ધાતો૦૪.૪.૨૯થી અટ્→**અ**વાત્સમ્।

પ્ર.ઉદા. रात्र्यन्त्ययामे तु मुहूर्त्तमपि स्वापे ह्यस्तन्येव - अमुत्रावसमिति।

★ આ સૂત્રની પ્રવૃત્તિ ક્રિયા કરનાર તે રાત્રિનાં અંતિમ પ્રહરમાં સૂતો ન હોય તો થાય છે. જ્યારે અહીં મુહૂર્ત્ત પણ કર્ત્તા સૂતો હોય તો આ સૂત્રથી અદ્યતની ન થતાં હ્યસ્તની વિભક્તિ જ થાય છે.

વિશેષતા :




અહીં ઉપરોક્ત આકૃતિમાં બતાવ્યાનુસારે ચૈત્ર ૧ તારીખે રાત્રે અંતિમ પ્રહર (આશરે ૩ થી ૬)માં કોઈપણ કારણોસર કર્ત્તા સૂતો નથી. અને ૨ તારીખે સવારે આશરે ૮ વાગે મૈત્ર તેનાં ઘરે આવે

છે. અને પૂછ્યું, 'તું રાત્રિમાં ક્યાં હતો' તો ચૈત્ર જવાબ આપે છે કે, અમુત્રાऽવત્સમ્ (અહીં હતો) અહીં પ્રશ્નમાં વિવક્ષિત વસવાની ક્રિયા પૂર્વ રાત્રિની જ અભિપ્રેત છે. અને તે ક્રિયાનો કર્ત્તા ચૈત્ર અંતિમ પ્રહરમાં જાગૃત પણ છે. તેથી આ સૂત્ર દ્વારા અદ્યતની વિભક્તિ થાય છે.

અહીં ધ્યાનમાં લેવું કે, જો આ જ ક્રિયા સંબંધી પ્રશ્ન ૩ તારીખે પૂછવામાં આવે અથવા અંતિમ પ્રહરમાં કર્તા એક મુહૂર્ત્ત માત્ર પણ સૂતો હોય તો અહીં અનદ્યતને હ્યo૫.૨.૭થી હ્યસ્તની થાય છે.

અહીં **आन्यायादुत्थानादान्याय्याच्च संवेशनात्** વ્યાખ્યાનુસારે પૂર્વની રાત્રિનાં અંતિમ પ્રહરથી લઈને બીજા દિવસની રાત્રિનાં ત્રણ પ્રહર સુધીનો કાળ તે અદ્યતન કાળ કહેવાય છે. અને તે કાળમાં તથા તેનાં પૂર્વનાં કાળમાં પણ થયેલી વિવક્ષિત ક્રિયાનાં વિષયમાં આ સૂત્ર દ્વારા અદ્યતની વિભક્તિ કરવામાં આવી છે.



ઉપરોક્ત આકૃતિ પ્રમાણે પૂર્વ રાત્રિનાં ચોથા પ્રહરથી બીજા દિવસની રાત્રિનાં બીજા પ્રહર સુધી અદ્યતનકાળ સ્વીકારે છે. તેથી તે મતે ઉપરોક્ત ઉદા.માં પ્રશ્નનાં વિવક્ષિત વસ્ ધાતુની ક્રિયા પૂર્વની રાત્રિનાં બે પ્રહર પૂર્વેની જાણવી.

अनद्यतने ह्यस्तनी ५.२.७

अ.अ.सू. : भूते अनद्यतने धातोः ह्यस्तनी।

अर्थ : ઉચિત એવા ઉત્થાન સમયથી લઈને ઉચિત એવાં સૂવાનાં સમય સુધીનાં દિવસ (પૂર્વની રાત્રિનાં અંતિમ પ્રહરથી પછીની રાત્રિનાં ત્રણ પ્રહર સુધી) અથવા તો બંને બાજુની અર્ધરાત્રિ પૂર્વકનો દિવસ (પૂર્વની રાત્રિનાં ઉપાન્ત્ય પ્રહરથી પછીની રાત્રિનાં બે પ્રહર સુધીનો કાળ) અદ્યતન કાળ કહેવાય છે. તે અદ્યતન કાળ ન હોતે છતે ભૂતકાળ અર્થમાં વર્ત્તતાં ધાતુથી હ્યસ્તની વિભક્તિ થાય છે.

સ. : अनद्यतने=न अद्यतनमिति अनद्यतनम्, तस्मिन्निति।

ઉદા. अकरोत्=તેણે કર્યું. (डुकृंग् करणे-८८८)

આ સૂત્ર વગેરેથી હ્યસ્તની दिव्→कृ+**त्**

कृग्-तनादे०૩.૪.૮૩થી उ→कृ+**उ**+त्

नामिनो गुणो०૪.૩.૧થી गुण→**कर्**+उ+त्

उ-श्नोः ૪.૩.૨થી उनो गुण→**करोत्**

अड् धातो०૪.૪.૨૯થી अट् आगम→**अ**करोत्।

ख्याते दृश्ये ५.२.८

અ.અ.સૂ. : ख्याते दृश्ये अनद्यतने भूते धातोः ह्यस्तनी।

અર્થ : લોકમાં પ્રસિદ્ધ અને પ્રયોગ કરનારને શક્ય દર્શન હોય તેવા અનદ્યતન ભૂતકાળ અર્થમાં વર્ત્તતાં ધાતુથી હ્યસ્તની વિભક્તિ થાય છે.

ઉદા. **अरुणत् सिद्धराजोऽवन्तीम्**=સિદ્ધરાજે અવંતીને ઘેરી.
(रुधृंपी आवरणे-१४७३)
આ સૂત્ર વગેરેથી હ્યસ્તનીની दिव्→रुध्+**त्**
रुधां स्वरा०७.४.८२થી श्न→**रुन**ध्+त्
व्यञ्जनाद् दे०४.३.७८થી दिव्નો લોપ→रुनध्
विरामे वा १.३.५१થી ध्નો त्→रुन**त्**
र-षृवर्णान्नो०२.३.६३થી न्નો ण्→**रुण**त्
अड् धातो०४.४.२९થી अट्→**अ**रुणत्।

★ આ ક્રિયા લોકમાં પ્રસિદ્ધ તથા પૂ.ગ્રંથકારશ્રીનાં સમયમાં બનેલી ઘટના હોવાથી તેમનાં માટે શક્ય દર્શન છે. માટે આ સૂત્રથી હ્યસ્તની વિભક્તિ થઈ છે.

પ્ર.ઉદા. (૧) **ख्यात इति किम् ? चकार कटम्**=ચૈત્રે સાદડી કરી.
(डुकृंग् करणे-८८८)
परोक्षे ५.२.१२ વગેરેથી णव्→कृ+**अ**
द्विर्धातुः०४.१.१થી द्वित्व→**कृ**कृ+अ
ऋतोऽत् ४.१.३८થી ऋનો अ→**क**कृ+अ
कडश्चञ्०४.१.४६થી क्નો च्→**च**कृ+अ
नामिनोऽ०४.३.५१થી वृद्धि→**चकार**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ લોકપ્રસિદ્ધ ક્રિયામાં વર્ત્તતાં ધાતુથી થાય છે. જ્યારે અહીં લોકપ્રસિદ્ધ ક્રિયા નથી. માટે આ સૂત્રથી હ્યસ્તની વિભક્તિ થઈ નહીં.

(૨) **दृश्य इति किम् ? जघान कंसं किल वासुदेवः**= વાસુદેવે કંસને માર્યો. (हनंक् हिंसा-गत्योः-११००)

★ આ સૂત્રની પ્રવૃત્તિ શક્ય દર્શન ક્રિયામાં વર્ત્તતાં ધાતુથી થાય છે. જ્યારે અહીં પૂ. ગ્રંથકારશ્રી માટે શક્ય દર્શન ક્રિયા નથી. માટે આ સૂત્રથી હ્યસ્તની વિભક્તિ થઈ નહીં.

વિશેષતા :

(૧) અહીં શક્ય દર્શન ક્રિયા હોવાથી પ્રત્યક્ષતા જણાતી નથી. માટે પરોક્ષે ૫.૨.૧૨ સૂત્રથી પરોક્ષાની પ્રાપ્તિ હતી. તેનો બાધ કરી આ સૂત્રથી હ્યસ્તની વિભક્તિ થાય છે. તેથી આ સૂત્ર પરોક્ષાનાં અપવાદરૂપ જાણવું.

अयदि स्मृत्यर्थे भविष्यन्ती ५.२.९

અ.અ.સૂ. : स्मृत्यर्थे अनद्यतने भूते धातोः भविष्यन्ती, अयदि।

અર્થ : સ્મૃતિ અર્થવાળાં ધાતુ ઉપપદમાં હોતે છતે અનદ્યતન ભૂતકાળ અર્થમાં વર્ત્તતાં ધાતુઓથી ભવિષ્યન્તી વિભક્તિ થાય છે. જો यद्નો યોગ ન હોય તો.

સ. : (૧) स्मृत्यर्थे=स्मृतिरर्थो यस्य स इति स्मृत्यर्थः, तस्मिन्निति।
(૨) **अयदि**=न यद् इति अयद्, तस्मिन्निति।

ઉદા. (૧) स्मरसि साधो ! स्वर्गे स्थास्यामः=યાદ છે હે સાધુ ! આપણે સ્વર્ગમાં હતા. (ष्ठां गतिनिवृत्तौ-५)
અહીં સ્મરણ અર્થવાળો स्मृ ધાતુ ઉપપદમાં હોવાથી અનદ્યતન ભૂતકાળ અર્થમાં વર્ત્તતાં પણ स्था ધાતુથી આ સૂત્ર દ્વારા ભવિષ્યન્તી વિભક્તિ થઈ છે.

પ્ર.ઉદા. अयदीति किम् ? अभिजानासि मित्र ! यत् कलिङ्गेष्ववसामः ?=યાદ છે મિત્ર ! આપણે જે કલિંગ દેશમાં રહ્યાં.

★ આ સૂત્રમાં यद् ઉપપદવાળાં પ્રયોગોનું વર્જન કર્યું હોવાથી અહીં આ સૂત્રથી ભવિષ્યન્તી વિભક્તિ ન થતાં અનદ્યતને હ્ય૦૫.૨.૭થી હ્યસ્તની વિભક્તિ થઈ છે.

वाऽऽकाङ्क्षायाम् ५.२.१०

अ.अ.सू. : स्मृत्यर्थे आकाङ्क्षायाम् अनद्यतने भूते धातोः भविष्यन्ती वा।

अर्थ : સ્મૃતિ અર્થમાં વર્ત્તતાં ધાતુ ઉપપદમાં હોતે છતે પ્રયોગ કરનારની બીજી ક્રિયાની અપેક્ષા જણાતી હોય તો અનદ્યતન ભૂતકાળ અર્થમાં વર્ત્તતાં ધાતુથી ભવિષ્યન્તી વિભક્તિ વિકલ્પે થાય છે.

ઉદા. स्मरसि मित्रः कश्मीरेषु वत्स्यामः/अवसामः, तत्रौदनं भोक्ष्यामहे/अभुञ्जमहि=યાદ છે હે મિત્ર ! આપણે કાશ્મીરમાં રહ્યા હતાં. અને ત્યાં ભાત ખાધા હતાં.

અહીં સ્મૃતિ અર્થક स्मृ ધાતુ ઉપપદમાં છે. તથા, પ્રયોગ કરનારની કાશ્મીરમાં વસવાની ક્રિયા લક્ષણ છે. અને ભોજનની ક્રિયા લક્ષ્ય છે. લક્ષણ-લક્ષ્ય સંબંધી ક્રિયામાં આકાંક્ષા હોવાથી અહીં આ સૂત્રથી વિકલ્પે ભવિષ્યન્તી વિભક્તિ થઈ છે.

વિશેષતા :

અહીં ધ્યાનમાં લેવું કે, **अपेक्षातोऽधिकारः** ૧/૧૨ ન્યાયાનુસારે પૂર્વ સૂત્રથી આવતી अयदि પદની અનુવૃત્તિ અટકી જાય છે.

कृतास्मरणा-ऽतिनिह्नवे परोक्षा ५.२.११

અ.અ.સૂ. : कृतास्मरणा-ऽतिनिह्नवे अनद्यतने भूते धातोः परोक्षा।

અર્થ : ચિત્તવિક્ષેપ આદિનાં કારણે કરેલી ક્રિયાનું સ્મરણ ન હોય અથવા અત્યંત છૂપાવવું અર્થ જણાતે છતે અનદ્યતન ભૂતકાળ અર્થમાં વર્ત્તતાં ધાતુથી પરોક્ષા વિભક્તિ થાય છે.

સ. : **कृतास्मरणा-ऽतिनिह्नवे**=कृतस्य अस्मरणमिति कृतास्मरणम्, अतिशयेन निह्नव इति अतिनिह्नवः, कृतास्मरणं च अतिनिह्नवश्चेति कृतास्मरणा-ऽतिनिह्नवम्, तस्मिन्निति।

ઉદા. (૧) **सुप्तोऽहं किल विललाप**=ખરેખર ! સૂતેલા એવા મેં વિલાપ કર્યો.

★ અહીં કરેલી વિલાપની ક્રિયાનું શયન અવસ્થાનાં કારણે વિસ્મરણ હોવાથી અહીં આ સૂત્રથી પરોક્ષા વિભક્તિ થઈ છે.

(૨) **नाऽहं कलिङ्गान् जगाम**=હું કલિંગ દેશમાં જ ગયો નથી?

★ અહીં કોઈક વ્યક્તિ ઉપર કલિંગ દેશમાં બ્રાહ્મણને હણવાની ક્રિયાનો આરોપ આવ્યો ત્યારે તે વ્યક્તિએ તે પાપને છૂપાવવા માટે ઉપરોક્ત પ્રયોગ કર્યો છે. માટે આ સૂત્રથી પરોક્ષા વિભક્તિ થઈ છે.

વિશેષતા :

અહીં સૂત્રમાં કરાએલાનું અને અતિછૂપાવવા માટે ઈચ્છાએલ બન્ને પ્રત્યક્ષકાળનું નિદર્શન છે. તેમાં પણ પરોક્ષા વિભક્તિ કરવી તે આ સૂત્રનું પ્રયોજન છે.

परोक्षे ૫.૨.૧૨

અ.અ.સૂ. : अनद्यतने भूते परोक्षे धातोः परोक्षा।

અર્થ : અનદ્યતન ભૂતકાળ અર્થમાં પરોક્ષા અર્થમાં વર્ત્તતાં ધાતુઓથી પરોક્ષા વિભક્તિ થાય છે.

ઉદા. **धर्मं दिदेश तीर्थङ्करः**=તીર્થંકર દેવે ધર્મ ઉપદેશ્યો.
(दिशींत् अतिसर्जने-૧૩૧૮)

★ અહીં પૂ. ગ્રંથકારશ્રીનાં સમયમાં તીર્થંકર ભગવંત વિદ્યમાન ન હોવાથી તે ક્રિયા પરોક્ષકાળ સંબંધી છે. માટે આ સૂત્રથી પરોક્ષા વિભક્તિ થઈ છે.

વિશેષતા :

અક્ષાણાં પર इति परोक्षः અહીં સૂત્રમાં જે परोक्ष શબ્દનો નિર્દેશ કર્યો છે. તેમાં यद्यपि अक्षेभ्यः पर इति પંચમી વિભક્ત્યન્ત વિગ્રહ સંભવે છે. પરંતુ અહીં પૂર્વાપરભાવ આદિ સંબંધની વિવક્ષાએ ષષ્ઠી અથવા દૂરાર્થક पर શબ્દ ગ્રહણ કરી आरादर्थैः ૨.૨.૭૮ સૂત્રથી પંચમીનાં વિકલ્પમાં ષષ્ઠી થવાથી अक्षाणां पर इति ષષ્ઠી વિભક્ત્યન્ત વિગ્રહ જાણવો. यद्यपि ષષ્ઠી તત્પુરુષ સમાસમાં अक्ष શબ્દનો પૂર્વનિપાત અને पर શબ્દનો પશ્ચાત્ નિપાત થવો જોઈએ. પરંતુ परोक्ष શબ્દ राजदन्तादि ગણમાં સમાવિષ્ટ જાણીને राजदन्तादिषु ૩.૧.૧૫૦ સૂત્રથી पर શબ્દનો પૂર્વ નિપાત જાણવો. તેમજ, पर+अक्ष इति पराक्षः એવો પ્રયોગ થવો જોઈએ. પરંતુ આ સૂત્રનાં નિર્દેશથી परोक्ष પ્રયોગ સિદ્ધ થાય છે.

ह-शश्वद्-युगान्तःप्रच्छ्ये ह्यस्तनी च ૫.૨.૧૩

અ.અ.સૂ. : ह-शश्वद्-युगान्तःप्रच्छ्ये भूते अनद्यतने परोक्षे धातोः ह्यस्तनी च(परोक्षा)।

અર્થ : ह અને शश्वत् ઉપપદમાં હોતે છતે અને પાંચ વર્ષની મધ્યમાં પૂછવા યોગ્ય પ્રશ્ન હોતે છતે ભૂતકાળ અર્થમાં પરોક્ષા અર્થમાં વર્ત્તતાં ધાતુથી હ્યસ્તની અને પરોક્ષા વિભક્તિ થાય છે.

સ. : **ह-शश्वद्-युगान्तःप्रच्छ्ये**=युगान्तः पृच्छ्यते इति युगान्तःप्रच्छ्यः, हश्च श्वत् च युगान्तःप्रच्छ्य श्चेति ह-शश्वद्-युगान्तःप्रच्छ्यः, तस्मादिति।

ઉદા. (૧) **इति हाऽकरोत्/इति ह चकार**=ખરેખર ! આ પ્રમાણે કર્યું હતું.

(૨) **शश्वदकरोत्/शश्वच्चकार**=હંમેશાં કર્યું હતું.

★ અહીં ह અને शश्वत् ઉપપદમાં હોવાથી આ સૂત્રથી હ્યસ્તની અને પરોક્ષા વિભક્તિ થઈ છે.

(૩) **किमगच्छस्त्वं मथुराम्/किं जगन्थ त्वं मथुराम् ?**=શું તું મથુરા ગયો હતો.

★ અહીં પાંચ વર્ષની અંદર પૂછાયેલો પ્રશ્ન હોવાથી અહીં આ સૂત્રથી હ્યસ્તની અને પરોક્ષા વિભક્તિ થઈ છે.

વિશેષતા :

યદ્યપિ સૂત્રમાં હ્યસ્તનીનું ગ્રહણ કર્યું હોવાથી પરોક્ષાનો અધિકાર અટકી જાય છે. પરંતુ સૂત્રગત ચકાર દ્વારા **चकारो यस्मात्परस्तत्० २/६१** ન્યાયાનુસારે પ્રથમાન્ત હ્યસ્તનીને સજાતીય પૂર્વસૂત્રથી પરોક્ષાનાં અધિકારનું ગ્રહણ કરવામાં આવે છે. તેમજ, **चानुकृष्टं नाऽनुवर्त्तते २/६२** ન્યાયાનુસારે તે અધિકાર ઉત્તરસૂત્રમાં જશે નહીં.

જિ. : અહીં સૂત્રમાં હ્યસ્તની च નાં સ્થાને માત્ર वानું ગ્રહણ કર્યું હોત તો ઉપરથી આવતાં પરોક્ષાનાં અધિકારથી પરોક્ષા અને અનદ્યતન ભૂતકાળની વિવક્ષામાં વિકલ્પપક્ષે હ્યસ્તની થવાની જ હતી. તો પણ હ્યસ્તની च આવો ગૌરવાત્મક નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : અહીં ભૂતાનદ્યતનકાળમાં સ્મૃત્યર્થવાળાં ધાતુઓ ઉપપદમાં હોય તો પરોક્ષાનાં વિકલ્પમાં ભવિષ્યન્તીની પ્રાપ્તિ હતી. તેનો બાધ થઈને સ્મૃત્યર્થક ધાતુનાં યોગમાં પણ હ્યસ્તની જ થાઓ, પણ ભવિષ્યન્તી નહીં. તે માટે હ્યસ્તની ચ એ પ્રમાણે નિર્દેશ કરેલ છે.

યદ્યપિ અહીં ધ્યાનમાં લેવું કે, આકાંક્ષા અર્થમાં થનારી ભવિષ્યન્તીનો પણ અહીં બાધ થઈ શકે છે. પરંતુ હ-શશ્વત્ અવ્યયનાં યોગમાં બીજી ક્રિયાની આકાંક્ષા રહેતી નથી. માટે અહીં તેમનો ઉલ્લેખ કરેલ નથી.

अविवक्षिते ५.२.१४

અ.અ.સૂ. : अनद्यतने भूते परोक्षे अविवक्षिते धातोः ह्यस्तनी।

અર્થ : અનદ્યતન ભૂતકાળમાં પરોક્ષા અર્થમાં વર્ત્તતાં પણ પરોક્ષાની વિવક્ષા ન હોતે છતે ધાતુથી હ્યસ્તની વિભક્તિ થાય છે.

સ. : अविवक्षिते=न विवक्षितमिति अविवक्षितम्, तस्मिन्निति।

ઉદા. अहन् कंसं किल वासुदेवः=કૃષ્ણે કંસને હણ્યો હતો. (हनंक् हिंसा-गत्योः-११००)

અહીં પરોક્ષકાળમાં થયેલી ક્રિયા છે. પણ પૂ. ગ્રંથકારશ્રીને પરોક્ષાની અવિવક્ષા કરવી હોવાથી અહીં હ્યસ્તની વિભક્તિ થઈ છે.

વિશેષતા :

અહીં અનદ્યતન પરોક્ષા ભૂતકાળમાં પરોક્ષાની અવિવક્ષા અભિપ્રેત છે. અને પૂર્વે विशेषाऽविवक्षा०५.२.५ સૂત્રમાં અનદ્યતન અને પરોક્ષા એમ બંનેની અવિવક્ષા અભિપ્રેત છે. ત્યારે અનદ્યતન

પરોક્ષ ભૂતકાળમાં અનદ્યતનત્વ અને પરોક્ષત્વની વિવક્ષા-અવિવક્ષાને લઈને ચતુર્ભંગી થાય છે.

પરોક્ષત્વ	અનદ્યતનત્વ	વિભક્તિ	સૂત્ર
વિવક્ષિત	અવિવક્ષિત	અદ્યતની	વિશેષાવિવક્ષા૦૫.૨.૫
અવિવક્ષિત	વિવક્ષિત	હ્યસ્તની	અવિવક્ષિતે ૫.૨.૧૪
અવિવક્ષિત	અવિવક્ષિત	અદ્યતની	વિશેષાऽ૦૫.૨.૫
વિવક્ષિત	વિવક્ષિત	પરોક્ષા	પરોક્ષે ૫.૨.૧૨

ઉપરોક્ત કથનથી ફલિત થાય છે કે, અનદ્યતન પરોક્ષ કાળમાં વિવક્ષાવશાત્ હ્યસ્તની, પરોક્ષા અને અદ્યતની એ પ્રમાણે ત્રણે વિભક્તિ થાય છે. ઉદા. અન્વનૈષીત્ ततो वाली न्यक्षिपच्चाङ्गद सुग्रीवं प्रोचे सद्भावमागतः (ત્યારબાદ વાલીએ (રામનો) વિનય કર્યો. અંગદને (હૃદયમાં) સ્થાપિત કર્યો. અને સદ્ભાવને પામ્યો છતો સુગ્રીવને કહ્યું.)

અહીં વિષય પરોક્ષ હોવાથી વાક્યમાં પરોક્ષત્વનું જ ઔચિત્ય છે. (૧) અવિવક્ષાએ વિશેષાવિવક્ષા૦૫.૨.૭થી અન્ववૈષીત્ એ પ્રમાણે અદ્યતની થઈ છે. (૨) માત્ર પરોક્ષની અવિવક્ષાએ આ સૂત્રથી ન્યક્ષિપત્ એ પ્રમાણે હ્યસ્તની અને (૩) પરોક્ષાની વિવક્ષાએ પ્રોચે એ પ્રમાણે પરોક્ષે ૫.૨.૧૨ સૂત્રથી પરોક્ષા પણ થઈ છે.

वाऽद्यतनी पुरादौ ૫.૨.૧૫

અ.અ.સૂ. : अनद्यतने भूते धातोः पुरादौ अद्यतनी वा।

અર્થ : અનદ્યતન ભૂતકાળ અર્થમાં વર્ત્તતાં ધાતુથી પુરા વગેરે ઉપપદમાં હોતે છતે અદ્યતની વિભક્તિ વિકલ્પે થાય છે.

સ. : पुरादौ=पुरा आदिर्यस्य स इति पुरादिः, तस्मिन्निति।



ઉદા. (૧) **अवात्सुः/अवसन्/ऊषुः इह पुरा छात्राः** = અહીં પૂર્વે છાત્રો રહેતાં હતાં. (वसं निवासे-९९९)
આ સૂત્ર વગેરેથી અદ્યતની अन्→वस्+**अन्**
सिजद्यतन्याम् ૩.૪.૫૩થી सिच्→वस्+**स्**+अन्
व्यञ्जनाना०૪.૩.૪૫થી वृद्धि→**वा**स्+स्+अन्
सस्तः सि ૪.૩.૯૨થી स्नो त्→वात्स्+अन्
सिज्-विदो०૪.૨.૯૨થી अन्नो उस्→वात्स्+**उस्**
પદસંજ્ઞા વગેરે→वात्सुः
अड् धातो०૪.૪.૨૯થી अट् आगम→**अ**वात्सुः।
વિકલ્પે : જ્યારે અદ્યતની ન થાય ત્યારે,
अनद्यतने ह्य०૫.૨.૭થી अन्→वस्+**अन्**
कर्त्तर्यनद्०૩.૪.૭૧થી शव्→**वस**न्
अड् धातो०૪.૪.૨૯થી अट् आगम→**अ**वसन्।
વિકલ્પે : જ્યારે અદ્યતની ન થાય ત્યારે,
परोक्षे ૫.૨.૧૨થી उस्→वस्+**उस्**
यजादि-वश० ૪.૧.૭૨થી व्नो उ→**उ**स्+उस्
द्विर्धातुः૪.૧.૧થી द्वित्व→**उस्**उस्+उस्
व्यञ्जनस्या०૪.૧.૪૪થી स्नो लोप→उउस्+उस्
समानानां०૫.૨.૧થી दीर्घ→**ऊ**सुस्
नाम्यन्तस्था०૨.૩.૧૫થી स्नो ष्→ऊ**षु**स्
પદસંજ્ઞા વગેરે→ऊषुः।

(૨) **तदा अभाषिष्ट/अभाषत/बभाषे राघवः** = ત્યારે રાઘવ બોલ્યા હતા. (भाषि व्यक्तायां०૮૩૨)
આ સૂત્ર વગેરેથી અદ્યતની त→भाष्+**त**
सिजद्यतन्याम् ૩.૪.૫૩થી सिच्→भाष्+**स्**+त
स्ताद्यशितो०૪.૪.૩૨થી इट्→भाष्+**इ**स्+त





नाम्यन्तस्था०२.३.१५थी स्नो ष्→भाषिष्त
तवर्गस्य०१.३.६०थी त्नो ट्→भाषिष्ट
अड् धातो०४.४.२९थी अट्→**अ**भाषिष्ट।
विकल्पे : જ્યારે અદ્યતની ન થાય ત્યારે,
अनद्यतने ह्य०५.२.७थी त→भाष्+**त**
कर्त्तर्यनद्०३.४.७१थी शव्→**भाष**त
अड् धातो०४.४.२९थी अट्→**अ**भाषत।
विकल्पे : જ્યારે પરોક્ષા ન થાય ત્યારે,
परोक्षे ५.२.१२थी ए→भाष्+**ए**
द्विर्धातुः०४.१.१थी द्वित्व→**भाष्**भाष्+ए
व्यञ्जनस्या०४.१.४४थी ष्नो लोप→भाभाष्+ए
ह्रस्वः ४.१.३९थी ह्रस्व→**भ**भाषे
द्वितीय-तुर्ययोः०४.१.४२थी भ्नो ब्→**ब**भाषे।

વિશેષતા :

(૧) અહીં **अपेक्षातोऽधिकारः १/१२** ન્યાયાનુસારે પૂર્વ સૂત્રથી આવતો પરોક્ષેનો અધિકાર અટકી જાય છે. તેથી આ સૂત્રની પ્રવૃત્તિ પરોક્ષ અને અપરોક્ષ બંને અર્થમાં વર્ત્તતાં ધાતુથી થાય છે. માટે આ સૂત્ર અપરોક્ષકાળમાં અનદ્યતને०५.२.७थी थती ह्यस्तनी अने परोक्षकाળમાં परोक्षे ५.२.१२थी थती परोक्षानां अपवादभूत छे.

(૨) અહીં ધ્યાનમાં લેવું કે, ઉપપદતયા पुरादिनुं ग्रहण કરવામાં આવ્યું છે. તેની પૂર્વે સૂત્રમાં ઉપપદતયા ह, शश्वत्નું ગ્રહણ કરવામાં આવ્યું છે. જો એક જ વાક્યમાં બન્ને ઉપપદનો યોગ હશે તો સ્પર્ધે ७.४.११९ પરિભાષાનુસારે પરસૂત્રતયા આ સૂત્ર બળવાન બને છે. જેમકે, इति ह पुराऽकार्षीत्।



સૂત્રગત આદિ શબ્દ પ્રકારવાચી છે. તેથી પુરા સદૃશ અને પુરા ભિન્ન કાળવાચી અવ્યયનું ગ્રહણ થાય છે.

તેથી પૂર્વે આ સૂત્રથી અદ્યતની વિભક્તિ જ થાય છે. અને વિકલ્પે હ-શશ્વદ્૦૫.૨.૧૩થી હ્યસ્તની પણ થાય છે.

જિ. : અહીં અનદ્યતન પરોક્ષ અને અપરોક્ષ ભૂતકાળ અભિપ્રેત છે. તેમાં પુરાદિનો યોગ હોતે છતે પણ વિશેષની અવિવક્ષા દ્વારા સામાન્ય ભૂતકાળમાં विशेषाऽविवक्षा० ૫.૨.૫ સૂત્રથી અદ્યતની વિભક્તિ સિદ્ધ જ હતી. અને અનદ્યતન તથા પરોક્ષની વિવક્ષાએ અનુક્રમે અનદ્યતને હ્ય૦ ૫.૨.૭ અને પરોક્ષેપ.૨.૧૨થી પરોક્ષા સિદ્ધ જ હતી. તો પણ આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : તમારી વાત સાચી છે. વસ્તુતઃ પુરાદિનાં યોગમાં એ રીતે વિવક્ષા ભેદથી પણ અદ્યતની વિભક્તિ સિદ્ધ જ છે. અને આ વાત પૂર્વે विशेषाविवक्षा०૫.૨.૫ સૂત્રમાં પણ દર્શાવેલ છે. પરંતુ આ સૂત્રનાં નિર્દેશથી ગ્રંથકારશ્રી જણાવે છે કે, તેવા પ્રકારની વિવક્ષા-અવિવક્ષામાં પુરાદિનો યોગ હોય તો અન્ય विशेषाऽविवक्षा०૫.૨.૫ સૂત્રનો પ્રયોગ ન કરતાં આ સૂત્રથી જ અદ્યતની વિભક્તિ થાય છે. અને આનાથી એ પણ ફલિત થાય છે કે, સ્મૃત્યર્થક ધાતુ, હ આદિનો યોગ હોતે છતે, પણ તેવા પ્રકારની વિવક્ષાવશાત્ ઉપરોક્ત અદ્યતની આદિ વિભક્તિ ન થતાં अयदि स्मृत्यर्थे०૫.૨.૯ સૂત્રથી માત્ર ભવિષ્યન્તી વગેરે વિભક્તિ જ કરવી.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો હ-શશ્વત્‌નાં યોગમાં ભૂત અનદ્યતનકાળમાં અદ્યતની ઈચ્છતાં નથી. એ પ્રમાણે ઉત્તરસૂત્રમાં વર્તમાનને પણ ઈચ્છતાં નથી.

स्मे च वर्त्तमाना ५.२.१६

અ.અ.સૂ. : भूते अनद्यतने धातोः स्मे च(पुरादौ) वर्त्तमाना।

અર્થ : અનદ્યતન ભૂતકાળ અર્થમાં વર્ત્તતાં ધાતુથી સ્મ અને પુરા વગેરે ઉપપદનો યોગ હોતે છતે વર્તમાના વિભક્તિ થાય છે.

ઉદા. (૧) **पृच्छति स्म पुरोधसम्**=તેણે ગોર મહારાજને પૂછ્યું.

(૨) **वसन्तीह पुरा छात्राः**=અહીં પહેલાં વિદ્યાર્થીઓ રહેતાં હતાં.

(૩) **अथाऽऽह वर्णी**=પછી સંન્યાસીઓએ કહ્યું.
અહીં ઉદા.(૧)માં સ્મનો, ઉદા.(૨)માં પુરા અને ઉદા.(૩)માં અથનો યોગ હોવાથી અનુક્રમે ભૂતઅનદ્યતન કાળમાં વર્ત્તતાં પ્રચ્છ્, વસ્ અને બ્રૂ ધાતુથી વર્ત્તમાના વિભક્તિ થઈ છે.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, પુરાદિનાં યોગમાં પૂર્વસૂત્રથી વિકલ્પે અદ્યતની અને આ સૂત્રથી વર્ત્તમાના એ પ્રમાણે અદ્યતની, હ્યસ્તની, પરોક્ષા તથા વર્ત્તમાના વિભક્તિ સિદ્ધ થાય છે.

(૨) અહીં સૂત્રમાં ઉપપદતયા સ્મ અને પુરાદિનું ગ્રહણ કરવામાં આવ્યું છે. તેની પૂર્વસૂત્રમાં ઉપપદતયા

પુરાદિનું ગ્રહણ છે. જો એક જ વાક્યમાં બન્ને ઉપપદનો યોગ હશે, તો સ્પર્ધે ૭.૪.૧૧૯ પરિભાષાનુસારે પર સૂત્રતયા આ સૂત્ર બળવાન બને છે. તેથી આ સૂત્રથી વર્ત્તમાના વિભક્તિ જ થાય છે. જેમકે, નટેન સ્મ પુરાઽધીયતે તેમજ જો એક જ વાક્યમાં હ, શશ્વત્, સ્મ અને પુરા એમ ત્રણેયનો યોગ હોય તો પણ આ સૂત્રથી વર્ત્તમાના વિભક્તિ જ થશે. જેમકે, ન હ સ્મ વૈ પુરા-ઽગ્નિપરશુવૃક્ણં વહતિ।

(૩) યદ્યપિ સૂત્રગત સ્મે પદનાં ગ્રહણથી પૂર્વસૂત્રથી આવતો પુરાદૌનો અધિકાર અટકી જાય છે. પરંતુ સૂત્રગત ચકાર દ્વારા **चकारो यस्मात्० २/६१** ન્યાયાનુસારે સપ્તમ્યન્ત સ્મેને સજાતીય પુરાદૌનું પૂર્વસૂત્રથી અનુકર્ષણ થાય છે.

તેમજ, **चानुकृष्टं नाऽनुवर्त्तते २/६२** ન્યાયાનુસારે તે અધિકાર ઉત્તર સૂત્રમાં જશે નહીં.

ननौ पृष्टोक्तौ सद्वत् ५.२.१७

અ.અ.સૂ. : ननौ पृष्टोक्तौ भूते धातोः, सद्वत् वर्त्तमाना।

અર્થ : નનુ અવ્યય ઉપપદમાં હોતે છતે પૂછેલાનાં જવાબમાં ભૂતકાળ અર્થમાં વર્ત્તતાં ધાતુથી વર્ત્તમાના જેવી વર્ત્તમાના વિભક્તિ થાય છે.

સ. : पृष्टोक्तौ=पृष्टस्य उक्तिरिति पृष्टोक्तिः, तस्यामिति।

ઉદા. किमकार्षीं कटं चैत्र?=શું ચૈત્રે કટને કર્યો ?
ननु करोमि भोः=હા, મેં કર્યો.
ननु कुर्वन्तं मां पश्य=હા, કરતાં એવા મને જો.



અહીં ભૂતકાળમાં પૂછાયેલ किमकार्षीः कटं चैत्र ? પ્રશ્નનાં ઉત્તરમાં કરાએલ ભૂતકાળ અર્થક ननु करोमि भो ! અને ननु कुर्वन्तं मां पश्य પ્રયોગમાં આ સૂત્રથી વર્ત્તમાના જેવી વિભક્તિ થઈ છે.

વિશેષતા :

(૧) અહીં **अपेक्षातोऽधिकारः १/१२** ન્યાયાનુસારે અનદ્યતનેનો અધિકાર અટકી ગયો છે.

(૨) આ સૂત્રમાં સદ્વત્ એ પ્રમાણેનું કથન હોવાથી વર્ત્તમાનકાળમાં થતાં शतृ અને आनश् પ્રત્યય પણ થાય છે.

नन्वोर्वा ५.२.१८

અ.અ.સૂ. : नन्वोः पृष्टोक्तौ भूते धातोः सद्वत् वर्त्तमाना वा।

અર્થ : ન અને નુ ઉપપદમાં હોતે છતે પૂછેલા પ્રશ્નનાં જવાબમાં ભૂતકાળ અર્થમાં વર્ત્તતાં ધાતુઓથી વર્ત્તમાના જેવી વર્ત્તમાના વિભક્તિ વિકલ્પે થાય છે.

સ. : नन्वोः=नश्च नुश्चेति ननू, तयोरिति।

ઉદા. किमकार्षीः कटं चैत्र ? શું ચૈત્ર તેં ચટાઈ બનાવી ?
न करोमि भो!=ના, મેં નથી કરી.
न कुर्वन्तं मां पश्य=નહીં બનાવેલાં એવા મને તું જો !
વિકલ્પે : नाकार्षम्=ના, મેં નથી કરી.
नु करोमि भो!=હા, મેં બનાવી.
नु कुर्वन्तं मां पश्य=બનાવેલા એવા મને તું જો
વિકલ્પે : न्वकार्षम्=હા, મેં કરી.



અહીં પૂર્વની જેમ ભૂતકાળમાં પૂછાયેલ પ્રશ્નનાં જવાબમાં ન અને નુ નો યોગ હોવાથી આ સૂત્રથી વિકલ્પે વર્ત્તમાના વિભક્તિ થાય છે. તેનાં વિકલ્પ પક્ષમાં અદ્યતની ૫.૨.૪થી અદ્યતની વિભક્તિ થાય છે.

सति ૫.૨.૧૯

અ.અ.સૂ. : सति धातोः वर्त्तमाना।

અર્થ : વર્ત્તમાનકાળ અર્થમાં વર્ત્તતાં ધાતુથી વર્ત્તમાના વિભક્તિ થાય છે.

ઉદા. (૧) **अस्ति**=છે. (असक् भुवि०११०२)

(૨) **कूरं पचति**=ભાત રાંધે છે. (डुपचींष् पाके-८९२)

(૩) **मांसं न भक्षयति**=માંસ ખાતો નથી. (भक्षण् अदने-१७१७)

(૪) **इहाधीमहे**=અહીં અમે ભણીએ છીએ. (इंङ्क् अध्ययने-११०४)

(૫) **तिष्ठन्ति पर्वताः**=પર્વતો છે. (ष्ठां गतिनिवृत्तौ-५)

ઉપરોક્ત ઉદા.માં अस् વગેરે ધાતુ વર્ત્તમાનકાળ અર્થમાં વર્ત્તતાં હોવાથી તે ધાતુથી વર્ત્તમાના વિભક્તિનો तिव् વગેરે પ્રત્યયો થયા છે.

વિશેષતા :

અહીં સૂત્રમાં સતિ અર્થાત્ વર્ત્તમાન અર્થનો નિર્દેશ કર્યો છે. તેનો સામાન્ય અર્થ થાય : **प्रारब्धापरिसमाप्तः क्रियाप्रबन्धः** અર્થાત્ પ્રારંભ થયેલી પણ સમાપ્ત નહીં થયેલી ક્રિયા તેથી. जीवं न मारयति, मांसं न भक्षयति વગેરે ઉદા.માં જીવને નહીં મારવાનો અને

માંસ નહીં ખાવાનો જે નિયમ ગ્રહણ કરાયો છે, પણ સમાપ્ત કરાયો નથી. તેથી, અહીં નિયમની પ્રારબ્ધ-અપરિસમાપ્તિ છે.

તથા, અહીં એની પણ નોંધ લેવી કે, અન્ય ક્રિયાનું વ્યવધાન હોતે છતે પણ જો વિવક્ષિત ક્રિયા પ્રારબ્ધ-અપરિસમાપ્તિ હોય તો પણ આ સૂત્રથી વર્ત્તમાના વિભક્તિ થાય છે. ઉદા. चैत्रो भुङ्क्ते અહીં ભોજન કરવાની ક્રિયા પ્રારંભ કરાઈ છે. પણ પૂર્ણ કરાઈ નથી. અને વચ્ચે-વચ્ચે હસવાની, પાણી પીવાની આદિ ક્રિયાઓ પણ થઈ રહી છે.

शत्रानशावेष्यति तु सस्यौ ५.२.२०

અ.અ.સૂ. : सति धातोः कर्त्तरि शत्रानशौ, एष्यति धातोः तु सस्यौ।

અર્થ : વર્ત્તમાનકાળ અર્થમાં વર્ત્તતાં ધાતુઓથી કર્ત્તા અર્થમાં शतृ અને आनश् પ્રત્યય થાય છે. અને ભવિષ્યકાળ અર્થમાં વર્ત્તતાં ધાતુઓથી તે બે પ્રત્યયો स्यથી યુક્ત થાય છે.

સ. : (૧) **शत्रानशौ**=शतृश्च आनश् चेति।
(૨) **सस्यौ**=सह स्येन वर्त्तते इति।

ઉદા. (૧) **यान्**=જતો. यातीति। (यांक् प्रापणे-१०६२)
આ સૂત્રથી शतृ→या+**अत्**
પ્રથમા સિ વગેરે→**यान्**।

(૨) **शयानः**=સૂતો. शेते इति। (शीङ्क् स्वप्ने-११०५)
આ સૂત્રથી आनश्→शी+**आन**
शीङः एः०४.३.१०४થી ए→**शे**+आन
एदैतोऽ०१.२.२३થી अय्→**शया**न
પ્રથમા સિ વગેરે→शयानः।

(૩) **यास्यन्**=જના૨. यास्यतीति।
આ સૂત્રથી स्य+अतृ→या+**स्यत्**
પ્રથમા સિ વગેરે→यास्**यन्**।

(૪) **शयिष्यमाणः**=ઊંઘના૨. शयिष्यते इति।
આ સૂત્રથી स्य+आन→शी+**स्यमान**
नामिनो गुणो०૪.૩.૧થી गुण→**शे**+स्यमान
स्ताद्यशितो०૪.૪.૩૨થી इट्→शे+**इ**+स्यमान
एदैतोऽ०૧.૨.૨૩થી अय्→**शयि**+स्यमान
नाम्यन्तस्था०૨.૩.૧૫થી स्नो ष्→शयि**ष्य**मान
र-षृवर्णान्नो०૨.૩.૬૩થી न्नो ण्→शयिष्यमा**ण**
પ્રથમા સિ વગેરે→शयिष्यमाणः।

વિશેષતા :

(૧) સૂત્રમાં सस्यौ પદનાં નિર્દેશથી स्य સહિતનાં अत् અને आનનું ગ્રહણ થાય છે. ત્યાં ધ્યાનમાં લેવું કે, स्य પણ પ્રત્યય જ હોવાથી તેનું વિધાન ધાતુથી પર જ થશે. પણ ધાતુની પૂર્વે કે अत्-आन પછી નહીં.

(૨) આ સૂત્રનું વિધાન વર્ત્તમાનકાળમાં કરેલ છે. તેથી વર્ત્તમાના વિભક્તિ અને આ બે પ્રત્યયનો વિષય એક હોવાથી असરૂપતયા असरूपो०૫.૧.૧૬ સૂત્રાનુસારે शतृ-आनश्નાં વિકલ્પમાં ઔત્સર્ગિકા એવી વર્ત્તમાના વિભક્તિ પણ થાય છે.

યદ્યપિ વર્તમાના વિભક્તિ માત્ર પ્રથમાન્ત[1] નામની સાથે સામાનાધિકરણ્યમાં થાય છે. પરંતુ शतृ-आनश् તો

---

૧. **પ્રથમાન્ત નામની સાથે સામાનાધિકરણ્ય**=પ્રથમ વિભક્ત્યન્તા નામની સાથે કૃત્ પ્રત્યયાન્ત અથવા વિભક્તિઅન્તપદનાં અર્થનું એક અધિકરણપણું જેમકે, चैत्रः पचतिમાં चैत्रत्व અને पच् ક્રિયા બંને चैत्रમાં જ રહેલ છે.



દ્વિતીયાદ્યન્તપદની સાથે પણ સામાનાધિકરણ્યમાં થાય છે. આમ, દ્વિતીયા વિભક્ત્યન્ત શતૃ-આનશ્ પ્રત્યયાન્ત પ્રયોગોની સાથે વર્ત્તમાના વિભક્તિનું એકવિષયત્વ ન હોવાથી તેનાં વિકલ્પમાં વર્ત્તમાના વિભક્તિ થતી નથી. એ પ્રમાણે આગામી સૂત્રોમાં પણ જાણવું.

(૩) સૂત્રગત શતૃ પ્રત્યયમાં શ્ ઈત્ શિત્ કાર્ય માટે અને ઋ ઈત્ ङी પ્રત્યય વગેરે કરવા માટે છે.

तौ माङ्याक्रोशेषु ५.२.२१

અ.અ.સૂ. : माङि आक्रोशेषु धातोः कर्त्तरि तौ।

અર્થ : માઙ્ અવ્યય ઉપપદમાં હોતે છતે અને આક્રોશ અર્થ જણાતે છતે ધાતુથી કર્ત્તા અર્થમાં શતૃ અને આનશ્ પ્રત્યય થાય છે.

ઉદા. (૧) मा पचन् वृषलो ज्ञास्यति=નહીં રાંધતો હે વૃષલ ! તને ખબર પડશે.

(૨) **मा पचमानोऽसौ मर्तुकामः**=નહીં રાંધતો આ મરવાની ઈચ્છાવાળો છે.

આ ઉદા.માં માઙ્ અવ્યયનો યોગ અને આક્રોશ અર્થ ગમ્યમાન છે. માટે આ સૂત્ર દ્વારા પચ્ ધાતુથી શતૃ અને આનશ્ પ્રત્યય થયાં છે.

વિશેષતા :

(૧) સૂત્રમાં આક્રોશેષુ એ પ્રમાણે બ.વ. વર્ત્તમાનકાળ અર્થમાં નહીં વર્ત્તતાં ધાતુઓથી પણ ઉપરોક્ત નિમિત્ત જણાતાં હોય તો શતૃ અને આનશ્ કરવા માટે છે.



જિ. : અહીં પૂર્વસૂત્રથી શતૃ-આનશ્ પ્રત્યયનો અધિકાર આવી જ રહ્યો હતો. તો તેને જ જણાવનારા તૌ પદનો નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : સૂત્રગત તૌ પદ તે અવધારણ માટે છે. તેથી આ સૂત્રનાં વિષયમાં અસરૂપવિધિ વડે અસરુપોऽપવાદે૦૫.૧.૧૬થી વિકલ્પે પણ માઙ્યદ્યતની ૫.૨.૩૧ સૂત્ર દ્વારા અદ્યતની વિભક્તિ થશે નહીં.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો અસરૂપવિધિ વડે અદ્યતની વિભક્તિ પણ વિકલ્પે ઈચ્છે છે.

वा वेत्तेः क्वसुः ૫.૨.૨૨

અ.અ.સૂ. : सति वेत्तेः कर्त्तरि क्वसुः वा।

અર્થ : વર્ત્તમાનકાળ અર્થમાં વર્ત્તતાં વિદ્ ધાતુથી કર્ત્તા અર્થમાં ક્વસુ પ્રત્યય વિકલ્પે થાય છે.

ઉદા. तत्त्वं विद्वान्/विदन्=તત્ત્વને જાણનાર. तत्त्वं वेत्तीति।
(विदृंक् ज्ञाने-૧૦૯૯)
આ સૂત્રથી ક્વસુ→વિદ્+**વસ્**
પ્રથમા સિ વગેરે→**વિદ્વાન્**
વિકલ્પે : જ્યારે ક્વસુ ન થાય ત્યારે,
શત્રાનશા૦૫.૨.૨૦થી શતૃ→વિદ્+**અત્**
પ્રથમા સિ વગેરે→**વિદન્**।

વિશેષતા :

(૧) સૂત્ર નિર્દિષ્ટ ક્વસુ પ્રત્યયમાં ક્કાર કિત્ કાર્ય માટે અને ઉકાર ઙી પ્રત્યય તેમજ ન્ આગમ જેવા કાર્ય માટે જાણવું.

(૨) યદ્યપિ અહીં અસરુપોઽપવાદે૦૫.૧.૧૬ સૂત્રથી જ ક્વસુનાં વિકલ્પમાં અસરૂપતયા શતૃનું ગ્રહણ થઈ જાય છે. તો પણ સૂત્રમાં વા પદનું ગ્રહણ અહીં અસરૂપ વિધિનું નિયમન કરવા માટે છે. તેથી વય-શક્તિ૦૫.૨.૨૪ સૂત્રમાં અસરૂપ વિધિ દ્વારા શતૃ પ્રત્યય થતો નથી.

पूङ्-यजः शानः ૫.૨.૨૩

અ.અ.સૂ. : सति पूङ्-यजः धातोः कर्त्तरि शानः।

અર્થ : વર્ત્તમાનકાળ અર્થમાં વર્ત્તતાં પૂ અને યજ્ ધાતુથી કર્ત્તા અર્થમાં શાન પ્રત્યય થાય છે.

સ. : पूङ्-यजः=पूङ् च यज् चेति पूङ्-यज्, तस्मादिति।

ઉદા. (૧) **पवमानः**=પવિત્ર કરતો. (पूङ् पवने-૬૦૦)
આ સૂત્રથી શાન→पू+**आन**
कर्त्तर्यनद्०૩.૪.૭૧થી શવ્→पू+**अ**+आन
नामिनो गुणो०૪.૩.૧થી ગુણ→**पो**+अ+आन
ओदौतोऽ०૧.૨.૨૪થી અવ્→**पव्**+अ+आन
अतो म०૪.૪.૧૧૪થી મ્ આગમ→पव**मा**न
પ્રથમા સિ વગેરે→पवमानः।

(૨) **यजमानः**=યજ્ઞ કરતો. (यजीं देवपूजा०૯૯૧)
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

વિશેષતા :

સૂત્રનિર્દિષ્ટ શાન પ્રત્યયમાં શ્કાર શિત્ સંબંધી કાર્ય માટે જાણવો.

જિ. : અહીં સૂત્રમાં શાન પ્રત્યયનો નિર્દેશ કર્યો છે. તેનાથી यजमानः જેવાં પ્રયોગો સિદ્ધ થાય છે. અને તે પ્રયોગ



शत्रानशा०५.२.२० सूत्रथी थतां आनश् प्रत्ययथी पण सिद्ध જ હતો. તો આ સૂત્રનો નિર્દેશ શા માટે કર્યો ?

સમા. : વસ્તુતઃ यज् ધાતુ ઉભયપદી છે. ત્યાં ફલવાન કર્ત્તાનાં વિષયમાં આત્મનેપદ થાય છે. અને અફલવાન કર્ત્તાનાં વિષયમાં પરસ્મૈપદ થાય છે. જ્યારે આનશ્ પ્રત્યય પરાણિ કાના૦ ૩.૩.૨૦ સૂત્રથી આત્મનેપદસંજ્ઞક થાય છે. તેથી પરસ્મૈપદનાં વિષયમાં આનશ્ પ્રત્યયની પ્રાપ્તિ ન થતાં यजमानः પ્રયોગ થશે નહીં. માટે પરસ્મૈપદમાં પણ તે પ્રયોગની પ્રાપ્તિ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે. તેમજ, તૃપ્તાર્થા-પૂરણ૦૩.૧.૯૦ સૂત્રથી આનશ્ પ્રત્યયાન્તનાં યોગમાં ષષ્ઠી તત્પુરુષ સમાસ થશે નહીં. જ્યારે આ સૂત્રથી થયેલ કાન પ્રત્યય ષષ્ઠી તત્પુરુષ સમાસ પણ પ્રાપ્ત કરાવે છે.

वयः-शक्ति-शीले ५.२.२४

અ.અ.સૂ. : वयः-शक्ति-शीले सति धातोः कर्त्तरि शानः।

અર્થ : વય, શક્તિ અને શીલ અર્થ જણાતે છતે વર્ત્તમાનકાળ અર્થમાં વર્ત્તતાં ધાતુથી કર્ત્તા અર્થમાં શાન પ્રત્યય થાય છે.

સ. : वयः-शक्ति-शीले=वयश्च शक्तिश्च शीलं चेति वयः-शक्ति-शीलम्, तस्मिन्निति।

ઉદા. (૧) स्त्रियं गच्छमानाः=સ્ત્રીની પાસે જનારાઓ.
(गम्लृं गतौ-३९६)
આ સૂત્રથી શાન→गम्+**आन**
कर्त्तर्यनद्०३.४.७१થી શવ્→गम्+**अ**+आन
गमिषद्य०४.२.१०૬થી મ્નો છ્→**गच्छ्**+अ+आन
દ્વિત્વ વગેરે થતાં→**गच्छ्**+अ+आन



अतो म आने ४.४.११४थी म् आगम→गच्छ+**मान**
प्रथमा जस् वगेरे→गच्छमानाः।

(२) **समश्नानाः**=सारी रीते खानार. (अशश् भोजने-१५५८)
आ सूत्रथी शान→सम्+अश्+**आन**
क्र्यादेः ३.४.७९थी श्ना→सम्+अश्+**ना**+आन
प्रथमा जस् वगेरे→समश्नानाः।

(३) **परान्निन्दमानाः**=बीजानी निंदा करनार.
(णिदु कुत्सायाम्-३११)
उदितः स्वरान्नो०४.४.९८थी निन्द् धातु
अहीं श्ना वगेरे प्रत्ययोनुं कार्य पूर्व प्रमाणे करवुं.

विशेषता :

आ सूत्र आपवादिक विधि छे. अने शत्रानशा०५.२.२० सूत्र औत्सर्गिक विधि छे. तेथी असरुपोऽपवादे०५.१.१९ सूत्रथी विकल्पे शतृ प्रत्यय थवानी प्राप्ति हती. परंतु शास्त्रमां वय वगेरे अर्थमां शतृनुं अभिधान न होवाथी असरूपविधि थती नथी.

धारीङेऽकृच्छ्रेऽतृश् ५.२.२५

अ.अ.सू. : अकृच्छ्रे सति धारीङः धातोः कर्त्तरि अतृश्।

अर्थ : सुखपूर्वक मेळववा योग्य अर्थ जणाते छते वर्त्तमानकाळ अर्थमां वर्त्ततां धारि अने इ धातुथी कर्ता अर्थमां अतृश् प्रत्यय थाय छे.

स. : (१) **धारीङः**=धारिश्च इङ् चेति धारीङ्, तस्मादिति।
(२) **अकृच्छ्रे**=न कृच्छ्र इति अकृच्छ्रः, तस्मिन्निति।



ઉદા. (૧) **धारयन् आचाराङ्गम्**=સુખપૂર્વક આચારાંગને ધારણ કરનાર.
અકૃચ્છ્રેણ ધારયતીતિ। (धृग्ण् धारणे-चुरादि)
चुरादिभ्यो ૩.૪.૧૭થી णिच्→धृ+**इ**
नामिनोऽ०४.૩.૫૧થી वृद्धि→**धारि**
આ સૂત્રથી अतृश्→धारि+**अत्**
પૂર્વ પ્રમાણે शव् વગેરે થતાં→धार**यन्**।

(૨) **अधीयन् द्रुमपुष्पीयम्**=દ્રુમપુષ્પીય અધ્યયનને સુખપૂર્વક ધારણ કરનાર.
અકૃચ્છ્રેણ અધીતે इति। (इङ्क् अध्ययने-૧૧૦૪)
આ સૂત્રથી अतृश्→अधि+इ+**अत्**
धातोरिवर्णो०२.૧.૫૦થી इનો इय्→अधि+**इयत्**
પ્રથમા सि વગેરે→अ**धीयन्**।

વિશેષતા :

અહીં ધ્યાનમાં લેવું કે, इ ધાતુ ङ् ઈત્વાળો હોવાથી આત્મનેપદી છે. તેથી તે ધાતુથી आनश् પ્રત્યયની પ્રાપ્તિ હતી. તથા धारि ધાતુ ग् ઈત્વાળો હોવાથી ઉભયપદી છે. તેથી તે ધાતુથી शतृ-आनश् બંને પ્રત્યયની પ્રાપ્તિ હતી. તે બંનેનો બાધ કરીને માત્ર अतृश् પ્રત્યયાન્ત પ્રયોગ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

તેમજ, અહીં असરૂપવિધિ વડે પણ અન્ય પ્રત્યયોની વિકલ્પે પ્રાપ્તિ થતી નથી.

सुग्-द्विषार्हः सत्रि-शत्रु-स्तुत्ये ૫.૨.૨૬

અ.અ.સૂ. : सति सुग्-द्विषार्हः धातोः सत्रि-शत्रु-स्तुत्ये कर्त्तरि अतृश्।

અર્થ : વર્ત્તમાનકાળ અર્થમાં વર્ત્તતાં सु, द्विष् અને अर्ह् ધાતુથી અનુક્રમે સત્રિ, શત્રુ અને સ્તુત્ય સ્વરૂપ કર્ત્તા અર્થમાં अतृश् પ્રત્યય થાય છે.



સ. : (૧) **सुग्-द्विषार्हः**=सुग् च द्विषश्च अर्ह् चेति सुग्-द्विषाऽर्ह, तस्मादिति।

(૨) **सत्रि-शत्रु-स्तुत्ये**=सत्री च शत्रुश्च स्तुत्यश्चेति सत्रिशत्रुस्तुत्यम्, तस्मिन्निति।

ઉદા. (૧) **सर्वे सुन्वन्तः**=બધા યજ્ઞોનાં કરનારાં सर्वे सुन्वन्तीति। (षुंगट् अभिषवे-૧૨૮૬)
આ ઉદા.ની સાધનિકા પૂર્વસૂત્ર નિર્દિષ્ટ धारयन् પ્રમાણે જાણવી. પરંતુ અહીં स्वादेः श्नुः ૩.૪.૭૫થી श्नु પ્રત્યય લગાડવો.

(૨) **चौरं द्विषन्**=ચોરનો દ્વેષ કરનાર (शत्रु) चौरं द्वेष्टीति। (द्विषींक् अप्रीतौ-૧૧૨૬)
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

(૩) **पूजामर्हन्**=પૂજાને યોગ્ય (स्तुत्य-પરમાત્મા) पूजामर्हतीति। (अर्ह पूजायाम्-૫૬૪)
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

પ્ર.ઉદા. **एष्विति किम् ? सुरां सुनोति**=મદિરા કાઢે છે.

આ સૂત્રની પ્રવૃત્તિ સત્રિ વગેરે કર્ત્તા અર્થમાં થાય છે. જ્યારે અહીં સત્રિ સ્વરૂપ કર્ત્તા નથી. માટે આ સૂત્રથી अतृश् પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

સૂત્રનિર્દિષ્ટ सुग्-द्विषार्हः એ પ્રમાણે કાર્યાદર્શક પદ અને सत्रि-शत्रु-स्तृत्ये એ પ્રમાણે નિમિત્ત દર્શક પદ બંનેની સંખ્યા અને વચન સમાન હોવાથી **यथासङ्ख्यमनुदेशः समानाम् ૧/૧૦** ન્યાયાનુસારે અનુક્રમની પ્રાપ્તિ થાય છે.

तृन् शील-धर्म-साधुषु ५.२.२७

अ.अ.सू. : सति शील-धर्म-साधुषु धातोः कर्त्तरि तृन्।

अर्थ : वर्त्तमानकाळ अर्थक शील, धर्म अने साधु अर्थमां वर्त्ततां धातुथी कर्त्ता अर्थमां तृन् प्रत्यय थाय छे.

स. : शील-धर्म-साधुषु=शीलं च धर्मश्च साधुश्चेति शील-धर्म-साधवः, तस्मिन्निति।

उदा. (१) **कर्त्ता कटम्**=कटने करवानां स्वभाववाळो.
कटं करोतीत्येवंशील इति।
आ सूत्रथी तृन्→कृ+**तृ**
नामिनो०४.३.१थी गुण→**कर्तृ**
प्रथमा सि वगेरे→**कर्ता**।

(२) **वधूमूढां मुण्डयितारः श्राविष्ठायनाः**=परणेली स्त्रीनुं मुंडन करावनारा श्रविष्ठ देशनां लोको.
मुण्डयतीत्येवं धर्माण इति।
णिज्बहुलं०३.४.४२थी णिच्→मुण्ड+**इ**
त्रन्त्यस्वरादेः ७.४.४३थी अनो लोप→मुण्डि
पूर्व प्रमाणे तृन् वगेरे→मुण्डयितारः।

(३) **गन्ता खेलः**=रमतने सारी रीते जाणनारो.
साधु गच्छतीति। (गम्लृं गतौ-३९६)
आ उदा.नी साधनिका पूर्व प्रमाणे जाणवी.

विशेषता :

(१) यद्यपि अहीं सूत्रगत ब.व.नुं कोई प्रयोजन जणातुं नथी. परंतु अनुवृत्तिथी सन्-भिक्षा०५.२.३३ सूत्रमां संख्या समान थई जवाथी ते बंने वच्चे अनुक्रमनी प्राप्ति थवानी हती. तेनां निषेध माटे ज ब.व. करेल छे.

भ्राज्यलङ्कृग्-निराकृग्-भू-सहि-रुचि-वृति-वृधि-चरि-जना-ऽपत्रप इष्णुः ५.२.२८

अ.अ.सू. : सति शील-धर्म-साधुषु भ्राज्यलङ्कृग्-निराकृग्-भू-सहि-रुचि-वृति-वृधि-चरि-जना-ऽपत्रपः धातोः कर्त्तरि इष्णुः।

अर्थ : वर्त्तमानकाळ अर्थक शीलादि अर्थमां वर्त्ततां भ्राज्, अलम्+कृ, निर्+आ+कृ, भू, सह्, रुच्, वृत्, वृध्, चर्, जन् अने अप+त्रप् धातुथी कर्त्ता अर्थमां इष्णु प्रत्यय थाय छे.

स. : भ्राज्यलङ्कृग्-निराकृग्-भू-सहि-रुचि-वृति-वृधि-चरि-जना-ऽपत्रपः=भ्राजिश्च अलङ्कृग् च निराकृग् च भूश्च सहिश्च रुचिश्च वृतिश्च वृधिश्च चरिश्च जनश्च अपत्रप् चेति भ्राज्यलङ्कृग्-निराकृग्-भू-सहि-रुचि-वृति-वृधि-चरि-जना-ऽपत्रप्, तस्मादिति।

उदा. (१) **भ्राजिष्णुः**=शोभनार. भ्राजते[१] इत्येवंशीलः....
(टुभ्राजि दीप्तौ-८९४)
आ सूत्रथी इष्णु→भ्राज्+**इष्णु**
पूर्व प्रमाणे अहीं त्रणेय अर्थ करवा.
प्रथमा सि वगेरे→भ्राजिष्णुः।

(२) **अलङ्करिष्णुः**=शणगारनारो. अलङ्करोतीत्येवंशील...इति।
(डुकृंग् करणे-८८८)

(३) **निराकरिष्णुः**=निराकरण करनार.
निराकरोतीत्येवंशील...इति।

---

१. पूर्व प्रमाणे त्रणेय अर्थ करवा.

(४) **भविष्णुः**=થનાર. भवतीत्येवंशील...इति।
(भू सत्तायाम्-१)

(५) **सहिष्णुः**=સહન કરનાર. सहते इत्येवंशील...इति।
(षहि मर्षणे-९९०)

(६) **रोचिष्णुः**=શોભનાર रोचते इत्येवंशील...इति।
(रुचि अभिप्रीत्यां च-९३८)

(७) **वर्त्तिष्णुः**=રહેનાર. वर्त्तते इत्येवंशील...इति।
(वृतूङ् वर्त्तने-९५५)

(८) **वर्धिष्णुः**=વધનાર. वर्धते इत्येवंशील...इति।
(वृधूङ् वृद्धौ-९५७)

(९) **चरिष्णुः**=ભટકનાર. चरति इत्येवंशील...इति।
(चर भक्षणे च-४१०)

(१०) **प्रजनिष्णुः**=ઉત્પન્ન કરનાર. प्रजायते इत्येवंशील...इति।
(जनैचि प्रादुर्भावे-१२६५)

(११) **अपत्रपिष्णुः**=નિર્લજ્જ અવસ્થાને પામનાર. अपत्रपते इत्येवंशील इति।
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો भ्राज् ધાતુથી આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છતાં નથી.

उदः पचि-पति-पदि-मदेः ५.२.२९

અ.અ.સૂ. : सति शील-धर्म-साधुषु उदः पचि-पति-पदि-मदेः धातोः कर्त्तरि इष्णुः।

અર્થ : વર્ત્તમાનકાળ અર્થક શીલાદિ અર્થમાં વર્ત્તતાં उद् ઉપસર્ગથી પર રહેલ पच्, पत्, पद् અને मद् ધાતુથી કર્તા અર્થમાં इष्णु પ્રત્યય થાય છે.

સ. : पचि-पति-पदि-मदेः=पचिश्च पतिश्च पदिश्च मदिश्चेति पचि-पति-पदि-मदि, तस्मादिति।

ઉદા. (૧) **उत्पचिष्णुः**=ઊભા ઊભા રાંધનારો. उत्पचतीत्येवंशील... (डुपचींष् पाके-८९२)

(૨) **उत्पतिष्णुः**=ઊંચે ઊડનારો. उत्पततीत्येवंशील... (पत्लृ गतौ-९६२)

(૩) **उत्पदिष्णुः**=ઊંચે ઊડનારો. उत्पद्यते इत्येवंशील... (पदिंच् गतौ-१२५७)

(૪) **उन्मदिष्णुः**ઉન્મત્ત થનારો. उन्माद्यतीत्येवंशील... (मदैच् हर्षे-१२३६)

આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ इष्णु પ્રત્યયનું વિધાન આ સૂત્રથી કરવું.

અન્ય મત :

(૧) અન્ય કેટલાંક વ્યાકરણકારો पद् ધાતુથી આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છતાં નથી.

भू-जेः ष्णुक् ५.२.३०

અ.અ.સૂ. : सति शील-धर्म-साधुषु भू-जेः धातोः कर्त्तरि ष्णुक्।

અર્થ : વર્ત્તમાનકાળ અર્થક શીલાદિ અર્થમાં વર્ત્તતાં भू અને जि ધાતુથી કર્ત્તા અર્થમાં ष्णुक् પ્રત્યય થાય છે.

સ. : भू-जेः=भूश्च जिश्चेति भूजि, तस्मादिति।

ઉદા. (૧) **भूष्णुः**=થનારો. भवतीत्येवंशील... (भू सत्तायाम्-१)
આ સૂત્રથી ष्णुक्→भू+**ष्णु**
પ્રથમા સિ વગેરે→भूष्णुः।

(૨) **जिष्णुः**=જીતનારો. जयतीत्येवंशील... (जि अभिभवे-८)
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

વિશેષતા :

સૂત્રગત ष्णुक् પ્રત્યયમાં ક્કાર ગુણનાં નિષેધ આદિ સ્વરૂપ કિત્ કાર્ય માટે જાણવો.

स्था-ग्ला-म्ला-पचि-परिमृजि-क्षेः स्नुः ૫.૨.૩૧

અ.અ.સૂ. : सति शील-धर्म-साधुषु स्था-ग्ला-म्ला-पचि-परिमृजि-क्षेः धातोः कर्त्तरि स्नुः।

અર્થ : વર્ત્તમાનકાળ અર્થક શીલાદિ અર્થમાં વર્ત્તતાં स्था, ग्ला, म्ला, पच्, परि+मृज् અને क्षि ધાતુથી કર્ત્તા અર્થમાં स्नु પ્રત્યય થાય છે.

સ. : स्था-ग्ला-म्ला-पचि-परिमृजि-क्षेः=स्थाश्च ग्लाश्च म्लाश्च पचिश्च परिमृजिश्च क्षिश्चेति स्था-ग्ला-म्ला-पचि-परिमृजि-क्षि, तस्मादिति।

ઉદા. (૧) **स्थास्नुः**=ઊભો રહેનાર. तिष्ठतीत्येवंशील...
(ष्ठां गतिनिवृत्तौ-५)
આ સૂત્રથી स्नु→स्था+**स्नु**
પ્રથમા સિ વગેરે→स्थास्नुः।

(૨) **ग्लास्नुः**=ખિન્ન થનાર. ग्लायतीत्येवंशील...
(ग्लैं हर्षक्षये-३१)

(૩) **म्लास्नुः**=ગ્લાનિ પામનાર. म्लायतीत्येवंशील...
(म्लैं गात्रविनामे-३२)
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

(૪) **पक्ष्णुः**=રાંધનાર. पचतीत्येवंशील... (डुपचींष् पाके-८९२)
આ સૂત્રથી स्नु→पच्+**स्नु**
च-जः०२.१.८६થી च्નો क्→**पक्**+स्नु
नाम्यन्तस्था०२.३.१५થી स्નો ष्→**पक्ष्**नु
र-षृवर्णान्नो०२.३.६३થી न्નો ण्→पक्ष**्णु**
પ્રથમા સિ વગેરે→पक्ष्णुः।

(૫) **परिमाक्ष्र्णु**=સાફ કરનારો. परिमार्ष्टीत्येवंशील...
(मृजौक् शुद्धौ-१०९७)
આ સૂત્રથી स्नु→परि+मृज्+**स्नु**
लघोरुपा०४.३.४થી ગુણ→परि+**मर्ज्**+स्नु
मृजोऽस्य०४.३.४२થી વૃદ્ધિ→परि+**मार्ज्**+स्नु
પૂર્વ પ્રમાણે જ્નો ગ્ વગેરે→परिमा**क्ष्र्णुः**।

(૬) **क्षेष्णुः**=નાશ પામનાર. क्षयतीत्येवंशील... (क्षिं क्षये-१०)
આ સૂત્રથી स्नु→क्षि+**स्नु**
नामिनो०४.३.१થી ગુણ→**क्षे**+स्नु
नाम्यन्तस्था०२.३.१५થી स्નો ष्→क्षे+**ष्नु**
र-षृवर्णान्नो०२.३.६३થી न्નो ण्→क्षे**ष्णु**
પ્રથમા સિ વગેરે→क्षेष्णुः।

અન્ય મત :

म्ला વગેરે ધાતુઓથી આ સૂત્રની પ્રવૃત્તિ કેટલાંક વ્યાકરણકારો જ ઈચ્છે છે. પાણિનિમાં પણ તે પ્રવૃત્તિ ઈષ્ટ નથી.

त्रसि-गृधि-धृषि-क्षिपः क्नुः ५.२.३२

અ.અ.સૂ. : सति शील-धर्म-साधुषु त्रसि-गृधि-धृषि-क्षिपः धातोः कर्त्तरि क्नुः।

અર્થ : વર્ત્તમાનકાળ અર્થક શીલાદિ અર્થમાં વર્ત્તતાં त्रस्, गृध्, धृष् અને क्षिप् ધાતુથી કર્ત્તા અર્થમાં क्नु પ્રત્યય થાય છે.

સ. : त्रसि-गृधि-धृषि-क्षिपः=त्रसिश्च गृधिश्च धृषिश्च क्षिप् चेति त्रसि-गृधि-धृषि-क्षिप्, तस्मादिति।

ઉદા. (૧) **त्रस्नुः**=હરનારો. त्रस्यतीत्येवंशील... (त्रसैच् भये-११७१)
આ સૂત્રથી नु→त्रस्+**नु**
પ્રથમા सि વગેરે→**त्रस्नुः**।

(૨) **गृध्नुः**=લોભ કરનાર. गृध्यतीत्येवंशील...
(गृधूच् अभिकाङ्क्षायाम्-११८७)

(૩) **धृष्णुः**=ઠગનાર. धृष्णोतीत्येवंशील...
(ञिधृषाट् प्रागल्भ्ये-१३१२)

(૪) **क्षिप्नुः**=ફેંકનાર. क्षिपतीत्येवंशील... (क्षिपींत् प्रेरणे-१३१७)
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

વિશેષતા :

સૂત્રનિર્દિષ્ટ क्नु પ્રત્યયમાં क्કાર ગુણ નિષેધ સ્વરૂપ कित् કાર્ય માટે જાણવું.

सन्-भिक्षा-ऽऽशंसेरुः ५.२.३३

અ.અ.સૂ. : सति शील-धर्म-साधुषु सन्-भिक्षा-आशंसेः धातोः कर्त्तरि उः।

અર્થ : વર્ત્તમાનકાળાર્થક શીલાદિ અર્થમાં વર્ત્તતાં सन् પ્રત્યયાન્ત ધાતુ તેમજ, भिक्ष् અને आ+शंस् ધાતુથી કર્ત્તા અર્થમાં उ પ્રત્યય થાય છે.

સ. : सन्-भिक्षा-ऽऽशंसेः=सन् च भिक्ष् च आशंसिश्चेति सन्-भिक्षा-ऽऽशंसि, तस्मादिति।

ઉદા. (૧) **लिप्सुः**=મેળવનાર. लिप्सतीत्येवंशील...
(डुलभिंष् प्राप्तौ-७८६)
આ સૂત્રથી ધાતુથી सन् પ્રત્યયાન્ત उ→लिप्स+**उ**
પ્રથમા सि વગેરે→लिप्सुः।

(૨) **भिक्षुः**=ભિક્ષા પૂર્વક વર્ત્તનારો. भिक्षत इत्येवंशील...
(भिक्षि याञ्चायाम्-८८०)

(૩) **आशंसुः**=ઈચ્છા કરનારો. आशंसते इत्येवंशील...
(शसूङ् इच्छायाम्-८५३)
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

વિશેષતા :

સૂત્રનિર્દિષ્ટ आशंसः પદ દ્વારા शसूङ्-८५३ અને शंसू-५५० ધાતુનું ગ્રહણ એમ બે થઈ શકે છે. પરંતુ शंसू-५५० ધાતુનો आङ् સાથે યોગ અનિયત હોવાથી તેનું ગ્રહણ ન થતાં માત્ર शसूङ्-८५३ ધાતુનું જ ગ્રહણ થાય છે.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો સ્તુત્યર્થક शंसू-५५० ધાતુથી પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે.

विन्द्विच्छू ५.२.३४

અ.અ.સૂ. : सति शील-धर्म-साधुषु विन्द्विच्छू कर्त्तरि।

અર્થ : વર્ત્તમાનકાળ અર્થક શીલાદિ અર્થમાં વર્ત્તતાં વિદ્ અને ઇષ્ ધાતુથી उ પ્રત્યય અને અનુક્રમે न् ઉપાન્ત્ય અને छ् અન્તવાળાં થઈને વિન્દૂ અને ઇચ્છુ પ્રયોગ કર્ત્તા અર્થમાં નિપાતન થાય છે.

સ. : विन्द्विच्छू=विन्दूश्च इच्छुश्चेति।

ઉદા. (૧) विन्दुः=જાણકાર. वेत्तीत्येवंशील... (विदंक् ज्ञाने-१०१९)
આ સૂત્રથી उ અને ઉપાન્ત્યમાં न् આગમ→**विन्दु**
પ્રથમા સિ વગેરે→विन्दुः।

(૨) **इच्छुः**=ઈચ્છનાર. इच्छतीत्येवंशील...
(इषत् इच्छायाम्-१४१९)
આ સૂત્રથી उ અને અન્ત્યમાં ष्નો छ्→इछ्+**उ**
દ્વિત્વ, પ્રથમા સિ વગેરે→**इच्छुः**।

शृ-वन्देरारुः ५.२.३५

અ.અ.સૂ. : सति शील-धर्म-साधुषु शृ-वन्देः धातोः कर्त्तरि आरुः।

અર્થ : વર્ત્તમાનકાળ અર્થક શીલાદિ અર્થમાં વર્ત્તતાં शृ અને वन्द् ધાતુથી કર્ત્તા અર્થમાં आरु પ્રત્યય થાય છે.

સ. : शृ-वन्देः=शृश्च वन्दिश्चेति शृ-वन्दि, तस्मादिति।

ઉદા. (૧) विशरारुः=નાશ પામનાર विशर्यते इत्येवंशील...
(शृश् हिंसायाम्-१५३१)
આ સૂત્રથી आरु→वि+शृ+**आरु**



नामिनो गुणो०४.३.१थी गुण→**विशरारु**
प्रथमा सि वगेरे→विशरारुः।

(२) **वन्दारुः**=वंदन કરનાર. (वदुङ् स्तुति०७२१)
वन्दत इत्येवंशील...
આ સૂત્રથી आरु→वद्+**आरु**
उदितः स्वरा०४.४.९८थी न् आगम→**वन्दारु**
प्रथमा सि वगेरे→वन्दारुः।

दा-ट्धे सि-शद-सदो रुः ५.२.३६

અ.અ.સૂ. : सति शील-धर्म-साधुषु दा-ट्धे-सि-शद-सदः धातोः कर्त्तरि रुः।

અર્થ : વર્ત્તમાનકાળઅર્થક શીલાદિ અર્થમાં વર્ત્તતાં दा, धे, सि, शद् અને सद् ધાતુથી કર્ત્તા અર્થમાં रु પ્રત્યય થાય છે.

સ. : दा-ट्धे-सि-शद-सदः=दाश्च ट्धेश्च सिश्च शदश्च सद् चेति दा-ट्धे सि-शद-सद्, तस्मादिति।

ઉદા. (१) **दारुः**=આપનાર. ददातीत्येवंशील... (दां दाने-७)
આ સૂત્રથી रु→दा+**रु**
प्रथमा सि वगेरे→दारुः।

(२) **धारुः**=પીનાર. धयतीत्येवंशील... (ट्धें पाने-२८)

(३) **सेरुः**=બાંધનાર. सिनोतीत्येवंशील... (षिंगट् बन्धने-१२८७)

(४) **शद्रुः**=હિંસા કરનાર. शीयते इत्येवंशील...
(शद्लृं शातने-९६७)

(५) **सद्रुः**=દુઃખી થનાર. सीदतीत्येवंशील... (षद्लृं विशरणे-९६६)
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.





વિશેષતા :

યદ્યપિ સૂત્રગત दा પદથી **स्वं रुपं शब्दस्याऽशब्दसंज्ञा १/१** ન્યાયાનુસારે दा સંજ્ઞક ધાતુઓનું ગ્રહણ થવું જોઈએ. પરંતુ સૂત્રમાં दा સંજ્ઞક જ धे ધાતુનું પૃથક્ ગ્રહણ કર્યું હોવાથી અહીં दा પદથી दा સ્વરૂપ ધાતુનું ગ્રહણ થાય છે. પણ दा સંજ્ઞક ધાતુનું નહીં.

शीङ्-श्रद्धा-निद्रा-तन्द्रा-दयि-पति-गृहि-स्पृहेरालुः ५.२.३७

અ.અ.સૂ. : सति शील-धर्म-साधुषु शीङ्-श्रद्धा-निद्रा-तन्द्रा-दयि-पति-गृहि-स्पृहेः धातोः कर्त्तरि आलुः।

અર્થ : વર્ત્તમાનકાળઅર્થક શીલાદિ અર્થમાં વર્ત્તતાં शी, श्रद्धा, निद्रा, तन्द्रा, दय्, पत्, गृह् અને स्पृह् ધાતુથી કર્ત્તા અર્થમાં आलु પ્રત્યય થાય છે.

સ. : शीङ्-श्रद्धा-निद्रा-तन्द्रा-दयि-पति-गृहि-स्पृहेः=शीङ् च श्रद्धा च निद्रा च तन्द्रा च दयिश्च पतिश्च गृहिश्च स्पृहिश्चेति शीङ्-श्रद्धा-निद्रा-तन्द्रा-दयि-पति-गृहि-स्पृहि, तस्मादिति।

ઉદા. (૧) शयालुः=ઊંઘના૨. शेते इत्येवंशील...
(शीङ्क् स्वप्ने-११०५)
આ સૂત્રથી आलु→शी+**आलु**
नामिनो गुणो०४.३.१थी गुण→**शे**+आलु
एदैतोऽ०१.२.२३थी अय्→**शया**लु
प्रथमा सि वगेरे→शयालुः।

(૨) श्रद्धालुः=श्रद्धा ક૨ના૨. श्रद्धते इत्येवंशील...
(डुधांग्क् धारणे-११३९)



(૩) **निद्रालुः**=ઊંઘના૨. निद्राति इत्येवंशील...
(द्रांक् कुत्सितगतौ-१०६६)

(૪) **तन्द्रालुः**=આળસ ક૨ના૨. तत्+द्रातीत्येवंशील...

(૫) **दयालुः**=દયા ક૨ના૨. दयते इत्येवंशील... (देङ् पालने-६०४)

(૬) **पतयालुः**=પડના૨. पतयतीत्येवंशील... (पतण् गतौ-१८७८)

(૭) **गृहयालुः**=ગ્રહણ ક૨ના૨. गृहयतीत्येवंशील...
(गृहणि ग्रहणे-१९३९)

(૮) **स्पृहयालुः**=ઇચ્છા ક૨ના૨. स्पृहयतीत्येवंशील...
(स्पृहण् ईप्सायाम्-१९२८)
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો मृगण्-१९३० ધાતુથી પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઈચ્છે છે.

ङौ सासहि-वावहि-चाचलि-पापति ५.२.३८

અ.અ.સૂ. : सति शील-धर्म-साधुषु ङौ सासहि-वावहि-चाचली-पापति कर्त्तरि।

અર્થ : વર્ત્તમાનકાળઅર્થક શીલાદિ અર્થમાં વર્ત્તતાં सह, वह, चल् અને पत् ધાતુથી ङि પ્રત્યય થયે છતે અનુક્રમે કર્ત્તા અર્થમાં सासहि, वावहि, चाचलि અને पापति પ્રયોગ નિપાતન પામે છે.

સ. : सासहि-वावहि-चाचलि-पापति=सासहिश्च वावहिश्च चाचलिश्च पापतिश्चेति।

ઉદા. (૧) **सासहिः**=ઘણું/વારંવાર સહન કરનાર. भृशं पुनः पुनर्वा सहते इति सासह्यते। सासह्यते इत्येवंशील... इति।
આ સૂત્રથી ङि→सासह्य+**इ**
અને यनो લોપ→सासहि
પ્રથમા सि વગેરે→सासहिः।

(૨) **वावहिः**=ઘણું/વારંવાર વહન કરનાર.
वावह्यते इत्येवंशील... (वहीं प्रापणे-९९६)

(૩) **चाचलिः**=વક્ર ચાલનાર. चाचल्यते इत्येवंशील...
(चल कम्पने-९७२)

(૪) **पापतिः**=વક્ર રીતે પડનાર. पापत्यते इत्येवंशील...
(पत्लृ गतौ-९६२)
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

વિશેષતા :

સૂત્રમાં ङौ એ પ્રમાણે પ્રત્યયનો નિર્દેશ तृन्नुदन्ता०२.२.९० સૂત્રમાં રહેલ ङि પદ દ્વારા અન્ય પ્રત્યયથી ङि પ્રત્યયને પૃથક્ કરવા માટે છે.

सस्त्रि-चक्रि-दधि-जज्ञि-नेमि ५.२.३९

અ.અ.સૂ. : सति शील-धर्म-साधुसु सस्त्रि-चक्रि-दधि-जज्ञि-नेमि कर्त्तरि।

અર્થ : વર્ત્તમાનકાળઅર્થક શીલાદિ અર્થમાં વર્ત્તતા દ્વિત્વને અન્તે ङि પ્રત્યયાન્ત सस्त्रि, चक्रि, दधि, जज्ञि અને नेमि પ્રયોગ કર્ત્તા અર્થમાં નિપાતન પામે છે.

સ. : सस्त्रि-चक्रि-दधि-जज्ञि-नेमि=सस्त्रिश्च चक्रिश्च दधिश्च जज्ञिश्च नेमिश्चेति।

ઉદા. (૧) **सस्रिः**=સરકનાર. सरतीत्येवंशील... (सृं गतौ-२५)
આ સૂત્રથી ङि અને દ્વિત્વ→**सृसृ+इ**
ऋतोऽत् ४.१.३८થી ऋનો अ→**स**सृ+इ
इवर्णादे०१.२.२१થી ऋનો र्→**सस्रि**
પ્રથમા સિ વગેરે→सस्रिः।

(૨) **चक्रिः**=કરનાર. करोतीत्येवंशील... (डुकृंग् करणे-८८८)
આ સૂત્રથી ङि અને દ્વિત્વ→**कृ**कृ+इ
ऋतोऽत् ४.१.३८થી ऋનો अ→**क**कृ+इ
कङश्चञ् ४.१.४६થી क्નો च्→**च**कृ+इ
इवर्णादे०१.२.२१થી ऋનો र्→**चक्रि**
પ્રથમા સિ વગેરે→चक्रिः।

(૩) **दधिः**=ધારણ કરનાર. दधातीत्येवंशील...
(डुधांग्क् धारणे च-११००)
આ સૂત્રથી ङि અને દ્વિત્વ→**धा**धा+इ
ह्रस्वः ४.१.३९થી ह्रस्व→**ध**धा+इ
द्वितीय-तुर्ययोः०४.१.४६થી धનો द्→**द**धा+इ
इडेत्पुसि०४.३.९४થી આનો લોપ→**दधि**
પ્રથમા સિ વગેરે→दधिः।

(૪) **जज्ञिः**=જાણનાર. जानातीत्येवंशील...
(ज्ञांश् अवबोधने-१५४०)
આ સૂત્રથી ङि અને દ્વિત્વ→**ज्ञा**ज्ञा+**इ**
व्यञ्जनस्या०४.१.४४થી ञ्નો લોપ→**जा**ज्ञा+इ
ह्रस्वः ४.१.३९થી ह्रस्व→**ज**ज्ञा+इ
इडेत्पुसि०४.३.९४થી આનો લોપ→जज्ञि
પ્રથમા સિ વગેરે→जज्ञिः।

(૫) **नेमिः**=નમનાર. नमतीत्येवंशील... (णमं प्रह्वत्वे-३८८)
આ સૂત્રથી અનો ए અને ङि→**नेम्+इ**
પ્રથમા સિ વગેરે→नेमिः।

शृ-कम-गम-हन-वृष-भू-स्थ उकण् ५.२.४०

અ.અ.સૂ. : सति शील-धर्म-साधुषु शृ-कम-गम-हन-वृष-भू-स्थः धातोः कर्त्तरि उकण्।

અર્થ : વર્ત્તમાનકાળઅર્થક શીલાદિ અર્થમાં વર્ત્તતાં शृ, कम्, गम्, हन्, वृष्, भू અને स्था ધાતુથી કર્ત્તા અર્થમાં उकण् પ્રત્યય થાય છે.

સ. : शृ-कम-गम-हन-वृष-भू-स्थः=शृश्च कमश्च गमश्च हनश्च वृषश्च भूश्च स्था चेति शृ-कम-गम-हन-वृष-भू-स्थ्, तस्मादिति।

ઉદા. (૧) **शारुकः**=દુઃખ આપનાર. शृणातीत्येवंशील...
(शृश् हिंसायाम्-१५३१)
આ સૂત્રથી उकण्→शृ+**उक**
नामिनोऽ०४.३.५१थी वृद्धि→**शारुक**
પ્રથમા સિ વગેરે→शारुकः।

(૨) **कामुकः**=ઈચ્છનાર. कामयते इत्येवंशील...
(कमूङ् कान्तौ-७८९)

(૩) **आगामुकः**=આવનાર. आगच्छतीत्येवंशील...
(गम्लृं गतौ-३९६)
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

(૪) **घातुकः**=હણનાર. हन्तीत्येवंशील... (हनंक् हिंसा-११००)
આ સૂત્રથી उकण्→हन्+**उक**

ञ्णिति घात् ४.३.१००थी घात्→**घातुक**
प्रथमा सि वगेरे→घातुकः।

(५) **वार्षुकः**=वर्षनार. वर्षतीत्येवंशील... (वृषू सेचने-५२७)

(६) **भावुकः**=थनार. भवतीत्येवंशील... (भू सत्तायाम्-१)
आ उदा.नी साधनिका पूर्व प्रमाणे जाणवी.

(७) **स्थायुकः**=स्थिर रहेनार. तिष्ठतीत्येवंशील...
(ष्ठां गतिनिवृत्तौ-५)
आ सूत्रथी उकण्→स्था+**उक**
आत एः०४.३.५३थी आनो ऐ→**स्थै**+उक
एदैतोऽ०१.२.२३थी आय्→**स्थायुक**
प्रथमा सि वगेरे→स्थायुकः।

लष-पत-पदः ५.२.४१

अ.अ.सू. : सति शील-धर्म-साधुषु लष-पत-पदः धातोः कर्त्तरि उकण्।

अर्थ : वर्त्तमानकाळअर्थक शीलादि अर्थमां वर्त्ततां लष्, पत् अने पद् धातुथी कर्त्ता अर्थमां उकण् प्रत्यय थाय छे.

स. : लष-पत-पदः=लषश्च पतश्च पद् चेति लष-पत-पद्, तस्मादिति।

उदा. (१) **अभिलाषुकः**=अभिलाषा करनार.
अभिलषतीत्येवंशील... (लषी कान्तौ-९२७)

(२) **प्रपातुकः**=अत्यन्त रीते पडनार.
प्रपतन्तीत्येवंशील... (पत्लृं गतौ-९६२)

(३) **उपपादुकः**=देवो. उपपद्यते इत्येवंशील... (पदिंच् गतौ-१२५७)
आ उदा.नी साधनिका पूर्व प्रमाणे जाणवी. परंतु उकण्नुं विधान आ सूत्रथी करवुं.



વિશેષતા :

પૂર્વ સૂત્રથી આ સૂત્રનો પૃથક્ નિર્દેશ માત્ર લષ-પત-પદઃનો અધિકાર ઉત્તરસૂત્રમાં લઈ જવા માટે છે. અન્યથા શૃ વગેરેનો અધિકાર પણ સાથે આવત.

भूषा-क्रोधार्थ-जु-सृ-गृधि-ज्वल-शुचश्चाऽनः ५.२.४२

અ.અ.સૂ. : सति शील-धर्म-साधुषु भूषा-क्रोधार्थ-जु-सृ-गृधि-ज्वल-शुचः च(लप-पत-पदः) धातोः कर्त्तरि अनः।

અર્થ : વર્ત્તમાનકાળઅર્થક શીલાદિ અર્થમાં વર્ત્તતાં ભૂષા અર્થવાળાં, ક્રોધ અર્થવાળાં ધાતુઓ તેમજ જુ, સૃ, ગૃધ્, જ્વલ્, શુચ્, લષ્, પત્ અને પદ્ ધાતુથી કર્ત્તા અર્થમાં અન પ્રત્યય થાય છે.

સ. : भूषा-क्रोधार्थ-जु-सृ-गृधि-ज्वल-शुचः=भूषा च क्रोधश्चेति भूषाक्रोधौ, भूषाक्रोधावर्थौ येषां ते इति भूषा-क्रोधार्थाः, भूषाक्रोधार्थाश्च जुश्च सृश्च गृधिश्च ज्वलश्च शुच् चेति भूषा-क्रोधार्थ-जु-सृ-गृधि-ज्वल-शुच्, तस्मादिति।

ઉદા. (૧) भूषणः=શોભનાર. भूषयतीत्येवंशील...
(भूष अलङ्कारे-१७५६)
આ સૂત્રથી અન→भूष्+**अन**
र-षृवर्णान्नो०२.३.६३થી न्નો ण्→भूष**ण**
પ્રથમા સિ વગેરે→भूषणः।

(૨) **क्रोधनः**=ક્રોધ કરનાર. क्रुध्यतीत्येवंशील...
(क्रुधंच् कोपे-११८४)

(૩) **जवनः**=વેગપૂર્વક જનાર. जवतीत्येवंशील... (जुं गतौ-१९९०)



(૪) **सरणः**=સરકનાર. सरतीत्येवंशील... (सृ गतौ-२५)

(૫) **गर्द्धनः**=લાલચું. गृध्यतीत्येवंशील...
(गृधूच् अभिकाङ्क्षा०११८७)

(૬) **ज्वलनः**=બળનાર. ज्वलतीत्येवंशील... (ज्वल दीप्तौ-९६०)

(૭) **शोचनः**=શોક કરનાર. शोचते इत्येवंशील...
(शुचि शोके-९९)

(૮) **अभिलषणः**=અભિલાષ કરનાર. अभिलषतीत्येवंशील...
(लषी कान्तौ-९२७)

(૯) **पतनः**=પડનાર. पततीत्येवंशील... (पत्लृं गतौ-९६२)

(૧૦) **अर्थस्य पदनः**=અર્થને જાણનાર. पद्यते इत्येवंशील...
(पदिंच् गतौ-१२५७)
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, जु ધાતુ गत्यर्थक હોવા છતાં પણ वेग નામનાં સંસ્કારમાં વર્ત્તે છે. તેથી તે ધાતુ चाल અર્થક ન થતાં ત્યાં ઉત્તરસૂત્ર चाल-शब्द०५.२.४३થી અનની પ્રાપ્તિ ન હતી. તેથી તેનું અહીં ગ્રહણ કરેલ છે.

(૨) સૂત્રગત पद् ધાતુ इ ઈત્વાળો હોવાથી અકર્મક એવા पद् ધાતુથી આગામી એવા इङितो०५.२.४४થી અનની પ્રાપ્તિ હતી. પરંતુ સકર્મક એવા પણ पद् ધાતુથી अन કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

चाल-शब्दार्थादकर्मकात् ५.२.४३

અ.અ.સૂ. : सति शील-धर्म-साधुषु अकर्मकात् चाल-शब्दार्थात् धातोः कर्तरि अनः ।

અર્થ : વર્તમાનકાળ અર્થક શીલાદિ અર્થમાં વર્તતાં અકર્મક એવાં ચાલવું અર્થવાળાં અને શબ્દ અર્થવાળાં ધાતુઓથી કર્તા અર્થમાં અન પ્રત્યય થાય છે.

સ. : (૧) **चाल-शब्दार्थात्**=चालश्च शब्दश्चेति चालशब्दौ, चालशब्दावर्थौ येषां ते इति चालशब्दार्थाः, तस्मादिति।

(૨) **अकर्मकात्**=न विद्यते कर्म यस्य स इति अकर्मकः, तस्मादिति।

ઉદા. (૧) **चलनः**=ચાલનાર. चलतीत्येवंशील... (चल कम्पने-९७२)

(૨) **रवणः**=બોલનાર. रौतीत्येवंशील... (रुं शब्दे-१०८५)

આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ અન પ્રત્યયનું વિધાન આ સૂત્રથી કરવું.

પ્ર.ઉદા. अकर्मकादिति किम् ? पठिता विद्याम्=વિદ્યાને ભણનારો.

पठतीत्येवंशील... इति। (पठ व्यक्तायां वाचि-२१३)

तृन् शील०५.२.२७थी तृन्→पठ्+**तृ**

स्ताद्यशितो०४.४.३२थी इट्→**पठितृ**

प्रथमा सि वगेरे→**पठिता**।

★ આ સૂત્રની પ્રવૃત્તિ અકર્મક ધાતુથી થાય છે. જ્યારે અહીં પઠ્ ધાતુ અકર્મક નથી. માટે આ સૂત્રથી અન પ્રત્યય થયો નહીં.

इ-ङितो व्यञ्जनाऽऽद्यन्तात् ५.२.४४

અ.અ.સૂ. : सति शील-धर्म-साधुषु अकर्मकात् धातोः इङितः व्यञ्जनाऽऽद्यन्तात् कर्त्तरि अनः।

અર્થ : વર્ત્તમાનકાળઅર્થક શીલાદિ અર્થમાં વર્ત્તતાં અકર્મક એવાં इ અને ङ्ईत्वाળાં વ્યંજનાદિ અને વ્યંજનાન્ત ધાતુઓથી કર્ત્તા અર્થમાં अन પ્રત્યય થાય છે.

સ. : (૧) **इङितः**=इश्च ङ् चेति इङौ, इङौ इतौ यस्य स इति इङित्, तस्मादिति।

(૨) **व्यञ्जनाऽऽद्यन्तात्**=आदिश्च अन्तश्चेति आद्यन्तम्, व्यञ्जनमाद्यन्तं यस्य स इति व्यञ्जनाद्यन्तः, तस्मादिति।

ઉદા. (૧) **स्पर्द्धनः**=સ્પર્ધા કરનાર. स्पर्द्धते इत्येवंशील... (स्पर्द्धि स्पर्धे-७४२)

(૨) **वर्त्तनः**=રહેનાર. वर्त्तते इत्येवंशील... (वृतूङ् वर्त्तने-९५५)
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ अनનું વિધાન આ સૂત્રથી કરવું.

પ્ર.ઉદા. (૧) **व्यञ्जनाऽऽद्यन्तादिति किम् ?**

(૧) **एधिता**=વૃદ્ધિ પામનાર. एधते इत्येवंशील...
(एधि वृद्धौ-७४१)
तृन् शील०५.२.२७થી तृन्→एध्+**तृ**
स्ताद्यशितो०४.४.३२થી इट्→**एधितृ**
પ્રથમા सि વગેરે→एधि**ता**।

(૨) **शयिता**=સૂનાર. शेते इत्येवंशील...
(शीङ्क् स्वप्ने-११०५)
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ વ્યંજનાદિ અને વ્યંજનાન્ત ધાતુથી થાય છે. જ્યારે અહીં एध् વ્યંજનાદિ નથી અને शी ધાતુ વ્યંજનાન્ત નથી, માટે આ સૂત્રથી अन પ્રત્યય થયો નહિ.

(૨) **अकर्मकादित्येव→वसिता वस्त्रम्**=વસ્ત્રને પહેરનાર. वस्ते इत्येवंशील... (वसिक् आच्छादने-१११७) આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી.

★ આ સૂત્રની પ્રવૃત્તિ અકર્મક ધાતુથી થાય છે. જ્યારે અહીં અકર્મક ધાતુ નથી. માટે આ સૂત્રથી अन પ્રત્યય થયો નહીં.

વિશેષતા :

(૧) અહીં ધ્યાનમાં લેવું કે, णिच् પ્રત્યયાન્ત જેવા સ્વાર્થિક પ્રત્યયાન્ત चिति, गुप् વગેરે ધાતુઓમાં णेरनिटि ૪.૩.૮૩ અને अतः ૪.૩.૮૨નાં વિષય વ્યાખ્યાનથી પહેલાં णिच् અને अनो લોપ થતાં ધાતુ વ્યંજનાન્ત બને છે. અને આ સૂત્રથી अन થાય છે. અર્થાત્ તે સૂત્રમાં अनिटि એ પ્રમાણે વિષય સપ્તમી હોવાથી કૃત્ આદિ પ્રત્યયનાં વિષયમાં જ णिच् અને अनो લોપ થતાં આ સૂત્રથી अन પ્રત્યય થાય છે.

(૨) સૂત્રમાં રહેલ व्यञ्जनाऽऽद्यन्तात् પદમાં **द्वन्द्वात्परः प्रत्येकमभिसम्बध्यते ૩/૧૫** ન્યાયાનુસારે વ્યઞ્જન પદનો અન્વય દ્વન્દ્વ સમાસનાં ઘટકીભૂત આદ્ય અને અન્ત બંને પદ સાથે કરવો.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો માત્ર અકર્મક ધાતુથી આ સૂત્રની પ્રવૃત્તિ માનતાં નથી. પણ સકર્મક ધાતુથી પણ માને છે.

न णिङ्-य-सूद-दीप-दीक्षः ५.२.४५

अ.अ.सू. : सति शील-धर्म-साधुषु णिङ्-य-सूद-दीप-दीक्षः धातोः कर्त्तरि अनः न।

अर्थ : वर्त्तमानकाळअर्थक शीलादि अर्थमां वर्त्ततां धातुओथी णिङ् प्रत्ययान्त, य अन्तवाळां धातु तेमज सूद्, दीप् अने दीक्ष् धातुथी कर्त्ता अर्थमां अन प्रत्यय थतो नथी.

स. : णिङ्-य-सूद-दीप-दीक्षः=णिङ् च यश्च सूदश्च दीपश्च दीक्ष् चेति णिङ्-य-सूद-दीप-दीक्ष्, तस्मादिति।

उदा. (१) भावयिता=प्राप्त करनार. भावयते इत्येवंशील...
(भूङ् प्राप्तौ-सौत्र)
भूङ् प्राप्तौ०३.४.१८थी णिङ्→भू+**इ**
नामिनोऽ०४.३.५१थी वृद्धि→**भौ**+इ
ओदौतोऽ०१.२.२४थी आव्→**भावि**
आ सूत्रथी **अननो निषेध** थतां,
तृन् शील०५.२.२७थी तृन्→भावि+**तृ**
स्ताद्यशितो०४.४.३२थी इट्→भावि+**इ**+तृ
नामिनो गुणो०४.३.१थी गुण→भा**वे**+इ+तृ
एदैतोऽ०१.२.२३थी अय्→भाव**यितृ**
प्रथमा सि वगेरे→भावयि**ता**।

(२) क्ष्मायिता=कंपावनार. क्ष्मायते इत्येवंशील...
(क्ष्मायैङ् विधूनने-८०३)

(३) सूदिता=रांधनार. सूदते इत्येवंशील... (षूदि क्षरणे-७३६)

(४) दीपिता=प्रज्वलित करनार. दीप्यते इत्येवंशील...
(दीपैचि दीप्तौ-१२६६)

(૫) **दीक्षिता**=દીક્ષા આપનાર. दीक्षते इत्येवंशील...
(दीक्षि माण्ड्ये-८८१)
આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ અહીં णिङ् પ્રત્યયનું વિધાન કરવું નહીં.

વિશેષતા :

(૧) પૂર્વે જણાવ્યા મુજબ णेरनिटि ૪.૩.૮૩ સૂત્રમાં अनिटि એ પ્રમાણે વિષય સપ્તમી હોવાથી પૂર્વે णिङ्નો લોપ થતાં વ્યંજનાન્તપણું થાય છે. માટે इङितो०૫.૨.૪૪થી પ્રાપ્ત अननાં પ્રતિષેધ માટે णिङ्નું વિધાન જાણવું.

द्रम-क्रमो यङः ૫.૨.૪૬

અ.અ.સૂ. : सति शील-धर्म-साधुषु यङः द्रम-क्रमः धातोः कर्त्तरि अनः।

અર્થ : વર્ત્તમાનકાળઅર્થક શીલાદિ અર્થમાં વર્તતાં यङ् પ્રત્યયાન્ત द्रम् અને क्रम् ધાતુથી કર્તા અર્થમાં अन પ્રત્યય થાય છે.

સ. : द्रम-क्रमः=द्रमश्च क्रम् चेति द्रम-क्रम्, तस्मादिति।

ઉદા. (૧) **दन्द्रमणः** = કુટિલ રીતે ચાલનાર. कुटिलं द्रमतीति दंद्रम्यते इत्येवंशील... (द्रम गतौ-३९३)
गत्यार्थात्०૩.૪.૧૧થી यङ्→द्रम्+**य**
सन्यङ०૪.૧.૩થી द्वित्व→द्रद्रम्+य
व्यञ्जनस्याऽ०૪.૧.૪૪થી र्नो लोप→दद्रम्+य
मुरतोऽनुना०૪.૧.૫૧થી मु आगम→**दम्**द्रम्+य
तौ मु-मो०૧.૩.૧૪થી म्नो न्→**दन्द्रम्य**
આ સૂત્રથી अन→दन्द्रम्य+**अन**

योऽशिति ४.३.८०थी य्नो लोप→दन्द्रम्+**अ**+अन
अतः ४.३.८२थी अनो लोप→दन्द्रमन
र-षृवर्णान्नो०२.३.६३थी न्नो ण्→दन्द्रम**ण**
प्रथमा सि वगेरे→दन्द्रमणः।

(२) **चङ्क्रमणः** = કુટિલ રીતે ચાલનાર. कुटिलं क्रामतीति चङ्क्रम्यते, चङ्क्रम्यते इत्येवंशील०० (क्रमू पादविक्षेपे-३८५) આ ઉદા.ની સાધનિકા પૂર્વ પ્રમાણે જાણવી. પરંતુ ધાતુની આદિમાં રહેલ क्नो कडञ्चञ् ४.१.४६थी च् કરવો.

વિશેષતા :

यङ् પ્રત્યયાન્ત द्रम् અને क्रम् ધાતુ ચાલ અર્થક હોવાથી चालशब्द०५.२.४३थी अन પ્રત્યયની પ્રાપ્તિ હતી. પરંતુ તે સૂત્રની પ્રવૃત્તિ અકર્મક ધાતુથી થાય છે. જ્યારે ગ્રંથકારશ્રીને સકર્મક એવા ઉપરોક્ત ધાતુથી પણ અનનું વિધાન ઈષ્ટ છે. તેમજ, न णिङ्-य०५.२.४५ સૂત્રથી य અન્તવાળાં ધાતુથી જે અનનો નિષેધ કર્યો છે. તેથી નિવૃત્તિ માટે આ સૂત્રનો નિર્દેશ જાણવો.

यजि-जपि-दंशि-वदादूकः ५.२.४७

અ.અ.સૂ. : सति शील-धर्म-साधुषु यङः यजि-जपि-दंशि-वदात् धातोः कर्त्तरि ऊकः।

અર્થ : વર્તમાનકાળઅર્થક શીલાદિ અર્થમાં વર્ત્તતાં यङ् પ્રત્યયાન્ત તથા यज्, जप्, दंश् અને वद् ધાતુથી કર્ત્તા અર્થમાં ऊक પ્રત્યય થાય છે.

સ. : यजि-जपि-दंशि-वदात् = यजिश्च जपिश्च दंशिश्च वदश्चेति यजि-जपि-दंशि-वदम्, तस्मादिति।

ઉદા. (૧) **यायजूकः** = વારંવાર/ઘણી પૂજા કરનાર.
यायज्यते इत्येवंशील००० (यजीं देवपूजा-९९१)
व्यञ्जनादेरेक०३.४.८थी यङ्→यज्+**य**
सन्यङ०४.१.३थी द्वित्व→**य**यज्+य
आ-गुणा०४.१.४८थी अनो आ→**या**यज्य
आ सूत्रथी ऊक→यायज्य+**ऊक**
पूर्वप्रमाणे य नो लोप वगेरे→यायजूकः ।

(૨) **जंजपूकः** = निन्दित रीते જાપ કરનાર.
जंजप्यते इत्येवंशील००० (जप मानसे-३३८)

(૩) **दंदशूकः** = निन्दित रीते ડંખ મારનાર.
दंदश्यते इत्येवंशील००० (दंशं दशने-४९६)

(૪) **वावदूकः** = વારંવાર બોલનાર.
वावद्यते इत्येवंशील००० (वद व्यक्तायां-९९८)
આ ઉદા.ની સાધનિકા પૂર્વપ્રમાણે જાણવી.

અન્ય મત :

કેટલાંક વ્યાકરણકારો સૂત્રોક્ત यज् વગેરે સિવાયનાં दह् વગેરે ધાતુઓથી પણ આ સૂત્રની પ્રવૃત્તિ ઇચ્છે છે. તેથી તેઓનાં મતે दंदहूकः, पापयूकः જેવાં પ્રયોગો પણ થાય છે.

जागुः ५.२.४८

અ.અ.સૂ. : सति शील-धर्म-साधुषु जागुः धातोः कर्त्तरि ऊकः ।

અર્થ : વર્તમાનકાળ અર્થક શીલાદિ અર્થમાં વર્ત્તતાં जागृ ધાતુથી કર્ત્તા અર્થમાં ઊક પ્રત્યય થાય છે.

ઉદા. **जागरूकः** = જાગનાર.

जागर्तीत्येवंशील००० (जागृक् निद्राक्षये-१०९३)

આ સૂત્રથી ઊક→जागृ+**ऊक**

નામિનો गुणो०४.३.१थी गुण→**जागरूक**

પ્રથમા સિ વગેરે→जागरूकः।

વિશેષતા :

આ સૂત્રમાં પૂર્વસૂત્રથી यङः નો અધિકાર આવતો હતો. પરંતુ जागृ ધાતુ અનેકસ્વરી હોવાથી તેનાથી यङ् પ્રત્યય થતો નથી. માટે **संभवे व्यभिचारे० २/५७** ન્યાયાનુસારે यङः નાં અધિકારની આ સૂત્રમાં નિવૃત્તિ થાય છે.

शमष्टकाद् घिनण् ५.२.४९

અ.અ.સૂ. : सति शील-धर्म-साधुषु अकर्मकात् शमष्टकात् धातोः कर्त्तरि घिनण्।

અર્થ : વર્તમાનકાળ અર્થક શીલાદિ અર્થમાં વર્ત્તતાં અકર્મક એવા शम् વગેરે ૮ ધાતુઓથી કર્ત્તા અર્થમાં घिनण् પ્રત્યય થાય છે.

સ. : शमष्टकात् = शमामष्टकमिति शमष्टकम्, तस्मादिति।

ઉદા. (૧) **शमी** = शांत રહેનાર.

शाम्यति इत्येवंशील००० (शमूच् उपशमे-१२३०)

આ સૂત્રથી घिनण्→शम्+**इन्**

मोऽकम्यमि०४.३.५५थी વૃદ્ધિનો નિષેધ→**शमिन्**

પ્રથમા સિ વગેરે→शमी।

(૨) **दमी** = દમન કરનાર.

दाम्यतीत्येवंशील००० (दमूच् उपशमे-१२३१)

(૩) **तमी** = ક્રોધ કરનાર.
તામ્યતીત્યેવંશીલ૦૦૦ (તમૂચ્ કાङ્ક્ષાયામ્-૧૨૩૨)

(૪) **श्रमी** = મહેનત કરનાર.
શ્રામ્યતીત્યેવંશીલ૦૦૦ (શ્રમૂચ્ ખેદ૦-૧૨૩૩)

(૫) **भ्रमी** = ભ્રમણ કરનાર.
ભ્રામ્યતીત્યેવંશીલ૦૦૦ (ભ્રમૂચ્ અનવસ્થાને-૧૨૩૪)

(૬) **क्षमी** = ક્ષમા કરનાર.
ક્ષામ્યતીત્યેવંશીલ૦૦૦ (ક્ષમૌચ્ સહને-૧૨૩૫)

(૭) **प्रमादी** = પ્રમાદ કરનાર.
પ્રમાદ્યતીત્યેવંશીલ:૦૦૦ (મદૈચ્ હર્ષે-૧૨૩૬)

(૮) **क्लमी** = થાકનાર.
ક્લામ્યતીત્યેવંશીલ૦૦૦ (ક્લમૂચ્ ગ્લાનૌ-૧૨૩૭)

વિશેષતા :

(૧) યદ્યપિ આ સૂત્રમાં અકર્મકાત્નો અધિકાર વ્યવહિત થાય છે. તો પણ શાસ્ત્રમાં તે પ્રમાણેનું કથન હોવાથી શમ્ વગેરે અકર્મક ધાતુથી જ આ સૂત્રની પ્રવૃત્તિ થાય છે. તેથી અરણ્યં ભ્રમિતા જેવાં સકર્મક ધાતુથી આ સૂત્ર દ્વારા ઘિનણ્ પ્રત્યય થતો નથી.

(૨) અહીં સૂત્રગત ધાતુઓ મ્કારાન્ત હોવાથી આ સૂત્રમાં ઘિનણ્માં રહેલ ઘ્ ઈતનું કોઈ પ્રયોજન રહેતું નથી. પણ ઉત્તરસૂત્રમાં જ્કારાન્ત ધાતુનાં અન્ત્યનો ક્-ગ્ કરવા માટે ઘ્ ઈત્વાળા ઘિનણ્નો નિર્દેશ કરેલ છે. અને પ્રત્યયગત ણ્કાર વૃદ્ધિ માટે જાણવો.

જિ. : शमोऽस्ति अस्य એ પ્રમાણે યથાયોગ્ય ઘञ્ પ્રત્યયાન્ત શમ વગેરે શબ્દોથી મત્વર્થીય इन् પ્રત્યય લગાડીને શમી વગેરે પ્રયોગો તે જ અર્થમાં સિદ્ધ થઈ જાય છે. તો પણ આ રીતે ઘિનણ્ પ્રત્યય કરવા દ્વારા ગૌરવ શા માટે કર્યું ?

સમા. : જો આ રીતે સિદ્ધિ કરી આ સૂત્રનો નિર્દેશ ન કરવામાં આવે તો શમ્ ધાતુથી तृन् शील०५.२.२७ સૂત્ર દ્વારા तृन् પ્રત્યય થઈને શમિતા પ્રયોગ થવાની આપત્તિ આવે. તેનું જ વારણ કરવા માટે આ સૂત્રનો નિર્દેશ છે.

युज-भुज-भज-त्यज-रुज-द्विष-दुष-द्रुह-दुहा-ऽभ्याहनः ५.२.५०

